[illegible]

[illegible]

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कपीराअिट विभाग ]

अनुक्रमांक ૬૨૦૮- वर्गांक

पुस्तकनु नाम ૨૫૨૮-૧૧

विषय ૮ : ૨

# સરલા.

## અત્યુત્તમ રસિક નવલકથા.


લેખક,

ભાનુપ્રસાદ મણિરાય વ્યાસ.



પ્રકાશક

વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવન,

૩૦૫, બજારગેટ કોટ, મુંબઈ.

Printed & Published by Vaidya Bhagvanlal Tribhuvan
at the Subodhini Printing Press,
305, Bazar Gate, Fort, BOMBAY.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

ઈ૦ સ૦ ૧૯૧૬. સંવત ૧૯૭૨.

કિંમત રૂા. ૧-૦-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ સંગ્રહ
૬૨૦૭

# પ્રસ્તાવના.

—.o:—

વારતા અને નવલકથાઓ લખવાનો ઉદ્દેશ હમેશાં સમાજને લેખકની મત્યાનુસાર શિક્ષણીય અને વિચારણીય દ્રષ્ટાંત આપવાનો હોય છે. પોતે જે અનુભવ્યું હોય યા જોયું હોય અથવા સાંભળ્યું હોય તેને એક યા બીજા રૂપમાં તે સમાજ સમૂક્ષ રજુ કરે છે. આ નવલકથા કલ્પિત છે. મનુષ્યનાપર ગમે તેટલુ સંકટ આવી પડવા છતાં જો તે નીતિધર્મ અને સત્ય પ્રેમનો ત્યાગ કરતો નથી તો આખરે તે સુખી થાય છે. આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા યથાશકિત પ્રયત્ન કરવામાં આવ્યો છે. સાહિત્ય ક્ષેત્રમા બ્હાર પડવા જેવી મારી સ્થિતિ નથી છતાં "મુંબઇ ગુજરાતી" પત્રના બાહોશ અને ગુણગ્રાહી સસ્થાપક અને નેતા શ્રીમાન્ ભગવાનલાલ ત્રિભુવન વૈદ્યના ઉત્તેજનથી હું આ નવલકથા સમાજ સેવામાં રજુ કરવા ભાગ્યશાળી થયો છું, મારા પ્રથમ પ્રયત્ન તરીકે "માસ્તર કે મનહર" નામની સાડાત્રણ ફોર્મની ડીટેકટીવ વારતા આ પત્રમાંજ બહાર પડી ગઇ છે પરન્તુ તે એવા સંજોગો વચ્ચે લખાઇ હતી કે ફકત પાચ કલાકમાંજ તે લખવી પડી હતી. ત્યાર પછી આ પત્રમાજ "રમાકાન્ત યાને અર્વાચીન ભારત" નામની

વારતા બહાર પડી હતી જે બે ભાગમાં પ્રકટ થઇ છે. ઇશ્વરકૃપા હશે તો તેના હજી બીજા ભાગો બહાર પાડવા વિચાર છે. ત્યાર પછીની આ મારા હાથે લખાયલી ત્રીજી નવલકથા છે સુજ્ઞ વાંચકોને મારી નમ્રવિનંતી છે કે જો કોઈ જગ્યાએ કાંઇ દોષ જણાય તો તે હંસક્ષીર ન્યાયે ગ્રહણ થશે. ઇશ્વરકૃપા હશે તો સમાજ સેવામાં વળી તત્પર થઇ મારૂં કર્તવ્ય બજાવીશ. એટલું વિનવી અત્રેજ વીરમું છું.

પોષ શુદિ ૨
૧૯૭૨
કોટ, મુંબઇ

ભાનુ.

# અનુક્રમણિકા.

| | વિષયસંજ્ઞા. | પૃષ્ટ. |
|---|---|---|
| પ્રથમ પરિચ્છેદ | અગ્નિદ્રષ્ટિ | ૧ |
| દ્વિતીય ,, | ઇન્દુકુમાર | ૮ |
| તૃતીય ,, | રમ્ય મુંઝવણ | ૧૬ |
| ચતુર્થ ,, | અનંતરાયનું કુટુંબ | ૨૨ |
| પંચમ ,, | આશાવત બાળા | ૨૮ |
| ષષ્ઠ ,, | સરોજ | ૩૪ |
| સપ્તમ ,, | કસોટી | ૩૯ |
| અષ્ટમ ,, | નેત્રપલ્લવી | ૪૯ |
| નવમ ,, | સુધારાનું દિગ્દર્શન | ૫૭ |
| દશમ ,, | મૃત્યુ તે શું ? | ૬૮ |
| એકાદશ ,, | દ્રવ્યલોભ | ૭૮ |
| દ્વાદશ ,, | ગૃહત્યાગ | ૮૯ |
| ત્રયોદશ ,, | લગ્નમાં વિઘ્ન | ૯૮ |
| ચતુર્દશ ,, | વ્હાલીને બદલે લાલી | ૧૧૫ |
| પંચદશ ,, | સદ્ગુણી સુમન | ૧૨૪ |
| ષોડશ ,, | એજ મારી સરલા | ૧૩૩ |
| સપ્તદશ ,, | આપત્તિમાં | ૧૪૦ |

॥ૐ॥

# સરલા.

## પ્રથમ પરિચ્છેદ.

### અમિદ્રષ્ટિ.

Love rules the court the Camp, the Grove,
And men below, and Saints above;
For love is heaven, and heaven is love.

(Scott.)

A peeping in lover's face is more valueable
than Jewels.

“રે ના, ભાઇ! હમણુંજ બાપુ આવતા હશે.” એક તેરેક વર્ષની બાલિકાએ ચાર પાચ વર્ષના બાલકના અશ્રુ લુછતા કહ્યું.

" પણ તે તો હજીએ ન આવ્યા. અને બાનો મારી સાથે બોલતી પણ નથી. " તે બાળકે વિશેષ રડતાં પ્રત્યુત્તર આપ્યું.

બાળકના આ શબ્દો સાભળી તે બાલિકા પણ રડી પડી. વળી ધૈર્ય રાખી પોતાના નાના ભાઇને આશ્વાસન આપતાં કહેવા લાગી

" જો મધુ! તું રડે છે તેથી મને પણ રડવું આવે છે. મારો ભાઇ નહિં! આમ રૂવે છે શું? હમણાં બાપુ આવશેને એટલે બા નરતજ આપણી સાથે વાત કરશે. પણ મધુ! તેં પેલી મેનાને આજે પાણી પાયું છે કે?" તે બાળાએ મધુકુમારનું હૃદય અન્ય દિશાએ વાળવા વાત ફેરવી.

' ના મારેતો બાપુપાસે જવું છે તું મને નહિં લઇ જાય?" તે બાળકે વિશેષ રડતાં કહ્યું વળી બાલિકાએ તેને સમજાવવા પ્રયત્ન કરવા મંડયો

" જો તું આમ રડીશ તો બાપુ તને ઠપકો દેશે. માટે રડના મારા ભાઇ! મધુ! તું કેવો ડાહ્યો છે? મને કેવો વ્હાલો લાગે છે?" એમ બોલતાં બાળાએ મધુકુમારને હૃદય સાથે ચાપ્યો.

" પણ ત્યારે બા કેમ મને બોલાવતી નથી? પહેલાં તો તે મને બોલાવી ખોળામાં બેસાડતી અને રમાડી બચ્ચીઓ કરતી હતી અને આજ કેમ તે મને નથી બોલાવતી? હે? કહે.?' આ શબ્દો સાંભળતાં બાળાનાં નિર્દોષ નયનમાંથી અશ્રુબિંદુ ટપકવા લાગ્યા. તે જોઇ વળી તે બાળકે પ્રશ્ન કર્યો. " સરલા! એ સરલા!! બોલને! તુ પણ રડે છે? તું રડે છે તે મને વધારે રડવું આવે છે " તે નિર્દોષ

બાળક આટલા શબ્દો બોલતાં બોલતાં તો રડી પડયો. બન્ને બાઇ બ્હેને પરસ્પર અશ્રુ વહન શરૂ કર્યું. બિચારી સરલાને મધુકુમારના નિર્દોષ પણ હૃદયદ્રાવક શબ્દોની ઘણીજ અસર થઇ

પ્રિય વાંચક! કયું હૃદય આવા શબ્દોથી દ્રવિભુત ન થાય?

સરલા એકદમ મધુકુમારને બાઝી પડી અને તેના અશ્રુપૂર્ણ મુખ ઉપર ઉપરા ઉપરી ચુમ્બન વર્ષા વર્ષાવી. એટલામાં મેના મનુભાઇ આવ્યાની વધામણી ખાતી હોય તેમ "ભાઇ! ભઇ!!" શબ્દો બોલવા લાગી. બાળા સરલા મધુકુમારને તેડી બારણા તરફ દોડી મનુભાઇ ઘરમાં આવ્યા કે તુરત મધુકુમાર તેને ગળે બાઝી પડયો અને તેના મોઢા તથા મુછ ઉપર હાથ ફેરવી રમત કરતાં હૃદયના ઉલ્લાસથી કહેવા લાગ્યોઃ—

"બાપુ! તમે કયાં ગયા'તા? મારી બા તો તમારા ગયા પછી મને બોલાવતીયે નહોતી. તમે મારી બાને નહીં કહો કે મને બોલાવે?"

બાળકના આવા કાલા શબ્દોએ તે પુરૂષનું હૃદય ભેદી નાખ્યું. તેણે એક નિશ્વાસ નાખ્યો અને બાળા તરફ જોયું.

"સરલા! ત્હારી બાની પ્રકૃતિ કેમ છે?"

"બાપુ! ત્હમે ભાઇને રમાડો હું તેની પાસે બેસુ છું. અરધા કલાક પ્હેલાં તે ઉંઘતી હતી ત્યારનો મધુભા રડયા કરે છે." તે બાળાએ જવાબ આપ્યો. મનુભાઇએ મધુકુમારને નીચે ઉતારી કપડાં કાઢયા અને મનોરમાની પાસે ગયો.

"રમે! રમે!!" તે યુવકે મનોરમાના મુખ તરફ નીચા વળી બોલાવવા માંડી પણ કાંઇ જવાબ ન મળ્યો.

સરલા ગભરાવા લાગી. મનુભાઇએ ફરીથી બોલાવવા માંડી.

" રમે ! વ્હાલી ! ! આમ તો જો. "

બિચારો મનુભાઇ ગળગળો થઇ મનોરમાના બિછાના આગળ બેસી ગયો. સરલા મોઢું સતાડીને ચુપચુપ રડવા લાગી. બિચારો નિર્દોષ મધુકુમાર મનુભાઇના ખોળામાં બેઠો બેઠો તેના મોઢા સામું જોઇ પૂછવા લાગ્યોઃ—

" બાપુ ! મારી બા કેમ બોલતી નથી ? હે ! મને કહોને ! સરલા કેમ રડે છે ?"

બિચારો મનુભાઇ શું જવાબ આપે ? તેણે સરલાના સામું જોઇ ઇસારત કરી ' બા ઉંઘે છે ' કહી સરલા મધુને મેના પાસે લઇ ગઇ બિચારો મનુભાઇ પાંચેક મિનિટ અશ્રુ વહન કરી ઉઠયો અને સરલાને મનોરમાની તપાસ રાખવાનું કહી ડોકટરના તરફ ચાલ્યો.

સૃષ્ટિમાં કેવા દૃશ્ય અનુભવાય છે ! બિચારો મનુભાઇ ! કયા તેના પિતાની સ્થિતિ અને કયા તેની સ્થિતિ ! મનુભાઇના પિતા જનુભાઇ અમદાવાદના ગર્ભ શ્રીમત ગણાતા હતા. તેની પાસે પાંચ લાખની પુંજી હતી અને તેથી તેમની પ્રતિષ્ઠા સારી હતી. ન્યાત જાતમાં તેમજ મેળાવડાઓમા તેમનું સારૂં માન પડતું હતું. પરંતુ તેમને રૂ, કપાસ અને ચાદીના સટ્ટાનો બુરો છંદ લાગ્યો હતો. તેમના પત્નિ જીવ્યા ત્યાં સુધી તો તે પવિત્ર સ્ત્રીએ પોતાના પતિને તેમાં પડતા અટકાવવા બનતો પ્રયત્ન કર્યો પરન્તુ તે બિચારી સ્ત્રી પોતાની પાછળ બાર વર્ષના બાળક મનુભાઇને મુકી સ્વર્ગે સીધાવી ગઇ

હતી મનુભાઇના ઉપર આમ માતાના સ્વર્ગવાસથી બાલ્યાવસ્થાથીજ સંકટ આવી પડ્યું હતું જનુભાઇએ એક રાંધનારી બાઇ રાખી હતી; તેના હાથથી તે ઉછર્યો હતો. જનુભાઇએ મનુભાઇનું લગ્ન તેની પંદર વર્ષની ઉમ્મરે કર્યું હતું. મનુભાઇની સત્તરેક વર્ષની ઉમ્મર થઇ ત્યાંસુધી તો સર્વ ઠીક ચાલ્યું; પરંતુ હવે જનુભાઇની પડતીનો પ્રારંભ થયો તે સટ્ટાના નાદમાં એવો તો સપડાઇ ગયો કે હજારો ઉપરથી લાખોના સટ્ટા તેણે કરવા માંડ્યા અને આખરે એક વર્ષમાં એટલે મનુભાઇની અઢાર વર્ષની ઉમ્મરે તો સર્વ સમાપ્ત થવા લાગ્યું. એક દિવસે મુબઇથી તાર આવ્યો અને જનુભાઇએ રૂા. બાર લાખ સટ્ટામાં ગુમાવ્યાના સમાચાર મળ્યા જનુભાઇએ ગુપચુપ અફીણ ખાઇ આપઘાત કર્યો અને ત્યારથી બિચારા મનુભાઇના સંકટનો સમુદ્ર ઉભરાવા લાગ્યો માગનારાઓએ વાડી, બાગ, બંગલા બધુંજ જપ્ત કર્યું અને મનુભાઇને પહેરેલા લુગડાભેર નીકળવું પડ્યું આવી સ્થિતિમાં તેણે પોતાના મિત્રોપાસેથી મદદ મેળવવાની ઇચ્છા રાખી હતી; પરંતુ તે તો મૃત્યુ પાસેથી દયા મેળવવા જેવું હતુ. છેવટે તેના એક લેણદારને તેની સ્થિતિની દયા આવવાથી એક એક માળનું ઘર તેને રહેવા માટે આપ્યું. લક્ષાધિપતિનો પુત્ર આમ પારકાની ઉદારતાનો ભોગ થઇ પડયો તેનો શ્વસુરપક્ષ જો કે તેને મદદ કરી શકે તેમ હતો, પરંતુ શ્વસુર પક્ષપાસેથી મદદ લેવાનુ તે વ્યાજબી ધારતો નહોતો આ બીનાને છએક માસ થયા પહેલાં તો મનુભાઇએ પોતાની સ્થિતિને અનુસાર બધા સંયોગો મેળવી લીધા એકાદ મીલમાં રૂ પંદરના પગારથી કારકુનની જગ્યા મેળવી અને ગાડી ગોઠવી

પત્નિ જે હવે પંદરેક વર્ષની થઇ હતી તેને પણ બોલાવી લીધી. તેના સસરાએ તેને મદદ મોકલી, પણ સ્વાશ્રય ઉપર ઝઝુમનાર મનુભાઇએ તેનો અસ્વિકાર કર્યો હતો. ધીમે ધીમે મનુભાઇએ મનોરમાને કેળવી પોતાની સ્થિતિને અનુસરના સ્વભાવ અને વર્તનવાળી બનાવી દીધી; અને વિધિવશ થઇ પોતાનો કાળ નિર્ગમવા લાગ્યો

જે સમયની આપણે વાત કરીએ છીએ, તે સમયે મનુભાઇ ફક્ત પચીસ રૂપીયામાં એક મીલવાળાને ત્યાં નોકર હતો. મનોરમા જેવી સરલ અને પતિપરાયણાના પ્રસંગથી તે પોતાનું બધું દુ:ખ વીસરી ગયો હતો. તેને આપણે જોઇ ગયા તેમ એક પુત્રી અને એક પુત્ર હતો. હાલ મનોરમા લગભગ ત્રણેક માસથી માંદગી ભોગવતી હતી. દિન પ્રતિદિન તેની તબીયત લથડતી જતી હતી. બિચારા મનુભાઇએ શરૂઆતમાં તો ઘણી દવા કરી પણ વિધિના લખ્યા ભોગવવાના તેથી તેનો મદવાડ લંબાતો ચાલ્યો ડોકટરોને તો બીલ મળવાં જોઇએ. પછી દરદી મરે કે જીવે, તેની તેમને કાંઇ દરકાર હોતી નથી. આખરે મનોરમા પણ કંટાળી અને તેણે દવા ખાવાની બંધ કરી. બિચારીને ગરીબ સ્થિતિ ઉપરાત સરલાની વધુ ફીકર પડી હતી. મનુભાઇએ જો કે તેને એક સુશિક્ષિત ગૃહિણી જેવી કેળવણી આપી હતી પરંતુ તેની ગરીબ સ્થિતિથી કોઇ તેના તરફનું માગુ કબુલ કરતુ નહીં, તેની જ્ઞાતિમા ફક્ત બે છોકરા સારા કેળવાયલા હતા તેમ હાલ પણ સારો અભ્યાસ કરતા હતા. તેમના તરફ આ દંપતિનું લક્ષ ખેંચાયું પણ તે બન્નેના માબાપોએ તેમની પાસેથી રૂ. બે હજાર પહેરામણીમા માગવાથી બિચારો મનુભાઇ નિરાશ થઇ ગયો આ ચિં-

તાથી પણ બિચારી મનોરમા બળતી ચાલી હતી. આજે તો તે બપોર પછીના બે ત્રણ વખત બેભાન થઇ ગઇ હતી; અને તેથીજ આપણે મધુ તથા સરલાને રડતાં જોયાં હતાં અને મનુભાઇ પણ તે સ્થિતિ સમજી જતાજ ડોક્ટરને તેડવા ગયો હતો. સરલા મધુકુમારને જેમ તેમ છાનો રાખતી મેનાના પાંજરા આગળ ઉભી હતી એવામાં કોઇના બોલવાનો અવાજ આવ્યો.

ભાઇ ! મધુ ! ! તું કેમ રૂવે છે ? આવ આપણે ફરવા જઇએ. સરલાએ અવાજ આવતો હતો તે દિશામા જોયું બોલનારની અને તેની એક દ્રષ્ટિ થતાંજ સ્મિતહાસ્યથી મુખ જરા ફરકયું અને સરલાએ નીચું જોયું. મધુકુમાર રડતો છાનો રહી તે બોલનાર પ્રતિ જોઇ રહ્યો તે મનુષ્યે ફરીથી તેને બોલાવ્યો " મધુ ! આવ ભાઇ, ચાલ આપણે બહાર જઇએ" એમ કહતા તે મનુષ્ય ત્યા આવી પહોચ્યો. મધુકુમાર સરલા પાસેથી નીચે ઉતરી આવનાર યુવક પાસે ગયો. સરલા કાંઇપણ બોલ્યા ચાલ્યાવિના ઘરમા ગઇ, પરંતુ જતી વખતની તેની દ્રષ્ટિ જાણે આવનાર યુવકના આવવાનું પ્રયોજન સફલ કરાવતી હોય તેવી લાગી. જતા જતાં પરસ્પર દ્રષ્ટિમિલન થયું અને સાથે સાથે હ્દયના તાર સંધાતાં તેમાં ઝણઝણાટ શરૂ થઇ ગયો.

# દ્વિતીય પરિચ્છેદ.

## ઇન્દુકુમાર.

Our Cage.

We make our choir, as doth the prison's bird;
And sing our bondage freely
( Shakespear )

---

મધુકુમારને લઇ જનાર યુવકનું નામ ઇન્દુકુમાર હતુ મનુભાઈની બાજુનાજ મકાનમા તે રહેતો હતો તેના પિતા ચંદ્રવદનરાય જુના વિચારના હતા. ઇન્દુકુમારનો અભ્યાસ મેટ્રીક સુધી થયો હતો ચંદ્રવદનરાય તેને આગળ અભ્યાસ કરાવવા રાજી નહોતા. પરંતુ ઇન્દુકુમારનો વિચાર આગળ અભ્યાસ કરવાનો હતો. મનુભાઇની ગરીબ સ્થિતિને લીધે, ઇન્દુકુમારના પિતા જો કે જ્ઞાતિબધુ હતા છતાં પણ સારો સંબંધ રાખતા નહોતા પરંતુ ઇન્દુકુમાર સુધરેલા વિચારનો હોવાથી " Poverty is no sin " એ કથનને મળતો હતો અને તેથી વારંવાર મનુભાઇને આશ્વાસન આપવા ઉપરાત તેની ગેરહાજરીમાં સરલા તથા મધુકુમારની પણ સંભાળ લેતો. મનુભાઇના કુટુંબમાં પણ ઇન્દુકુમારનું સારૂં માન હતુ અને સર્વ તે[illegible]નાં [illegible]ાં મનુ

ભાઈ ડોકટરને તેડીને આવ્યો ત્યાં સુધી ઇન્દુકુમાર આવ્યો નહોતો. બિચારી સરલા મનોરમાની પાસે બેસી રહી હતી. ડોકટરે આવી નાડી તપાસી અને મનુભાઇને જણાવ્યુ કે 'તેને કાંઇ રોગ નથી ફકત શરીરમાં અશકિત છે અને સાથે સાથે મનની ચિંતા હોવાથી તે બેભાન થઇ જાય છે. ફીકર કરશો નહિ હું પ્રીસ્ક્રીપ્શન લખી આપુ છુ તે લાવી એમને આપજો. ચાર વખત આપજો "

ડોકટરે પ્રીસ્ક્રીપ્શન લખી આપી મનુભાઇના હાથમાં મૂકયું, અને જવા તૈયાર થયો મનુભાઇએ ખીસુ ખંખેરી બે રૂપિઆ ડોકટર સાહેબના હાથમાં મૂકયા. જેમ જાણે તે ઓછા પડયા હોય તેમ મો મરડીને ડોકટર સાહેબે રજા લીધી. હવે દવા શી રીતે લાવવી તેના વિચારમાં મનુભાઇ પડયો બિચારાએ રૂપિયા બે આપી દીધા ડોકટરને લાવતી વખત તો તે સમજતો હતો કે ડોકટરજ દવા આપશે, પણ આતો અવળુંજ બન્યુ. ઘરમા એક પાઇ પણ નહોતી. સરલા પિતાના સંતાપનું કારણ સમજી ગઇ તેને વિચાર આવ્યો કે જો ઇન્દુકુમાર આવે તો તેમની મદદ લેવી એમ વિચારી બ્હાર ઇન્દુકુમારની રાહ જોતી મેનાના પાંજરા આગળ ઉભી મેના સાથે વાત કરતી મનના ઉદ્દગાર કાઢવા લાગી.

" મેના ! મેના !! કેમ હજી મધુભાઇ ન આવ્યો ? બોલને ! "

મેના કાંઇ પ્રત્યુત્તર ન આપતાં સરલાના મુખસામુ જોઇ જાણે તેની મશ્કરી કરતી હોય તેમ મૌન રહી

" કેમ અલી ! બોલતી નથી કે ? " સરલાએ પુછયુ

" 'હેં !' બહેન કોની રાહ જુઓ છો ? " મેના બોલી

"રાની કેમ અલી! તું તો કંઇ બહુજ ચઢી ગઇ દેખું?" હજી સુરલા આગળ બોલવા જતી હતી એટલામાં પાછળથી ઇન્દુકુમાર બોલી ઉઠયો.

"એનાપર ગુસ્સે ન થાઓ. આ મધુભાઇ આવ્યો." એમ કહી મધુકુમારને સરલાના આગળ મૂકયો; સરલા કાંઇક બોલવા જતી હોય તેમ જણાઇ; પણ તેના ગાલપર શરમના શેરડા ફરી વળ્યા, રતાશ ચઢી આવી અને મૌનપણે જમીન ખોતરતી હોય તેમ નીચું જોઇ અંગુઠા સાથે રમત કરવા લાગી

"સરલા! તમે કેમ કાંઇ કહેતાં કહેતાં અટકી ગયા? બોલો, તમે શું કહેવા જતા હતાં?" ઇન્દુકુમારે સરલ ભાવે પૂછયું.

"કહેતાં શરમ થાય છે પણ—"

"અચકાઓ નહીં બોલો શું છે?"

"આપ અમ ગરીબને મદદ કરશો?"

"મારા જીવના જોખમે કરીશ કહો શું છે? મનુભાઇ હજી આવ્યા નથી?"

"તે તો આવ્યા છે ડોકટરે દવા લખી આપી છે પણ—" બિચારી બાળા બોલતા અચકાઇ ગઇ. દ્રવ્ય એ એવી ચીજ છે કે પ્રેમીઓ પણ એક બીજા પાસે તેની માગણી કરી શકતા નથી ચતુર ઇન્દુકુમાર સમજી ગયો અને તુરતજ પોતાના મકાનમાં જઇ એક ક્ષણમાં પાછો આવ્યો અને સરલાની પાછળ પાછળ તેના મકાનમાં

ગયો. મનુભાઇ હાથમાં ખાલી શીશી લઇ ઉભો ઉભો વિચાર કરતો હતો. ઇન્દુકુમારે ઘરમાં દાખલ થતાંજ મનોરમાના સ્વાસ્થ વિષે પ્રશ્ન કર્યો અને કહ્યું:—

' હું ધારૂં છું તમારે મનોરમા બ્હેનના આગળ રોકાવાની જરૂર છે. તમે અહીંજ બેસો, હું સહજમાં પ્રીસ્ક્રીપ્શન પ્રમાણે દવા લઇ આવું છું.

' ના ના. હું હમણાંજ લઇને આવીશ. તમારે તસ્દી લેવાની જરૂર નથી." મનુભાઇએ જવાબ આપ્યો.

મનુભાઇના ના કહેવા છતાં પણ ઇન્દુકુમાર શીશી તથા પ્રીસ્ક્રીપ્શન લઇ દવા લેવા ચાલતો થયો. જો કે ઇન્દુકુમાર બાજુ કાઇ બોલ્યો નહીં, પરંતુ તેના ઉચ્ચ હૃદયની વિશાળતા મનુભાઇ સહજમા સમજી ગયો. તેની ઉદારવૃત્તિ અને લાગણી માટે હૃદયમા તેની પ્રશંસા કરવા લાગ્યો.

" આહા ! કેવું ઉદાર હૃદય ! ! કેટલી ઉચ્ચતા ! ! ! ઇન્દુ–ઇન્દુ ! ખરેખર, તારૂં હૃદય ઇન્દુના જેવુંજ શાન્તિપ્રદ છે. તારી ઉદારવૃત્તિથી આજ મને કેવો લાભ થયો ! આહા ! મારી મનોરમાને આજ તારી મદદ વડે હું જીવન અર્પી શકીશ. ધન્ય છે તારા ઉદાર હૃદયને ! " આવા ઉદ્દગારો કાઢતો મનુભાઇ પત્નિનું દુઃખ ન ખમાયાથી ઘરની પાછળના વાડામાં ટહેલવા લાગ્યો. પિતાજીના આ ઉદ્દગારો સરલાની કર્ણેન્દ્રિય બહાર ગયા નહોતા. મનુભાઇના ગયા પછી સરલા તથા મધુકુમાર મનોરમાની પાસે આવી બેઠા. સરલા ત્યાં બેઠી હતી, પરંતુ

તેનુ હૃદય તો ઇન્દુકુમારની પાછળજ ભમતુ હતું માયિક પ્રેમથી સરલાનુ હૃદય હજી અજ્ઞાત હતું, પરંતુ નૈસર્ગિક પ્રેમની ખાણુરૂપ તેનું હૃદય ઇન્દુકુમાર તરફના વાત્સલ્ય—નિર્દોષ–પ્રેમથી ઉભરાઇ જતું હતું. દૈવેચ્છાથી મનોરમા આ વખતે કાંઇક શુદ્ધિમાં આવી હતી પરંતુ એટલામા ઇન્દુકુમાર મેવો તથા દવા લઇ આવી પહોંચ્યો. ઇન્દુકુમારને જોઇ સરલાનુ હૃદય વિશેષ દ્રવવા લાગ્યુ. સરલાએ વિનિતભાવે ઇન્દુકુમારને કહ્યુ —

‘ ઇન્દુકુમાર ! તમારો અમારા ઉપર કેટલો બધો ઉપકાર છે ? ’

“ સરલા ! એમ ન બોલો. મે શું કર્યું છે ? ”

“ અમ ગરીબને દુઃખના સમયે આવી મદદ બીજુ કોણુ કરે ? ” સરલાએ નીચું જોઇ શરમાતાં શરમાતાં કહ્યું.

“ આમા મે શું કર્યું છે ? હું તમારોજ છુ વિશેષ કહેવા મારૂ હૃદય હિમ્મત કરતું નથી ” ઇન્દુએ અંતઃકરણ પૂર્વક જવાબ આપ્યો.

“ તમારા પિતાજી તમારી આવી વર્તણુકથી કદાચ ગુસ્સે થશે તો ? ”

“ મારો ઇશ્વર તો હમેશાં રાજીજ થશે. ”

સરલા આ ઉત્તરથી શરમાઇ ગઇ, પરસ્પર એક તિક્ષ્ણ દ્રષ્ટિપાત થતાં ઉભયના હૃદયમા કંપ થવા લાગ્યો. ઇન્દુકુમાર આગળ વધી સરલાનો હાથ પકડી બોલ્યો —

“ સરલા ! આવા આવા પ્રશ્નો કરી મને દુઃખી ન કરો. આપણે બાલ્યાવસ્થાથીજ સાથે રમ્યાં છીએ, મને તમારા દુઃખમા ભાગ લેવા

લો. મારા પિતાના ગુસ્સાની મને દરકાર નથી."

સરલા સ્તબ્ધ બની ગઇ. આ વખતે મનોરમાએ સહજ આંખ ઉઘાડી અને આ નિર્દોષ પ્રેમચેષ્ટા જોઇ છુટકારાનો એક દમ ખેંચ્યો. બાળક મધુકુમારે મનોરમાને હાલતી જોઇ અને તે બોલી ઉઠયો—
"બા! બા! તું કેમ બોલતી નહોતી."

સરલા તથા ઇન્દુકુમાર વચ્ચે થયેલી વાતચીત મનોરમાએ સાંભળી હતી. તેને એમ લાગ્યુ કે આગળ જતા જરૂર સરલા અને ઇન્દુના લગ્ન થશે. તેના અવ્યવસ્થિત મગજપર આ વિચાર એટલો સુદ્રઢ થઇ ગયો કે તે વિચારથી તેની બધી ચિંતાનો અંત આવી ગયેલો તેને જણાયો; અને એ રીતે પોતાના હૃદયનો ભાર ઓછો કરતાં હૃદયના પ્રેમપૂર્વક પણ ક્ષિણ અવાજથી તે બોલી—

"બેટા! મધુ!! આવ તું કેમ રડતો હતો?"

"ત્યારે તુ કેમ મને બોલાવતી નહોતી? તું ન બોલાવે તો રડુંજ તો?" મધુકુમારે કાલા કાઢતાં કહ્યુ

"હવે તો પ્રકૃતિ ઠીક લાગેછેને?" ઇન્દુકુમારે પાસે બેસતા પૂછયું.

"હા. તમારા શબ્દોથી વધારે શાન્તિ મળે છે. બેટા સરલા! તારા બાપુ કયા છે?"

સરલા મનુભાઇને બોલાવવા ગઇ એટલે ક્ષિણ સ્વરે મનોરમા બોલી:—

'ઇન્દુકુમાર! મારી ચિંતા આજ નાશ પામી. હવે મને જલ્દી આરામ થશે. મારી સરલાની સંભાળ તમને સોપુ તો!"

સરલ મનુભાઇને તેડીને આવતી હતી એટલામાં મનોરમાના છેલ્લા શબ્દો સરલાના કાનપર અથડાયા. અત્યાર સુધીની નિર્દોષ પ્રેમમા વિહાર કરતી સરલ હૃદયી સરલાના હૃદયમાં આજ કઇ નવિનજ પ્રકાશ પડયો. તેના ઇન્દુકુમાર માટેના નૈસર્ગિક પ્રેમમાં વૃદ્ધિ થવા લાગી. જો કે માતાના તરફની તેને ખાત્રી થઈ હતી છતાં પોતાના પિતાના હૃદય માટે જોઇએ તેવી ખાત્રીવાળી તે નહોતી, અને તેથીજ તેણે પોતાના મનને વિકારવશ થવા દીધું નહોતું. તેમ ઇન્દુકુમારપ્રત્યે વિશેષ છુટ લીધી નહેતી સરલા મનોરમા પાસે બેઠી એટલામાં મનુભાઇ આવી પહોંચ્યો. એક તો આવા અણીના પ્રસંગે અણધારી અને કીમતી મદદ ઇન્દુકુમારે કરી હતી તેથી તેનું હૃદય તેના પ્રતિની ઉપકારની લાગણીથી છલકાઇ જતુ હતું તેમા વળી તેને મનોરમાની સુશ્રુષા કરતો પાસે બેઠેલો જોઇ તેમાં ઘણોજ વધારો થયો. તેની ઉપકારની લાગણી એટલી બધી તિવ્ર બની ગઇ હતી કે ઇન્દુ-કુમારને જોઇ તે એક પણ શબ્દ બોલી ન શકયો. તેમ તેના સામું પણ ન જોઇ શકયો પરંતુ ચતુર ઇન્દુકુમાર તે સમજી ગયો અને તેથી મનુભાઇને વધુ વિમાસણમાં ન નાખતાં બોલી ઉઠયો.--

" મનુભાઇ ! ફીકર ન કરશો. મનોરમા બ્હેનની તબીયત સુધરતી જાય છે. ઇશ્વર આપણને સાનુકૂલ થશેજ "

" ખરૂં છે. ઇશ્વર સાનુકૂલ ન હોત તો તમારા જેવાની કૃપા પણ કયાંથી હોત ? " મનુભાઇએ ઉપકાર માનવાની તક શોધી લીધી

ઇન્દુકુમારે મનોરમાને ઔષધ આપ્યું. નાનો મધુકુમાર અત્યારસુધી

માતા પાસે બેસી રહ્યો હતો તે હવે ઇન્દુકુમાર પાસે આવી મનુભાઇની સામું જોઇ બોલવા લાગ્યો.

" બાપુ ! ઇન્દુભાઇ કેવા સારા છે ! મને બહુજ વ્હાલા લાગે છે હું રડતો હતોને ત્યારે મને ફરવા લઇ ગયા હતા અને સરલા બ્હેનને પણ સમજાવતા હતા મારી બાનો મને બોલાવતીયે ન્હોતી. "

મનુભાઇ તેને પાસે લેતાં બોલ્યોઃ—" સરલા ' આમાથી તારી બાને ત્રણ ત્રણ કલાકે દવા આપવાની છે. "

ઇન્દુકુમારે દવા પાયા પછી સરલાએ ઉપરથી લીલો મેવો મનોરમાને આપ્યો. હવે અંધારૂં થઇ ગયેલું હોવાથી ઇન્દુકુમાર ત્યાંથી રજા લઇ નીકળ્યો. જતા જતાં મનુભાઇ પ્રતિ બોલ્યો.—"સવારે હું દવા લઇ આવીશ. તમે ઉતાવળ ન કરતાં મનોરમા બ્હેન પાસેજ બેસજો. "

# તૃતીય પરિચ્છેદ.

## "રમ્ય મુંઝવણ."

" Love is a smoke raised with the fume of sighs;
Being purged, a fire sparkling in lovers' eyes;
Being vexed a sea nourished with lovers' tears,
What is it else ? A madness most discreet;
A choking gall, and a preserving sweet.

( Shakespear )

ઇન્દુકુમાર ઘેર પાછા ફરતાજ તેની મા સાથે તેના લગ્ન વિષે થયેલી વાતચીત તેના જાણવામા આવી વિશેષમા વાળુ કરતી વખતે તેની મા ધનલક્ષ્મીએ વળી વાત છેડી.

' ભાઇ ઇન્દુ ! ત્હારા ભાઇબંધ દોસ્તદારને ત્હારે કંકોત્રી લખવી હોય તેવી છપાવી લેજે, ત્હારા બાપુએ કહ્યું છે આ વૈશાખ સુદ ૩ ને દિને લગ્ન નક્કી કર્યું છે. વિવાહ અને લગ્ન સાથેજ કરવાનું છે."

ઇન્દુકુમારના હૃદયમા તો સરલા રમી રહી હતી અને તેની પુષ્ટિમા મનોરમાના શબ્દો તેના કાનમા હજી સભળાતા હતા. માતાને શો

જવાબ આપવો તે ન સુઝતાં મૌન ધરી તેણે હાથ ધોયા. ધનલક્ષ્મી સમજી કે તે શરમાય છે તેથી ઉતાવળ કરી હશે.

પણ ધનલક્ષ્મીના શબ્દોની અસર ઇન્દુકુમારના હૃદય ઉપર તો જુદીજ થઇ હતી. ઇન્દુકુમાર બોલ્યા ચાલ્યા વિના પોતાના ઓરડામાં ગયો. પોતાને ન પૂછતાં ચંદ્રવદનરાયે લગ્નની આટલી બધી ઉતાવળ શા કારણથી કરી હશે તે પ્રશ્ન ઉભો થયો; અને સરલાના તથા પોતાના માતાપિતાએ નિર્માણ કરેલી ભવિષ્યની પત્નિ ચપળાના સદ્‌ગુણ સૌંદર્યની સરખામણી કરતો ફેરા મારવા લાગ્યો.

"ચપલાનાં નેત્ર ચપળ છે જ્યારે સરલાના નેત્રમાં ગાંભિર્ય છે. ચપલા સાક્ષાત સૌંદર્યની મૂર્તિ છે .ત્યારે સરલા સૌંદર્યની દેવી છે. ચપલા પ્રેમની મૂર્ત્તિ છે ત્યારે સરલા પ્રેમી છે વાસ્તવિક રીતે જોતાં ચપલા સૌંદર્યમાં વિશેષ છે ત્યારે સરલા સૌંદર્ય સાથે સદ્‌ગુણમાં વિશેષ છે. વિશેષ ફેર માત્ર એટલોજ છે કે સરલા ગરીબની પુત્રિ છે ત્યારે ચપલા શ્રીમંત સુતા છે હવે મારે ચપલા સાથે લગ્ન ગાંઠથી જોડાવુ કે સરલાના સ્નેહથી સંધાવું ?" પ્રશ્ન ઘણોજ મુશ્કેલ થઇ પડયો. ઘણા ઘણા વિચાર કર્યા પણ કાંઇ નિશ્ચય ન થયો વળી કાંઇક નવિન તરંગ આવ્યો "આત્મા એક છે, અને તેથી તે એકનેજ ચ્હાય અને એક સાથેજ જોડાય. કેવું વિચિત્ર ! હુ કોને વિશેષ ચ્હાઉં છુ તે હુંજ સમજી શકતો નથી. તેમ કોને ચ્હાવુ તે પણ સમજાતું નથી. સારૂં કયુ ? પરણનારને ચ્હાવુ કે ચ્હાનારને પરણવુ ? Which is nobler—to love whom we marry, or to marry whom we love ! કાંઇ સમજ પડતી નથી. સરલા સાથે નાનપણથીજ સ્નેહ છે જ્યારે

ચપલા સાથે તો થોડાજ સમયથી સંબંધ છે સરલા હજી સુધી નૈસર્ગિક પ્રેમથી અને સરળ હૃદયથી ચ્હાય છે જ્યારે ચપળા સાંસારિક પ્રેમથી ચ્હાય છે હવે મારે માર્ગ કયો લેવો ? ”

આમ વિચાર કરતો કરતો આરામ ખુરસીપર પડયો, અને વિચારમા લીન થનો “સીંચી પ્રેમસુધા મનોજ મયુરે કાં ક્રૂર હાવાં થતા” એમ બબડતો પોતાની દશાનો વિચાર કરતો નિદ્રાવશ થયો તેના હૃદયમાં સદ્‌ગુણ–સૌંદર્યયુક્ત બે દેવીઓ સામ્રાજ્ય ચલાવવા લાગી, ત્યારે તેના સ્થૂળ ઉપર નિદ્રાદેવીએ સામ્રાજ્ય ચલાવવા માંડયું. નિદ્રામાં તે સ્વપ્નવશ થયો. તેની હૃદયવાસિની બન્ને મૂર્ત્તિઓ બે દિશામાં પ્રત્યક્ષ થઇ, મોટે ભાગે જેમ વિદ્યા અને દ્રવ્ય–સરસ્વતિ અને લક્ષ્મી સાથે રહી શકતી નથી તેવો ભાવ સૂચવતી હોય તેમ બન્ને મૂર્ત્તિઓ પરસ્પર વિરૂદ્ધ દિશામાં રહી તેને આકર્ષવા લાગી–બોલવવા લાગી–સંબોધવા લાગી પ્રથમ ચપલાની છાયા તરફથી ધ્વનિ આવ્યોઃ—

“ શ્રીમંતાઇ કરતા ગરીબાઇ વિશેષ પસંદ કરો છો ? મારામા શું ઓછું છે કે તમે તેના તરફ ખેચાઓ છો ?

“ જે રોપી મમ હાથથી, અવનવી વેલી મહા યત્નથી,
ખીલી પલ્લવ કુમળાં હર પળે, આલ્હાદતી યત્નથી;
જેણે ઉન્મત દિવ્ય સ્થીતિ જગવી, હૃન્મન્દિરે સ્થાપતા,
સીંચી પ્રેમ સુધા મનોજ મયુરે, કાં ક્રૂર હાવા થતા ? ”

ગાન પૂરૂ થયું ઇન્દુ ચમકયો, સાંભળ્યુ અને વિચારગ્રસ્ત થઇ

વિચારે હૃદય હલમલ્યું. ચપલાની છાંયા બોલતી અટકી એટલે સરલાની શ્વેતવસ્ત્ર પરિધાન છાયા વીણાના જેવો સ્વર કાઢતી નેત્રમાંથી અશ્રુ વર્ષાવતી બોલી:—

"વ્હાલા ! ઇન્દુ ! ! આપને આ ઘટિત છે ? બાલ્યાવસ્થાનો પ્રેમ ભુલી જશો ? દયા કરો, દયા કરો; મારામાં કાંઇજ સદ્‌ગુણ નથી, પણ મારૂં જીવન આપની—વ્હાલા ! તમારીજ દયા ઉપર ટકી રહ્યું છે.

"ઉમીથી નિજ અંતરે જળહળે જ્યોતી મહા પ્રેમની,
તેના આશ્રયમા સ્ફુરી પ્રણયની વેલી વિના વ્હેમની;
આશ્વાસીત સદાય આપ ચરણે પિયૂષ ભોગી થતાં,
સીંચી પ્રેમસુધા મનોજ મધુરે, કાં ક્રૂર હાવાં થતા ?"

સરલાના સરલ ભાવો બહાર પડયા. ઇન્દુકુમારના હૃદય ઉપર આ શબ્દોથી ઘણીજ અસર થઇ એક બાજુથી ચપળા પોતાના હાવભાવ અને નેત્ર કટાક્ષવડે ઇન્દુને લલચાવવા લાગી ત્યારે બીજી બાજુએથી સરલા અંતર ઉદ્‌ગાર અને દુઃખ ભર્યા નિશ્વાસથી ઇન્દુને આકર્ષવા લાગી. લોહચુંબક વચ્ચે ખેચાતા લોહ જેવી તેની સ્થિતિ થઇ પડી. તેના હૃદયમાં ક્ષણમાં ચપલાના તો ક્ષણમાં સરલાના શબ્દો ખુંચવા લાગ્યા; તેની વેદનાથી તેનાં રોમેરોમ કંપી ઉઠયાં. સ્વપ્નવશ ઇન્દુકુમાર, શું કરવું તે વિચારમાં પણ જળપ્રવાહના મોજાથી અથડાતા અફળાતા પથ્થરની માફક, પ્રેમ ઝરણના "કાં ક્રૂર હાવાં થતા ?" ના ધ્વનિરૂપ મોજાં થી ઝીકાવા લાગ્યો, તેનાથી કાંઇ પણ નિશ્ચય ન થયો. ચપલા પોતાની

ચપળતા દર્શાવવા લાગી, ઇન્દુનું હૃદય ઉંધલાઇ જવા લાગ્યું. એટલામાં વળી સરલાની છાયા તરફથી મધુરરવ આવ્યો અને ઇન્દુના કર્ણદ્વારને ભેદી તેના હૃદયને પાછલી વાતોથી છિન્ન ભિન્ન કરવા લાગ્યો

"વ્હાલા ઇન્દુ! બાલ્યાવસ્થાની નિર્દોષ રમતોમાંનો આપણો પરસ્પરનો પ્રેમ શું તમે ભુલી ગયા છો? અમૃત જેવાં મિષ્ટ ફલો મને આપ્યા સિવાય તમે ખાતા નહોતા તે શુ ભુલી ગયા? ક્ષુલ્લકમા ક્ષુલ્લક ચીજમા પણ તમે મને તમારી ભાગીદાર બનાવતા, તે શુ આ સૃષ્ટિમા રહી સંસારયજ્ઞ-કર્તવ્યમાં તમારી ભાગિણી નહીં બનાવો? વ્હાલા ઇન્દુ! મારા હૃદયેન્દુ!! દયા કરો! દયા કરો!!! અને આપણી નિર્દોષ પણ સહૃદય બાળચેષ્ટા યાદ કરો." બોલતાં બોલતાં સ્વર તુટવા લાગ્યો; નેત્રમાંથી અશ્રુ ખરવા લાગ્યાં પરંતુ વાણીએ હૃદયદ્રાવક શબ્દો કાઢવા માડયા—

\+ વ્હાલા હવેકાં, નિર્દય થઇને, તરછોડો છો આમ. (૨)
સરવરતીરે, હસતા રમતા, પ્રેમ પ્રતિમા દીધ,
પ્રણય ઝરણ મમ, હૃદયે વ્હેતુ, તમ દર્શનથી કીધ-રે-વ્હાલા૦
નિર્મળ ઝરણે પોષી, ઇન્દુ! વેલી અનુપમ રગ,
કર સાહી મમ, હૃદયે ચાપી, આમ શું કરતા ભંગ?-રે-વ્હાલા૦
કરવું ત્હારે આમ હતું તો શું પ્રકટાવી જ્યોત?
હૃદય વિદારે નિર્દય થઇ કા, પ્રથમ કરી હુન્દ્યોત-રે-વ્હાલા૦

---

\+ (પ્યારા હમારા, તું હમેદે આગ્યા જાનેકી.) એ રાગ.

ધીમે ધીમે સ્વર બંધ થયો. ઇન્દુકુમાર અકળાયો, ગભરાયો અને સરલાની છાયા પ્રતિ ધાયો; પણ એટલામાં તો બન્ને છાયા ઝાંખી થતી અદ્રષ્ય થઇ ગઇ. "સરલા! વ્હાલી સરલા!" એમ બુમ પાડતો બેબ્હાકળો જાગી ઉઠી ખુરશીમાં બેઠો થઇ ગયો. ચારે બાજુએ જોવા લાગ્યો પણ ન ચપલા દીઠી કે ન સરલા દીઠી. જરાવાર વિચાર કરી સ્તબ્ધ થયો. ચિત્તને સ્થિર કરવા પ્રયત્ન કરવા લાગ્યો, પરન્તુ શાન્તિ કયા! ક્ષણુવાર તો તેના હૃદયમાં સરલા રાજ્ય કરવા લાગી, વિચારમાં પણ સરલા ઘુંમવા લાગી અને દ્રષ્ટિએ પણ તેજ તરવા લાગી અને —

જોઉં વાયુમાં ઉડન્તિ, જોઉં વારિમા તરન્તિ,

આસ પાસ એહ સન્તિ, સહુમા વિલસી છેરહી.*

એવી સ્થિતિ થઇ રહી. આ તે સ્વપ્ન કે સત્ય ? એમ વિચાર કરતો ઓરડામા ફરવા લાગ્યો, બાલ્યાવસ્થાની નિર્દોષ રમત ગમતો અને સરલાના સ્નેહપૂર્ણ શબ્દો તેના સ્મરણમા આવવા લાગ્યા. શું કરવું તે ન સમજાયું. પિતાની આજ્ઞાને અનુસરવુ કે સરલાના સ્નેહથી સંધાવું ? એ તેના વિચારનો પ્રશ્ન થઇ પડયો. પોતાની જીવન સુધારણાર્થે જે સંબંધથી જોડાવાની તેને આવશ્યકતા લાગતી હતી તેણેજ આજે તેને મુંઝવણમા-વિષમ મુંઝવણમા--નાખ્યો. આખી રાત્રિ બિચારાએ એવીજ સ્થિતિમાં પસાર કરી.

---

* શ્રે. સા અ. વર્ગ

# ચતુર્થ પરિચ્છેદ.

## અનંતરાયનું કુટુંબ.

'It is easier for a camel to go through the eye of a needle, than for a rich man to enter into the Kingdom of God"—Bible.

સૃષ્ટિના અસંખ્ય મનુષ્યોમાં સદ્‌ગુણી અને દુર્ગુણી, રંક અને શ્રીમંત, વિદ્વાન અને મૂર્ખ એમ બેજ જાતિ હોય છે, અને તે બેમાં પણ સદ્‌ગુણી, શ્રીમંત અને વિદ્વાન્ એવો મનુષ્ય તો ભાગ્યેજ મળી આવે છે

ગયા પરિચ્છેદમા ઇન્દુકુમારના ચપળા સાથેના લગ્નની વાત આપણે જાણી ગયા ચપળાના પિતાનુ નામ અનંતરાય હતું. અનંતરાયનું ઘર અમદાવાદમા પ્રતિષ્ઠિત ગણાતું હતુ અનંતરાયને સંતાનમા ફક્ત ચપળાજ હતી. અનંતરાયના સ્ત્રીનું નામ યશોદા હતું. અનંતરાય પાસે ઝાઝો પૈસો નહોતો; પરંતુ તેમનો વ્યાપાર દેશ પરદેશ સાથે ઘણો બહોળો ચાલતો હતો, અને તેથી તેમની આંટ બજારમાં સારી બંધાયલી હતી. અનંતરાયની આર્થિક સ્થિતિ પ્રથમ સારી નહોતી પરંતુ પાછળથી તેમનો વ્યાપાર એકદમ વધી પડયો અને હુંડી પત્રીનો વ્યવ-

હાર પણ શરૂ થઇ ગયો, જેથી તેમના સગાં વ્હાલાં તથા લોકોમાં તેમના માટે વિધવિધ વાતો ચાલતી હતી. યશોદાનું વય લગભગ ત્રીશેક વર્ષનું હતું. જ્યારે અનંતરાય તેનાથી પાંચેક વર્ષે મોટા હતા અનંતરાય પોતાની આબરૂ વધારવા ખાતર બ્હારથી જુના વિચાર અને રીત રિવાજના હોવાનું જણાવતા જ્યારે અંદરખાનેથી તે સુધારાના હિમાયતી હતા, યશોદા પણ સુધરેલા વિચારની હતી. પરંતુ જેમ તેમની શ્રીમતાઇનું કારણ લોકોમાં ભેદભરેલું મનાતુ તેમ તેમનો બ્હારનો ડોળ પણ ભેદભરેલો માનવામાં આવતો હતો ચપળાને નિશાળમાં ગુજરાતી સાત ચોપડી કરાવવામા આવી હતી, અને સામાન્ય જનસમુહ તેણે તેટલોજ અભ્યાસ કરેલો જાણતો હતો પરંતુ ઘર આગળ માસ્તર રાખી તેને ઇંગ્લીશ સારૂં લખતા વાચતા તેમજ સંગિત આદિનુ પણ સારૂ જ્ઞાન આપવામા આવ્યુ હતુ. હજી પણ તે અભ્યાસ ચાલુજ હતો ચપળાને કેવળ સુધરેલા વિચારનીજ બનાવવામા આવી હતી. જુના રીતરિવાજોની તે એકદમ વિરૂદ્ધમા હતી જેમ કોઇ ચાર્વાક મતવાદીએ તેને શિક્ષણ આપ્યું હોય તેમ તેના આચાર વિચાર કેવળ તે મતને મળતાજ હતા. ખરી રીતે જોઇએ તો ઇન્દુકુમાર સાથેના લગ્નથી તે કેવળ નારાજ હતી પરતુ કોઇ અનિવાર્ય કારણને લઇનેજ તે બ્હારથી ઇન્દુકુમારપ્રતિ પ્રેમ બતાવતી અને સમજતી હતી કે જો તેનો ખરો સ્વભાવ અને સુધારાના વિચારો ચંદ્રવદનરાયના જાણવામાં આવશે તો તે લગ્ન થવા નહિજ દે અને તેને લીધે તે બ્હારથી સાદાઇનો ડોળ રાખવા ઉપરાત જાણે સદ્‌ગુણની મૂર્તિ હોય એવો ડોળ કરતી અને એ રીતે

ઇન્દુકુમારને પોતા તરફ ખેંચવાનો યત્ન કરતી પરંતુ સત્ય જોતાં તો તે દુર્ગુણુની જ ખાણુ હતી. આજે ચપલા અને યશોદા પોતાના દિવાનખાનામાં બેઠાં હતાં. અનંતરાય કામને પ્રસંગે બહાર ગયા હતા. સાંજનો છએક વાગ્યાનો સમય હતો એટલામાં એક માણુસ તેમના ઓરડામાં દાખલ થયો. આવનાર મનુષ્ય કોટપાટલુનના યુનિફોર્મમાં સજ્જ થયેલો હતો. ઓરડામાં દાખલ થતાની સાથેજ તેણે માથા ઉપરથી ટોપી ઉતારી ટેબલપર મુકી અને ઇંગ્લીશમાં તેમજ ગુજરાતીમાં ગંભીર અવાજે શરૂ કર્યું.

"વેલ ! યશોદા ! હવે આજે હું ત્હારા છેલ્લાજ જવાબ માટે આવ્યો છું. બોલ શું કહે છે ?"

નવિન મનુષ્યને જોઇને યશોદાનુ હૃદય કંપી ઉઠયું તેની મુખમુદ્રાપર નાખુશી ડર અને ગભરાટનાં ચિન્હો પ્રકટ જણાતાં હતા, તેના અંગમાં કંપ થતો જણાતો હતો. યશોદાની આવી સ્થિતી હતી. ત્યારે ચપલાની સ્થિતી કાંઇક જુદીજ હતી. તે મનુષ્યને જોતાંજ ચપલાના મુખપર અનહદ આનંદ પ્રકટી નીકળ્યો અને તેમાં પણુ તેના આ પ્રશ્નથી તો તેમાં ઘણોજ વધારો થયેલો જણાયો. યશોદાએ ધીમેથી પણુ કંપતા અવાજે જવાબ આપ્યોઃ—

"સરોજ ! તમારો પ્રશ્ન ઘણોજ કઠોડો છે. કાર્ય દુષ્કર છે. મારાથી કાંઇજ બને તેમ નથી હું શું કરી શકું ?"

' ગમે તેમ હોય ! યાદ કર યશોદા ! યાદકર ત્હારી--" હજી તો તે મનુષ્ય આગળ બોલવા જતો હતો. એટલામાં યશોદા બોલી ઉઠીઃ--

"બસ કર સરોજ ! બસ કર. ફરીથી તે દિવસની યાદ ન દેવડાવ. તું કહીશ તેમ કરીશ. કબુલ છું" યશોદાનો સ્વર રૂંધાવા લાગ્યો તેણે ચપળાના સામું જોયું.

"સરોજ ! તમે શું કહો છો ?" ચપળાએ પૂછ્યું.

"ચપળા ! તું હજી નથી જાણતી ત્હારાજ સુખમાં પથ્થર નાખવા તે તૈયાર થઇ છે" તે સરોજ કહેવાતો મનુષ્ય બોલ્યો; ચપલા ચુપ થઇ ગઇ.

"સરોજ ! હવે તું જા મને વધુ દુખી ન કર." યશોદા ધ્રુજતી ધ્રુજતી બોલી

"ઠીક. જાઉં છું. પણ બોલેલા શબ્દો ધ્યાનમાં રાખજે, અને—" આટલું બોલી યશોદાના કાનમાં કાંઇક કહી તે મનુષ્ય ચાલ્યો ગયો. તેના છેલ્લા શબ્દોએ યશોદાના ઉપર જુદીજ અસર કરી; તેની આંખો ફાટી ગયા જેવી સ્થિર થઈ રહી; તેનાં અંગો નિશ્ચેષ્ટ થઇ ગયાં; તેનું હૃદય જાણે ધબકતુ બંધ પડી ગયું હોય તેમ જણાવા લાગ્યું, તેનું સૌંદર્ય આ વખતે તેને એક આરસની પ્રતિમા હોવાનો ભાસ કરાવતું હતું. આવી સ્થિતિમાં પાંચેક મીનીટ નીકળી ગઇ. ચપલા પણ યશોદાની આવી સ્થિતિનું કારણ સમજી ન શકી. કેટલીક વારે યશોદા એક સન્નિપાતવાળા મનુષ્ય પેરે બબડવા લાગી.

"નિર્દય ! નિષ્ઠુર ! ! કયા સુધી તું સતાવીશ ?"

"કોણ ? બા. કોને ? ચપલાએ ઉતાવળે પાસે જઇ પૂછ્યુ. ચપલાનો અવાજ સાંભળી યશોદા શુદ્ધિમા આવી જાણે કાઇ બન્યુંજ

ન હોય તેમ શાન્ત થવા પ્રયત્ન કરવા લાગી ચપલાના પ્રશ્નનો કાંઇ જવાબ ન આપ્યો અને હાથમાં ચોપડી લીધી પરન્તુ તેમાં ચિત્ત ન ચોટ્યુ એટલામાં અનતરાય આવી પહોચ્યા અને ત્રણે જણ મોટા દિવાનખાનામા આવી બેઠા.

દિવાનખાનું ઘણુજ દબદબાથી શણગારવામાં આવ્યુ હતું અપ-ટુ-ડેટ ફેશનનું ફર્નીચર ગોઠવી દેવામા આવ્યુ હતું. વચ્ચેના રાઉન્ડ ટેબલપર એક ફ્લાવરપોટ હતુ રાઉન્ડ ટેબલની આજુ-બાજુ અનંતરાય, યશોદા તથા ચપળા ગોઠવાયા ભટે આવી ચ્હાના પ્યાલા ગોઠવી દીધા ચહા પીતા પીતા અનંતરાય બોલ્યા —

'ચદ્રવદને માન્યું તો ખરૂં' પણ ઇન્દુકુમાર માને ત્યારે ખરૂ "

"ચદ્રવદન કહે એટલે એણે માનવુજ જોઇએ" યશોદાએ ધીમેથી પ્રત્યુત્તર આપ્યુ.

"પણ એથી આગળ શુ પરિણામ આવશે?" અનતરાયે ચ્હાનો ઘુંટડો ઉતારતા શંકા જણાવી

"અરે! આ સમય જવા દો એટલે સૌ થઇ રહેશે." યશોદાએ ચપલાના સામુ જોતા જવાબ વાળ્યો. યશોદાના દ્રષ્ટિપાતથી ચપળાને બોલવાને છુટ મળી હોય તેમ તે બોલી ઉઠી —

"અરે, ન માને તો અહીં પણ કોણ એને પરણવા બેસી રહ્યું છે?"

"ચપળા! બેટા! એમ ન બોલીએ ન્યાતમા રહેવુ છે. કાઇ ન્યાતને ત્યજાશે?" સુધારાના હિમાયતી પણ બહારથી

જુના વિચારના હોવાનો ડોળ કરનારા અનંતરાય લાડકી દીકરીને શીખામણ દેતા બોલ્યા.

“ આપણે તો બેટા, લગ્ન થઇ જવાની રાહ જોઇએ છીએ. પછી તે છે ને આપણે છીએ. લોક લાજ તો રાખવી જોઇએ માટે લગ્ન થતા સુધી છાનામાની બેસી રહે પછીની વાત પછી છે. ” યશોદાએ ચ્હાના ઘુંટડા સાથે વાતનો ઘુંટડો ઉતારતા જણાવ્યું.

સુધારો ! સુધારો !! આ તે કઇ જાતનો સુધારો ? બાપ દીકરીની આમન્યાનો પણ કેટલા અંશ સુધી લોપ થાય છે ? પરણવું ના પરણવું એ વળી બાપની મરજી ઉપર—અને તે પણ સુધરેલા ( ! ). કહેવાતા સુધારાના હડહડતા પૂજક પણ બ્હારથી મર્યાદિત સ્થિતિમા રહેનારા સાદાઇનો ડોળ ઘાલનારા—આવા કેટલા મનુષ્યો હિન્દની ઉન્નતિ ( ? ) અર્થે જીવતા હશે ? જેમતેમ પુત્રીના લગ્ન કરી ‘ પછીની વાત પછી ’ કહેનારી માતા જે દેશમા હોય ત્યા પતિવ્રત અને શિયળ આદિ સદ્ગુણો કયાંથી હોય ? ગરીબ કરતા સુધરેલા શ્રીમંતોમા આવી દશા સ્થળે સ્થળે દ્રષ્ટિગોચર થાય છે

ચ્હાના પ્યાલા ખાલી થવા સાથે વાત પણ પુરી થઇ, અને ભૈયાએ આવી ગાડીઓ તૈયાર હોવાની ખબર આપી. એક ગાડીમાં અનંતરાય અને યશોદા અને બીજીમા ચપળા એમ બન્ને ગાડીઓ ચાલી. અનંતરાયની ગાડીને જવા દઇ આપણે ચપળાની ગાડી પાછળ જોઇએ. ચપળાની ગાડી કાકરીયાના રસ્તા તરફ વળી રાત્રિનો સમય થયેલો હોવાથી તે તરફનો રસ્તો નિર્જન હતો ગાડી ધીમે ધીમે જતી હતી એટલામાં રસ્તાની એક બાજુએથી કોઇએ રૂમાલ હલાવ્યો.. ગાડી થોભી અને તે મનુષ્ય ગાડીમા દાખલ થયો.

# પંચમ પરિચ્છેદ.

## આશાવંત બાળા

" The rose is fairest when 'tis budding new,
And hope is brightest when it dawns from fears
' Scott '

મનુભાઇને ત્યાંથી ઇન્દુકુમાર પોતાને ઘેર ગયો ત્યાર પછીની તેની સ્થિતિનું વાંચકે પૂર્ણરીતે દર્શન કર્યું છે. જે આશાના ઉત્સાહિત કિર્ણોવડે પોતાના ભાવિ સુખાર્કનુ તે દર્શન કરવા તત્પર થઇ રહ્યો હતો તેમા વંટોળીયા રૂપે વિઘ્ન આવતું તેની દ્રષ્ટિએ જણાયું; અને તે બિચારાની તે રાત્રિની સ્થિતિ કેવળ દયાપાત્ર થઇ પડી હતી પરંતુ ભવિષ્યના વિઘ્નથી અજાણી સરલાની તે રાત્રિ જુદાજ પ્રકારે ગઇ હતી. ગૃહ કાર્યથી પરવારી મધુકુમારને ઉંઘાડી સરલા પોતાના ઓરડામાં સુતી હતી; મનુભાઇ મનોરમાના બિછાના આગળજ અર્ધ જાગૃત અવસ્થામાં પડ્યો હતો. મનોરમાના આશા ભર્યા શબ્દો હજી સરલાના કાનમા ભણકારા રૂપે ઘુમતા હતા ઇન્દુકુમારના હૃદયના સરલ ભાવો, તેની ઉદાર અને પરોપકારી વૃત્તિ, માયાળુ અને લાગણીવાળો સ્વભાવ, અને તેનું સૌંદર્ય સરલાની દૃષ્ટિમા તરવર્યા કરતાં હતાં. મધુકુમારના

ઉંઘી ગયા પછી પોતાના ઓરડામાંજ જે બારી આગળથી રાત્રિપતિ ચન્દ્રના કિર્ણો આવતાં હતાં તે તરફ મોઢુ રાખી બેઠી.

કેટલીક વખત સામાન્ય અથવા મેલાં વસ્ત્રો અને વાળ વિગેરેની અવ્યવસ્થા પણ વ્યક્તિ સૌંદર્યમાં અધિકતા દર્શાવે છે સરલા પણ આ વખતે અનુપમ સૌંદર્યવાન જણાતી હતી. સામાન્ય રીતે ગુર્જર ગૃહસંસારમાં કન્યાવસ્થાને યોગ્ય મનાયલાં ચણીઓ, તથા ઓઢણુ તેણે પહેર્યા હતાં, તથા યૌવન વનમાં પ્રવેશતા અંગોનું અન્યના દૃષ્ટિપાતરૂપ કાંટાઓથી રક્ષણ કરવા કાંઇક પોલકા જેવા દેખાતા કબજાનો ઉપયોગ કર્યો હતો ઓરડામાં બતી વિગેરે નહોતું 'ઇન્દુનાં' દૃષ્ટિકિર્ણની ભૂખી બાલિકા ઇન્દુનાં શાન્ત કિર્ણોમાં જાણે સ્નાન કરતી હોય તેમ–ઇન્દુનુંજ પાન કરતી હોય તેમ તેના સામી દૃષ્ટિ રાખી, અને ઇન્દુનુંજ ગાન કરતી હોય તેમ મુખથી કાંઇક બોલતી પોતાના ધ્યાનમાં લીન થઇ બેઠી હતી. શીતસમીરની શાન્ત અને મંદ મંદ લહરીઓ તેના છુટીગયેલા અંબોડાના વાળને આમનેમ ઉડાડતી હતી. માથુ ખુલ્લુ થઇ ગયુ હતું. તેની મોટી પણ અણીઆળી આંખો ચદ્રની સાથે તેની શીતળ રૂપેરી રશ્મિઓથી એક તાર થઇ ગઇ હતી. ચંદ્રે—ઇન્દુએ જાણે તેનાં સુદર અવયવો—અંગો ઉપર મેસ્મેરીઝમ કે હીપ્નોટીઝમનો પ્રયોગ શરૂ કર્યો હોય તેમ સર્વ શિથિલ અને નિશ્ચેષ્ટ થઇ રહ્યા હતાં. સરલાના હૃદયને અન્ય માર્ગે દોરવી તેનાં યૌવન અંગોનું તે કેટલીક વખત ખુલ્લી રીતે તો કેટલીક વખત ગુપ્ત રીતે ગાઢ આલીંગન લેતો હતો: પરંતુ સરલાને જાણે તે બાબતનું ભાન્જ ન હોય તેમ તેતો ઇન્દુસામી દ્રષ્ટિ સ્થાપી ઇન્દુનેજ સંબોધતી બેઠી હતી,

"ઇન્દુ ! શું નવલકથાઓમાંનાં બાલ્યાવસ્થામાં સાથે રમેલાં નાયક નાયિકાના જેવુંજ સુખમય જીવન આપણે ગાળી શકીશું ? આજ સુધીની મારી ધીરજનો બદલો મને મળશે ? ખરેજ ! બાના કહેવા ઉપરથી તો તેમજ છે. પણ પિતાજી શું કહેશે ?"

આટલું બોલી વળી વિચારમાં પડી. તેના ચ્હેરામા કાંઇક ફેરફાર થયો. મુખ જરા ફીકકું અને ચિંતાગ્રસ્ત જણાયું. વળી તે બોલી:—

"મારા પિતા તરફની તો ફીકર નથીજ. પણ ચંદ્રવદનરાય શું કહેશે ?" વળી જરા હસી અને જાણે ઇન્દુકુમારને ઠપકો દેતી હોય તેમ લવવા લાગી—"તમારાથી તેટલું પણ નહીં થાય કે ? તે તરફનું જોખમ તમારે માથે તમારા પિતાને તમે સમજાવજો. સરલા વિચારમાં મસ્ત હતી એટલામાં મધુકુમાર ઉંઘમાંથી ઉઠી રડવા લાગ્યો—

"બા ! બા ! જોને સરલા મને બ્હાર નથી લઇ જતી."

"ભાઇ ! મધુ ! શું છે બાપુ ? સુઇ જા હો હું તારી પાસેજ છુ" એમ બોલતી તેની પાસે જઇ તેના બરડાપર હાથ ફેરવવા લાગી. વળી મધુકુમાર સરલાને ગળે વળગતાં બબડયો:--

"ઇન્દુ ભાઇ ! ઇન્દુ ભાઇ ! ! હું તમારી સાથે આવીશ મને તમે બહુ જ વ્હાલા લાગો છો. સરલા તો... ........"

તે બાળક ઉંઘમાં વધુ શું બોલ્યો તે ન સમજાયું ક્ષણવાર સરલાની વિચારમાળા સરી ગઇ પોતાની વ્હાલી વસ્તુની પ્રશંસા કરનાર પર મનુષ્યને સ્વાભાવિકજ પ્રેમ ઉદ્દભવે છે, તેનું દ્રષ્ટાંત દ્રષ્ટિગોચર થયું. મધુકુમારનાં ઇન્દુકુમાર પ્રતિનાં વચનો સાંભળી મધુપ્રતિનો તેનો પ્રેમ

ઉભરાયો; અને મધુને પોતાના હ્રદયમાંથે ચાંપી અંતઃકરણમાં ઇન્દુનાં વખાણ કરવા લાગી. જો પોતાનું લગ્ન ઇન્દુકુમાર સાથે થાય તો પોતે કેવી સુખી થાય તેના વિચાર ઉપરા ઉપરી આવવા લાગ્યા.

"શું મારા ભાગ્યમાં ઇન્દુકુમારના મુખથી "વ્હાલી ! સરલા ! !" એવા શબ્દો સાંભળવાના લખ્યા હશે ? આહા ! મારા વ્હાલા ઇન્દુનાં મિષ્ટ અમૃતમય વચનો મને કવું સુખ આપશે ! અરે ! એવા વિદ્વાન અને સદ્‌ગુણી પુરૂષની પત્નિ થવામા મને કેટલુ માન છે— મારૂં કેટલુ પુણ્ય ! પણ... .." વળી અટકી બિછાનામાંથી ઉઠી બારી આગળ ઉભી રહી, ચંદ્રના સામુ જોઇ આશા નિરાશાના ઉદ્‌ગાર કાઢવા લાગી અને ચંદ્રપ્રતિ પણ અન્યોક્તિથી બોલવા લાગી:—

ભર્યાં શું તુજમાં કિર્ણો બધાં આશા નિરાશાનાં,
હસાવે ને રડાવે છે કિરણ આશા નિરાશાનાં;

થઇને સૂત ઉદધિનો નથી ગુણ ઉદધિ જેવા,
પરાક્રમ સ્વલ્પ નવ તુજમાં કહું દુર્ગુણ હું કેવા ?

સુખી સંતોષતો પ્રેમે, દુઃખીને તું દબાવે છે
બિચારા રંક વિરહીને સદાયે તું સતાવે છે.

કહે છે સર્વ ઔષધીઓ ભરી છે રશ્મિ ત્હારીમાં,
સુધામય છે પ્રભા તારી, નહિ તે દ્રષ્ટિ મારીમાં.

રખે તુજ નામ રાશિમાં ગુણો તુ પ્રેરતો એવા,
કલંકિત તું થયો તદપિ કરીશ ના અન્યને એવા.

જઇ સન્દેશ મમ કહેજે બિચારી બાળ રોતી'તી,
સ્મરી તુજ પ્રેમ નિર્મળતા, બિચારી વિઘ્ન જોતી'તી.

શ્રીમંતોની શ્રીમંતાઇ, અમારાં ગાત્ર કાંપે છે,
અમારા ભાવિ સુખોમાં અનેરાં વિઘ્ન નાખે છે;

શ્રીમંતો દ્રવ્યના સાથી, નિધનનું સુખ લુટે છે,
દબાવીને પચાવીને, અરે સર્વસ્વ ઝુટે છે.

અમારી ઢાલ સદ્દગુણુની શીયળના શસ્ત્ર કરમાં છે,
અમારા પ્રેમમાં પુરૂષાર્થ સાધી કર્મ કરવાં છે."

ચંદ્રના તરફ હાથ ઉંચો કરી વળી આગળ બોલી --

"કહેને ઇન્દુ ઓ વ્હાલા ! નથી મદ દ્રવ્યવાનોને ?
અમારા રંકની અરજી સુણે ના દ્રવ્યવાનો તે ?

હૃદય મમ ઇન્દુનુ એવું હશે શું લક્ષ્મીના મદથી ?
કહેને ઓ વીરા ! કે છે ભરેલુ પ્રેમના મદથી ?

વિચારોના વિહારોમાં વિકારો વ્હેમ લાવે છે,
હૃદયના પ્રેમના નેતા છતા દીલને સતાવે છે"

જરાવાર થોભી શાન્ત થઇ વળી નીચે બેસી બબડવા લાગી --

"ઇન્દુ ! વ્હાલા ઇન્દુ ! નાનપણુમા આપણે નિર્દોષ રમત રમતાં હતા ત્યારે શુ ભવિષ્યના આવા સુખનુ આપણુને સ્વપ્ન પણ હતું ? ઇન્દુ ! હૃદયેન્દુ ! ! કયારે એ સમય આવશે કે હું તમને અતિ

પ્રેમથી વ્હાલા કહી બોલાવીશ ? શું તમારા હ્રદયમાં પણ મારે માટે આવા વિચારો આવતા હશે ? અલબત. જો મારો પ્રેમ શુદ્ધ હોય તો તમને પણ આવા વિચારો આવવાજ જોઈએ. અત્યારે તમારાં દર્શન થાય તો ?" એમ બોલતી ઉભી થઈ ઇન્દુકુમારના મકાન તરફ જોવા લાગી પરંતુ આકાશના ઇન્દુ વિના બીજો ઇન્દુ ન જણાયો. નિરાશ થઈ પાછી ફરી અને બીછાનામાં પડી પડી ઇન્દુનાજ સ્વપ્ન તરંગમાં લીન થઈ ગઈ

## ષષ્ઠ પરિચ્છેદ.

### સરોજ.

They are slaves who dare not be
In the right with two or three.—Lowell.

સરોજ અને યશોદાની વચ્ચે થયેલી વાતચીત આપણે જાણી ગયા છીએ. પરંતુ યશોદા અને સરોજ વિષે કાંઇક વિશેષ માહિતી અત્રે આપવી અમે યોગ્ય ધારીએ છીએ. જે દિવસે સરોજ યશોદાની મુલાકાત લઈ ગયો તેજ દિવસે પ્રખ્યાત સુધારક મી૦ વસંતલાલને ત્યાં પાર્ટી હતી. સરોજને ત્યાં પણ આમંત્રણ પત્રિકા આવી હતી. આ પાર્ટી

તે કાંઈ સામાન્ય નહોતી, પરન્તુ તેમાં સુધારાના ચુસ્ત હીમાયતીઓ હાજરી આપવાના હતા. ઘેર ગયા પછી સરોજને આ પાર્ટીની ખબર પડી કે તુરતજ એક આમંત્રણ પત્રિકા તેણે યશોદાને મોકલાવી આપી. પાર્ટીમાં જવાનો વખત નવ વાગ્યાનો હતો, તેથી તેટલો સમય ગાળવા ફરવા જવાનો વિચાર કરી તે બ્હાર નીકળ્યો તેના મનમા આજની યશોદાસાથેની મુલાકાતના વિચારો આવવા લાગ્યા

"મારી મરજી અનુસાર તેને વર્ત્યાવિના છુટકોજ નથી. તેણે ચપલાનુ લગ્ન ઇન્દુકુમાર સાથે કરવુંજ જોઇએ, અને એમ થાય તોજ મારી ધારણા પાર પડે. ચપલાને સુધારાનો પવન બરોબર લગાડયો છે. પતિના કબજામાં રહેવું તેને તે ગુલામગીરી સમજે છે પતિવ્રત જેવા સદ્દગુણની હયાતિને તે માનતીજ નથી. સ્ત્રી સ્વતંત્ર છે અને પોતાના સુખ અને મનેચ્છા માટે તે ગમે તેમ વર્તી શકે" એતો તેના હૃદયમાં ઠસીજ ગયું છે; એટલે ઇન્દુકુમારને કોઇપણ રીતે તે વશ થાય તેમ નથી. ઇન્દુકુમાર સુશીલ સદ્દગુણી અને વિદ્વાન છે તેના અભ્યાસના પ્રમાણમાં તે સારૂં જ્ઞાન ધરાવે છે. તેને ચપલાના આવા ગુણોથી તેની સાથે બનવાનુંજ નથી; અને તેનો સંસાર બગડવાથીજ હું મારૂં વેર વળેલું માનીશ." રસ્તામા ચાલતા ચાલતા પણ તે આ વિચારોથી એટલો બધો ઉશ્કેરાઇ ગયો કે, પોતે કયાં છે તેનું ભાન ન રહ્યું. તે મોટેથી બડબડી ઉઠયો. "મનુભાઇએ સરલા માટે ઇન્દુકુમારનું માગું કર્યું પણ ચદ્રવદનરાયે ના પાડી. તેતો મારા લાભમાં થયું, પણ ઇન્દુ સરલાને ચ્હાય છે તે વાતતો ખરી. મનુભાઇ પણ ઇન્દુકુમાર સાથે સરલાને પરણાવવાની લાલચમાં હજી બેઠો છે અને તેથીજ તેણે મારી માગણી

તુચ્છકારી નાંખી; પણ હવે જોઉં છું કે મારો હરીફ કેવી રીતે સરલાને પરણી શકે છે? ચપલા સાથે એનાં લગ્ન કરાવી દઉં તોજ અનુભાઇની આશા તુટે અને ત્યારેજ મારૂં કામ થાય. જો કે ચપલા ફેશનમાં વધે તેમ છે પણ સરલા તરફ મારૂં મન વધુ દોડે છે ચપલા પણ ક્યા મારા હાથથી જાય તેમ છે. તેનો મારીજ છે. જો ચપલાનુ લગ્ન થઇ જાય તો! આતો ઠીક! વળી મારૂં જુનું વેરપણ વળે." આમ બોલતાં જરા અટક્યો, વળી પાછો મનમાં વિચારવા લાગ્યો. "કીશોરી સાથે મારાં લગ્ન થતાં અટકાવનાર તે ચંદ્રવદનરાયપર ત્યારેજ મારૂં વેર લેવાશે. આહા! કીશોરી સાથે જો લગ્ન થયાં હોતતો હું કેવો સુખી થાત! મનોરમા મૃગાક્ષી સાથે દ્રવ્ય પણ મળત. પણ ફીકર નહીં યશોદા મારફત કીશોરીને પણ હું મેળવીશ અને સરલાને મેળવવા સાથે ઇન્દુને પણ દુખી દુખી કરીશ. વેર લીધા વિના હું કાઇ બેસી રહેવાનો નથી" આવા વિચારોમા ફરતો ફરતો તે કાંકરીયા તરફ નીકળ્યો એટલામા ચપલાની ગાડી જતી જોઇ તેણે રૂમાલ હલાવ્યો અને ગાડી ઉભી રહેતાં તે તેમાં ચઢી બેઠો; તે આપણે ચતુર્થ પરિચ્છેદમાં જોઇ ગયા

ગાડીમાં દાખલ થયા પછી સરોજે પ્રપંચ નાટક ભજવવા માડયું—

"ચપલા! યશોદા તને કોઇ ગરીબને ત્યા પરણાવવાની ઇચ્છા રાખે છે. બોલ! તું પ્રેમલગ્ન માગે છે કે માબાપે કરેલું ઇચ્છે છે?"

"હું તો પરણવાજ માગતી નથી કુંવારા રહીને શુ જીંદગી ન ગળાય?" ચપલાએ ઠસ્સાથી જવાબ દીધો.

"પરણ્યા પછી સાસરે ન જવું, પણ પરણવું તો ખરૂં જ લોક લાજથી તો ડરવું જ જોઇએ."

"પણ તેઓ તો મને પેલા ઇન્દુકુમાર સાથે પરણવા માગે છે"

"તે પણ મેં જ ગોઠવણ કરી છે, ઇન્દુકુમાર ભણેલો ને શ્રીમંત છે. ત્યાં તું સુખી થઇશ"

"પણ તેતો જુના વિચારનો ઇડીયટ (idiot) છે, મારે તેની સાથે કેમ બને? I shall marry a reformer."

"Yes that's right. પણ પરણ્યા પછી સાસરે જવું ન જવું આપણા હાથમા છે ને? આ તો પરણ્યાં છીએ એમ પણ કહેવાય અને વળી પૈસો પણ મળે By this way you can kill two birds by one stone. હાં, એ તો ઠીક, પણ આજે તો મારે જલ્દી જવું જોઇશે; કારણ મારા એક ફ્રેન્ડને ત્યા પાર્ટી છે."

"જુઓ, સુધરેલાઓ પાર્ટીઓમાં પણ હરી ફરી શકે અને જુના વિચારનાં તો પાર્ટીનું નામ સાંભળી ચમકી જાય. Oh! How happy it is to associate with reformers and enjoy pleasures without any restriction!"

"ચપલા! હાલ એ બધા વિચારો જવા દે, હું હમેશા જે કરીશ તે તારા લાભનું જ કરીશ માટે ઇન્દુ સાથે તારા લગ્ન થવા દે પછી જોઇ લેવાશે."

આમ વાતો કરતાં તેઓ પાછાં ફર્યાં રસ્તામાં સરોજ ગાડીમાંથી ઉતરી પડયો અને ચપલા ઘેર ગઇ. ચપલા જ્યારે ઘેર પહોચી ત્યારે

યશોદા કપડાં પહેરવામાં ગુંથાઇ રહતી. અનંતરાય એક ખુરશી પર પડયો પડયો સીગાર ફૂંકતો હતો.

"હમને પાર્ટીમાંથી આવતાં ઘણી રાત જશે. તો હું ત્યાંજ રોકાઇ જઇશ; માટે રાતના ગાડી મોકલશો નહીં." યશોદાએ કપડાં પહેરતાં અનંતરાયને કહ્યું.

"એમ તેમ કાંઇ ચાલશે નહીં. રાત્રે પાછું આવવુંજ પડશે. એક તો પાર્ટીમાં એકલા જવું અને રાત્રે પાછું પણ ન આવવું ?" સીગાર ખેંચતાં અનંતરાય બોલ્યો.

"સુધારાવાળા થવું છે ને વિચારો તો આવા કરવા છે સુધારાની પંક્તિમાં ન ભળ્યા હોત તો કોણ પૈસા આપનારું હતું ? એ તો ગુણ ગાઓ સુધારાના કે ગાડી ઘોડા થયા." યશોદાએ કરડાકીમાં જવાબ વાળ્યો."

"વધુ લવારો ન કર. ત્હારા સુધારાએ મારો દાટ વાળ્યો છે. ત્હારા સુધારાએ તો મારું સત્યાનાશ કાઢયું છે. કોણ જાણે શું થવા બેઠું છે તે સમજાતું નથી" અનંતરાયે સીગારનો ધુમાડો કાઢતા હૃદયનો ધુમાડો કાઢયો.

"ઠીક છે. બધું થઇ રહેશે. હું પણ જોઉં છું કે શું થાય છે." યશોદા બડબડતી બડબડતી નીચે ઉતરી ગાડીમાં બેઠી અને કોચમેને ઘોડા દોડાવી મૂકયા. હવે અનંતરાય એકલો પડયો. તેને સુધારાપ્રતિ ઘણોજ તિરસ્કાર છુટયો.

"મારી બુદ્ધિ વળી કયાથી સુધારા તરફ વળી ? જો ગરીબાઇ ન

આવી હોત—અરે ! પેલા સરોજની ઓળખાણુ ન થઇ હોત-તો મારી આ દશા ન થાત ! આતો નથી સુધારામા ભળાતુ' કે નથી જુના રીવાજમાં ભળાતું. છોકરીના લગ્નમાં પણુ આનું દબાણ. મારા કરના તો તે સુધારાની વધુ હિમાયતી છે છતા જુના વિચારવાળા સાથે છોકરીનુ લગ્ન કરવા આટલો આગ્રહ શા માટે કરતી હશે ? કાઇ સમજાતુ નથી " આમ વિચાર કરતો સીગરેટનુ ખોખુ ફેંકી દઇ ઉભો થયો ટેબલ ઉપરથી એક પુસ્તક લઇ વાંચવા બેઠો, એટલામા ચપલા પણુ વાળુ કરીને ત્યાં આવી. ચપલાને જોતાંજ વળી અનતરાયના હૃદયમા ઝાળ વધવા લાગી. પુસ્તક પાછું ટેબલપર મૂકી દીધુ અને ચપલા સામે જોઇ બોલ્યો —

" કેમ ચપળા ! તુ પણુ તારી બાનેજ પગલે ચાલનારી છે કે ?"

" એમ કેમ પૂછો છો ? "

" બસ હું એટલુંજ પૂછુ છું. જવાબ આપ તું જુની રૂઢી ચાહે છે કે સુધારો ?

" સુધારો, સુધારો, સુધારો હવે કાઇ પૂછવું છે ? મને તમારી જરા પણુ ધાસ્તી નથી હુ ખુલ્લી રીતે કહુ છુ ક હુ સુધારાને ચાહુ છું " ચપલા ગુસ્સામા બોલી

' હું ? '

અનતરાય આખો ફાડી જોઇ રહ્યો

# સપ્તમ પરિચ્છેદ.

## કસોટી.

Affliction's sons are brothers in distress,
A brother to relieve, how exquisite the bliss!

BURNS,

બીજેજ દિવસે મનોરમાને ઇન્દુકુમારના લગ્ન ચપલા સાથે નક્કી થયાની ખબર મળી. બિચારી સ્ત્રી જાતિ! આ બીનાથી તે ઘણીજ નિરૂત્સાહિ બની ગઇ. તેના હૃદય ઉપર ચિંતા અને દુઃખનો મોટો પથ્થર આવી પડયો, તેનો રોગ વધવા લાગ્યો, તેની પ્રકૃતિ એટલી તો શિથીલ થઇ ગઈ કે મનુભાઇ પણ બિચારો નોકરી છોડી તેની પાસેને પાસે રહેવા લાગ્યો જેમ જેમ ઇન્દુકુમારના લગ્નનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ તેની જીવન-યાત્રા પૂર્ણ થતી હોય તેમ લાગ્યુ. ઇન્દુકુમાર પણ કોણ જાણે શાથી. મનુભાઇને ત્યા આવી શકતો નહોતો મનુભાઇને મનોરમાનીજ ચિંતા થતી હતી જ્યારે મનોરમા સરલાની ચિંતામા મરતી હતી બિચારી સરલાની સ્થિતિ આ વખતે ઘણીજ દયાજનક થઈ પડી હતી ઘરના કામકાજના બોજા ઉપરાંત મનોરમા અને મધુકુમારની સંભાળ તેને લેવાની હતી પોતાનુ દુઃખ તો તેને પ્રતિક્ષણ

સતાવી રહ્યું હતું. "[illegible] આ [illegible] શુ તે પણ ચપળા સાથેના લગ્નથી ખુશી હશે ? મારી શી દશા થશે ?" આદિ વિચારોથી તેનું મન હમેશાં દ્રવતું હતું. બિચારી બાળા જ્યારે એકલી પડતી ત્યારે પોતાનો બધો સમય રૂદન કરવામાંજ વ્યતિત કરતી.

આજે મનુભાઇને ત્યાં કોઇ બે ગૃહસ્થો આવ્યા હતા. એક ત્રીસેક વર્ષનો જ્યારે બીજો પીસ્તાળીસેક વર્ષની વયનો હતો. મનુભાઇ તેમની પાસે બેઠો હતો અને સરલા એક બાજુએ છુપાઇ તેમની વાતચીત સાંભળતી હતી.

"મારૂં માનો તો મનુભાઇ! તમારે જરાપણ વિચાર કરવા જેવું નથી. તમારી છોકરી લાખો રૂપિયાની ધણીઆણી થશે અને નોકર ચાકરો પર હુકમ ચલાવતી પાટેથી ખાટે અને ખાટેથી પાટે ઝુલશે, અને વળી તમારૂં દુઃખ જશે પચીસ રૂપિયામાં નોકરી કરવી મટી જશે અને સુખચેનમાં રહેશો." કીશોરીલાલે જણાવ્યું.

"બધું ખરૂં; પણ મોટી વયના મનુષ્ય સાથે લગ્ન કરવું હું યોગ્ય માનતો નથી" મનુભાઇ બોલ્યો.

પેલો પીસ્તાળીસ વર્ષની વયનો મનુષ્ય જેનું નામ મદનલાલ હતું તે હવે બોલી ઉઠ્યો,—

"મનુભાઇ જરા વિચાર કરો, વિચાર. ઉમ્મર મોટી તેમાં શું થયું ? તમારી દીકરીને કોઇ ખસ કહેનાર છે ? દાગીનાં અને રૂપિયાના ઢગલાસામું જુઓ, ઢગલા સામું. આ બીજા તો બધા પહેરામણીનાં પાંચ હજાર માગશે પણ હું તો સામા તમને દશ હજાર—અરે તેર વરસની કન્યાના તેર હજાર આપું છું. એક બાજુ આ ભૂખે મારતી સ્થિતિનો

વિચાર કરો અને બીજી બાજુ તેર હજારનો વિચાર કરો પછી જુઓ કે કયું સારૂં ! વિચારમાં ને વિચારમાં બહાણું વાઇ જશે. આમાં શી ખોટ છે ? તમે નહિ મે તમારો બાપ પીને આપશે. વળી તમારી દયા આવે છે હમ. તમારા બાપ પાસે આટલો પૈસો હતો અને તમારી આ દશા ! એ વિચારેજ આટલું કહું છું.

'દીકરીનો પૈસો ન લેવો એવી હિમાયત કરનારા તો ઘણાય આવે પણ શેર દાણા આપવા કોઇ નહિ આવે; આપણે તો આપણું મેળ કરતા હોઇએ તે કરીએ. આટલા દહાડાથી તમારા ઘરમાં મંદવાડ છે, આવે છે કોઇ બે રૂપિયાની મદદ કરવા ? તમે તો પાકા વસ્તારી છો. કાલે સવારે મધુ મોટો થશે. હજી તેનું લગન કરવાનું છે. મનોરમાની તબીયત એવી ને એવી ચાલ્યા કરે છે પાસે પૈસા હોય તો સૌ સમું થાય." કાશીરામભાઈ મનુભાઇના મૌનનો લાભ લઇ તેને લલચાવવા યત્ન કર્યો

"તમારે વિચાર કરવો હોય તો ફરી જોજો. અમે વળી કાલે ફેરો મારી જઇશું. પણ એટલું તો નક્કી સમજજો કે દુનિયામાં ખરો સગો તો માત્રજ પૈસો છે." મદનલાલ આટલું બોલી ઉભો થયો. કાશીરામ લાલ પણ ઉઠયો અને તેઓ ત્યાંથી નીકળ્યા. મનુભાઇ બારણા સુધી વળાવી આવી પાછો ખુરશી ઉપર પડયો. બિચારાનું મન વિચાર તરંગમાં અથડાવા લાગ્યું. એક બાજુ ગરીબાઇ, મનોરમાની માંદગી અને તેર હજારની વાત તેના હૃદયને ખેંચવા લાગી જ્યારે બીજી બાજુએ કન્યાવિક્રયનું ભયંકર પાપ તેને ડરાવવા લાગ્યું. બન્ને બાજુની ખેંચ તાણમાં તે અથડાવા લાગ્યો:—

" ગરીબાઇ ! ગરીબાઇ ! ! તુ મનુષ્યની કેવી કસોટી કરે છે ! હવે મારે શું કરવુ તેની મને કાઇજ સમજ પડતી નથી. શુ મારી મનોરમાને મારે દુઃખમા સડવાદેવી ? ભુખમરાના જડબામાં ફસાઇને મારી જીંદગીનો અંત લાવવો ? અરેરે ! મને–શ્રીમતના પૂત્રને પરણવા છતા મારી વ્હાલી મનોરમાએ શુ સુખ દીઠુ ! તેની આખી જીદગી એવીજ ગઇ. મારા બાલબચ્ચા ને પણ શું સુખ મે આપ્યું છે ? ખરેખર ! દુનિયામા જે કાઇ છે તે દ્રવ્યનુજ છે સર્વ પૈસાનાજ સગા અને સાથી છે. આહા ! જો મારી પાસે પૈસો હોત તો હુ કેવો સુખી હોત ! ન્યાત જાતમા પણ મને કેવુ માન મળત ! મારા વ્હાલા બચ્ચાને હુ કેવુ સુખ આપી શકત ! પણ અફસોસ ! તે લાવવો કયા થી ? ' આમ એક વિચાર ઉપરથી બીજા અને બીજા ઉપરથી ત્રીજા એમ વિચાર તરગો દોડવા લાગ્યા જેમ તરગો કાઇપણ નિશ્ચિત પરિણામ લાવી શકતા નથી તેમ મનુભાઇ પણ કાઇ નિશ્ચયપર આવ્યો નહિ. પૈસો લાવવો કયાથી ? એ વિચાર આવતા તે જરા અટક્યો, ખુરશી પરથી ઉઠયો આમ તેમ જરા આટા મારી પાછો ખુરશીપર પડયો અને એકદમ બોલી ઉઠયો —

" બસ ! એજ એથી શુ પાપ છે ? સ્ત્રી અને બાળક ભૂખે મરે તે પાપ કાઇ ઓછુ નથી ! આપદ્ધર્મ શુ છે ? બસ એજ લેવા તેર હજાર રૂપિયા ! ઓહોહો ! હુ કેવો સુખી થઇશ ! આ ભૂખ મરાનુ બધુ દુખ ચાલ્યુ જશે એમા કાઇજ પાપ નથી પાપ શાનુ ? આપણે કયા છોકરીને મારી નાખવી છે ? " મનુભાઇ હજી બોલતોજ હતો. તેના હૃદયમા ધર્મ અને પૈસા એ બેનુ દ્વદ્વયુદ્ધ ચાલતુ હતું.

કોઇ વખત ધર્મ તો કોઇ વખત પૈસો વિજયી નીવડતો, પરન્તુ હજી પરિણામ આવ્યું નહોતું. હાલ તુરત તો પૈસો કાંઇક વિજયના પક્ષમા જણાતો હતો સરલાએ મદનલાલ સાથેની વાત પૂરે પૂરી સાભળી હતી. તેમજ મનુભાઇના ઉદ્ગારો સાભળવા સાથે તેના હૃદયને-મનને પણ તે તેના ચ્હેરા ઉપર થતા ફેરફારોથી વાંચી શકતી હતી તેના હૃદયમા થતુ તુમુલ યુદ્ધ પણ તે જાણી શકી હતી. એ યુધ્ધે તેણીના હૃદયમાં પણ યુદ્ધ સળગાવ્યુ.

"ઇન્દુકુમારનો પ્રેમ ભુલી જવો? બુઢ્ઢા મદનલાલ સાથે જન્મ રદ કરવો! ત્યારે શું માતા પિતાને દુઃખી સ્થિતિમા સડવા દેવાં? પોતાના જીવન-ભોગે જો વડીલોને સુખ થતું હોય તો શું ખોટું?" આ વિચારમા આવતા સરલાનું હૃદય ધડકવા લાગ્યુ એક તરફ 'શુદ્ધ પ્રેમ' અને બીજી તરફ 'આત્મભોગ' એમ બેનુ યુદ્ધ ચાલ્યુ. પોતે દુખી થતાં પણ જો માતા પિતા સુખી થતાં હોય તો પોતાનો-પોતાના જીવનનો ભોગ આપવો, ખુશીથી આપવો, એ નિશ્ચય થયો ધીમેથી તે મનુભાઇવાળા ઓરડામા દાખલ થઇ મનુભાઇની નજર તેના ઉપર પડતાજ તેના હૃદયમા કાઇક જુદીજ અસર થઇ, તેના વિચારો બદલાઇ ગયા, તેને કાઇક વિસરી ગયેલુ યાદ આવ્યુ હોય તેમ તેનું હૃદય—તેના વિચારો અને તેના શબ્દો જાણે ઘણે દુરથી દોડી આવી ભેગા થતા હોય તેમ તેના અવાજમા સ્પષ્ટ થવા લાગ્યુ અને તે એકદમ સરલા પાસે જઇ તેને પોતાની છાતી સાથે દબાવી મોટેથી અસ્થિર સ્વરે બોલી ઉઠયો—

'નહિ, નહિ. મારી વ્હાલી પુત્રીને—મારી શાણી સરલાને હુ

કુ.મી નહિ કરું. ભલે, હું ભુખે મરીશ, ભીખ માગીશ પણ સરલાને એ બુઢ્ઢા સાથે તો નહીંજ પરણાવું.” આટલું બોલતાં બોલતાં તો સરલા પ્રતિનો તેનો પ્રેમ ઉભરાઈ આવ્યો. તે વધુ બોલી ન શક્યો. સરલા પણ ધીમેથી તેનાથી જરા દુર ઉભી રહી અને શાન્તિથી પણ દ્રઢ અને ગંભીર અવાજે બોલી:—

“બાપુ! સ્વાર્થ પહેલો કે ફરજ!”

“ફરજ! મારા બેટા. પહેલી ફરજ.” મનુભાઈ પ્રેમાળ સ્વરે બોલ્યો.

“તો મને મારી ફરજ બજાવવા દેશો?”

“પ્રથમ મને તો મારી ફરજ બજાવવા દે! તેં ઠીક યાદ આપ્યું. મારી વ્હાલી પુત્રી! હું મારી ફરજ બજાવીશ.” મનુભાઈ દ્રઢ અવાજે બોલ્યો

“બાપુ! તમે તમારી ફરજ બજાવી ચુકયા છો હવે મારો વખત છે. મારા ભોગથી—મારા જીવન ભોગથી—પણ જો મારાં માતા પિતા સુખી થતા હોય તો મારો જીવનભોગ આપવા પણ હુ તૈયાર છુ. બાપુ! હું ખુશીથી કહુ છુ કે મને બુઢ્ઢા સાથે પરણાવો હું મારા સંસારની અનુકૂલતા કરી લઈશ.”

“બેટા! એમા જીવન ધુળ મળશે.” મનુભાઈએ સરલાના હૃદયની કસોટી કરતાં કહ્યું.

“ધૂળમાથી પણ સોનું જડી આવે છે.”

“બેટા! વૃદ્ધ પતિથી શો લાભ મેળવશો?”

“પતિ સેવાનો શ્રેષ્ઠ લાભ મળશે.”

આજે મનુભાઈના હૃદયની તેમજ સરલાના હૃદયની પૂરેપૂરી કસોટી થવાનોજ પ્રસંગ હતો અને તેથી બન્ને સંકુચિત હૃદયે વાતનો પ્રસંગ આગળ વધ્યો.

"જીવન સુધારણા શી રીતે કરશો ?"

"શીયળને સાચવીને; પ્રતિજ્ઞા પૂર્ણ કરીને."

"બેટા ! આત્મભોગ આપવો એ ઘણુંજ દુર્લભ છે."

"કર્તવ્ય અને ફરજ દુર્લભને પણ સુલભ બનાવે છે" મનુભાઈ વધુ ન પુછી શકયો તેની આંખમાંથી એક અશ્રુ ખર્યું, તે આખરે બોલી ઉઠયો—

'નહિ, નહિ, સરલા ! તેમ નહીં થાય. આત્મ ભોગ આપવાને તું હજી બાળક છે"

"કર્તવ્ય બાળક કે વૃદ્ધ સર્વને સમાન છે. તેને અપવાદજ નથી."

"તો પછી મારૂં કર્તવ્ય પ્રથમ છે."

સરલા કાંઇક કહેવા જતી હતી એટલામાં મધુકુમાર દોડતો દોડતો ત્યા આવ્યો અને મનુભાઈને કાલા કાલા શબ્દોથી કહેવા લાગ્યો—

"બાપુ ! બાપુ ! મારે ફરવા જવું છે."

"ભાઇ ! હમણાં કોણ તેડી જાય ? આપણે કાલે જઈશું" મનુભાઇએ મધુને સમજાવતા કહ્યું.

"કોણ તેડી જાય" એ શબ્દોએ સરલાના હૃદયમાં ઉત્પાત મચાવી મૂકયો તરતજ ઈન્દુકુમાર યાદ આવ્યો. તેનું હૃદય ભરાઈ આવ્યું. તેનાં નેત્ર અશ્રુથી ભરાઈ ગયાં. મનુભાઈની મધુકુમાર સાથેની વાતચીતનો લાભ લઈ તે ત્યાંથી ખસી ગઈ. બીજા ઓરડામાં જતા

જતાં તો તેના નેત્રમાંથી ધારા ચાલી તેનાં નેત્ર હૃદયનો ભાવ જણાવી દીધો. ઓરડામાં એકાંતમાં બેસી ઉભરા કાઢવા મંડી, સાથે સાથે રોઇને પણ હૃદય ખાલી કરવા લાગીઃ—

"ઇશ્વરને ત્યાં પણ આવો ન્યાય હશે! નિર્દોષને દુઃખી કરવામા તેનો શો ગુઢ હેતુ હશે? પ્રારબ્ધમા જે લખાયું હોય તે કોણ મિથ્યા કરે! વિધી! વિધી! તું બળવાન છે."

આટલું બોલતાં બોલતાં રડી દીધું. વળી નેત્ર લુછી બોલવા લાગી—

"પ્રભુતા કયાં ગઇ ત્હારી, વિધી! ઓ વિશ્વના કર્ત્તા!
થતો કાં ક્રુર નિર્દય રે! થઇ ને વિશ્વનો ભર્તા?

વિધી વશ પ્રેમ મેં કીધો, હવે તુ છેહ કાં દેતો?
હૃદયના તાર સાધીને, હવે તું ઘાવ કા દેતો!

પ્રણયની જ્યોતિ તેં જગવી, બુઝાવી કાં હવે દેતો?
ખીલેલી પ્રેમ વેલિને, સુકાવી કાં હવે દેતો?

થઇને વિઘ્ન સંતોષી, નિસાસા રંકના લેતો,
બજાવી પ્રેમ તંતુને શ્રવણ-ઈંદ્રિ હરી લેતો"

મુખમાથી સરતી વચનમાળા સાથે નેત્રની અશ્રુમાળા પણ ચાલતી જ રહી વળી ઉદ્ગારો આગળ ચાલ્યાઃ—

"અરે ઓ ક્રૂર વિધાતા! હવે શું હાસ્યને ધારે?
દુખીના દુઃખને જોઇ સતાવે પ્રેમના મારે;

હૃદય જે પ્રેમનું ભોગી! ચઢાવી પ્રેમ તનુએ,
લઇને હાથમાં છુરી, તુ કાપે પ્રેમ તન્તુ તે.

હશે શું પ્રેમમાં એવું, હૃદયને બાળનારૂં રે!
શ્રવણ એ શબ્દનું થાતાં હૃદયને ગાળનારૂ એ!"

અંતઃકરણના ઉભરાએ ડુસકાં રૂપે દિગ્દર્શન કરાવવા માંડ્યું. રોવા બેઠેલીએ રોયાજ કર્યું.

"ઇન્દુ! વ્હાલા ઇન્દુ!! તને વ્હાલા કહેવાનો હવે મને અધિકાર છે! તુ પારકો થયો, અન્યનો થયો. તને મારો પ્રેમ જરા પણ ન પરખાયો? પણ તું શું કરે?

"લખાયું ભાગ્ય જે મારે, ઉગારે કોણ તેમાંથી?
રૂઠે જ્યાં વિશ્વનો કર્તા બચાવે કોણ તેમાથી?

ભલે ઓ ઇન્દુ! વિહરજે નવોઢા સંગ તું પ્રીતે,
તથાપિ યાદ તો કરજે બિચારી બાળ કો રીતે,

કરી ને પ્રેમની પૂજા હૃદયને દઇશ હું શાન્તિ,
નિરખતા ચંદ્ર-મુખ તારૂં હરીશ હું કો દિને ભ્રાન્તિ."

વળી અટકી. પોતાના હૃદયને ઠપકો દેતી હોય તેમ બોલવા લાગી:-

"ખરૂ છે કે હું તેના પ્રેમને પોષનારી છુ, પરંતુ હવે તે અયોગ્ય છે, તે બીજી સાથે જોડાય છે. હવે મારે માટે કયો માર્ગ? આત્મભોગ! કેવે પ્રકારે? કઇ રીતે 'માતાપિતા—" વાક્ય પૂરૂ થતા પહેલાં મધુકુમાર ત્યા આવ્યો અને સરલાના અશ્રુપૂર્ણ મુખ સામુ જોઇ રહ્યો.

બિચારો બાળક મધુકુમાર શું સમજે કે સરલાને શુ થતું હતુ!

સરલાની આંખમા આંસુ જોઈ તે તેને ગળે બાઝી પડયો અને દીન ભાવે તેના મુખ સામું જોઈ ગળગળા સ્વરે બોલ્યો:—

" સરલા ! તુ કેમ રડે છે ? બાપુએ તને મારી ? "
મધુકુમારના આ પ્રશ્નથી સરલા જરા સ્વસ્થ થઈ અને બોલી.–
" ના ભાઇ હુ કયાં રડું છું. "

" હમણાં રડતી હતીને ! કહેને ! મને નહિ કહે ? "

" શું કહું ભાઇ ! મધુ ! ! તારા શબ્દો કેવા મધુરા લાગે છે ? " સરલાએ વાત ફેરવવા પ્રયત્ન કરતાં કહ્યું

" પણ મારા કહેવાથી તુ કયાં છાની રહે છે ! તે દિવસે તું રડતી હતી ત્યારે પણ મારા કહેવાથી તું કયારે છાની રહી હતી ? એ તો ઇન્દુભાઇ આવે નહી અને તુ છાની રહે નહિ. " નિર્દોષ મધુ-કુમાર સરલાના ગાલ પર હાથ ફેરવતાં બોલ્યો.

ઇન્દુનુ નામ ભુલવા પ્રયત્ન કરતી બાળાને મધુના શબ્દોએ પાછું તેનુ સ્મરણ કરાવ્યુ. તેના નેત્રમાંથી વળી આસું ખરવા લાગ્યાં. બિચારો મધુ તેના સામુજ જોઇ રહયો. સરલા કાંઇ બોલી શકી નહીં છેવટે મધુકુમાર તેનાથી છુટો થઇ બોલ્યો:—

" હજી તું રડે છે. હું હમણાંજ ઇન્દુભાઇને બોલાવી લાવું છું. " એમ બોલતો ઓરડા બહાર દોડી ગયો. ઇન્દુને મળવાની ઇચ્છાથી કે બીજા કાંઇ વિચારથી પણ મધુકુમારને જવા દીધો. મધુના ગયા પછી તે સ્વસ્થ થઇ અને ઇન્દુકુમારના મકાન તરફ દ્રષ્ટિ કરી ઉભી. પાંચેક મીનીટ થતાં તેનું શરીર એકાએક કંપી ઉઠયું; અને તે બારી સાથે અથડાઇ પડી.

પ્રિય વાંચક ! તેણે ત્યા શું જોયું ?

# અષ્ટમં પરિચ્છેદ.

## નેત્ર પલ્લવી.

પ્રીતિ ગાન, વિના કર્ણ સંભળાય છે,
પ્રીતિ ગાન, વિના જીભ્હા ગવાય છે,
પ્રીતિ ગાન, વિના ભાન અનુભવાય છે,
પરંતુ પ્રીતિ ગાન વિના હૃદયજ સહેવાય છે.

જ્યારથી ઇન્દુકુમારને પોતાના નક્કી થયેલા લગ્નની ખબર પડી ત્યારથી તે બિચારાને પણ શાન્તિ મળતી નહોતી. તેમાં વળી તેના પિતા તરફથી એવું દબાણ કરવામા આવતું હતું કે તે મનુભાઇને ત્યા પણ જઇ શકતો નહતો. પિતુ-આજ્ઞા ભંગના ડરથી તે જવાની હિમ્મત પણ કરી શકતો નહતો તેનો કોઇ એવો ખાસ મિત્ર પણ નહતો કે તેના દ્વારા પણ તે મનુભાઇને ત્યાના સમાચાર જાણી શકે. સાથે સાથે ઘર હોવા છતા પણ આમ મળી ન શકાતુ તેથી ઇન્દુકુમારનું હૃદય ઘણુજ દુખાતું પણ ઉપાય નહતો. કયો માર્ગ લેવો તે પણ તેને સુઝતું નહિં. લગ્ન કરવાની તેની મરજી નહોતી તેમ માતા પિતાને ના પાડવાની પણ તેને હિમ્મત નહોતી. "પિતા ગુસ્સે થશે પણ મારો ઇશ્વર તો રાજી રહેશેને!" એ શબ્દો તેને ઘણી વખત યાદ આવતા, અને તે યાદ આવતા તે ઘણો મુંઝાતો.

આજે તે પોતાના ઓરડામાં કાગળ ઉપર કાંઇક લખતો, કાંઇક વિચાર કરતો બેઠો હતો, લગ્નનો દિવસ ધીમે ધીમે નજીક આવતો જતો હતો, સરલા તેના હૃદયમા અને દૃષ્ટિમા રમી રહી હતી અત્યારે પણ તે સરલાનાજ વિચારમા હતો

"કેવી મધુરી અને પ્રેમાળ બાળા! કેવી સરલ હૃદયી!! અરે! જ્યારે તેણે મારા લગ્નની વાત જાણી હશે કે જાણશે ત્યારે તેને કેવો આઘાત થશે! મનોરમાની શી દશા હશે! મારાથી કાંઇ ખબર નથી મેળવાતી. કેમ કરૂં? એમ વિચારતો કાગળ ઉપર લખતા લખતા બબડવા લાગ્યો:—

હૃદયની વાત કયા કહેવી? સદા રહેવું અને રહેવું,
હૃદયના ઘાવને જોતા. સદા રહેવુ અને રહેવુ,

પ્રણયના તાર સાધેલા ફરી તોડી અને જોડુ?
નહિં, ના તે બને કોટી, અચિત્યને કેમ હુ તોડુ?

જડાયા એકની સાથે, કહો તે કેમ તોડએ!
જડેલા તે ન તોડાયે, તુટેલા કેમ જોડાએ!

હૃદયની તું રમા સાચી, સરલ સરલા મનોહારી,
પ્રણયની તુ મહાદેવી હૃદયની જ્યોતિ તું મારી'

વળી કાઇક વિચાર આવતા કલમ નાખી દીધી અને ઓરડામા આમથી તેમ આટા મારવા લાગ્યો; મન સાથે બબડવા લાગ્યા —

"એ તે કેમ થાય?

"સદા રહેવું અને રહેવું,
સદા જોવું અને રોવું?

ના, ના,

નથી રહેવું નથી રહેવું,
નથી જોવું નથી જાવું,
નથી રોવુ નથી રોવું.

એ તો મારાથી સહન થાય નહી. મારૂં દુઃખ તો કોઇ પણ પ્રકારે વિસારૂં, પરતુ તેનુ દુઃખ!—અરે! મારૂં હૃદય ભેદાઇ જાય છે. સરલાને ત્યજી દેવી એ વિચારજ કેવો! દિવસ પર દિવસ તો ચાલ્યા જાય છે, તેની શી સ્થિતિ હશે? ' આવા વિચારોમા લીન થયેલો ઇન્દુ ઓરડામાં ફરતો હતો એટલામાં મધુકુમાર દોડતો દોડતો તેના ઓરડામા પ્રવેશ્યો. મધુકુમારને જોઇ ઇન્દુકુમાર આશ્ચર્યમા પડી ગયો. "મધુ—બાળક મધુ કેમ આવ્યો હશે?" એ વિચાર ઉદ્ભવ્યો અને તે કાંઇ પુછવા જાય તે પહેલા તો મધુ બોલી ઉઠયોઃ—

"ઇન્દુભાઇ! ઇન્દુભાઇ!! ચાલોને તમે નથી આવતા ને સરલા રૂવે છે" નિર્દોષ બાળક ઇન્દુકુમારને પગે બાઝી પડતાં બોલ્યો

"મધુ! મધુ!! તારા બાપુ શુ કરે છે?" ઇન્દુ કુમારે આસપાસ નજર ફેરવતાં વાત બદલવા પ્રયત્ન કર્યો

"મારા બાપુ—મારા બાપુ તો ઘેર છે તમે કેમ નથી આવતા? મેં હમણા ફરવા જવાનુ કહ્યું તે પણ મને કોઇ ન લઇ ગયું." મધુકુમાર ઇન્દુકુમારના ખોળામા બેસતાં રમત કરતાં બોલ્યો.

"વારૂ, ભાઇ મધુ! આપણે ફરવા જઇશું; હું તને તેડી જઇશ. સરલા શુ કરે છે?" ઇન્દુકુમારે ધીમેથી પૂછ્યુ

"એ તો રડે છે તેમા તો હું તમને તેડવા આવ્યો છું" મધુ-કુમારે આખમા પાણી લાવી કહ્યું.

મધુકુમારના આ શબ્દોથી ઇન્દુનુ હૃદય પણ કપ્યું. મધુને હાથ પર તેડી તેના મુખ પર હાથ ફેરવતો બારી તરફ ગયો. મધુને તેડી બારી આગળ જતા હજી એક મીનીટ પણ થઇ નહીં હોય એટલામા તો સરલા નજરે પડી અને પરસ્પર દ્રષ્ટિમિલન થતા હૃદય હર્ષથી છલકાયા. મધુકુમાર "સરલા! સરલા!!" કરી બુમ પાડી ઉઠયો ઇન્દુકુમાર પણ સરલાના વિનીત મુખ તરફ જોઇ રહ્યો કેટલાંય વર્ષ વીત્યા પછીજ જાણે મેળાપ થયો હોય તેમ બન્ને પ્રેમીઓ મુગ્ધ ભાવથી પરસ્પર જોઇ રહ્યા. દ્રષ્ટિ સાથે હૃદયના તારે પણ પરસ્પરની સ્થિતિનુ દિગ્દર્શન કરાવવા માડયુ. ઇન્દુકુમારની આખમાથી અશ્રુ ટપકયુ જેથી સરલાના દુખી હૃદયને વધુ આઘાત થયો. ઇન્દુકુમાર પણ નિશ્ચેષ્ટ બની ગયો—" બાલ્યાવસ્થાનો પ્રેમ-પરિપકવ દશામા-હોવા છતા હાલ રૂબરૂ મળાય પણ નહિ? પ્રેમની-હૃદયની-એ વાત પણ ન થાય? કેવુ અને કેટલું અસહ્ય દુખ! આ વિચારે બિચારા ઇન્દુનું હૃદય ચીરાવા લાગ્યુ. મધુએ ઇન્દુના આસુ જોયાં. તે બિચારો ઇન્દુની સ્થિતિ જોઇ ગભરાઇ ગયો પચ વર્ષનો બાળક શુ કરે? તેના હાથમાથી છુટા થવા પ્રયત્ન કરતો તે બોલ્યો —

"ઇન્દુભાઇ! તમે તો રડો છો! તમે રડશો તો હુ મારે ઘેર જતો રહીશ."

ઇન્દુકુમાર તેને કાંઇ જવાબ આપે એટલામા તો ચંદ્રવદનરાય તેના ઓરડામા દાખલ થયો, અને મધુકુમારને જોતાજ ચીડાઇને બરાડી ઉઠયો —

" કેમ રે છોકરા ! આટલા વખતથી સમજાવતા છીએ તુ માનતો નથી કે ? "

" બાપુ ! હવે હદ થાય છે તમારા આ શબ્દો હવે મારાથી સહન થતા નથી. Anything carried to excess is ruinous " ઇન્દુએ મધુને નીચે ઉતારતાં કહ્યું. ગરીબ બિચારો મધુ ! તે તો ચદ્રવદનરાયની ત્રાડથીજ ગભરાઇ ગયો હતો અને જાણે સિંહના પજામાથી શિયાળવું છટકે તેમ જેવો ઇન્દુકુમારે તેને નીચે ઉતાર્યો કે તુરત દોડી ગયો. તે બિચારો એવો ગભરાઇ ગયો હતો કે ઘેર પહોચતા સુધી તેનાથી રડાયુ પણ નહિ. ઘેર જઇ સરલાને જોતાજ તે રડી પડયો

આ બાજુ હજી ઇન્દુકુમારનું અને ચદ્રવદનરાયનુ વાગ્યુદ્ધ ચાલુજ હતુ.

' ત્યારે શુ તુ આ લગ્ન કબુલ રાખવા તૈયાર નથી ? "

" મારી સમ્મતિજ જયા નથી ત્યા પૂછો છો શામાટે ? '

' તારે તારૂ ભવિષ્ય--તારી જીદગી બગાડવી છે ? '

' ના. મારે સુધારવી છે "

" તો મારૂં કહ્યું માન અનંતરાયની પુત્રી સાથેના લગ્ન ઉત્સાહથી કબુલ રાખ, અને પેલી ભુખડી બારસ મનુભાઇની છોકરીને ભુલીજા "

"બાપુ! તમે જ્યારે શરમ મૂકી આવા શબ્દો કહોછો ત્યારે હવે મને પણ કહેવાદો મારૂં હૃદય ખાલી કરવાદો."

ચંદ્રવદનરાય આ શબ્દો સાંભળી જરા નરમ પડયો. તેને લાગ્યું કે ઇન્દુકુમારનું હૃદય ખાલી થશે તો પછી તેને સમજાવાશે તેથી એક ખુરશીપર પોતે બેઠો અને ઇન્દુને પણ બીજી ખુરશીપર બેસવા ઇશારત કરી બોલ્યો.--

"કહે, કહે! ત્હારૂં હૃદય ખાલી કર."

"બાપુ! હું નથી સમજી શકતો કે તમે શી રીતે મારી જીંદગી સુધારવા ઇચ્છોછો? બ્હારથી જુના રિવાજના પુજારી પરન્તુ અંતરથી સુધારાના-અરે કહોને કે કુધારાના-હડહડતા પૂજારીની ફેશનમાં છકેલી છોકરી સાથે પરણાવી સુખી કરી શકશો?"

ચંદ્રવદનરાય કંઇજ બોલ્યો નહિ, પણ તિક્ષ્ણ દ્રષ્ટિએ ઇન્દુકુમારના સામું જોઇ રહ્યો. ઇન્દુએ તેના દ્રષ્ટિપાતને ન ગણકારતા આગળ ચલાવ્યું -

"હિન્દુ સંસારની અધોગતિ આમ થતી આવી છે અને થાય છે સાધારણ વ્યાપારમાં અજાણ્યા મનુષ્યને તેનું વર્તન જાણ્યા વિના તેની આબરૂ અને પ્રમાણિકપણાની ખાત્રી થયા વિના સામાન્ય લેવડ દેવડ પણ થતી નથી-અરે! સામાન્ય ઓળખાણ હોવા છતાં આપણે જ્યારે આપણી ગુપ્ત બાબતો તેને જણાવી શકતા નથી તેનાં ઉપર પણ કાંઇ નો આધાર કે ભરોસો રાખી શકતા નથી ત્યારે એક અજાણ સ્ત્રી કે જેને પૂરી ઓળખતા પણ નથી તેને મિત્ર તરીક-

સાથી તરીકે--તે પણ વળી જીંદગીના સાથી તરીકે—તેના વિચાર, આચરણ ગુણ કાંઇ પણ જાણ્યા વિના કબુલ કરવી—પ્રતિજ્ઞાથી બધાવું એને તમે જીંદગી સુખી કરવાના સાધન તરીકે માનો છો? બાલ્યાવસ્થાથી પરસ્પર ગુણ આચરણ તથા વિચારોની આપ લે થતા—હૃદય જોડાય તેને તમે દુઃખરૂપ માનો છો? કેવી ખોટી માન્યતા! કેવા હાસ્યજનક વિચારો!! તમારા આવા લગ્નથી એક જોડુ તો સુખી બતાવો? કયા છે હિન્દુ સંસારમા તે આનંદ અને સુખ? કયા છે તે પ્રેમમય જીવન? કયાં છે તે સુખી દંપતિના સ્નેહમય જીવન ચરિત્રો! Alas! India must ruin this way, she is bound to ruin ”

ઇન્દુકુમાર અટકયો અને પોતાના શબ્દોની પોતાના પિતા ઉપર શી અસર થાય છે તે જોવા લાગ્યો ચદ્રવદનરાય અત્યારસુધી મુગે મોઢે સાભળતો હતો તે હવે ઠપકાભરી દૃષ્ટિથી ઇન્દુકુમાર સામે જોઇ બોલ્યો --

‘ નાદાન છોકરા! તું ગમે તેટલો તો પણ બાળક છે ત્હારી બુદ્ધિ કેટલી? શુ હું ત્હારૂ બુરૂં ઇચ્છીશ? જોને તારા મગજનુ ઠેકાણું કયા છે? ઘડીમા તું સુધારાને ધિક્કારે છે અને વળી સુધરેલી રીતના લગ્ન પસંદ કરે છે કહે! ત્હારો વિચાર કેમ ખરો આવે? જરા ભણ્યા એટલે થયુ સાળુ એ ભણતરજ કાંઇ એવા પ્રકારનુ છે! જરા વિચાર કર. શ્રીમતને ત્યા પરણીશ તો કોઇક દહાડો પણ કામ આવશે, અને આ ભુખ્ખડી બારસને તો તારે પાળવી પડશે એની છોકરીમાં તે શા એવા ગુણ ભર્યા છે? બસ બધા વિચાર છોડી દે અને મારી આજ્ઞા માન તને આટલો અભ્યાસ કરાવી કેળવણી અપાવી તેનું આ પરિ

ઝુલમ! કોણ કહે છે કે અનંતરાય સુધારાનો પુજારી છે?" ચંદ્રવદન-રાયનો ક્રોધ હવે વધવા લાગ્યો, "કોણ કહે છે કે તે છોકરી દુર્ગુણી છે? હું જે કરૂં છું તે હમેશા સારૂજ કરૂં છું"

"બાપુ! તમારી અવજ્ઞા કરવા ઇચ્છતો નથી તેમ આ લગ્નમાં સમ્મતિ પણ આપી શકતો નથી હુ પોતે કહું છું કે તે દુર્ગુણી છે. તમે નથી જાણતા બાપુ! તમે નથી જાણતા" ઇન્દુકુમાર વિનીત ભાવે બોલ્યો. આ શબ્દો સાભળી ચંદ્રવદનરાયને ઘણોજ ક્રોધ ચઢ્યો. "બસ, બસ. હું જોઉં છું કે તુ કેવો સમ્મતિ નથી આપતો!" આટલું બોલતા તે ઓરડો છોડી તે ચાલી ગયો. હવે ઇન્દુકુમાર એકલો પડ્યો. ક્ષણ પૂર્વેની સરલાની દશા તેની નજર આગળ તરવા લાગી. ચંદ્રવદનરાયના છેલ્લા શબ્દો તેના કાનમા ઘુમવા લાગ્યા. પોતાની કેવી શોચનિય અને અસહ્ય દશા થઇ પડી હતી તેનો વિચાર પણ આવવા લાગ્યો એક બાજુએ વિશુદ્ધ પ્રેમીની દુઃખી સ્થિતિ, બીજી બાજુએ પોતાના-હૃદયની છિન્ન ભિન્ન દશા અને ત્રીજી તરફથી પિતાની આજ્ઞા એમ ઉપરા ઉપરી વિચાર આવતા તે ગભરાયો, આંખે હાથ દઇ ખુરશીપર કેટલીકવાર પડી રહ્યો, પછી એકાએક બબડી ઉઠ્યો -

"કેવો જુલમ! કેટલો જુલમ!! બિચારી સરલા-નિર્દોષ સરલાને મળી પણ શકતો નથી વાત પણ કરી શકતો નથી. ફકત તેને જોઇને નેત્ર ભરી ભરી ગેયા વિના બીજુ શુ કરી શકું તેમ છું?" આટલુ બોલતાં બોલતા નેત્રમાનો કચરો ધોઇ નાખતો હોય તેમ અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો "અરે ઓ રાક્ષસી રૂઢિઓના પ્રચારક! હિન્દુ સંસારનુ તમેજ નિકંદન કાઢ્યું છે હિન્દુ સંસાર દુખી કરી નાખનાર તમેજ

છો. અરે ક્રૂર માબાપો ! તમારા પુત્ર અને પુત્રીઓના જીવન તમારી પોતાની મરજી અનુસાર ગમે તે વ્યક્તિ સાથે જોડવામાં તમે, શું સુખ માનો છો ? અરેરે ! હિન્દુ સંસારમાં હજી કેટલું અંધારૂં ચાલે છે ! પોતાના જીવન યાત્રાના સાથીની પસંદગી પોતે ન કરી શકે ! કેટલુ દુ:ખ ! લગ્ન સંબંધમા માબાપ પાસે વાત કરવી તે અમર્યાદા અને પોતાનાથી વિરૂદ્ધ ગુણ કે આચરણવાળા સાથે લગ્ન કરવાને સમ્મતિ ન આપવી એ અવજ્ઞા કહેવાય ! હવે હિન્દુ સંસાર સુધરે કેમ ? પ્રેમ જન્મે કયાથી ? અને પ્રેમમય-પ્રભુમય- સંસાર થાય કયાંથી ? જ્યારે પિતાજી પણ હઠીલા થયા છે ત્યારે હું પણ હવે મારી જીંદગી સુધારવાનોજ યત્ન કરૂં જોઉંછું કે પરમાત્મા પોતાનાં બાળકોને કેમ દુ:ખી કરે છે !"

# નવમ પરિચ્છેદ.

## સુધારાનુ દિગ્દર્શન

ઉપરથી રાતા માતા થઇને ફરનારાની આંતરિક સ્થિતિ તો કાંઇક જુદીજ હોય છે માતંગના, ચાવવાના અને બતાવવાના તો જુદાજ હોય છે તેમ સાધુના સાયા નીચે શયતાનનું કામ કરનારા પણ દુનિયામા અનેક હોય છે.

અમદાવાદના હડહડતા સુધારક મી૦ વસંતલાલને ત્યા પાર્ટી એટલે પુછવુંજ શુ ! વસંતલાલે પોતાને ત્યા સુધરેલી ફેશન પ્રમાણે બધી

ગોઠવણુ કરી રાખી હતી આખા દિવાનખાનામા ટેબલ તથા ખુરશીઓ હારબંધ ગોઠવી દીધા હતા. દરેક ટેબલપર એક એક ફુલાવરવાઝ મૂકવામાં આવ્યુ હતુ અને સુધારાવાળાઓ ઉપરથીજ ટાપટીપ રાખે છે એવું સુચવતા હોય તેમ તે વાઝમાના બનાવટી ફુલો પણ તેના ઉપર છાટેલા સેન્ટ અને પરફ્યુમ-સુગંધથી બ્હેકી રહ્યા હતા વળી થોડે થોડે અતરે વોલશેડ ગોઠવવા ઉપરાત દીવાનખાનામા વચ્ચોવચ્ચ એક મોટુ લેમ્પ પણ ટીગાવી દીધુ હતુ પુરૂષ વર્ગના સન્માનાર્થ વસતલાલનાં પત્નિ સુમનગૌરી સજ્જ થઇને ઉભા હતા જ્યારે સ્ત્રી મડળને આવકાર આપવા, મી૰ વસતલાલ જાતે ઉભા હતા. ઘરના નોકર ચાકરો પોતાના કામમા મડ્યા પડયા હતા ધીમે ધીમે બધું મડળ ભરાઇ ગયું. સરોજ તથા યશોદા પણ આવી ગયા હતા. કોઇ પણ જાતનો પ્રતિબધ ન હોવાથી આ પાર્ટીમા સ્ત્રી તથ પુરૂષોએ પોતાને મનમાનતી જગા લીધી તેમજ સરોજ તથા યશોદા પણ સાથે ગોઠવાયા પાર્ટીની શરૂઆતમાં મીસીસ સુમનગૌરી વસંતલાલ ઉભા થયાં, અને અવેલ સુધારક મંડળને અભિનદન આપતા બોલ્યા –

" મારી વ્હાલી સુધારક બેનો અને ગૃહસ્થો !

આજે અમારૂ આમત્રણ સ્વીકારી આપે અમારા ઉપર જે ઉપકાર કર્યો છે તેને માટે અમે આપના ઘણાંજ આભારી થયા છીએ જેવી રીતે આપ સર્વ સુધારાની બાબતમા ઉત્સાહ લેતા રહ્યા છો તેવોજ ઉત્સાહ આજે એક અન્ય અગત્યના કાર્યમા દર્શાવવાનો છે સુધારકોનું આટલું મડળ થયુ છે છતા હજી જાહેર રીતે સુધારક તરીકે બહાર પડવાને હિમ્મત કરે એવા તો આમાથી સેકડે પચીસજ માણસો

નીકળે તેમ છે. જો આવી રીતે કામ ચાલે તો પછી આપણે સુધારાવાળાઓને આગળ વધતા કેટલો વખત લાગે ? માટે આપણે એક ખાસ કલબની જરૂર છે અને તેવી કલબ થાય તોજ દરરોજ કલબમા મળવાનુ બની શકે અને આપણે કાંઇક આગળ વધારો કરી શકીએ તેવી કલબ કાઢવાનો વિચાર કરવા આજે આપ સર્વને આમંત્રણ આપ્યુ છે. હિન્દુ સંસારમા જુની રૂઢીને વળગી રહેનારા પોતીયાદાસો ( તાળીઓ ) સ્ત્રીઓને કોઇ રીતની કેળવણી આપતા નથી. પતિની પુજાથીજ પરમેશ્વર મળે છે એમ જણાવી તેઓને પોતાની ઇચ્છાનુસાર નચવે છે પરન્તુ મનુષ્ય માત્રને મળવી જોઇતી સ્વતંત્રતાનો તે નાશ કરે છે-કચરી નખે છે તેઓ બિચારી સ્વતંત્રરીતે હરી ફરી શકતી નથી કે પોતાના મિત્રોને મળી પણ શકતા નથી અને તેથીજ એવી કલબ કાઢવાનો વિચાર અમને થયો જે આજ આપના આગળ જણાવવાની મે હિંમત કરી છે. એક કલબનુ નામ The Lady's Reforming Club રાખવું."

આટનું બોલી મીસીસ સુમનગૌરી વસતલાલ બેસી ગયા એટલે મીસીસ કાન્તીલાલે તેમને ટેકો આપ્યો અને સર્વાનુમતે કલબ ઉઘાડવાનુ નક્કી થયુ ખાણુ વિગેરે થઇ ગયા પછી સભાસદો વીખરાવા લાગ્યા સરોજ અને યશોદા પણ પોતાની ખાનગી પાર્ટીની મીટીંગ ભરવા ત્યાથી ચાલી નીકળ્યા યશોદાની ગાડી આવવાની નહોતી તેથી તેઓ ભાડાની ગાડીમા બેસી સરોજને ત્યા આવ્યા, સરોજે ગાડીવાળાને પૈસા ચુકવ્યા અને બન્ને જણ ઘરમા જઇ દિવાનખાનામાં હિંદોળા ઉપર બેઠા

"યશોદા ! હજી કયા સુધી બહાર નથી આવવું ? તુ જુએ છે કે સુધારકોનો પક્ષ આગળ વધતો જાય છે તમને જે છુટ નહોતી તે

હવે મળવા લાગી છે અને ધીમે ધીમે પણ તમે નિડર થઇને સ્વચ્છંદે મ્હાલી શકશો. કહે યશોદા! હજી તુ કેમ ડરે છે?' આમ બોલતા બોલતા તેણે યશોદાને પોતાની પાસે ખેંચી તેના મુખ પર હાથ ફેરવવા માંડયો.

સુધારાની હદ આટલેથીજ આવી રહી પાર્ટીના અને મેળાવડાઓના બહાને સ્વચ્છંદે ધર્મ—નીતિનો ત્યાગ કરીને મ્હાલવું એજ આજ કાલનો સુધારો થઇ પડયો છે. જે સ્ત્રીજાતિમા પોતાનું રક્ષણ કરવાની શકિત નથી તે સ્ત્રીઓ જાહેરમાં એકલી ગમે તેમ ફરી શકે એ આ સુધારાની ભયકરતા નહિ તો બીજું શુ?

ઘણે સ્થળે જોઇશું તો આપણને સહજમાજ જણાશે કે સુધારાને નામે કેવાં ભયંકર પાપો થાય છે અને તેને કેટલાક કહેવાતા સુધારકો કેવા હર્ષથી વધાવી લે છે! આતે સુધારો કહેવાય?

સરોજ તથા યશોદાના સુધારાના પડદા નીચે થતાં કાળા કૃત્યો તરફ નજર ન કરતા હવે આપણે અનંતરાય તરફ નજર કરીએ.

ચપલા સાથેની ટુંકી વાતચીત પછી અનતરાય પોતાના સુવાના ઓરડામા ગયો અને ત્યા એકલો પડવાથી સુધારાના કેટલાક કઢગા રિવાજો તેના મગજને હલમલાવવા લાગ્યા "સુધારો તે કહેવો કોને? ગમે તે સ્ત્રીપુરૂષ ગમે તે સ્ત્રીપુરૂષ સાથે હરીફરી શકે, પોતાના મિત્રો—પછી તે સ્ત્રી હોય કે પુરૂષ તેની—સાથે એકાતમા વાતો કરી શકે એમાજ સુધાર'નો સમાવેશ થતો હશે? પતિ ઘેર રહે અને પત્નિ પોતાના પુરૂષ મિત્રો સાથે રત્રિએ પણ પાર્ટીમા મ્હાલે તેનું નામ સુધારો? પુત્રી માતાપિતાનુ માન ન રાખે અને અમર્યાદિત

અને અપમાનિત શબ્દોથી વડીલોને વધાવે એપણુ સુધારોજને? મને તે વળી આ સુધારક મંડળનો પવન કયાથી લાગ્યો? જ્યારે પારકી સ્ત્રીઓ સાથે ફરવાનુ મળે છે ત્યારે તો ઠીક લાગે છે પરન્તુ પોતાની સ્ત્રી બીજા સાથે ફરવા જાય છે ત્યારેજ તેની ખરી ભૂલ સમજાય છે. ખરૂ છે કે સુધારક મંડળમા મેં મારી સ્ત્રીને મોકલ્યા પછીજ મને પૈસાની પ્રાપ્તિ થઇ. શું સુધારાવાળાઓ પાસે પૈસાની ખાણુ હશે? કહે છે કે મુંબઇમાંના સુધારાવાળાઓ અને સુધરેલા પરસીઓ યુરોપીયનો સાથે છુટથી હરે ફરે છે અને તેમની સ્ત્રીઓ પણુ સુધારામા આગળ પડતો ભાગ લે છે, અને વિશેષ આશ્ચર્ય તો એ થાય છે કે તે બધા સુધારાવાળા પૈસાદાર હોય છે. જુની રૂઢીને વળગી રહેનારાજ બિચારા ગરીબ હોય છે." અનંતરાય હજી આ વિચારમાજ હતો એટલામા કીશોરીલાલના આવવાના સમાચાર નોકરે આપ્યા.

પ્રિય વાચક! કીશોરીલાલને આપણે મનુભાઇને ત્યાં જોઇ ગયા છીએ. તેના વિષે કાઇક જાણુવુ આવશ્યક હોવાથી આપણે તે કોણુ અને કેવો મનુષ્ય હતો તે જોઇએ તે નહિં સુધરેલો કે નહિં જુના રિવાજનો એમ અધદગ્ધ સ્થિતિનો મનુષ્ય હતો મતલબ કે જે બાજુએ લાભ મળે તે બાજુમા તે ભળી જતો. તેને નોકરી ધંધો કઇ નહોતો. એક બીજાને સમજાવી લાકડે માકડું વળગાડી પોતાનો સ્વાર્થ સાધવા અને જીજ્ઞાસા તૃપ્ત કરવામા તે હોંશીઆર હતો. તે હજી કુંવારોજ હતો તેની પાસે પૈસો ન હોવા છતા શ્રીમતાઇનો ડેળ રાખવામા પુરો હતો છેલ છટાક થઇને ફરવુ, ભોળા માણુસોને ભમાવી પોતાનું કામ કાઢી લેવું અને રાડીરાંડો તથા

અજ્ઞાન સ્ત્રીઓને મહારનો લાભ બતાવી-બને તો પોતાના ભપકાની જાળમાં ફસાવી-પોતાને તાબે કરવામાં પાવરધો હતો તે ગાયનનો ઘણોજ શોખીન હતો ચપલાને તે સંગીતનું જ્ઞાન આપવા આવતો; અને તેથી કેટલીક વખત વાતવાતમાં અનંતરાય સાથે કેટલીક બાબતમાં ઘણી છુટ લેતો આજે તે કાંઇ શિકારના ઇરાદામાં આવ્યો હતો, તેણે પ્રથમ બીજી વાત ઉપાડી.

" અત્યારે આપને ન છુટકે તસ્દી આપવી પડી છે માફ કરજો શેઠ ' તે હડે પેટ બોલ્યો.

' કાંઈ નહિ માસ્તર ! તમે અમને રોજ તસ્દી આપો એમ હું તો ઇચ્છું છુ. ચાલો. તમે આવ્યા તો મને પણ તમારી સલાહની મદદ મળશે બોલો." અનંતરાયને માથેથી જાણે બોજો ઓછો થઈ ગયો હોય તેમ બોલ્યો.

" વાત તો બીજી કાંઇ નથી પણ મારે આવતી કાલે કાઇ જરૂરના પ્રસંગે બહારગામ જવાનું છે તેથી રજા લેવા આવ્યો છું."

" કેટલો વખત રોકાવાનુ થશે ?" અનંતરાયે પૂછયું.

" લગભગ ત્રણેક માસ થશે. જુઓને શેઠ ! અમને તો બે પૈસા મળે ત્યા જવુ જોઇએ ને !" કીશોરીલાલે નમ્ર ભાવે કહ્યું.

" ભલે ! જવું હોય તો જજો, તમે કાઇ અમારા બંધાયલા છો ?" અનંતરાય જાણે નિરાશ થઇ ગયો હોય તેમ બોલ્યો:

" વારૂં શેઠ ! આપની મહેરબાની પણ આપ શું કહેવા ઇચ્છતા હતા ?" હવે કીશોરીલાલે પ્રશ્ન કર્યો.

"ભાઈ! રાત થોડી અને વેશ ઘણા તમારે જવું છે અને મારે કામ છે હસવુ અને લોટ ફાકવો એ બે કેમ બને?" શેઠે પાણી ચઢાવતાં રસ મુકયો,

"ના ના શેઠ! એમ ન બોલો આટલા દીવસ તમારો સંબંધ સાચવ્યો અને હવે તમારૂં કામ જો મારા જવાથી બગડતું હોય તો તો હું રોકાઇ જઈશ. આપ જેવાની મહેરબાની હશે તો વળી પૈસા તો ઘણાય મળી રહેશે કહો મારા સમ છે જરાય અચકાશો નહિ." કીશોરીલાલ જેણે ચપળાને મોઢેથી તેના લગનની વાત સાંભળી હતી તે હવે શેઠને ભોળવવા પ્રપંચ રમવા લાગ્યો.

"માસ્તર! મારે એક વાત પુછવી છે. મને શંકા થાય છે કે સુધારાવાળા બધા પૈસાદાર કેમ બનતા હશે?" અનંતરાયે બુદ્ધિ દર્શાવી.

'શેઠ! વધારે તો શું કહુ? પણ આપનોજ દાખલો લ્યોને!" કીશોરીલાલે ટકોર કરી.

"હુ નથી સમજતો કે સુધારાવાળા પૈસો લાવે છે કયાથી! તેમા વળી મુંબઇના સુધારકો અને પારસીઓની વાતો સાંભળીને તો હું સ્તબ્ધજ થઇ જાઉં છું."

"એનો શેઠ! હજી તમે ખુલ્લી રીતે સુધારાવાળામા ભળ્યા નથી. જો તમે ભળો તો આ તમારો પૈસો તે શી ચીજ છે! તમને એટલો પૈસો મળે કે ન પૂછો વાત. આ આપના સેવકનો પૈસો પણ સુધારાવાળા તરફથીજ મળેલો છે. હું આપને ત્યાં સંગીત શીખવવા આવું છું તે નોકરી કરી પેટ ભરવા નહીં, પરન્તુ સંગીતનો શોખ અને

બીજું કે આપ સુધારાને ચ્હાઓછો. બાકી બીજાને ત્યાં તો ન જાઉં; એ પણ ભેગું સમજજો ”

આટલું બોલી અટક્યો પણ મનમા તો વિચાર કરવા લાગ્યો કે “ તમારા જેવા ન હોય તો આ છેલછટાકને રાખે પણ કોણ ? ’

ભોળા અનંતરાયને કીશોરીલાલના શબ્દો સાચા લાગ્યા, અને મુબઇના મુધારાવાળાએની રીતભાત માટે ઉત્કંઠાથી તેણે પૂછ્યુઃ—

“ કીશોરીલાલ ! તમે પણ સુધારકોમા અગ્રસ્થાન ભોગવતા લાગો છો કહો તો ખરા કે મુબઇ જેવા શહેરોમાં સુધારાનુ કેટલું પ્રબળ છે ! What progress is made by our fellow brothers ! ”

“ અરે શેઠ ! મુંબઇમા ! તમે દીગ થઇ જશો દીગ; મારો એક પારસી મિત્ર મુબઇની એક યુરોપીયન પેઢીમા નોકર છે. નોકરીમાં દાખલ થયો ત્યારે તેનો પગાર રોકડા પચીસ રૂપીઆનો હતો અને હજી તો ફક્ત બારજ મહિના થયા છે છતા એટલામા મહિને રૂપિઆ બસો મળે છે અને પેઢીનો મેનેજર થઇ પડયો છે મેનેજર ! કહો શેઠ ! હવે શુ કહો છો ? ” કીશોરીલાલે હાકવા માડયુ.

“ પણ તેમા તો તેની હોંશીઆરી ઉપર આધાર છે ! એને ને સુધારાને શુ લાગે વળગે ? ” શેઠે શકા કરી

‘ અરે શાની હોશીયારી ! દોઢીયાનુ દોઢ પાશેરતો પાઇનું કેટલું ? એ પણ જાણતો નથી—પણ સુધરેલી સોસાયટીમા ફરે, સાહેબ લોકોમાં ભળી જાય, વળી તેની સ્ત્રી માડેમને બંગલે મડમ સાહેબ સાથે હળે મળે એટલે સાહેબની મહેરબાની. બાકી તો ઘણાય બીજા પાચ પાંચ

વર્ષથી અથડાય છે પણ પચીસના પચાંસેય નથી થતા એ તો શેઠ! સુધારાવાળાની ખુબી જુદીજ હોય છે." કીશોરલાલે શેઠને ભમાવવા માડયા અને શેઠ ભોળા, તેમા વળી જાને કાયસ્થ છતા દ્રવ્યથી શેઠ કહેવાયા એટલે ફુલણજીને પૂછવુ શું ?

કીશોરીલાલની વાતથી અનતરાય શાન્ત થઇ ગયો થોડીવાર વિચાર કરવા લાગ્યો કીશોરીલાલ તો જાણે પોતાની જીત થઇ હોય તેમ મલકાવા લાગ્યો, એટલામા અનતરાયે જાણે તેને તોડી પાડતો હોય તેમ પ્રશ્ન કર્યો --

"પણ માસ્તર! કહો તો ખરા કે તમને આ પૈસો શી રીતે મળ્યો ? તમે કોની મહેરબાની મેળવી હતી ?"

કીશોરીલાલ આ પ્રશ્ન સાભળતાજ ઝખવાણો પડી ગયો. પણ મોહુ ડાવકુ રાખી બોલ્યો --

"મારી વડાઇ મારે મોઢેજ કહેવી એ ઠીક નહી."

"ખરી વાત કહેવામા ખોટુ શુ છે ?"

"મને આ પૈસો મારી સગીત વિદ્યાએ અપાવ્યો. પહેલા હુ સુરતમા રહેતો હતો ત્યાના એક ઝવેરી-હડહડતા સુધારક-ની કૃપાએ હું આ સ્થિતિ પામ્યો."

"એ તો જાણ્યું પણ તમારી વાત તો કહો! હુ કોઇ કોઇને કહેવા નહિં જાઉં." અનતરાયે વાત જાણવાનો નિશ્ચય જણાવ્યો

"ઘણીજ ખાનગી છે પણ તમારા આગળજ કહુ છું. સુરતના ઝવેરી નરોતમદાસની બ્હેન કુમુદાને હું સગીત શીખવતો હતો. ના

તમદાસ પણ ઘણી વખત આવીને મારા ગાયનનો લાભ લેતા હતા એક દિવસ એક ચીજ ગાઇ અને તે ઝવેરી તથા તેમના બ્હેન અને તેમના સ્ત્રી રતિદાને એટલી તો પસંદ પડી ગઇ કે બીજે દિવસે જ્યારે હું તેમને ત્યાં ગયો ત્યારે તેજ દિવસે મને મોટી ભેટ આપી અને તે દિવસના ઝવેરાતના સોદામાંથી અડધો અડધ ભાગ આપવાનુ જણાવ્યું. સેવકનું નસીબ ફર્યું અને તે સાથે શેઠાણી તથા કુમુદાની પણ મહેરબાની થઇ. રૂપિઆ મળ્યા ખાસ્સા પચીસ હજાર હજી પણ જ્યારે સુરત જાઉં છું ત્યારે રતિદા શેઠાણીનો મહેમાન થાઉં છું. અને તે તથા કુમુદા મને પોતાનો ખાસ મિત્ર લેખે છે કાલે પણ મારે એમને ત્યાંજ જવાનું છે. પણ શેઠ! તમારી વાત તો કહો! આનો તમે આડી વાત કહાડી?" કીશોરીલાલ અનંતરાયને સપડાવવા મંડયો.

"ભલા કીશોરીલાલ! મારી ચપલા હવે વયમા આવી છે તેના લગ્ન માટે સારૂ ઠેકાણુ તમારી ધ્યાનમાં છે?"

"તમે તો પેલા ઇન્દુ સાથે કરવાના છોને!"

"આપણને કોઈ સારો મળે તો આપણે ત્યા કરીએ એમા કાઇ વાંધો થોડોજ છે!" અનતરાય નાક ચડાવતાં બોલ્યા.

"એ તો ખરૂં. પણ ચંદ્રવદનરાયે ભલું કબુલ કર્યું!"

"એ શામાટે ના કબુલ કરે? પણ મારીજ મરજી ત્યા લગ્ન કરવાની નથી. આતો ઘરમા જરા હઠ કરે છે ત્યારે આપણે હા એ હા ભણી છે." અનંતરાયે ઉભરો કાઢવા માડયો.

"સાળુ એતો ખરૂજ ને! સુધારાવાળા થયા એટલે બૈરીના દબા-

ચલા, વૈરીને કાંઇ કહેવાય નહિ અને ઉલટું એની મરજીને તાબે થવુ પડે " કીશોરીલાલે પોતાનો ઇરાદો પાર પાડવા વાત ફેરવવા માંડી.

" શું સુધારાવાળા બધાને એવુંજ હશે ? "

" હાજી, તેટલા માટે તો આ તમારો સેવક હજી પરણ્યો નથી." કીશોરીલાલે પોતાના તરફ આકર્ષવા જણાવ્યું.

" પણ તમને મારી ચપલા જેવી કન્યા મળે તો શી હરકત ?" કીશોરીલાલ કાંઇ જવાબ ન આપતા મૌન રહ્યો

" કેમ વિચારમાં પડયા ? "

" શેઠ હું તો તમારા સુધારાથી અજબ થાઉં છું. પરણનાર છોકરી અને પસંદગી તમે કરો. એ કેવું ? એવો સુધારો તો આજજ જોયો." કીશોરીલાલ બોલ્યો.

" ત્યારે શુ કરવું ? "

" ચપલાજ પોતે પસદ કરે તે તમારે કબુલ રાખવો, વળી બીજું શુ ? " કીશોરીલાલે સમજણ પાડી.

" ત્યારે એ કામ તમને સોપુ છું. પણ એટલુંજ કે બધાનો વિચાર કરજો. " અનતરાયનું છેલ્લું વાકય સાભળી કીશોરીલાલ હસતો હસતો ઉઠયો અને અનંતરાયની રજા લીધી.

# દશમ પરિચ્છેદ.

## મૃત્યુ તે શું ?

Oh God ! it is a fearful thing,
To see the human soul take wing,
In any shape, in any mood

Byron.

મધુકુમાર જ્યારે સરલા પાસે પહોચ્યો ત્યારે ત્યાની સ્થિતિ કાંઇ જુદીજ હતી. સરલા પોતાના ઓરડામા બેઠી બેઠી પોતાના ભાગ્યને દોષ દેતી હતી આખમાથી અશ્રુધારા વહેતી હતી અને શરીરના સર્વાંગો શીથીલ થઇ ગયા હતા. મનોરમાની પ્રકૃતિ દિવસે દિવસે બગડતી જતી હતી અને આજે તેણે કાંઇક વિશેષ ભયંકર રૂપ પકડયુ હતુ છતા બિચારી બાળાને તેનું પણ ભાન નહોતું. મધુકુમાર રડતો રડતો ઘરમા દાખલ થયો પરન્તુ મનુભાઇ મનોરમા પાસે વ્યગ્ર ચિત્તે બેઠેલો હોવાથી મધુકુમાર પ્રતિ તેનુ લક્ષ ગયું નહિં. મધુકુમાર સરલાના ઓરડામાં આવ્યો અને વધુ જોરથી રડવા લાગ્યો સરલા પોતાનાં અશ્રુ લુછી મધુ પાસ ગઇ અને પટાવીને છાનો રાખતાં બોલી —

“ છાનો બાપુ ! તને કોણે માર્યો ? ભાઇ ! ”

"એં, એ, એં, એં." મધુએ જોરથી રડવા માડયુ

"ભાઇ! મધુ!! તુ કેમ રડે છે! કહે જોઇએ ભાઇ' કેવો ડાહ્યો છે!" સરલાએ ચુમી લેતા મધુને પટાવવા માડયો

' પેલા ઇન્દુભાઇના બાપા ઇન્દુભાઇને વઢયા. હું એમને ઘેર નહી જાઉં ઇન્દુભાઇ કેવા સારા છે! એમના બાપા નથી મારા " જરા ધીમા પડતાં મધુએ કહ્યું.

"પણ તેમા તારે શું? તું શા માટે રડે છે? તને તો નથી વઢયા ને!" સરલાએ ચન્દ્રવદનરાયના કઠોર સ્વભાવ પ્રતિ નિશ્વાસ નાખતા કહ્યુ

"પણ ઇન્દુભાઇ રડયા તે! અમને રડવુ ના આવે કે? ત્યારે શું કામ ઇન્દુભાઇને વઢે? હા. જો વળી એવુ પૂછે છે!' મધુએ ડુસકા ભરતાં ભરતા જણાવ્યું.

બિચારી સરલા! મધુને મોઢેથી ઇન્દુકુમારની સ્થિતિ જાણી તેનું હૈયું ભરાઇ આવ્યું ઘણો પ્રયત્ન કર્યો પરન્તુ આખમાથી આસુ નીકળી પડયા રડવા બેઠેલીથી રડયા વિના નજ રહેવાયુ મધુકુમાર સરલાને રડતી જોઇ વળી રડવા મડયો અને હાથમાનો કાગળનો ડુંચો સરલા તરફ ફેંકતા બોલ્યો —

"જા તારી સાથેય નહીં બોલુ. મને છાનો તો રાખતી નથી અને વળી પોતે રડવા બેસે છે, હુ બાપુને કહી દઉં છુ" એમ બોલતો મનુભાઇવાળા ઓરડા તરફ ચાલ્યો સરલા ભણી મધુએ જે કાગળ ફેંકયો હતો ને તેણે ઇન્દુકુમાર સાથે વાત કરતા ગમનમાં તેના ટેબલ

ઉપરથી ઉપાડી લીધો હતો. સરલાએ તે કાગળનો ટુકડો તરતજ ઉપાડી લીધો અને ઠીક કરી વાંચવા માંડયો.

પ્રિય વાચક ! અષ્ટમ પરિચ્છેદમા ઇન્દુકુમારને પોતાના જે વિચારો કાગળ ઉપર લખતાં જોયો હતો તેજ આ કાગળ હતો.

' હૃદયની વાત કયા કહેવી ! સદા સ્હેવુ અને રહેવુ,
હૃદયના ધાવને જોતા, સદા સ્હેવું અને રહેવું,

પ્રણયના તાર સાધેલા, ફરી તોડી અને જોડુ ?
નહિ, ના ને બને ક્યાદા, ગ્રથિતને કેમ હુ તોડુ ?

જડાયા એકની સાથે, કહો તે કેમ તોડાએ ?
જડેલા તે ન તોડાયે. તુટેલા કેમ જોડાએ ?

હૃદયની તું રમા સાચી, સરલ સરલા મનોહારી,
પ્રણયની તુ મહાદેવી, હૃદયની જ્યોતિ તુ મારી. "

ફાટલા કાગળના કટકા ઉપરના અક્ષરો જેમ તેમ બેસાડી વાચ્યા. હૃદયને કાઇક આશ્વાસન મળ્યું, ઇન્દુકુમારનું હૃદય હજી પોતા તરફ આકર્ષાયલુ જોતા--ઇન્દુનો પ્રેમ જોતા--તેનુ હૃદય આનદથી છલકાયુ પણ એક બીજા વિચારે વળી તુરતજ ખેદ થયો તેના દુખમા અત્યત વધારો થયો. પોતાને લીધે પોતાના પ્રેમીની દુખી સ્થિતિ જોઇ તેને ઘણું લાગી આવ્યુ.

" ઇન્દુ ! ઇન્દુ !! મારે લીધે તમારી આ દશા ! ખરેખર ! પ્રેમ પ્રતિધ્વનિત થાય છે ! પ્રેમી હૃદય ઢાકયુ રહેતુજ નથી–છુપાતુજ નથી.

પ્રભુ ! આ શું થવા બેઠું છે ? શુ પ્રેમીઓ દુઃખી થવાજ સૃજાયા હશે ? શું પ્રેમનુ પ્રાયશ્ચિત દુઃખજ હશે ? વિભુ ! વિભુ ! ! તે શું ધાર્યું છે ? હવે તો ધીરજ નથી રહેતી દીનનો—"

હજી તો તે કાંઇક બોલવા જતી હતી એટલામા મનુભાઇએ હાક મરી —

" સરલા ! સરલા ! ! "

પિતુ–આજ્ઞાધારક સરલા મનુભાઇ વાળા ઓરડામા ગઇ અને ત્યાંનો દેખાવ જોતાજ સ્તબ્ધ બની ગઇ. મનોરમાનું લોહીમાંસવિનાનુ વિકાળ જેવુ ભાસતુ મુખ એક બાજુપર વાકું થઇ ગયું હતું. તેની આંખો અરધી મીચેલી અરધી ઉઘાડી હતી, તેના હાડપિંજર જેવા થઇ ગયેના શરીર ઉપર વસ્ત્રમાથી તેનો એક હાથ ખુલો જણાતો હતો શ્વાસ કેવળ ધીરો પણ ગળામાથી નીકળતા અવાજથી વિશેષ પ્રમાણમા સભળાતો હતો. વચ્ચેવચ્ચે તે અટકી પણ જતો હતો મધુ ખાટલા આગળ બેઠા હતો મનુભાઇ મનોરમાના શુષ્ક મુખ આગળ હાથ રાખી તેના સામુ સ્થિર દ્રષ્ટિએ જોતો ઉભડક ( એક પગ ઉભો અને બીજો ગોઠણભર રાખી ) બેઠેલો હતો. સરલા ત્યા આવી અને ક્ષણ વાર તો પોતાનુ દુઃખ ભુલી ગઇ મનુભાઇએ સરલા પાસે પણી મંગાવી એક ચમચો ભરી મનોરમાના મુખમા રેડયુ. કેટલીક પળે તે ગળે ઉતર્યું પણી ઉતરતા તેણે જરાક આખ ઉઘાડી અને મરવા નથા મનુભાઇ તરફ જોઇ બોલવાનો પ્રયત્ન કર્યો

" મધુ ક્યા છે ? " તેણે ભાગ્યા તુટયા અવાજે પૂછ્યું. સરલાએ

મધુને મનોરમા પાસે મૂકયો. મનોરમાએ તેના માથાપર હાથ મૂકતા આગળ ચલાવ્યુ.

"હું જાઉં છુ હવે મારા જીવનનો ભરોંસો નથી સરલા! તુ તારા પિતાજીની આજ્ઞા પાળજે ભાઈને સંભાળજે ત્હમે! વ્હાલા! ત્હમને શુ કહું?" બોલતા બોલતા ખાડાવાળા અને ક્ષણે ક્ષણે ફીકકા પડતા નેત્રમાથી પણ અશ્રુ ટપકવા લાગ્યા

"ત્હમે બાળકોની સંભાળ રાખજો, આપણો સબધ હવે પૂરો થયો છે મારા જીવન ફુલ સમાન આ મધુને સભાળજો. તમારા બાળક છે અને તમે તેના પિતા છો. પણ—પણ—તમે તેમની સંભાળ રાખજો. મને ગ્હાય તો યાદ કરજો, ગ્હાય તો ભુલી જજો. મારા વ્હાલા!—" બોલતાં બોલતા સ્વર ક્ષીણ થઇ ગયો હાથ મનુભાઈ તરફ ધીમે ધીમે લબાયો. મનુભાઇ મનોરમાનો હાથ પોતાના હાથમા લેના ધીરજ આપતા બોલ્યો—

"પ્રિય! હૃદયને શાન્ત રાખ. આપણ——"

આટલુ બોલતા બોલતા મનુભાઇનુ હૃદય ભરાઇ આવ્યુ પુરૂષના નેત્રમાંથી પણ અશ્રુ બિન્દુ ટપકયુ.

"આપણું ભાવિ એવુ જ હશે. દોષ કોને દેવો? મધુની જરા પણ ફીકર કરીશ નહિં. વ્હાલી! તુ જા હુ તરતજ આવીશ—" મનુભાઇ ધુનમા ને ધુનમા ગમે તેમ બકી ગયો પણ પાછો તુરતજ શુદ્ધિમા આવ્યો અને મનોરમાને શાન્ત્વન આપવા લાગ્યો.

"વ્હાલા! સરલા! મધુ! આવો મને છેવટનુ આલીગન આપો"

મનોરમા અચકાતાં અચકાતા બોલી. ત્રણે જણુ નજીક ગયાં મનોરમાએ સરલાના માથા ઉપર હાથ મૂકયો. મધુને પોતાની છાતી આગળ ખેંચ્યો અને મનુભાઇના હાથમા હાથ રાખી દ્રષ્ટિ તેની દ્રષ્ટિ સાથે જોડી સ્થિર રાખી અને બોલી. આ વખતનો તેનો અવાજ કાંઇક જુસ્સાદાર અને સ્પષ્ટ જણાતો હતો પરન્તુ મનુભાઇ સારી રીતે સમજતો હતો કે આ તો દીવો બુઝાતાં થતો ચમકારોજ હતો

" હું જાઉં છું. વ્હાલા ! મને કોઇ રીતનુ અત્યારે દુ ખ થતું નથી મારા જેવુ આ દુનિયામાં કોઇ સુખી નહીં હોય તમને સર્વને આરોગ્ય જોઇ મને જતા જતા આનદ થાય છે. તમારી તો કાંઇ ફીકર નથી પણુ મારી સરલા માટે કાંઇક થાય છે. સરલા સુશીલ છે, ગરીબ છે—" તેનો અવાજ પાછો ક્ષીણુ થતો ગયો. " તેને યોગ્ય પુરૂષ સાથે વરાવજો તેનુ સુખ ઇચ્છજો મારો મધુ બાળક છે. અણુસમજુ છે તેના—ભવિ-ષના-સુખ—"

બોલતાં બોલના તેનો સ્વર થરડાઇ ગયો. નેત્ર મિચાવા લાગ્યા વાકય પુરૂં ન થયું. મનુભાઇએ સરલાને ઇસારત કરી, સરલાએ ચોકાની તૈયારી કરી એટલામા વળી છેલ્લો શબ્દ નીકળ્યો.

" વ્હાલા ! પ્રિ--

આટલું બોલતા જીભ જકડાંઇ ગઇ. હાથ પગ ખેચાયા. મનુભાઇ તથા સરલાએ તેને ભોયપર લીધી, અને મનોરમાએ છેલ્લો શ્વાસ મૂકયો.

મનોરમાએ સસાર યાત્રા પુર્ણ કરી અને કીરતારના ચરણમા મેવા બજાવવા દોડી ગઇ મનુભાઇના જે કોઇ અગત સગા વ્હાલા

હતા તે ભાગી ગયા. લોકલાજને લીધે પણ આજ ચંદ્રવદનરાય તથા ધનલક્ષ્મી મનુભાઇને ત્યાં આવ્યાં હતા. મનુભાઇને થયેલા આઘાતમાં આ વખતે નવિન જ વધારો થયો. બધુ તો ઠીક પરન્તુ શબને સત્કાર કરવા માટે ખાંપણાદિની જરૂર–તેને માટે શી વ્યવસ્થા કરવી. તે વિચાર મહાભારત જેવો થઇ પડયો.

પ્રિય વાચક ! કદાપિ મનુભાઇની આવી સ્થિતિમા તને અતિશયોકિત જેવુ લાગશે પરતુ આમા અતિશયોકિત જેવુ કાઇજ નથી. હિંદમા મધ્યમ વર્ગમા એવા કેટલાય મનુષ્યો છે કે જેમની દશા અધમમા અધમ ભીખારીના હૃદયમા પણ દયા ઉત્પન્ન કરે એવી છે ઉપરથી લાજને લીધે ઉજળા થઇ ફરનારા પણ અંદરથી પેટે પાટા બાંધનારા એવા કેટલાય હિન્દપૂત્રો છે. પરન્તુ કોણ તેમની સભાળ લે છે? કોણ તે બિચારાઓની દશા તરફ દ્રષ્ટિ સરખી પણ કરે છે? શ્રીમતો પોતાના મોજ શોખમા હજારો બલ્કે લાખો રૂપિયાનુ પાણી કરી નાખે છે પણ આવા દયાપાત્ર મનુષ્યો તરફ કોણ જુએ છે?

આવેલા સર્વ મનુષ્યો મનુભાઇને આશ્વાસન આપવા લાગ્યા. વિચારશીલ ઇન્દુકુમારને આ વખતે મનુભાઇની આંતરિક સ્થિતિનું કાઇક ભાન થયુ. અને તેથી મનુભાઇના ઘર આગળ આવી સરલાને શોધવા લાગ્યો. અકસ્માતજ સરલા અને ઇન્દુકુમારની નજર એક થઇ ગઇ ઇન્દુકુમાર કોઇની પણ પરવા ન રાખતા સરલાની પાસે આવ્યો અને રૂપિયા દશદશની બે નોટ સરલાના હાથમા ગુપચુપ મુકી ધીમેથી પણ જાણે આજ્ઞા કરતો હોય તેમ બોલ્યો.––

'સરલા ! આ વખત વાતો કરવાનો કે રડવાનો નથી તારા પિતાને

અત્યારે આની જરૂર છે માટે ચુપચુપ તું તારા પિતાને આપીદે."

સરલા કાંઇક કહેવા જતી હતી તેને અટકાવીને બોલ્યો—

"હાલમા કાંઇજ કહેવાની જરૂર નથી બધું પછી થઇ રહેશે. તું જલ્દી જા."

આટલું બોલી કાંઇપણુ સાભળવા ઉભો ન રહેતા ઝડપથી ચાલી ગયો સરલા મનુભાઇ પાસે ગઇ અને કાંઇપણુ બોલ્યા ચાલ્યા વિના મનુભાઇના હાથમા નોટો મૂકી દીધી. બિચારા મનુભાઇને આ વખતે કેટલો દીલાસો મળ્યો હશે ! આ રૂપિયા કયાથી આવ્યા તે પૂછવાનો વિચાર કરતા મનુભાઇ અટકયો. પરન્તુ તેના હૃદયે તો તે બાબત જણાવીજ દીધી તે અટકળથી જાણી શકયો કે ઇન્દુકુમાર વિના બીજુ કોઇ આ મદદ કરનાર હોયજ નહિ આખરે મનોરમાના શબને ઠેકાણે પાડવા બધુ મંડળ ચાલ્યુ ઘરમા બધે શુન્યકાર જેવુ થઇ રહ્યું. ફકત સરલા અને મધુકુમાર બેજ રહ્યા. મધુકુમારને સ્મશાનમા લઇ જવા કટલાકે આગ્રહ કર્યો પરન્તુ કેટલાક તે બાળક હોવાથી ઘેરજ રાખવા સલાહ આપી હતી. સરલા તથા મધુકુમારને ઘર આગળ એકલા જાણી તથા ચંદ્રવદનરાય અને ધનલક્ષ્મી પણ ઘર ન હોવાથી ઇન્દુકુમારે સરલાને મળવાનો વિચાર કર્યો અને સરલાને ત્યા આવ્યો. જેમ બહુ દુઃખીઆને દુખ નહિ અને બહુ ઋણીયાને ઋણુ નહિ તેમ સરલાની સ્થિતિ પણુ આ વખતે તેવીજ હતી તેની આખમા એક પણ આસુ જણાતું નહોતું. પોતાના ઉપર આવી પડેલા દુખ કરતા ભવિષ્ય વિષે તે ઘણુાજ ઉડા વિચારમા હતી મધુકુમાર તેની પાસે બેઠો હતો પરંતુ તેની આખ આસુથી

ભીની જણાતી હતી. ઇન્દુકુમાર આવી ગભિરતાથી બોલ્યો—

"સરલા! સંકટમાં ધૈર્યજ શ્રેષ્ટ ઉપાય છે એ તો તું જાણે છે ને?"

"જાણું છું. પણ હવે તો સૃષ્ટિમાં ધૈર્યનો વાસજ નથી" સ-રલાનો અત્યાર સુધી ખળાઇ રહેલો અશ્રુપ્રવાહ એકદમ જોરથી વહેવા લાગ્યો

'બુદ્ધિશાળીથી ધૈર્ય દૂર જતુંજ નથી."

"હૃદય વિના બુદ્ધિ કયાંથી હોય?"

"હૃદય ન હોય એ બનેજ. કેમ? આવું ઘેલું ઘેલું શું બોલે છે?" ઇન્દુકુમારે પાસે જઇ સરલાને આશ્વાસન આપતા તેના ખભા ઉપર હાથ મુક્યો

"ખરૂં જ કહું છું હવે મને શરમ નથી. મારૂં હૃદય તમારી પાસે છે ત્યારે તમારૂં હૃદય બળાત્કારે બીજું ચોરી જાય છે કહો, પછી હૃદય, બુદ્ધિ અને ધૈર્ય કયાંથી હોય?' સરલા એકદમ રડી પડી.

"સરલા! સરલા!! વિચાર કર શાન્ત થા' આમ રોના" ઇ-ન્દુકુમારની આંખમાં ઝળઝળીમાં ભરાઇ આવ્યા.

"રોવા સૃજાયલી રૂવે નહિં તો બીજું શું કરે? હું રોવાજ સૃજાયલી છું હું રોઇશ અને પ્રેમનું પ્રાયશ્ચિત કરીશ." સરલાએ પોતાનું ડોકું ઇન્દુકુમારના ખભા ઉપર નાખી દીધું અને આંખોએ હાથ દઇ પ્રાયશ્ચિત કરવા માંડયું

"સરલા ! વ્હાલી ! !" ઇન્દુકુમારથી અચાનકજ બોલાઇ જવાયું. "હદ થાય છે. તારૂ અને મારૂં ભાગ્ય સાથેજ જડાયુ છે. કોઇપણ તે મિથ્યા કરી શકશે નહી હું ત્હારોજ છું. મન વડે તો બધાયા છીએ પરન્તુ ગમે તે જોખમે સૃષ્ટિની દ્રષ્ટિએ બંધાઇશુ, અને કદી વિપરીત યોગ આવશે તો હૃદય-તતુ તો એકત્ર રહેશે, પરન્તુ આ હૃદયમા અન્યને તો સ્થાન નહિ આપું અને દેહપણ નહિ આપું."

ઇન્દુકુમાર બોલતા બોલતા રડી પડયો બન્ને પ્રેમીઓ નયનાશ્રુ વહન કરવા મંડયા. બિચારો મધુ તેમને રડતા જોઇ બોલ્યો

"સરલા ! બ્હેન ! મને બા પાસે લઇ જાને ?" સરલા કાઇ બોલી શકી નહિ. ઇન્દુકુમારે ધીમેથી જવાબ આપ્યો —

"ભાઇ બા તો મૃત્યુ પામી !"

"મૃત્યુ એ શુ ?"

# એકાદશં પરિચ્છેદ.

## દ્રવ્ય લોભ.

Wealth, howsoever got in England makes
Lords of mechanics, gentlemen of rakes;
Antiquity and birth are needless here;
'Tis impudence and money makes a peer.

Defoe.

અનંતરાયને સુધારાવાળાઓ તરફ કેટલીક વખત અણગમો થતો પરન્તુ પોતાની અસલ સ્થિતિ યાદ આવતાં વળી પાછા વિચાર બદલાઇ જતા. પૈસો ! લક્ષ્મી ! એ વસ્તુ તો શું પરંતુ એ નામમા—એ શબ્દમાંજ કાંઇક એવું ભર્યું છે કે સમર્થ વિદ્વાનો પણ તેનુ શ્રવણ માત્ર કરતાજ કેટલીક વખત ધર્મ—કર્મ ભ્રષ્ટ થઇ જાય છે. લક્ષ્મી મૂર્ખને વિદ્વાન અને વિદ્વાનને મૂર્ખ બનાવી દે છે. વિદ્વાનોએ લક્ષ્મીના ગુણ વર્ણવતા તેની સત્તા સર્વોપરી માની છે. આશ્ચર્ય તો એ છે કે લક્ષ્મી કેટલીક વખત જડમાં ચૈતન્ય લાવે છે અને ચૈતન્યવાનને જડ બનાવી દે છે. લક્ષ્મીના આવા પ્રભાવ આગળ અનંતરાયનું શું ગજુ ? લક્ષ્મીના લોભથી કહો કે અન્ય કારણથી કહો, પણ અનંતરાયના

વિચારો પાછા સુધારાવાળા તરફ વધુ દોરાયા, અને જુના રિવાજના હિમાયતી ચંદ્રવદનરાયના પૂત્ર ઇન્દુકુમાર સાથે ચપલાનાં લગ્ન ન કરવાનો તેણે નિશ્ચય કર્યો. યશોદા સુધારાને ઘણીજ ચ્હાતી હતી પરન્તુ સરોજના અનિવાર્ય દબાણુથીજ તે ચપલાને ઇન્દુકુમાર સાથે પરણાવવા તૈયાર થઇ હતી

અનંતરાય અને કીશોરીલાલ વચ્ચેની વાતચીતથી કીશોરીલાલ સમજી શકયો હતો કે અનંતરાયની મરજી કાંઇક અંશે પોતાની [કીશોરીલાલની] સાથે ચપલાનુ લગ્ન કરવાની થઇ હતી. આજે કીશોરીલાલ ચપલાને શીખવવા આવ્યો હતો યશોદા તથા અનંતરાય લગ્નનીજ વાતચીત કરતાં બેઠાં હતા ચપલાના રૂમમા સંગીતનો ધ્વનિ ચાલી રહયો હતો

"મોરો કહીઓ જાય—મોરો—કહીયો જાય.

પીયાસે સંદેશો—પીયા—પીયાસે—સંદેશો—

પીયાસે સંદેશો મોરો કહીઓ જાય—પીયાસે૦"

તાનપર તાન સાથે એકને એક કડી ગવાવા લાગી. વાદ્યના મધુર સ્વર સાથે ચપલાનો કંઠ-ધ્વનિ મળતા અનહદ આનંદના આન્દોલનો નીકળવા લાગ્યાં.

"સાભળ! આવી કેળવાયાલી અને ભણેલી બાળાને એ ઓરથોડોકસ (Orthodox) ના ઘરમાં કેમ નખાય? રત્નને પથ્થર સાથે કેમ પછાડાય?"

"ત્યારે તમે શું કરવા ઇચ્છો છો?" યશોદાએ પૂછ્યુ.

" કીશોરીલાલ વિદ્વાન અને સુધરેલો છે વળી તે બે પૈસે સુખી પણ છે. એનાથી બીજો કોણ સારો છે ? " અનંતરાયે જણાવ્યું

" જો સુધારા પ્રમાણે કરવા માગતા હો તો તે એમાં પ્રેમ કયા છે? "

" અરે ! સુધારાવાળાને પ્રેમ થતા વાર કેટલી ! "

" ઠીક, ઠીક ગમે તેમ થાય પણ મારે તો ઇન્દુ સાથેજ લગ્ન કરવુ છે. "

" એમ નહી બને મારો વિચાર નથી. " અનતરાયે જવાબ વાળ્યો.

" એટલે તમે શુ કહેવા માગો છો ? મારૂ અપમાન ! " યશોદાએ જરા ગુસ્સે થતા કહ્યુ

" સુધારાનુ આ પરિણામ ? "

" તમે મને વધુ ન સતાવો. છેવટે તમને જણાવી દઉં છું કે તમારે હુ કહુ તે કબુલ રાખવુ જ પડશે. " એમ બોલતી યશોદા ઉઠી. અનતરાય ક્રોધિત. આવા ઝઘડાથી કટાળી બહાર ચાલ્યો ગયો.
કીશોરીલાલે હવે પોતાનો પ્રપચ ચલાવવા માડયો

" તમારા સ્નેહ-લગ્ન હવે કયારે થનાર છે ? "

" ઠીકજ છે તો બધા સ્નેહ-લગ્નજ છે ને ? " ચપના બોલી.

" એમ તે કાંઇ હોય ? તમારા જેવા સુધારેલા કુટુબમાં કાઇ તમારી મરજી વિના તો લગ્ન ન થાય ? એવુ હોય તો તમારા પિતાને હુ સમજાવુ. ' કીશોરીલાલ બોલ્યો

" મારા પિતાજી તો હુ કહું તેમ કરે છે પણ મારી બા હઠ પકડી બેઠી છે " ચપલાએ જણાવ્યું

"એમ કરવાનું શું કારણ? તમારી મા કેમ હઠ કરે છે?"

"જોકે મારી બા પણ અંદરથી તો રાજી નથી, પણ—" ચપલા એકદમ અટકી ગઇ

"કેમ અટકી ગયા? ચપલા!"

"કાંઇ નહિ." ચપલા બોલી.

"એમ વાત ન ઉડાવો મને હજી પારકો માણસ સમજો છો? હુ તો તમારા ભલામાં રાજી છુ. શુ તમારી બાને કોઇના તરફનું દબાણુ છે?" કીશોરીલાલે ધીમે ધીમે વાત કઢાવવા પ્રયત્ન કર્યો.

"દબાણ જેવુ તો કાંઇજ નથી પણ—પણ--' ચપલા વળી અટકી અને પોતાની વગર વિચાર્યે બોલવાની ટેવથી ખીજવાઇ હોય તેમ હોઠ કરડવા લાગી.

"ચપલા! ચપલા!! તમારા મનમા ખોટો વ્હેમ છે" કીશોરીલાલ ખુરશી નજીક લાવતાં બોલ્યો. "મારાપર વિશ્વાસ રાખો. તમારા પિતા પણ જ્યારે મારી સલહ લે છે ત્યારે તમે કેમ અણુવિશ્વાસ રાખો છો?"

"મારા પિતા તમારી સલાહ લે છે? કયા કામમાં?" ચપલાએ વિસ્મીત ભાવે પૂછ્યુ.

"તમારા લગ્નના; તમારા પિતા, ઇન્દુકુમાર સાથે લગ્ન કરવા ઇચ્છતા નથી તે તો તમારી મરજી અનુસાર વર્તવા કબુલ છે. તમારી મરજી શું છે?"

"મારી મરજી જેના તરફ છે તેનીજ મરજી મને ઇન્દુકુમાર સાથે પરણાવવાની છે." ચપલા કીશોરીલાલના શબ્દોથી ભોળવાઇ ગઇ.

" ને કોણ ? હું ધારૂં છું તેનાજ તરફથી આ લગ્નનું દબાણ થતું હશે ! કહો તો ખરા કે એવો કોણ હતભાગી છે કે તમારા પ્રેમનો અનાદર કરે છે ? " કીશોરીલાલે ચપલાને ચઢાવતાં પૂછયું.

" મારા પ્રેમને તમે બહુજ કીમતી ગણો છો ? " પ્રશંસા-પ્રિય ચપલા પોતાના વખાણ સાભળી બોલી.

" એમાં નવાઇ જેવું શુ છે ! તમારા જેવી સ્વરૂપવતી સદ્‌ગુણી અને પ્રેમની મૂર્તિ જ્યારે પ્રેમ કરે ત્યારે તેનો અનાદર કોણ કરી શકે ? ખરેખર ! તે કોઇ જગલીજ હોવો જોઇએ, મારા જેવો તો——' કીશોરીલાલ બોલતા બોલતા અટકયો અને ચારે બાજુએ જોવા લાગ્યો

" શુ કહેતા હતા ? કેમ અટકી ગયા તમેપણ મારાથી વાત છુપાવો છો કે ? " ચપલા હસતી હસતી બોલી

" છુપાવતા તમે શીખવો છો ! તમારૂ હૃદય જણ્યા વિના મારૂ હૃદય કેમ અપાય ? " કીશોરીલાલે ચપળાને હાથમા લેવા તથા પોતાના તરફ તેનુ હૃદય આકર્ષવા માડયું.

" મે શું છુપાવ્યુ ? "

" પેલા માણસનું નામ "

" એનું નામ સરોજ. કહો હવે તમે શુ કહેતા હતા ? " ચપલા બોલી.

સરોજનું નામ કીશોરીલાલે સાભળ્યુ હતું, એટલુજ નહિં પણ તે તેને સારી રીતે ઓળખતો હતો, સરોજનું નામ સાભળી પ્રથમ તો તે ચમકયો, પરંતુ તુરતજ પાછો શાન્ત થઇ બોલ્યો.

" તમે સરોજને ચ્હાઓછો અને સરોજ તમને ચ્હાતો નથી ? "

" સરોજ ચ્હાય છે પરન્તુ લગ્ન કરવા માગતો નથી. "

" એનું શું કારણ ? તે તમને ઇન્દુ સાથે કેમ પરણાવવાનું કહે છે ? "

" ગમે તેમ હોય હુ સમજી શકતી નથી, પણ હવે હું પણ તેને ચ્હાતી નથી. હવે તો—"

" કેમ અટકી ગયાં ? "

" તમે તમારી વાત તો પુરી જણાવો, પછી હુ કહીશ. "

" હું તો સ્વભાવિક રીતે કહેતો હતો કે મારા જેવા પર તમારી કૃપા હોય તો હું તો કોઇની પણ દરકાર ન કરૂં. " કીશોરીલાલે ખુલ્લે ખુલ્લુ જણાવી દીધું.

" એટલે શુ તમે મને ચ્હાઓ છો ? " ચપળાએ ધીમેથી પ્રશ્ન કર્યો

" કદાચ ચ્હાતો હોઉ, પણ તેનો ઉપયોગ શો ? કારણ કે સરોજનુ દબાણ અને તમારી બાની હઠ, તેમજ તમારા પ્રેમની અપેક્ષા; એ કાઇ થોડા વિઘ્ન છે ? " કીશોરીલાલે કૃત્રિમ નિશ્વાસ નાખતાં કહ્યુ

બહારના ડોળમા લલચાનારી અને વિલાસપ્રિય મૂર્ખ ચપલા કીશોરીલાલની કૃત્રિમતાથી ભોળવાઇ ગઇ તેને એમ ખાત્રી થઇ ગઇ કે કીશોરીલાલ તેને પૂર્ણ રીતે ચ્હાય છે.

" તમે હૃદય ખોલ્યુ તો હુ જણાવું છુ કે હું પણ તમને ચ્હાઉં છું પણ આપણા લગ્ન કેવી રીતે થાય એજ સવાલ છે. "

"હાશ !" નિશ્વાસ નાખતા કીશોરીલાલ બોલ્યો. "એજ વાંધો છેને !"તમારા પિતાને તો હું સમજાવી શકું પણ તમારી બા ન સમજે તેનુ શુ ?"

"કાઇ સમજ નથી પડતી. પણ ફીકર નહિં આપણુને સુધારા વાળાને હરવા ફરવાની કયા છુટ નથી ? આપણે ગમે ત્યા અને ગમે ત્યારે મળી શકીશુ."

ચપલાના આ શબ્દે એ કીશોરીલાલના વિચારો ફેરવી નાખ્યા અત્યારસુધી ચપલાને પોતાની પત્નિ બનાવવા ઇચ્છતા કીશોરીલાલના મનમા કાંઈ જુદ'જ તરગો આવ્યા ક્ષણુમા આમ અને ક્ષણુમા તેમ એવા વિચારો બદલનારી સ્વરૂપવતી પણ મૂર્ખ ચપલા સાથે હમેશ માટે જોડાવા કરતા સુધારાના પડદા પાછળ ભજવાતા નાટક ભજવવાને તે લલચાયો અને બોલ્યો.

"એ તો ઠીક પણ સરોજના દબાણુ પ્રમાણે તમારી બા કેમ વર્તે છે ?"

આ પ્રશ્ન સાભળી ચપલા કાઇક વિચારમા પડી પણ એટલામા યશોદા ત્યા આવી પહોચી. અનંતરાયની સાથેની રકઝકમા તેનુ મગજ કટાળી ગયુ હતુ, આથી જરા આનદને ખાતર કીશોરીલાલને એકાદ ગાયન સભળાવવા જણાવ્યું કીશોરીલાલ તો આ બન્ને—માદીકરી—ની મહેરબાની મેળવવા ઇચ્છતો હતો, કારણુ કે મુખ્ય ભાગે સુધારાવાળા કુટુંબોમા સ્ત્રીઓનુજ ચલણુ હોય છે, અને તેથી ખટપટીઆ અને લુચ્ચા મનુષ્યો સ્ત્રીઓને પ્રસન્ન કરવાથીજ પોતાની ખટપટમા ફાવી શકે છે. કીશોરીલાલે હારમોનીયમ અને ચપળાએ દીલરૂબા શરૂ કર્યું.

"આ—આ—આ—".

પહેલાં જરા આલાપ લઇ કીશોરીલાલે આગળ ચલાવ્યું.

" હુએ આશક તુમ્હારે હમ, ન દેખા તુમને ઉલ્ફતસેં,
ગીરેબાં ચાકકર સહેરામેં જા બૈઠેંગે હસરતસેં

યહાં બેતાબ દિલ હેગા વહાં તુમકો નહી પરવાહ,
હમે અફ્સોસ આતાહે મીયા એસી મહોબ્બતસેં.

દિલે ઘાયલ તુમારે ઇશ્કમે બેતાબ હે જાનાં!
ખબર તુમકો નહીં પ્યારે હમારે દર્દો મેહનતસેં

તુમારે ઇશ્કમે મજનું સીફ્ત ફીરતે હે દીવાને,"

ગાતાં ગાતા કીશોરીલાલે ચપલા સામે જોયું અને છેલ્લી લાટી બે ત્રણ વખત ઉલટાવી ઉલટાવીને ગાઇ. ચપલાનુ મુખ મંદહાસ્યથી ફરકયું અને કીશોરીલાલે આગળ ચલાવ્યુ —

' તુમારે ઇશ્કમે મજનુ સીફ્ત ફીરતે હે દીવાને,
નહી મતલબ હમે દુનીયાકી ઇજ્જત ઓર ઝીલ્લતસે.

તડપત હે મીસાલે નીમ બીસ્મીલ દર્દ ફુરકતમેં,
યે આશકકી તરફ અપને જરા દેખો શફ્કતસેં."

ચપળાએ એક ઉતાવળી દ્રષ્ટિ ફેંકી વળી આડુ જોયું

દીલે આશકકો નાહક કયું જલાને હો જુદાઇમેં?
પીનાદો અબ શરાબે વસ્લકા એક જામ મીન્નતસે,

અને જબસે તુમારે ઇશ્કમેં સરશાર દીવાને,
કીનારા કશ હુએ દુનીયાકે મઝહબ ઓર મીલ્લતસે

ઇશ્કમેં દરબદર ફીરતે હે અબ તો બનકે સોદાઇ,
નહી પરવા નસીહતકી ન ગમ હેગા મલામતસે.

કહે કયા કયા હમારે સરપે જો આફત ગુઝરતી હે,
કભી નાલા કભી પેચ્યા કભી રોતે હે ફુરકતસે."

કીશોરીલાલ તથા ચપલાએ એક ધીમો નિશ્વાસ મૂકયો.

હઝરૂ રૂખ્તીયા સેહેતે હે લેકીન સર ઝુકાતે હે
મહોબતમેં પ્યારેકી ન મોહ ફેરા મુશક્કતસે

જહાકે રંજો મેહેનતસેં તુમેં કયા ગમ હે અય અનવર !
ઇશ્મે દે દીયા સરકો લો અબ છુટે મુસીબતસે "

ગાયન પુરૂ થયુ ત્રણેના મન પર જુદી જુદી અસર થઇ. કીશોરીલાલ તથા ચપલાને થોડીવાર ઉપરની વાત યાદ આવી યશોદાને સરોજ યાદ આવ્યો મનના વિચારો છુપાવતી યશોદા બોલી

" માસ્તર ! તમારા આજના ગાયને ઘણોજ આનદ આપ્યો છે. સગીતમા પણ વખત વખતને અનુસરીને ગાનાજ અસર કરે છે. અમારા સુધારા મડળમા તમે પણ છો તેથી વળી મને ઘણીજ ખુશી ઉપજે છે."

' સર્વ ખરૂ, પણ, સગિત તો સગિતના શોખીનનેજ અસર કરે છે.'

આજની વાતચીત ઉપરથી ચપલાનું મન કીશોરીલાલ તરફ આ-કર્ષાયું કીશોરીલાલને પણ એટલુંજ જોઇતું હતું. થોડી ઘણી વાતચીત પછી કીશોરીલાલ ત્યાંથી ચાલી નીકળ્યો. ચપલા પણ ફરવા જવાને બહાને કીશોરીલાલની પાછળજ ગાડી લઇ નીકળી પડી. હવે યશોદા એકલી પડી.

"કીશોરીલાલ પણ છે તો લાયક." તે પોતાના મન સાથે બ બડવા લાગી. "સુધારાવાળો અને વળી Educated (કેળવાયલો). તેમા વળી પાછો એ પૈસા વાળો ! ચપલા સુખી તો થાયજ. પણ........."

તે એકદમ અટકી પડી, કાઇક વિચાર આવતા ઉઠી અને ટેલીફોન કરવા લાગી.

"હેલ્લો !" ટેલીફોનનો નંબર જોડાવી તે બોલી,

"સરોજ ! હાલ આવી જવાને બનશે ? .. ઠીક હુ રાહ જોઇનેજ બેઠી છું .. સાહેબજી"

વાત પૂરી થઇ. સરોજને પોતાને ઘેર બોલાવ્યો; પાએક કલાક થયો હશે. એટલામા સરોજ આવી પહોચ્યો સ્ત્રી સ્વભાવ મુજબ યશોદા પણ અત્યત પ્રેમ બતાવતી તેના સામી ગઇ અને હસ્તા મુખે આવ-કાર આપી તેનો હાથ ઝાલી પોતાના ઓરડામાં લઇ ગઇ. બન્નેજણ હીંડોળા ઉપર બેઠા. યશોદાએ પાન બનાવવા માંડયુ અને વાત છેડી -

" ડીયર સરોજ ! પુરૂષોના હૃદય કઠોર તો ખરા

"એમ કેમ કહે છે ?" સરોજે કાઇક વિચાર કરી કહ્યુ "હુ ધારૂ છુ હજી અનતરાય લગ્નની બાબતમા વાંધો નાખતા હશે !"

" એ હઠ પકડીને બેઠા છે, " યશોદાએ આ ચરિત્રની શરૂઆત કરતા નિશ્વાસ નાખી કહ્યુ " તેમ તારી પણ હઠ એવીજ છે. શું મને દુખી કરવામાજ ત્હારૂં હિત સમાયું છે ? "

'' યશોદા ! એમ ન બોલ. તને કદી દુખી થવા નહી દઉં તું શી રીતે દુખી થઇશ ? ' સરોજે યશોદાને પાસે ખેંચતાં જણાવ્યું.

" કેમ નહિં ? લગ્ન ઇન્દુ સાથે થાય તો એમનું મન દુખાય અને ન થાય તો તારૂં મન દુખાય. " યશોદાએ મોઢું ઉતારી નાખી પાન આપતાં કહ્યું.

પાન હાથમા લેતા લેતાં સરોજ બોલ્યો:-" એમાં નિશ્વાસ નાખવાની કે દુખી થવાની જરૂરં નથી. અનતરાય આવશે એટલે બધી ગોઠવણ કરી લઇશું. '

'' શી રીતે ? "

" શી રીતે ! શી રીતે કેમ ? અનતરાયનુ ઓસડ મારી પાસે તયારજ છે ચળકતા ખનખનીઆ બતાવ્યા એટલે એ તો પાણી પાણીજ સરજને ! એને સમજાવવો એમા તે શુ ? "

" -રોજ તારી બુદ્ધિની તો બલીહારીજ છે. " સરોજની કોટે વળગતા યશોદા બોલી ઉઠી

બીજી વાતો કરતા કરતા બન્ને જણ આલ્હકેલી કરતાં બેઠા હતા એટલામા અનતરાય આવવાની ખબર નોકરે આપી. અનંતરાય પ્રથમ તો સરોજને જોઇ ચમકયો. પણ જાણે કાંઇજ ન બન્યુ હોય તેમ ખુરસી ઉપર બેઠો અને સીગાર સળગાવી પ્રથમ યશોદાએ શરૂ કર્યું.

'' ચપળાના લગ્નમા ખર્ચ નામ પ્રમાણે કરવો પડશે અને તેથી મેં સરોજને સલાહ લેવા બોલાવેલ છે "

"એમાં શુ વિચાર કરવાનો છે! જ્યારથી તમે સુધારામા દાખલ થઇ સુધારાવાળાનો પક્ષ મજબુત કર્યો છે ત્યારથી તમારૂં પૈસાનુ દુઃખ મટીજ ગયું છે જ્યારે જરૂર પડે ત્યારે અમે સુધારાવાળાઓ તૈયાર છીએ. લ્યો આ ચેક." સરોજે આમ બોલતાં રૂા. ૨૦૦૦ નો ચેક અનંતરાયના હાથમા મુક્યો

અનતરાયને જો કે સરોજ ઉપર ઘણોજ ગુસ્સો આવ્યો હતો પરંતુ જ્યા રૂપિયાની વાત નીકળી એટલે અનતરાય ઠંડો પડી ગયો લક્ષ્મિએ ક્રોધને સમાવી દીધો ચેકે સુધારા તરફના તિરસ્કારને હઠાવી દીધો અને ચપલાના લગ્ન ઇન્દુ સાથેજ કરવાને તે પણ સંમત થયો

શિવ! શિવ!! શિવ!!! પૈસો શું નથી કરી શકતો?

# દ્વાદશ પરિચ્છેદ.

## ગૃહત્યાગ.

'Tis a very good world we live in,
To lend, or to spend, or to give in,
But to beg, or to borrow, or get a man's own
'Tis the very worst world that ever was known

મનોરમાના મૃત દેહને સસ્કાર થઇ ગયો પરન્તુ તેજ દિવસથી મનુભાઇના હૃદયને જુદાજ પ્રકારનો સસ્કાર થયો તે બિચારાને પોતાની

ગરીબ સ્થિતિ, સરલાના લગ્ન, મનોહરમાનુ મૃત્યુ અને પોતાની હિણુ-કમાઉ દશા સાથે બાળક મધુના "બા! બા!" ના પોકારોએ કેવળ દુઃખી કરી નાખ્યો. કલાકોના કલાકો તે વિચારમા ને વિચારમા બેસી રહેતો. બિચારી સરલાને શંકા થતી કે વખતે તેનું (મનુભાઇનું) મગજ ખસી જશે; અને આખરે તે શંકા ખરી પણ પડી મનોરમાના મૃત્યુને ત્રીજેજ દિને તેનુ મગજ ભ્રમિત થઇ ગયું. ખાવાપીવાનું તેમજ કોઇની સાથે વાત કરવાની પણ છોડી દીધી તેજ દિવસે સરલાના મામા માધવરાયનો પત્ર સરલાને તેડવા આવવા સંબધીનો આવ્યો મનુભાઇની ચિતભ્રમ સ્થિતિથી સરલા ઘણીજ ગભરાઇ પણ તેના મામાનો પત્ર આવવાથી તેને જરા ધીરજ આવી. મનુભાઇ તો તેજ દિવસે સાજના બહાર ગયો તે ફરી આવ્યોજ નહિ. સાજ પડી, રાત્રિ થઇ પણ મનુભાઇ ન આવ્યો મધુને સુવાડી બિચારી સરલા જાગતી તેની રાહ જોતી બેઠી. દશ વાગ્યા, અગીઆર વાગ્યા અને છેવટે બાર પણ વાગ્યા છતા મનુભાઇ નજ આવ્યો સરલાએ આશા મૂકી બિચારી બાળાને હવે એક પણ આશ્રયસ્થાન ન રહ્યુ તેની ધીરજ જતી રહી. હવે તે રડી પડી લગભગ કલાકેક સુધી હૃદય ખાલી કરી દીવા સામુ જોઇ બબડવા લાગી:—

"જ્યોતિર્મય દીપક! સર્વના આત્મારૂપ! આ અધારા ગૃહને પ્રકાશમય કરવા સાથે મારા અધકારમય થઇ રહેલા હૃદયને કેમ પ્રકાશિત કરતો નથી? ભિન્ન રૂપે રહેવા છતા શુ તુ સર્વનો દ્રષ્ટા નથી? દીપક રૂપે તુ ગૃહને પ્રકાશે છે, દિવ્યજ્યોતિ! સૂર્ય રૂપે તુ સૃષ્ટીને પ્રકાશે છે, તો આત્મજ્યોતિ રૂપ છતા તુ હૃદયને કેમ પ્રકાશતો નથી?"

વળી જરા અટકી અને બોલી —ચિત્રમય જગત્ ! જ્યોતમય આત્મા ! જ્યોતિ જ્યોતિમા સમાય તો આત્મા અભિન્ન કેમ ન રહે ? મહાન દિવ્ય જ્યોતિર્મય દીપક ! અંધકારને પ્રકાશમય કરનાર દીપક ! ! કહે, કહે, મારા પિતા કયાં છે ? આ રંક બાળકનો પાળક કયા છે ? મારા વ્હાલા–ધર્મપરાયણ પિતા કયા છે ? મને એક વાર તેમના દર્શન કરાવ તારા ..”

સરલા હજી બબડયેજ જતી હતી એટલામાં મધુકુમાર ઉંઘમા બબડયો—“ બા ! બા ! મારે તો બા પાસે જવું છે.”

મધુકુમારના શબ્દો સાંભળી સરલાની વિચાર શ્રેણી બદલાઇ મધુના શરીરપર હાથ ફેરવતા તે બબડી—

‘ બા ! બાતો ગઇ ! મારી હિતેચ્છુ—મારી દાઝ જાણનાર બા ગઇ ! મધુ ! વ્હાલા મધુ ! અજ્ઞાન મધુ ! ! તને શું યાદ રહેશે કે તારે બા હતી ? તુ અને હુ હવે એકના થઇ પડયા. બા તો ગઇ પણ બાપાય ગયા કોણ જાણે—” તે બોલતા બોલતાં રડી પડી “ તે કયાંય ગયા હશે. બા ! વ્હાલી બા ! તુ શુ જાણીશ કે તારા વ્હાલા બાળકો અજ નિરાધાર થઇ પડયા છે ? અરેરે ! ક્રુર વિધાતાને આ શું સુઝયુ છે દુનિયામા હવે કયો આધાર ! મારા—વ્હાલા—હા ! ખરેખર વ્હાલાજ—ઇન્દુકુમાર પણ શુ કરી શકે ? વ્હાલા ! ઇન્દુ !—” બોલતા બોલતા પાછી રડી પડી. એક પણ શબ્દ ન બોલાયો. રડતી રડતી આખરે નિરાધાર થઇ પડેલીને નિદ્રાદેવીએ પોતના આશ્રયમા લીધી.

જેમ તેમ રાત્રિ પુરી થઇ સવારમા માધવરાય આવી પહોચ્યો. માધવરાવને જોતાંજ સરલા એકદમ વળી પાછી રડી પડી માધવરાયને

મનુભાઇના ગાંડા થઇ ચાલ્યાં જવાની ખબર ન હોવાથી તે સમજ્યો કે મનોરમાના મૃત્યુથીજ સરલા આટલી ગભરાઇ ગઇ છે અને તેથી તે તેને આશ્વાસન આપવા લાગ્યો—

"છાની રહે બ્હેન ! શું કરીએ. ઇશ્વરને ગમ્યું તે ખરૂ. ત્હારે ગભરાવાનું શું છે. તને અને મધુનેતો હું તેડવા આવ્યો છું."

માધવરાય જેમ જેમ વધુ સમજાવતો ગયો તેમ તેમ તે વધુ ડુસકા ભરી રડવા લાગી. છેવટે માધવરાયે મધુને પૂછ્યું. "ભાઇ મધુ ! તારા બાપા ક્યા ગયા છે ?"

"મારા બાપા ! એતો કાલના ગયા છે." મધુએ કહ્યું. આ બિચારા બાળકની અત્યારે ઘણીજ દયાજનક સ્થિતિ હતી. તે એક અનાથની માફક ફરતો હતો, તેને જો કોઇ જરા બોલાવતું તો તેને તે બાઝી પડતો. પછી તે ઓળખીતું હોય કે અજાણ્યુ. મધુના શબ્દો સાંભળી સરલા બોલી—

"મામા ! મારા બાપુનુ મગજ ખસી ગયુ છે." બોલતાં બોલતા તે વળી વધુ રડી પડી. "ગઇ કાલના બહાર ગયા છે તે હજી આવ્યા નથી"

માધવરાય તો નવી આફતથી સફેદ પુણી જેવો થઇ ગયો. શું કરવું અને શું બોલવું તે સમજાયું નહી. જેમ તેમ હિંમત રાખી સરલાને આશ્વાસન આપ્યું અને બે દિવસ ત્યા રહી ત્રીજે દિવસે ત્યાથી જવાનો નિશ્ચય કર્યો. સરલાએ બે દિવસ જેમ તેમ પસાર કર્યા

આજે ઇન્દુકુમારના લગ્નનો દિવસ હતો, અને આજેજ સરલાને પણ અમદાવાદ છોડવાનો દિવસ હતો. ઇન્દુકુમારના લગ્નની

ધામધુમ થઇ રહી હતી વરઘોડો સાંજના છ વાગ્યા પછી ચડવાનો હતો. ચંદ્રવદનરાય, ધનલક્ષ્મી તથા તેમનું સ્નેહી સબંધી મંડળ પૂર હર્ષમાં મ્હાલતાં હતા. પણ બિચારા ઈન્દુકુમારનું હૃદય તો તેજ જાણતો હતો. ઘડીઘડી તે સરલાના મકાન તરફ ડોકીયા કરતો અને પોતાની બારી આગળ આંટા મારતો. પરન્તુ સરલાના હૃદયની સ્થિતિ તો તેના કરતા પણ વિલક્ષણ હતી પોતાના બારણા નજીક થતી ધામધુમ તે જોઇ શકતી નહી ગીતનો મૃદુસ્વર તેમજ અન્યને પ્રિયલાગતો વાજી ત્રાનો સ્વર તેનું હૃદય ઘડીએ ઘડીએ ભેદી નાખતો. આજની પ્રત્યેક પળ તેને દુસહ થઇ પડી હતી તેનું આજનું દુઃખ ઘણું અનિવાર્ય થઇ પડયું હતું જેમ જેમ દિવસ ચઢતો ગયો તેમ તેમ સૂર્યના કિરણો પ્રબળ થવા સાથે તેનું દુખ પણ વધવા લાગ્યુ. માધવરાયને આજે જવાનું હોવાથી મનુભાઇના સામાન તથા ઘરની વ્યવસ્થા કરવાનું ઘણુ કામ હતુ તેથી તે મધુકુમારને લઇ બહાર ગયો હતો. સરલા અત્યારે પોતાના મકાનમા એકલીજ હતી. હવે તેને કાઇ જુદાજ વિચાર આવવા લાગ્યા તે પોતાના ઓરડામા બેઠી બેઠી બબડવા લાગી—

" મારા ભાગ્યમાં શુ લખાયુ છે તેની મને સમજ પડતી નથી. માતા ગઇ ! પિતા ગયા ! ! ઇન્દુ— બોલતા એક ડસકુ ભરાઇ ગયુ " ઇન્દુકુમાર તરફની હવે આશા નથી મામાને ત્યા જવુ ? શા માટે ? મામાને ત્યા જઇશ તો મામા લગન માટે ગોઠવણ કરશે. પણ એવા લગનથી કલંકિત થવું ? હૃદય વેચાયા પછી અન્ય સાથે લગ્ન કરવું ? ના. ના ત્યારે શું મામા મારૂં કહેવુ સાભળશે ? તે પણ બને તેમ નથી, ત્યારે શુ કરવું ? " થોડીવાર વિચાર

કર્યા પછી જાણે કાંઈ યાદ આવ્યું હોય તેમ બોલી,—" પણ જીવવુંજ શા સુખ માટે ? પ્રેમના બલીદાન થવુ. પણ ..આત્મઘાત તો નજ કરવો જંગલમાં જવું, અને ઇશ્વર સ્મરણ કરી ઇન્દુ...વ્હાલા ઇન્દુનું કુશળ ઇચ્છી જીવન પૂર્ણ કરવું. જો લોકો કહે છે તેમ ભકિતનું ફળ ઇશ્વર આપતો હશે તો પુનર્જન્મમા ઇન્દુ પતિ માગીશ; અને નહિ તો ભકિતથી હૃદય શુદ્ધ કરીશ. બસ એજ. પણ .." વળી તે જરા અટકી. કાઇક વિચાર આવતા કાગળ લઇ લખવા બેઠી કલમને જરાપણ અટકાવ્યા વિના કાગળ પૂરો કર્યો, પરબીડીયામા મુકી ઉપર જરા ધીમેથી સારા અક્ષરે " વ્હાલા ! ઇન્દુ ! ! " એટલા શબ્દો લખી એક બાજુએ મૂક્યું. પછી બોલી –" હા, એતો થયુ હવે મધુ તો મામા સાથે જશે, એટલે તેની તો ચિંતાજ નથી. પણ મામાને શી ખબર પડશે ? લાવ એમને પણ લખું " એમ કહી વળી બીજો કાગળ લખવા માંડયો.

" પુજ્ય મામાશ્રી !

આ કાગળ વાંચી કાઇ અન્ય વિચાર કરશો નહિં તમારી ભાગ્યહિન સરલાના ભાગ્યમા સુખજ નથી કદાપિ તમે એમ કહેશો કે આપણે યાં શું દુઃખ હતુ ? પણ મારૂં ભાવિજ દુઃખી છે સુખ હોત તો પ્રથમ ગરીબાઇજ શામાટે હોત ? મા કેમ મરી જાત ? બાપ ગાડા કેમ થાત ? અને—અને--આગળ લખવાની હિમત ચાલતી નથી પણ ખુલાસો કર્યા વિના છુટકો નથી મારો સંસાર-અમર્યાદ" છુટ માટે ક્ષમા માગુ છુ --મારો સંસાર વ્યર્થ થયો છે. આ સૃષ્ટિ મને અકારી લાગે છે. મારી માયાળુ મા જેની સાથે મારૂ ભવિ જોડવા ઇચ્છતી

હતી તેનું ભાવિ અન્ય સાથે જોડાઇ ગયુ છે. મારી આશા નષ્ટ થઇ છે આજથી જેમ બા ગઇ, બાપા ગયા, તેમ મને પણ ગયેલી માનજો હું આત્મઘાત નહી કરૂં પણ ઇશ્વર ભકિતમા લીન થઇશ. મારા આત્માનું કલ્યાણ કરીશ મારા મધુ—મારા વ્હાલા મધુ—' અહી બા તેની આખમાંથી આસુ ખરી પડયું "ને મારા જવાની જાણ ન પડવા દેશો. તે બિચારો રડી મરશે. વધુ શું ? ઇશ્વરની ઇચ્છા હશે તો કોઇ વખત ક્ષમા માગી જઇશ

આપની સદાની દુઃખી પુત્રી

"સરલા"

પત્ર પુરો થયો. હવે તે ઉઠી માધવરાયનો પત્ર તેણે પોતાના ઓરડામાજ રહેવા દીધો. ઇન્દુકુમારવાળો પત્ર લઇ બારી આગળ ઉભી રહી ઇન્દુકુમારની અને તેની દૃષ્ટિ એક થતા વાર ન લાગી જેવી બન્નેની નજર એક થઇ કે સરલાએ કાગળ બારી તરફ ફેંકયો, પરન્તુ તે બારીમા ન જતા પવનના જોરથી ઉડી જઇ ઇન્દુકુમારના મકાનના પાછળના ચોકમા પડયો ઇન્દુકુમાર તુરતજ તે લેવા ઉતાવળથી ગયો. સરલા પણ છેલ્લી પ્રેમભરી દ્રષ્ટિથી પોતાના પ્રિયને જોઇ તુરતજ પોતાના મકાનમાથી ચાલી નીકળી. કયા જવુ તેનો તેણે નિશ્ચય કર્યો નહોતો પરન્તુ પહેલા તો જરાપણ અટકયાવિના તે સાબરમતી તરફ ચાલી. નદી સુધી આવી પહોચી પણ કયા જવું તે ન સમજાયુ. "ઇન્દુને કાગળ મળશે ત્યારે તે શુ ધારશે ? પોતાની પાછળ તો નહીં આવે ?" આવા વિચારમા તે કયા જતી હતી તેનુ ભાન પણ

ન રહ્યું. નદીને કીનારે કીનારે તે ચાલવા લાગી. જ્યાસુધી રેતીમાં જવાયું ત્યાસુધી તો હરકત ન નડી પણ જ્યારે રસ્તાવિનાની અને ઝાડ તથા કાંટાવાળી જમીનપર તે આવી ત્યારે પોતે કેવું સાહસ વ્હોરી લીધું હતુ તેનુ તેને કાંઇક ભાન થવા લાગ્યું. સૂર્ય પણ બપોર થવાથી તપવા લાગ્યો અને ગરમી વડે જેમ હજી સરલાની કસોટી કરવાની બાકી હોય તેમ તેને વિશેષ કસવા લાગ્યો

તાપ કાટા વિગેરેનો ત્રાસ સહન કરતી કરતી તે ઘણે દૂર નીકળી ગઇ. સાંજ પડવા આવી ત્યારે તે બિચારી દુખી બાળા જરા વિશ્રાંતિ લેવા એક મોટા વડના ઝાડ નીચે વિસામો લેવા બેઠી આ વખત સાજના છ વાગવા આવ્યા હતા પછીઓ પોતાના માળામા જવા કીલબીલાટ કરતા ઉડતા હતા. અસ્ત પામતા સૂર્યનાં કિર્ણો સાબરમતીના જળ ઉપર પ્રકાશી પરાવર્તન પામતા હતા ધીમા ધીમા પવનથી ઝાડની ડાળીઓ હાલતી તથા પાંદડાઓનો ખડખડાટ કરતી હતી આજુબાજુ કોઇ પણ મનુષ્યનો જરા પણ પગરવ સભળાતો નહતો. જેમ જેમ સંધ્યા નજીક આવતી ગઇ તેમ તેમ તેનુ ધૈર્ય ઓછું થતુ ગયુ. હવે શુ કરવુ અને રાત્રિ કયા ગાળવી એ વિચાર આવ્યો. એટલામા દૂરથી ધૂળ ઉડતી દેખાઇ જેમ જેમ સમય થતો ગયો તેમ તેમ જાણે કોઇ માણસોનુ ટોળુ પોતાની નજીક આવતુ હોય તેવો ભાસ થયો તેણે સતાઇ જવાનો નિશ્ચય કર્યો પણ ઝાડ ઉપર ચઢતા આવડે નહિ તેથી ગભરામણમા પડી. જોતા જોતા એક પીપળાનુ ઝાડ નજરે પડયુ. તેનું થડ ત્રણ બાજુએ ફેલાઇ એક બાજુના ભાગ તરફ ખાડો પડેલો જણાયો એટલે લગભગ અર્ધા વર્તુલના જેવો

આકાર જોતાં તેમાં છુપાઇ છુપાઇને જોવા લાગી ધીમે ધીમે તે ટોળું નજીક આવ્યુ. છેકજ પાસે આવતા સરલાને જણાયું કે તે એક ભરવાડની પોઠ હતી. લગભગ પચાસેક બળદ અને પાચ ઉંટ હતાં તેની સાથે એક લગભગ પાચ સાડાપાંચ હાથ ઉંચો અને કદાવર દેખાવનો આશરે પાંત્રીસેક વર્ષનો ભરવાડ તેની સ્ત્રી કે જેની ઉમ્મર લગભગ અઠાવીશ વર્ષની હતી તે તથા એક બારેક વર્ષની છોકરી અને સાતેક વર્ષનો છોકરો હતો આ નાનું કુટુંબ જયારે આ પીપળાના ઝાડ પાસે આવ્યું ત્યારે સુર્યાસ્ત તો કયારનો થઇ ગયો હતો અને અંધારૂં થવા આવ્યું હતું. ભરવાડ કે જેનુ નામ ગેમલ હતું તેણે ત્યાંજ પોઠ વાળી અને ઐરીને ત્યાંજ મુકામ કરવા જણાવ્યુ. ઝપાટાબંધ સાથેની પોઠ ઉપરથી પોતાનો સામાન ઉતારી મા દીકરીએ જાણે પોતાનું ધરજ હોય તેમ પાસેનો દાણો વિગેરે ઉતારી ચુલાની તજવીજ કરી દીધી. ભરવાડણ કે જેનુ નામ લાખી હતુ તે રોટલા ઘડવા મંડી, જ્યારે છોકરી—કેહર—તેને મદદ કરવા લાગી. રસોઇ તૈયાર થઇ એટલામાં ગેમલે પણ વડના ઝાડ નીચે પોતાની પાસેથી બે ગોદડી—ફાટેલી ધાગડી—પાથરી, ઉપર કાળા ઉનનો કામળો જે ભરવાડ લોક હમેશા પોતાની પાસે રાખે છે તે બીછાવી દીધો અને નદીમાથી પાણી લાવી હાથ મોં ધોઇ તૈયાર થઈ ગયો એટલામા છોકરા--ગમીરે—તેને જમવા બોલાવ્યો અને આ નાનકડુ કુટુંબ સાથે વાળુ કરવા બેઠુ. ખાતા ખાતા કેહરની નજર સરલા ભણી ગઇ અને તે બોલી ઉઠી:--

"બાપુ! ઓલ્યા ખુણામા કોક સોકરી ઝેવું સે.'

આવા જંગલમાં વળી છોકરી કેવી ? એ વિચાર આવતાં ગેમલ તુરતજ ઉઠયો અને સરલા પાસે આવ્યો. સરલા તો ગેમલને જોઇ વિમાસણમાં પડી ગઇ તેના કદાવર શરીર તથા મોટી મુછો અને કાન પાછળ વાળેલા દાઢીના વળ વિગેરે જોતા તેને ઘણીજ બીક લાગી તેનું આખું શરીર ધ્રુજી ઉઠયુ, પરન્તુ ગેમલ ઘણોજ માયાળુ હતો. સરલાને જોતાંજ તેને વિચાર આવ્યો કે આ કોઇક ખાનદાન ઘરનું ફરજંદ છે તે પોતાનો સ્વર ઘણોજ નમ્ર કરી માયાળુપણે બોલ્યો.—

" બેન ! બા ! તું કુણુસે ! અને અહીં ક્યમ ઉભીસે ? " સરલાને તેના માયાળુ શબ્દોથી હિંમત આવી તે ધીમેથી બોલી —

" ભાઇ ! હું દુઃખની મારી આવી છું. "

" પણ તારૂં ઘર તો ઓશેની ? "

" મારે ઘરેય નથી અને બારેય નથી. " એમ બોલતા સરલાને ડુમો ભરાઇ આવ્યો ગેમલ સમજી ગયો કે કોઇ બિચારી દુઃખી છે અને ઘરની વાત યાદ કર્યાથી તેને ઘણુ લાગી આવે છે એટલે તેણે વાત બદલી.

" ઠતો ઠીક પણ તું ભેમણ જેવી લાગેસે અમે રયા ભરવાડાં પણ હાલ બાપુડી ! તને દુધ કાઢી દઇહુ અને પસી અપે વાળુ કરહુ " ગેમલે તેની છેક પાસે જઇ કહ્યું.

" ના ભાઇ ! મારે ખાવું નથી તેમ દુધ પણ પીવું નથી પરમેશ્વર તારૂ ભલું કરો " સરલા બોલી.

" તુ ભુખી મરે અને હમે ખઇએ ઇમ તે બને ! તુ ન ખાય તો

અમારે હો નથી ખાવું જેવી મારી કેહરી તેવી તુ મો.' ગેમલ આટલું બોલ્યો એટલામાં તો લાખી પણ ત્યાં આવી પહોંચી અને બોલી ઉઠી:—

"બોન! હાલમા. મનમા કાંઇ ફકર ના રાખ. મારી કેહરી ઝાડે તું ય રેહજે. (ગભીર તરફ ફરીને) અલ્યા ગમીર! પેલી ઉટડીની પાહે જા. હાલ બોનને દુધ દઇએ." એમ બોલી સરલાની આગળી ઝાલી. સરલાએ જાણ્યું કે "અત્રે કાંઇ બીજો ઉપાય નથી તેમ આ ભરવાડ કુટુંબ પણ માયાળુ છે તેથી મને જગલમા પણ આશ્રય મળશે." એમ વિચારી તેમની સાથે ગઇ.

# ત્રયોદશ પરિચ્છેદ.

## લગ્નમાં વિઘ્ન.

વિધિના લેખ નવ જાણ્યા, રઘુકુલ દીપ જયાં રાજે,
પુરોહિત શ્રી વસિષ્ટજ જયાં, બ્રહ્મર્ષિ શ્રેષ્ટ જ્યાં ગાજે;
કરિ ત્યાં શ્રેષ્ટ તૈયારી, સુખદ અભિષેકની આશે,
ન જાણ્યું જાનકી નાથે, પ્રભાતે શી ગતિ થાશે.

આજે લગનનો દિવસ હોવાથી ઇન્દુકુમારને ત્યાં તેમજ ચપલાને ત્યાં ધામધુમ થઇ રહી હતી. બાહ્ય દૃષ્ટિએ જોતાં બન્ને કુટુંબો આનં-

દમા મગ્ન જણાતા હતા પરન્તુ અંતર્દષ્ટિએ વિચારપૂર્વક જોતાં જેમને આ સમારંભ આભારી હતો તે વ્યક્તિઓનાં હૃદય અત્યંત બળતાં હતાં. ઇન્દુકુમારે તો આ લગ્ન ન કરવાનોજ નિશ્ચય કર્યો હતો અને તેથી શું કરવુ એ વિચારમા પોતાના ઓરડામા ફરતો હતો તે સમયે સરલાની અને એની એક દષ્ટિ થતા સરલાએ કાગળ ઇન્દુકુમાર તરફ ફેંકયો તે પણ આપણે જોઇ ગયા છીએ. ઇન્દુકુમારે નીચે જઇ તે કાગળ લીધો. અને પોતાના દીવાનખનામા આવી બારણું બંધ કરી ખુરશી ઉપર પડયો કાગળ ઉપરનુ શીરનામું વચ્યુ આખમાં પાણી ભરાઇ આવ્યા. બે ત્રણ વખત ફરી ફરીને વાંચ્યુ. પત્રને છાતી સાથે દબાવ્યો વળી પાછું ફરીથી શીરનામું વાચી બોલ્યો —

"બોલ ! બોલ !! મારી હૃદયરાજ્ઞિના સદેશહારક ! બોલ તું કેવા સમાચાર લાવ્યો છે ?" એમ બોલતા કાગળ ઉઘાડયો.

"વ્હાલા ઇન્દુ !

મુખઆગળ દર્પણ ધરીને મોઢેથી શુ વર્ણન કરૂં ? મારા હૃદયનું ત્હારા હૃદયમા પ્રતિબિંબ પડે છે તેમ તારૂં હૃદય પણ હુ સ્પષ્ટ જોઉં છું એટલે શુ લખવું તે સમજાતું નથી. દર્શનથી કદી નેત્ર તૃપ્ત થતાં હશે પરન્તુ હૃદય તો બળ્યાજ કરે છે જોવું અને રોવું તેના કરતાં જોવુંય નહિં અને રોવુંય નહિં—દેખવુંય નહિં અને દાઝવુંય નહિં—એ ઉત્તમ ગણું છુ. પણ હૃદય અંતરિક્ષથી તો જોયાજ કરશે.

હવે સહનશીલતા આ હૃદયનો ત્યાગ કરી ગઇ છે, ધૈર્ય ચાલી ગયું છે, બુદ્ધિ બહેર મારી ગઇ છે, અને—અને—

નથી શમતા, નથી મમતા હૃદયથી ધૈર્યનો નાસે;
સહનશીલ જે હતું, આજે 'સહનશીલ' શબ્દથી ત્રાસે.

હૃદયની ઉર્મિઓ સર્વે દબાઇ નાશ પામી છે;
"પ્રિતમ ! વ્હાલા ! !" તણી ભ્રમણા હૃદયમા ધુનિ જામી છે,

ગઇ માતા, પિતા સાથે, હૃદયમા ઘાવ કીધો છે,
મનન એ સર્વનું છોડી, પ્રણય તુજ જામ પીધો છે.

હૃદયમાં શૂન્ય છે વ્યાપ્યું, છતા એ તું શમાયો છે;
વિરહના ગાનમાં પણ તું, પ્રણયમા પણ ગવાયો છે.

હસુ કે રોઉં સૌ સરખું, જીવન મૃત્યુ સહુ સરખું;
અરિને મિત્ર સૌ સરખુ, જીવન મૃત્યુ સહુ સરખુ.

તજુ છું ગ્રામ સંબધી, અહરનિશ વન ગજાવીશુ.
પ્રિતમના નામની માળા, ધરી ભગવુ ભજાવીશુ.

નથી સબધ કંઇ હાવે, જગતના આ જીવો સાથે;
વિકારો સર્વ સ્થુળમા છે, નથી તે સુક્ષ્મની સાથે

ભુલી મુજને, ભુલી જાજે સહુ સંબધ આગળના;
જુડાઇ પ્રેમથી રમજે, નપળ ચપળા સુહાગણના

સરલ છે નામ સરલાનું કદી જો યાદ એ આવે,
લઇ જીવ્હાગ્રે મમ કરજે પરમ કલ્યાણ, જો ભાવે.

કઉ હું દોષ આ કોને ? કહેને ઇન્દુ ! ઓ વ્હાલા ! !
વિધિ જ્યાં ઉલટી જાયે, રહે ત્યા કોણ ! હે વ્હાલા !

જગત છે સર્વ જ્યા મિથ્યા, વધુ લવરી કરૂં શાને ?
પડ્યો છે વિશ્વમા કોઇ કહ્યુ જેનું વિધિ માને ?

હશે મમ ભાગ્યમા એવું, વૃથા સંતાપ શામાટે ?
સહી--સહેવુ હવે એવું, વૃથા સતાપ શામાટે ?

પ્રણયનો તાર સાધેલો, હશે જો દિવ્ય જ્યોતિથી,
ખરે ! આખર હશે ભાવિ ( તો ), મળાશે દિવ્ય જ્યોતિથી

રુધિરને જો કનક ધારી, ભુલી હોઇશ ભ્રમમાહી,
તથાપિ પ્રેમના પંથે પળીશ હુ ત્રિભુવનમાહી

હૃદયના—

લખાતું નથી, વિચારાતું નથી કેમ કરવુ તે સમજાતું નથી. કંટાળેલુ હૃદય દુનિયાથી ધરાઇ ગયુ છે

ઇન્દુ ! તને વ્હાલા કહેવાનો અધિકાર છે ? હા છે. જ્યાં મે મારૂં હૃદય તનેજ અર્પ્યું છે ત્યા શો પ્રત્યવાય છે ! વ્હાલા ! તારૂં છેવટનુ મુખ દર્શન કરી વિદાય થઉછુ. સર્વત્યજું છુ, ફક્ત તારૂં નામ ભજુંછુ. ઇશ્વર સહાય્ય કરશે તો મળીશું. પણ—પણ મારૂં જશે તે મને મળશે ? આશા નથી. આશા હોત તો આમ ન જાત હશે. મારા ભાગ્યમા એટલુજ સુખ હશે તેમા તુ શું કરે ? જેનો જેટલો સંબધ !

અંતમાં હારી જીહ્વાથી કોઇ દિવસ મારૂં સ્મરણ થશે તો મને અહોભાગ્ય સમજીશ હું તો મારા પ્રેમ દેવતાને આત્મભોગ આપું છું પણ—

નહિં. મારી ભુલ થાય છે. આટલેથીજ ક્ષમા કર. તારા હૃદયપર સામ્રાજ્ય ચલાવવાની મારી સત્તા નથી; હવે મને દુઃખ પણ નથી.

મારા અવ્યવસ્થિત વિચારો અને કઠોર શબ્દોપ્રતિ ક્ષમાની દ્રષ્ટિથી જોજે એમા પણ તારોજ વાંક છે. ક્ષમાને યોગ્ય હોઉં તો ક્ષમા કરજે.

લી૦—હવે નામ લખવાથી શો લાભ છે?

ઇન્દુએ આખરે કાગળ પૂરો કર્યો. આંખના આંસુએ પોતાનું જોર ચલાવ્યું. હાથ તો સ્થિરજ થઇ ગયા. નેત્ર પણ હાથના સાથિ બન્યાં કાગળ ઉપરાઉપરી બે ત્રણ વખત વાંચ્યો. વાચતો ગયો અને શબ્દે શબ્દે અટકતો ગયો.

"અરેરે! બિચારીની શી દશા? તે લખે છે કે 'મુખ આગળ દર્પણ ધરીને મોઢેથી શું વર્ણન કરૂં?' ખરેખર! તેનું હૃદય હું સારી રીતે જોઉં છું—જાણું છું. બિચારી મુખથી વધુ શુ જણાવી શકે? મારાથી શું ગુપ્ત હતુ? ખરેજ! હૃદય તો બળવાનુંજ છે. હારૂં—હારૂં હૃદય તો બળેજ છે. પણ—"

વળી અટકયો અને વિચારમાં પડયો. જરાવાર રહી પાછો બબડયો—

નથી શમતા! નથી મમતા! હૃદયથી ધૈર્યતો નાસે,
સહનશીન જે હતુ, આજે **સહન શીલ** શબ્દથી ત્રાસે.

શુ ત્યારે હવે તું સહનશીલ નથી ? ખરૂં ખરૂં. તેથીજ તેં લખ્યું છે કે:—

તજું છું આમ સંબધી, અહર્નિશ વન ગજાવીશુ,
પ્રીતમના નામની માળા ધરી ભગવુ ભજાવીશું.

નથી સંબંધ કંઇ હાવે—

ખરેજ ! હવે તારે કોઇની સાથે શો સબધ ?

નથી સંબંધ કંઇ હાવે, જગતના આ જીવો સાથે.
વિકારો સર્વ સ્થૂલમાં છે નથી તે સૂક્ષ્મની સાથે

આહા ! કેવું સૂચન !" રોતાં રોતા પણ તેનો ચહેરો ચમકયો.

" વિકારો સર્વ સ્થૂલમા છે ? ખરેજ ! તુ હવે મને સ્થૂલ દૃષ્ટિથી માયિક દ્રષ્ટિથી ચ્હાતી નથી પણુ સૂક્ષ્મમા—સૂક્ષ્મસ્વરૂપે ચ્હાય છે મારા ધન્ય ભાગ્ય. વળી

ભુલી મુજને. ભુલી જાજે સહુ સંબંધ આગળના;
જડાઇ પ્રેમથી રમજે ચપળ ચ—

ના. ના તે એકદમ બોલી ઉઠયો. " તેમ નહિજ બને, તુ મારે માટે આમ દુ ખી થાય અને હુ ચપળા સાથે—ના. તેમ નહીજ થાય સરળા ! વ્હાલી—મારી મનોહારી સરલા !! તેમ નહીજ. બને " વળી આગળ ચલાવ્યુ

" દઉં હું દેષ આ કોને ? કહેને ઇન્દુ ! ઓ વ્હાલા !'

હેં ! કોને દોષ દઉં ? મને • મનેજ વ્હાલી ! પ્રિયે ! હુંજ તારો અપરાધી છું. આ લગ્નવિરૂદ્ધ હું કાંઇ ન બોલવાથીજ તારી આ દશા થઇ " વળી આગળ વાંચવા માંડયુ

" વિધિ જ્યાં ઉલટી જાયે, રહે ત્યા કોણ ? હેં ! વ્હાલા !

અરે શુ તું મારી સમતિ માંગે છે ? વિધિ ઉલટે ત્યાં કોણ રહે ! એમ તું પુછે છે ? ખરેખર ! મારા જેવો મૂર્ખજ રહે. હા હવે સમજ્યો તુ મને પણ સૂચનજ કરે છે ધન્ય છે અહા ! કેવી સરલા ! ખરેખર નામ પ્રમાણેજ તારા ગુણ પણ છે."

જગત છે સર્વ જ્યા મિથ્યા, વધુ લવરી કરૂ શાને ?

ખરેખર ! જગત મિથ્યાજ છે સત્ય તો ફકત શુદ્ધ પ્રેમજ છે અરે ! તે પ્રેમ છોડી હુ મુઢ થઇ બેસી રહયે છુ કેવો મૂર્ખ !

પડયો છે વિશ્વમાં કોઇ કહ્યુ જેનુ વિધિમાને ? ખરે ! કોઇ નથી. પિતાને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ કાંઇ ન વળ્યુ. છતા વિધિ શુ ધારે છે તે કોણ સમજ્યુ છે ?

હશે મમ ભાગ્યમા એવુ—

ના ના ત્હારા ભાગ્યમાં દુઃખ તો નજ હોવું જોઇએ શું શુદ્ધ પ્રેમની દેવી આમ દુખી થવા સર્જાયલી હોય ? એવુ શા માટે ધારે છે ? તારા ભાગ્ય સાથેજ મારૂ ભાગ્ય જડયનુ છે ત્હારા જેવુજ—" બોલતા બોલતા તે અટકયો કાંઇક ઉડા વિચારમા પડી ગયો થોડીવાર અટકી વળી પાછો બોલ્યો—

" પ્રણયનો તાર સાંધેલો હશે જો દિવ્યજ્યોતિથી,
ખરે ! આખર હશે ભાવિ (તો), મળાશે દિવ્ય જ્યોતિથી.

' ખરેખર ! મને કેવું સુચન કરે છે ! મારે પણ તારી પાછળ આવવું. જો તેમ ન થાય તો હું અધમ કૃતઘ્ન ઠરૂં સરલા ! વ્હાલી સરલા ! ! ત્હારી જ્યોતિ દિવ્યજ છે અને તેથી તેમાંજ મારી જ્યોતિને હું વીલાવીશ.

કથિરને જો કનક ધારી ભુની હોઇશ ભ્રમમાંહી,
તથાપિ—

અરે ! આતો અસંબદ્ધ છે " જરાવાર વિચાર કરી બોલી ઉઠયો — ' હા હા સમજાયું. મને કાંઇક કટાક્ષમાં લખતાં લખતાં અટકી વાકય બદલી નાખી પોતાના ભાવિ વિચારો જણાવ્યા છે પણ વ્હાલી ! તેમાં તું ભુલે છે હિન્દુને છેક જ કથિર જેવો ન સમજીશ તારા સહવાસથી તેમાં કાંઇક તો કનકના ગુણ હશેજ " વળી કાગળ સામે જોઇ બોલ્યો — ' તેના કાગળના પાછલા શબ્દો પણ બધા કટાક્ષમાંજ લખાયલા છે અરેરે ! બિચારીને કેટલું દુઃખ થયું હશે ? હું કેવો ક્રૂર ! કેવો ઘાતકી ! ! બીચારીએ મારે માટે સર્વ ત્યજ્યું અને હું હજી આરામથી ઘરમાંજ બેઠો છું ધીમે ધીમે વખત ચાલ્યો જાય છે અને લગ્નનો સમય નજીક આવતો જાય છે. તે ચાલી ગઇ ! કયાં ગઇ હશે ! ! અરે ! તેની શી દશા થઇ હશે ' મમ—"

તે બોલતો બોલતો એકદમ અટકી પડયો. કાગળ ખીસામાં મૂકી ઉભો થયો. આંખમાંથી આંસુ વહેતાં માથે ઓરડીમાં આંટા મારવા લાગ્યો. થોડીક વારે કાંઇક નિશ્ચયપર આવ્યો હોય તેમ જણાયો અને બબડયો —

"ફીકર નહિં. પણ કદાપિ પિતાને આઘાત થશે તો ? અરે એતો સૌ થઇ રહેશે. પણ કોઇને વહેમ ન આવવા દેવો જોઇએ." આમ અસંબદ્ધ વાકયો બોલતાં કપડાં પહેર્યાં. એટલામાં કોઇના આવવાનો પગરવ સાંભળવાથી ખુરશી ઉપર પડયો. પાચ મીનીટ, દશ મીનીટ થઇ પણ કોઇ જણાયું નહિં. આખરે તે ઉઠયો અને બહાર નીકળ્યો આ વખતે તેનું શરીર એક યત્રની માફક દોરાતુ હોય તેમ તેને લાગવા માડયુ. પોતે શા વિચારથી બહાર નીકળ્યો અને કયા જતો હતો તેની તેને પોતાને પણ સમજ ન પડી. જાણે કોઇ અદ્રષ્ય શક્તિ તેને દોરતી હોય તેમ તેને જણાયુ. તેનુ શરીરજ નહિ પરન્તુ તેનુ હૃદય પણ પરવશ થઇ પડયું હતુ. કાંઇ પણ હેતુ અગર વિચાર વિના તે મનુભાઇના ઘરમાં પેઠો. માધવરાય મધુને ખોળામા લઇ બેઠો હતો. ઇન્દુને દેખતાજ મધુ દોડીને તેને બાઝી પડયો અને "ઇન્દુભાઇ ! ઇન્દુભાઇ ! !" કહેતો પોતાના મૃદુ કાલા પરન્તુ અત્યન્ત પ્રેમયુકત શબ્દોથી જાણે તેને વધાવી લેતો હોય તેમ તેના પગે બાઝી તેના સામે હર્યું જોઇ રહ્યો. ઇન્દુકુમારને મધુના આ કાલા કાલા શબ્દોની ઘણીજ અસર થઇ તેની આંખમાથી પણ આ નિર્દોષ નિરાધાર પણ પ્રેમાળ બાળકની આવી દયાજનક સ્થિતિ જોતાં આસુ ખરી પડયા. તેનાથી સહજજ બોલાઇ જવાયું કે. "અરેરે ! આવા બાળકની આ દશા ?"

માધવરાય ઇન્દુકુમારને જો કે ઓળખતો હતો પરન્તુ તેનો તેને વિશેષ પરિચય ન હતો. મધુકુમારની તેના તરફની માયા જોતાં તેને લાગ્યું કે મનુભાઇના કુટુંબ સાથે તેને વિશેષ ગાડો સબંધ હોવો જોઇએ.

ઇન્દુકુમારને સન્માન આપી બેસાડતા મનુભાઇના કુટુંબપરની આફતની વાત નીકળી. ઇન્દુકુમાર પોતે ત્યાં શા માટે આવ્યો હતો અને શું કહેવું તે તેને સમજાયું નહીં. તેનું અંતઃકરણ અસ્થિર થયુ જેમ તેમ પોતાની વૃત્તિઓ સ્થિર રાખી તેણે વાતમાં ભળવા પ્રયત્ન કર્યો

"ઇશ્વર પણ કેવો ક્રૂર છે? જેના ઉપર નાખે છે તેના ઉપર સામટીજ આફત નાખે છે" માધવરાય બોલ્યો

"જુઓને! તમારે પણ થોડી આપત્તિ આવી પડી છે? તમારાં બ્હેન અકાલે ગુજરી ગયા." ઇન્દુકુમારે કહ્યું. "કેવાં સુશીલ! કેવા સદ્‌ગુણી! બિચારા મનુભાઇતો તે આઘાતથી ચિત્તભ્રમિત થઇ ગયા. અરે! એ બિચારાને પણ કેટલું સોસવું પડ્યું! ઇશ્વર જાણે એ પણ કયા ગયા હશે."

"જયા હોય ત્યા પણ આડું અવળું ન કરે તો સારૂ"

"ના ના એવી શંકા તો રાખશોજ નહિં તે કેળવાયલ છે. એટલે એવું અધમ પગલુ નજ ભરે એમને પણ બિચારાને આખા જન્મમા શું સુખ મળ્યું છે!" ઇન્દુકુમારે નિશ્વાસ નાખતા જણાવ્યુ

"ભાઇ! દુખનો બધાય ઉપર આવી પડે છે, પણ કાઇ છેક આમ હોય? નાના છોકરા પનારે પડે તો પોતાના મનને કાઇક તો સ્થિર રાખવુ! એતો ઠીક છે કે હુ આવી પહોંચ્યો, નહિ તો આ મારા—" બોલતા બોલતા શ્વાસ રૂંધાઇ ગયો. જરા ધીમેથી પણ

દબાયલેસ્વરે બોલ્યો "મારાં નિર્દોષ બાળકોની શી દશા થાત ?" ઇન્દુકુમારનું હૃદય પણ ભરાઇ આવ્યું.

"પણ તેમના જવાથી વળી એક આઘાત તેમને ઓછો થશે. ઇન્દુકુમાર બોલ્યો."

"વળી તે શું છે ?" માધવરાયે અધિરાઇથી પુછ્યું.

'ત્યારે શું તમે હજી નથી જાણતા ?" ઇન્દુકુમારને પોતાનેજ કહેવાનો વખત આવ્યો જાણી તેની આંખમા ઝળઝળીયાં ભરાઇ આવ્યાં પરન્તુ પોતાની બધી હિમત ભેગી કરી તે બોલ્યો:—

"સરલા—" તેણે બન્ને હાથોમાં મોઢું ઢાંકી દીધુ. તેનાથી વધુ ન બોલાયું. ક્ષણુવારમાં તો માધવરાયના હૃદયમાંથી અનેક અમંગળ શંકાઓ પસાર થઇ ગઇ તે ભયમાં ફાટે સાદે બોલી ઉઠયો —

"મારી સરલાને શુ થયુ ? મારી સરલા કયાં ગઇ ? કહો, કહો ! ઇન્દુકુમાર ! કહો. હુ તેની કયારનોય રાહ જોઉં છું."

"સરલા કયા ગઇ ? હેં ! ઇન્દુભાઇ ! મને સરલા પાસે લઇ જાઓને ! બ્હેન—" બીચારો મધુ માધવરાયના શબ્દોથી આવેશમા આવી ઇન્દુકુમારને ગળે બાઝતો બોલી ઉઠયો અને રડવા લાગ્યો.

ઇન્દુકુમારને કરવામા આવેલા ઉપરાઉપરી પ્રશ્નોએ તેનું હૃદય વધુ ભરાઇ આવ્યુ. માધવરાયને થતા આઘાત તથા નિર્દોષ મધુનું કરુણાજનક રૂદન તેનાથી સહન ન થયું. તેને કાંઇ શુદ્ધિ ન રહી. મુખથી કાંઇ બોલી ન શકાયું. નેત્રમાથી અશ્રુ વહેવા લાગ્યા. છેવટે પોતાના ખીસા-

માનો પત્ર કાઢી માધવરાયના હાથમાં " મૂકયો પત્ર આપતાં ઇન્દુકુમારને કાંઇક મર્યાદાનો વિચાર આવ્યો પણ આવે પ્રસંગે તે વિચાર કરવાનો નથી. એમ વિચારી પત્ર માધવરાયના હાથમાં મુકી દીધો માધવરાયે પત્ર ઉકેલ્યો. લખનાર તથા વાંચનારનાં આસુઓ સ્થળેસ્થળે પડેલાં હતાં છતાં માધવરાયે તે વાચવા માંડયો વાંચતા વાચતા ઠેકાણે ઠેકાણે અટકતો અને વળી વાંચતો. જેમ તેમ કરતાં કાગળ પુરો કરી ઇન્દુના હાથમા આપ્યો. આ વખતે તેનો દેખાવ ઘણોજ દયામણો થઇ પડયો હતો. તેને આશ્વાસન આપતા ઇન્દુકુમાર બોલ્યોઃ—

" થવાનું હતું તે થયું. પરન્તુ હું ધારૂં છું કે સરલાએ જતી વખત તમને પણ કાંઇક ખબર મળવા જેવું કર્યું હશે. તપાસ તો કરો."

માધવરાય તથા ઇન્દુ ઘરમાં તપાસ કરવા લગ્યા. જે જયા તે ત્યા પડેલું હતું. કોઇ પણ રીતની અવ્યવસ્થા ન જણાઇ. છેવટે જોતા જોતાં સરલાના ઓરડામાં આવ્યા. વચ્ચોવચ્ચ માધવરાયના નામનો કાગળ પડેલો જોયો. માધવરાયે તે વાંચ્યો વાચતાં વાંચતા તેનું અંતઃકરણ ગભરાઇ ગયુ હાથમાથી કાગળ નીચે પડી ગયો અને મોઢામાથી "હા!" એટલોજ શબ્દ નીકળ્યો.

ઇન્દુએ પણ રડતી આંખે તે પત્ર પુરો કર્યો માધવરાય કાઇક શુદ્ધિમાં આવ્યા પછી સરલાને ખોળવા તથા તેની પાછળ જવાનો વિચાર કરવા લાગ્યો પણ ઇન્દુકુમારે તે વિચાર માંડી વળાવ્યો.

" એની પાછળ તમે જશો તેમા લાભ નથી. એ બાબત તમે

મને સોંપી દો. તમે તો મધુને લઇને હવે અત્રેથી બંદોબસ્ત કરી ઘેર જાઓ. વિશેષ કાળજી તમારે મધુ માટે રાખવાની છે.

માધવરાય આ શબ્દો સાંભળી કાંઇક વિચારમાં પડી ગયો. થોડી વારે બોલ્યો—"તમે શી રીતે જશો? આજે તો તમારૂં—" માધવરાય તે વાકય પૂરૂં કરે તે પહેલા તો ઇન્દુકુમાર બોલી ઉઠયો,

"એ વાત યાદ ન કરો. તમે મોટા છો, છતા મર્યાદાનો લોપ થાય તો ક્ષમા કરજો. સરલાના પત્ર ઉપરથી તમે એનું અંતઃકરણ સારી રીતે જાણી શકયા હશો. હું પણ કાંઇ મૂર્ખ કે કૃતઘ્ન નથી. મારૂં અંતઃકરણ પણ શૂન્ય બની ગયું છે. આજનો સમારંભ એમને એમ રહેવાનો છે. હું સમયની રાહ જોઉં છું. વખત મળતા હું એની પાછળ જઇશ." આટલું બોલતા તેની આંખોમા ઉત્સાહ અને પ્રેમ ઝળકી નીકળ્યાં બિચારો મધુ અત્યારસુધી બધું સાંભળ્યા કરતો હતો. તે હવે દયામણે ચ્હેરે ઇન્દુકુમાર સામું જોઇ બોલ્યો—"મને તેડી જશો? હે!"

ઇન્દુકુમારે મધુને છાતી સાથે ચાંપ્યો અને આશ્વાસન આપતાં બોલ્યો, "ભાઇ! મારા મધુ!! તું મામાસાથે જજે અને હું સરલાને તેડીને તરતજ આવીશ હો! મારો ભાઇ કેવો ડાહ્યો છે!"

"પણ તમે જરૂર આવજો હો! તમે નહીં આવો તો મને નહી ગમે. હું રડીશ પછી."

મધુના કાલા શબ્દોએ સાંભળનારનું હૃદય પીગળાવી નાખ્યું. ઇન્દુકુમારે માધવરાયને સરલાના ચાલ્યા જવાની વાત ગુપ્ત

રાખવા ભલામણુ કરી. માધવરાયને પણ તે યોગ્ય લાગ્યું. થોડી ઘણી વાત ચીત પછી ઇન્દુકુમાર ઘર તરફ ગયો અને માધવરાયે પણ સઘળી વ્યવસ્થા કરી, મધુને લઇ પોતાને ઘેર જવાની તૈયારી કરવા માંડી

ચપલાને ત્યાં પણ આજે ધામધુમ મચી રહી હતી અનંતરાયનાં સ્નેહી સબંધી પણ આનદથી તેમા ભાગ લેતા હતાં. જ્યાં ત્યા મંગળ ગીતો ગવાઇ રહ્યા હતા. સરોજ પરોક્ષ રીતે તેમા ભાગ લેતો હતો જ્યારે કીશોરીલાલ તો ઘરના માણુસ માફકજ કાર્યભાર કરતો હતો આજ ના કામનો ઘણો ભાગ તેનાજ માથાપર આવી પડયો હતો. અનંતરાયે પણ બહોળે હાથે ખર્ચ કરવા માંડયો હતો. યશોદા પણ આમ તેમ ઘુમતી હતી આજે તેનો હર્ષ પણ માતો ન હતો

વખત વખતનું કામ કરવા લાગ્યો. લગ્નના મુહૂર્તનો સમય થવા આવ્યો છતાં હજી સુધી વરઘોડાનુ કે જાનનું નામ નિશાન પણ નહોતું. સર્વની આતુરતા વધવા લાગી. મુખ્ય મુખ્ય કારભાર કરનારાઓએ દોડા દોડી કરી મુકી સગા વહાલા જેમ આવે તેમ વાતો કરવા લાગ્યાં. વિધ વિધ શુભાશુભ શંકાઓ થવા લાગી કેટલાક વિઘ્નસતોષીઓ તમાસો જોવા ભેગા મળ્યા લગ્ન મંડપમા ભેગા થયેલા સર્વના મુખમાં ફકત આ એકજ વાત ચાલી રહી હતી છેવટે અનંતરાય તથા યશોદાએ વિચાર કરી કીશોરીલાલને ચદ્રવદનરાયને ત્યાં મોકલ્યો કીશોરીલાલે ત્યાં આવતાજ કાઇ નવીન રંગ જોયો ઘર આગળ કેટલાક માણુસો ભેગા થઇ ગયા હતા. તેમના તરફ લક્ષ ન આપતાં તે ચંદ્રવદનરાયના ઓરડામા ગયો

એક ખુરશીપર ચંદ્રવદનરાય મોઢાપર હાથ નાખી પડયા હતા. કીશોરીલાલે ઓરડામા પેસતાંજ પૂછ્યું.—

"કેમ શેઠસાહેબ! હજી કાંઈ વરઘોડાની તૈયારી જણાતી નથી? કન્યાને માંડવે તો બધા રાહ જુએ છે."

આ પ્રશ્નથી ચમકી ચદ્રવદનરાયે ઉંચું જોયું. કીશોરીલાલને બેસવા ખુરશી આપી. પછી દુઃખદ સ્હેરે અને ક્ષિણ અવાજે તે બોલ્યોઃ—'કીશોરીલાલ! મારૂ તો સર્વસ્વ ગયુ. મે ન માન્યું અને છોકરાની મરજી વિરૂદ્ધ આ લગનતુ નક્કી કર્યું તેનું આખરે આ પરિણામ આવ્યુ. અડધા કલાકથી ઇન્દુકુમારનો પત્તો નથી."

"હેં! ઇન્દુકુમારનો પત્તો નથી?" કીશોરીલાલે આશ્ચર્યથી પૂછ્યું.

"હા, ઇન્દુકુમારનો પત્તો નથી આ તો હોંસથી લગ્ન કરવા ગયા પણ લગ્નમાં વિઘ્ન આવી પડયું. મને તો કાંઇ સમજ પડતી નથી."

"તમે તપાસ તો કરો. એટલામા કયાં જનાર છે! કોઇ ભાઇબંધ દોરતદારને ત્યા ગયો હશે."

"ભાઇ! બધેય ખબર કઢાવી, પણ કયાય નથી. તમારી ખાત્રી ન થતી હોય તો લ્યો, આ વાચો." એમ કહી એક કાગળનો ટુકડો કીશોરીલાલ તરફ ફેંકયો

કીશોરીલાલે તે વાંચવા માંડયો.

"પરમપૂજ્ય પિતાજી!"

વધુ લખી શકતો નથી. માત્ર એટલીજ વિનંતી કે હું જાઉં છું. મારી શોધ ખોળ કરશો નહિં. મને કાંઇ દુ:ખ નહોતું. ફકત મરજી વિરૂદ્ધના લગ્ન–દબાણથીજ મારે ગૃહત્યાગ કરવો પડયો છે. મેં તમને ઘણું ઘણું સમજાવ્યા પણ તમારા અંતરમાં વાત ન ઉતરી. છેવટે [ કાંઇ ઉપાય ન રહયો તેથી મેં સર્વનો ત્યાગ કર્યો છે તમારી અવજ્ઞા થતી હોય તો બાળક છું ક્ષમા કરજો.

લી તમારો બાળક.

ઇન્દુ.

કીશોરીલાલે પત્ર વાંચી પાછો મૂકયો પછી ચંદ્રવદનરાય બોલ્યો — "ખરી વાત છે કે આ બાબત મારૂજ દબાણ હતું મેં એનું કહેવુ ન સાંભળ્યુ અને આખરે પુત્ર ગુમાવ્યો. તેણે અત્યારસુધી કોઇને કાંઇ પણ વ્હેમ ન પડવા દીધો અને કોણ્ જાણે કેવી રીતે તે લગભગ પોણાએક કલાક અગાઉ ગુમ થઇ ગયો. ઘણી શોધ કરી પણ પત્તો ન લાગ્યો છેવટે મારા ઓરડામાં આવતાં આ ચીઠ્ઠી નજરે પડી"

"હશે શેઠ! થયું તે થયું પણ અનંતરાયશેઠની શી દશા? છોકરીને પીઠી ચઢેલી કાંઇ અટકશે?" કીશોરીલાલ આટલું બોલી અનંતરાયને ત્યા જવા નીકળ્યો

# ચતુર્દશ પરિચ્છેદ.

## વ્હાલીને બદલે લાલી.

A substitute shines brightly as a king, until a king be by **Shakespeare.**

કીશોરીલાલને ચન્દ્રવદનરાયને ત્યા મોકલ્યા પછી એક ઓરડામાં અનંતરાય, યશોદા અને સરોજ એમ ત્રણ જણ વિચાર કરવા લાગ્યાં જાનને આ પ્રમાણે વિલંબ થવાથી અનંતરાય તળે ઉપર થઇ ગયો હતો. તેના હૃદયમા કેટલાય વિચારો આવતા હતા. તેને ખાત્રી થઇ ગઇ હતી કે ચન્દ્રવદનરાયની મરજી આ લગ્ન કરવાની નહીજ હોય, અને તેથી પોતાની મરજી વિરૂદ્ધ યશોદાએ દબાણથી કરાવેલા આ વિવાહ માટે તેને ઘણુંજ લાગી આવ્યું, તેનો ક્રોધ ઘણોજ વધી ગયો, યશોદા તરફ તિરસ્કારની દ્રષ્ટિ કરતા તે બોલ્યોઃ—

"કહો ! હવે છે તમારા સુધારામાં કાંઇ ખામી ? લગ્ન લગ્નને ઠેકાણે રહેશે અને આખી ન્યાતમાં અને ગામમાં હાસી થશે તે જુદી."

"અરે એમ ઉતાવળા શું થાઓ છો ? વખતે વાર પણ લાગે. હજી કીશોરીલાલને તો આવવા દો." યશોદાએ જવાબ આપ્યો.

' એવા તુ હશ કીશોરીલાલને તપાસ કરવા મોકલને ! એથી શું ? ”

“ એમ ઉતાવળા થવાથી શુ વળવાનું છે ? ” સરોજ હવે વચ્ચે પુરાયો. “ જુઓ તો ખગ કે શું થાય છે ! થયું તે કાઇ ન થયું થવાનું છે ? કદી એ ના પાડશે તો વર કેટલા ! કાંઇ લગ્ન અટકી પડશે ? ”

“ ઠીક, જે થાય તે ખરૂ બહાર સગાં વ્હાલા શી વાતો કરે છે તે સાંભળી છે ? ” નિશ્વાસ નાખતો અનતરાય ગુપચુપ બેઠો. સરોજ બહાર જઇ પુરૂષ મંડળમા ભેળાયો અને યશોદા ચપલાવાળા ઓરડામા ગઇ. ચપલાને પણ બહાર શું થાય છે તેની ખબર હતી. તે પોતાના મનમા વળી કાઇ જુદોજ ઘાટ ઘડતી હતી,

“ આ પણ ઠીકજ થાય છે ખરેખર ! ઇશ્વર સૌ સૌને અનુકુળજ મેળવે છે ઇન્દુ સાથે મારી મરજી નહોતી તો બન્યું પણ તેવુંજ. લગ્નના કામમા કાઇ કોઇ ઢીલ કરે નહિં. કાંઇપણ અનિવાર્ય કારણ હોવુ જોઇએ. હશે ! જોઇએ છીએ શુ થાય છે. નહિં તો પછી ”

હજી વિચારમાળા આગળ ચાલતી હતી તેવામા યશોદા ત્યાં આવી પહોંચી ચપળાએ હાથ આવેલી બાજી મેળવી લેવાની યુક્તિ શોધવા માડી અને યશોદાને પ્રશ્ન કર્યો.

“ કેમ બા ! તુ આજ આમ દીલગીર જણાય છે ? ”

“ જોને બ્હેન ! હજી કાઇ ઠેકાણુ નથી ! લગ્નનો સમય તો વહી જાય છે. ” નિશ્વાસ નાખતા તે બોલી.

“ હુ નહોતી કહેતી કે તે તો જુના વિચારનો જંગલી છે !

એવા ખ્રડીયટા (Idiots) ના ભેજાના ઠેકાણાજ નથી હોતા. ” ચપળા ઠણુકા કરતાં બોલી.

“ એ તો ઠીક, પણ જો કાંઇ વિઘ્ન આવી પડે તો શું કરવું ? પ્રથમ એનો વિચાર કરવાની જરૂર છે. ”

“ એનો રસ્તો હું બતાવું. પણ હું કહું તેમ તું કરવાને કબુલ થાય તોજ ”

“ હા કબુલ છું. પણ તે રસ્તો તો બતાવ. ” યશોદાએ અધિરાઇથી પુછ્યું.

“ આપણે સુધારાવાળાને તો સ્નેહ-લગ્નજ યોગ્ય છે ને ? ”

“ અરે પણ અત્યારે સ્નેહ-લગ્ન વાળો લાવવો કયાંથી ? જો એ ના પાડશે તો કાંઇ પીઠી ચડેલી ઉતરી જશે ? આપણે તો લગ્ન કરવાંજ પડશેને ? મુશ્કેલી એજ છે કે હવે વર લાવવો કયાંથી ? ” યશોદાએ મનના વિચાર જણાવ્યા.

“ તને એટલુય યાદ નથી કે ? ” ચપળાએ હસતા હસતા કહ્યું. “ એટલામા ભુલી ગઇ ?

> તુમ્હારે ઇશ્કમે મજનુ સીફત ફીરને હે દીવાને,
> નહી મતલબ હમે દુનિયાકી ઇજ્જત ઔર ઝીલ્લતસે. ”

“ તુ તો કોઇ અજબ ઢંગવાળી છે. ” યશોદાએ જરા ચીડાઇને કહ્યું. “ આ વખત તે આમ ગાવાનો છે ? ખુલાસો કરતી નથી ને ઉલટી હસે છે. ”

“ હજી ન સમજી ? તે આ કોઇ વખત સાભળ્યુ છે ? ”

યશોદા વિચારમા પડી ગઇ.

" કેમ ? યાદ આવે છે ? " ચપળાએ ફરી પુછયું

" હા, હા. પણ તુ તેને ચ્હાય છે ? " યશોદાએ પ્રશ્ન કર્યો.

" હા અને તે પણ ચ્હાય છે. માટે બીજા વિચાર માંડી વાળ અને–" ચપળા બોલવા જતી હતી એટલામાં સરોજ તથા કીશોરીલાલ બન્ને જણુ ત્યા આવ્યા એટલે યશોદાએ પૂછયું —

" કેમ કીશોરીલાલ ! શા સમાચાર છે ? "

" મોટી આફત આવી પડી છે. કહે છે કે ઇન્દુનો પત્તા નથી " કીશોરીલાલે જવાબ આપ્યો.

" હે ! ઇન્દુનો પત્તા નથી ? " યશોદા બોલી ઉઠી.

" હા, તે ઘર છોડીને ચાલ્યો ગયો છે. " કીશોરીલાલે જવાબ વાળ્યો. યશોદાએ સરોજ તરફ જોઇ પૂછયું " કેમ સરોજ ! હવે તો તારૂ ધાર્યું થયુ ને ? ચાલ, હવે મારો વારો છે હવે શુ કરવું તે રસ્તો બતાવ "

" લગ્નનો સમય વહી જાય છે. બહાર તો બધે હોલાહલ મચી રહ્યા છે " કીશોરીલાલ વચ્ચે પુરાયો.

" હુ શુ કહુ ? જેમ ધ્યાન પહોંચે તેમ કરો. જે કરશો તે મારે કબૂલ છે. " સરોજે જવાબ આપ્યો આ વખતે સરોજના મનમાં કાંઇ જુદાજ વિચાર ચાલી રહ્યા હતા. ઇન્દુકુમારની ચાલ્યા જવાની વાત સાભળી તેને અનેક તર્ક વિતર્ક થવા લાગ્યા. યશોદા તેને ઉપરાઉપરી પ્રશ્નો પૂછવા સાથે મર્મિક શબ્દો કહેવા લાગી પણ તે તો

જાણે કાંઇ સાંભળતોજ ન હોય તેમ મૌન રહ્યો. પછી એકાએક જાણે કાંઇ વિચારમાંથી જાગૃત થયો હોય તેમ બોલી ઉઠયો ' તમને યોગ્ય લાગે તેમ કરો. મારે હાલ તો જવુંજ જોઇએ. મારા ઉપર એક બીજું કાર્ય આવી પડ્યું છે " એમ બોલી પ્રત્યુતરની રાહ જોયા સિવાય તે ચાલતો થયો સરોજ ગયો કે તુરતજ અનંતરાય ત્યાં આવ્યો

પ્રિય વાંચક ! અનંતરાય અને યશોદા વચ્ચેની વતચીતમાં કલહ વધી પડવાનો સંભવ હતો પરન્તુ યશોદાએ વાત ટુંકમા પતાવવા અનતરાયને બોલતો અટકાવી જણાવી દીધું:—

" હવે બધી વાત જવા દો જે થતું હશે તે સારૂંજ થતું હશે. આપણા આ કીશોરીલાલને પીઠી ચોળાવીને તૈયાર કરી દો. તમે પણ એમા તો રાજીજ છો પછી શી હરકત છે ? "

અનંતરાય આ શબ્દો સાંભળી શાન્ત થઇ ગયો. તેનું મોઢું જરા મલક્યું અને થોડીવાર વિચાર કરી તે બોલ્યો —

" પણ માસ્તરની મરજી તો પૂછો ? "

યશોદાએ કીશોરીલાલ તરફ જોયું

" મારા કરતાં બીજો કોઇ લાયક હશે. " કીશોરીલાલ જાણે શરમાતો હોય તેમ બોલ્યો.

" માસ્તર ! અત્યારે વાર કરવાનો વખત નથી. મારી આબરૂ રાખવાંનો પણ વિચાર કરવાનો છે " અનંતરાયે કીશોરીલાલનો હાથ પકડતા કહ્યુ

" ભલે ! તમારી મરજીને હું આધિન છું." કીશોરીલાલે ચપળા સામે જોઇ કહ્યું.

વધુ જણાવવાની શી જરૂર છે ? કીશોરીલાલને તૈયાર કરી ચપલા સાથે તેનાં લગ્ન કરવામાં આવ્યાં. અનંતરાય, યશોદા તથા ચપલાએ તો આ લગ્નથી પોતાનુ મન વાળ્યું, પણ દુનિયા તો જેને જેમ ફાવે તેમ બોલવા લાગી. લગ્નમંડપમાંથી બધુ ટોળુ ધીમે ધીમે વિવિધ વાતો કરતું વેરાવા લાગ્યુ. આ ટોળામાંથી છુટા પડી બે માણસો પણ આ સંબંધમાજ વિચાર કરતા જતા હતા.

" કેમ, ચપક ! આ ફારસ જોયું કે ? વ્હાલીને બદલે લાલી ગોઠ-વાઇ ગઇને ? "

" હા, સાળુ ફારસ તો ઠીક થયુ. પણ ઇન્દુ કયા જતો રહ્યો હશે ? " હરસુખને જવાબ આપતા ચંપક બોલ્યો

" ભાઇ ! તને ખબર નથી પણ આજ થોડા વખતથી હું તેની કેટલીક વાત જાણું છું પેલા મનુભાઇની છોકરી સરલા સાથે એને પરણવાનો વિચાર હતો, પણ એનો બાપ વચ્ચે પડયો તેથી છેવટે બિચારાને ઘર પણ છોડવું પડયું અરે ! એવા શુદ્ધ પ્રેમી હૃદય ને મદદ કરવાનું મને કેટલું બધું મન થાય છે. ! પણ લાચાર ! હવે તે કયાં મળે ? "

" તું તો મોટો દયાળુ જણાય છે " ચપક બોલ્યો.

" હશે ભાઇ ! એમ તો એમ કાલે તો મારે મુબઇ જવું છે. પરન્તુ જો મને ભાળ મળશે તો તો જરૂર હુ તેને મદદ કરીશ "

આટલુ બોલી હરમુખ મુંગો રહયો. એટલામા ચપકનું ઘર આવતા બન્ને છુટા પડયા.

સરોજ અનંતરાયને ત્યાંથી નીકળ્યો ત્યારે તેનું ચિત્ત ઘણુંજં વ્યગ્ર જણાતુ હતુ. તેના હૃદયમાં અનેકાનેક તરગો ચાલી રહયા હતા. તેની આખો જાણે ઉડી પેસી ગયા જેવી જણાતી હતી. તેના કપાળ પર કરચલીઓ પડી ગઇ હતી. તેના શુન્ય હૃદયના ધબકારા યા ડંશથી જાણે તેનું શરીર કપી ઉઠતું હોય તેમ તેનું આખું અંગ ધ્રુજતું હતુ. તેનો પગ સ્થિર રહી શકતો ન હતો. જાણે પોતાના શરીરનું પણ ભાન ન હોય તેમ અડબડીઆં ખાતો તે ચાલતો ચાલતો બબડતો હતો

" આખરે બધી મહેનત બરબાદ ગઇ ધારેલી બાજી નિષ્ફળ ગઇ ઇન્દુ ! ઇન્દુ ! ! તે તો મને પાયમાલ કરી નાખ્યો. અનંતરાયનું મોઢું પૈસાથી દાબી મારો સ્વાર્થ સાધવા તત્પર થયો પણ છેવટ હાર્યો " વળી કાંઇક યાદ આવતા બોલ્યો " પણ પ્રથમ તપાસ તો કરૂં કે સરલા છે કે ચાલી ગઇ જો તે પણ ગઇ હશે તો તો થઇ રહ્યુ પછી કાઇ ઉપાય નથી બસ ગમે તેમ થાય પણ ઇન્દુને તો જોઇ લઇશ. બસ " જરાવાર અટકી વળી બોલ્યો " બસ વેર, વેરજ લઇશ "

આમ બોલતો બોલતો મનુભાઇના ઘર આગળ આવી પહોચ્યો મનુભાઇને બારણે તાળુ જોઇ વિમાસણમાં પડયો નિશ્વાસ નાખતાં તેના મુખમાથી " બસ, થઈ રહ્યુ. " એ શબ્દો નીકળી પડયા તેની બધી હિમ્મત જતી રહી. તેની ખાત્રી થઇ ગઇ કે ઇન્દુકુમાર સરલાને લઇને જતો રહ્યો છે મેં આટલી આટલી ઝહેમત લઇ જે બાજી રચી હતી

તે બધી ધુળમા મળી ગઇ હવે મારે માટે એક પણ ઉપાય નથી. ખરેખર ચંદ્રવદનનું કુટુંબજ મારૂ વૈરી છે પણ—" વળી જરાવાર થોભ્યો અને કાંઇક વિચાર આવતા ચંદ્રવદનના ઘર તરફ વળી ઘરમાં પેઠો જો કે હજી રાત્રિ વધુ ગઇ ન હતી છતાં ઇન્દુકુમારના ચાલ્યા જવાથી ઉત્સાહભંગ થયેલા સ્નેહી સબંધીઓ ચાલ્યા ગયા હતા. ચંદ્રવદન પણ પોતાના હદ ઉપરાતના દબાણ માટે પસ્તાતો બેઠો હતો. સામેજ ધનલક્ષ્મી પણ બેઠી હતી, ઘરમા એમના વિના બીજાં એક બે બહાર ગામથી આવેલા સગા પણ હતા; છતા સર્વ શાન્ત—બલ્કે શુન્ય જેવુ—લાગતુ હતું સરોજ સીધો ચદ્રવદનના ઓરડામા ગયો ત્યા જતાજ અસબદ્ધ ગમે તેવા વકયો બોલવા લાગ્યો

" કેમ શેઠ! હવે તો શાન્તિ વળશેને?"

" કોણ? કોને શાન્તિ વળશે? અત્યારે શાન્તિ કેવી?' ચદ્રવદને આશ્ચર્યથી તેના સામુ જોયુ

" કોને તે મને? જાણુતા નથી કે અપ્રિય કરનારનું હમેશા અપ્રિયજ થાય છે. Recollect your past and you will just remember it " સરોજ મોટેથી હસતા બોલ્યો.

" દાઝયાપર ડામ દેનાર આ વળી કોણ છે?"

" Who you to—' હજી તો ચન્દ્રવદન બોલતો હતો એટલામા સરોજ બોલી ઉઠ્યો:—

" કેમ હજી ન ઓળખ્યો? હુ સરોજ

" ભાઇ સરોજ ! તમારૂં અમે શું બગાડયું હતું ? કે તમે આમ આવી વખતે એમને દાઝવા ઉપર ડામ દેવા જેવા શબ્દો બોલો છો. " ધનલક્ષ્મીએ આંખમાંથી આંસુ પાડતાં કહ્યું.

" અરે ! પેલી કીશોરી સાથેનાં મારા લગનમા વિઘ્ન નાખનાર હજી તમે નથી સમજ્યા ! આ તો તેનોજ બદલો. તેનુજ ફળ. હવે મારે બીજુ કાઇજ કહેવું નથી હુ જાઉં છું "

આટલું કહી સરોજ ચાલ્યો ગયો ચન્દ્રવદનને પાછલી વાતો યાદ આવવા લાગી. વિચાર સંકલના એવી રીતે ચાલી કે આખરે સરોજજ પોતાના પુત્રને નસાડનાર તરીકે તેની દ્રષ્ટિએ જણાયો. ધનલક્ષ્મીએ પણ સરોજેજ ઇન્દુનું મન ફેરવી ભમાવેલો જણાવ્યો. જેના પરિણામે પોલીસને ખબર આપી સરોજને શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો. અંતે ધનલક્ષ્મી બોલી " બિચારા અનતરાયને ત્યાં શી સ્થિતિ હશે ? "

હજી ચન્દ્રવદન કાઇક બોલે એટલામા હરસુખરાય ઓરડામા દાખલ થતાં બોલ્યો " A substitute shines brightly as a king, in the king's absence. "

# પંચદશ પરિચ્છેદ.

## સદ્‌ગુણો સુમન.

Where none admire, 'tis uselses to excel,
Where none are beaux, 'tis vain to be a belle;
Beauty, like wit, to judges should be shown,
Both are most valued, where they are known

Lyttleton.

Beauty to no complexion is confin'd,
Is of all colours, and by none defin'd.

Granville

સૃષ્ટિમા અનેકાનેક પ્રકૃતિમા મનુષ્યો હોય છે. જ્યાં સદ્‌ગુણ હોય છે ત્યા સાંૈદર્યની ખામિ હોય છે, જ્યા સૌદર્ય હોય છે ત્યા સદ્‌ગુણની ખામિ હોય છે, અને જ્યા બન્ને એકત્રિત હોય છે ત્યા સરસ્વતિની અવકૃપા હોય છે અને જ્યાં ત્રણે હોય ત્યાં લક્ષ્મિ નથી હોતી. ચારે એકજ સ્થળે વસે એવા દ્રષ્ટાન્તો તો ક્વચિતજ મળે છે

મધુકુમારને તેડી માધવરાય પોતાને ઘેર-સુરત-આવવા નીકળ્યો હતો તે આપણે જોઇ ગયા છીએ. પરન્તુ પ્રથમ આપણે તેના કુટુંબ તરફ દ્રષ્ટિ કરીએ.

માધવરાય જાતે એકલોજ હતો. તેનું લગ્ન સુરતમાજ થયું હતુ. માધવરાયની ઉમ્મર લગભગ બત્રીસ તેત્રીસ વર્ષની હતી. જ્યારે તેની સ્ત્રી સુમનગૌરીની ઉમર લગભગ ચોવીસથી પચીસ વર્ષની હતી માધવરાય ઝવેરાતની દલાલી કરતો હતો તે ઉપરાંત કોઇ કોઇ વખત વ્યાપાર પણ કરતો આ ધંધામાં તેની કમાણી સારી હોઇને લગભગ તે દર વર્ષે પાંચથી સાત હજાર રૂપીઆ કમાતો થોડાજ વખત પહેલાં તેણે તાપી નદીના કીનારાપર એક જગ્યાં લઇ ત્યાં નાનો સરખો એક માળનો પણ બેઠા ઘાટનો બંગલો બંધાવ્યો હતો. બંગલાની રચના અનુપમ હતી બગલાની આજુબાજુની છુટી જગ્યા, બાગ, ફુવારો, વિરામ સ્થાનો તેમજ ફળ ફુલાદિના માંડવા તથા કયારાઓ પ્રતિ દ્રષ્ટિ ફેકતા તેની ઉત્તમ રચના તથા વ્યવસ્થા માટે સ્વાભાવિકજ માન ઉત્પન્ન થતું હતુ વળી માધવરાયે સુમનની પસંદગી મુજબ બાગમાંજ એક નાનુ પુસ્તકાલય પણ બંધાવ્યુ હતું. બગલો હોજ તથા પુસ્તકાલય એવી રીતે બનાવવામા આવ્યા હતાં કે ત્રણમાંથી એકપણ ઠેકાણે ઉભેલી વ્યકિત બધું નિહાળી શકે-બલ્કે આખા બગિચાપર દ્રષ્ટિ ફેરવી શકે બાગનો ઘેરાવો વિશાળ હતો અને તેનું કમ્પાઉન્ડ કાચવાળા છોબધ વડાથી તૈયાર કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત અંદરના ભાગમા પણ કાંટાવાળા તાર જડી લેવામાં આવ્યા હતા.

બંગલામાં પણ મોટા મોટા હોલ—ઓરડા—પાડવામાં આવ્યા હતા, અને ત્યાં પણ પુસ્તકાલય રાખવામાં આવ્યું હતું નવી ઢબનું ફરનીચર વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યું હતું. ઉતાવળે અભિપ્રાય બાંધનારને આ મકાન જોતાંજ મકાનનો માલીક સુધારાવાળો જણાય. જો કે હતું પણ તેમજ; છતાં માધવરાયના કુટુંબને કેવા સુધારાવાળું કહેવુ તે એક પ્રશ્ન હતો.

આપણે જોઇ ગયા તેમ માધવરાયના કુટુબમાં ફક્ત માધવરાય અને સુમન વિના બીજુ કોઇ નહોતુ. માધવરાય આખો દિવસ કામ પર રહેવાથી સુમનને એકલીને આ મોટા વિશાળ બંગલામા વખત ગાળવો ઘણોજ મુશ્કેલ થઇ પડવા લાગ્યો અને તેથી તેણે પોતાની નાની બ્હેન તરલાને પોતાની પાસે માધવરાયની સમ્મતિથી રાખી હતી. બન્ને બ્હેનો જેવી સૌંદર્યવાન તેવીજ સદ્‌ગુણી અને સુશિક્ષિત પણ હતી. સુરતમાં આ કુટુંબને જોઇ સર્વ કોઇ આશ્ચર્ય પામતા જેમ માધવરાયને પોતાની સારી સ્થિતિ સાથે આવી ઉત્તમ ગૃહિણી મળવા છતાં અભિમાન નહોતું, તેમ સુમન પણ સદ્‌ગુણી અને શ્રીમંત પતિ મેળવવા ઉપરાંત પોતાનું અનુપમ સૌંદર્ય છતાં અભિમાન શું તે સમજતી નહોતી, તેના મનથી તો સૃષ્ટિમાં અભિમાન એ શબ્દજ નહતો

આજે બગિચામાના પુસ્તકાલયની બારી આગળ સુમન હાથમાં ચોપડી લઇ ખુરશી ઉપર બેઠી હતી. તેના હાથમા પુસ્તક હોવા છતાં તેની દ્રષ્ટિતો કાંઇક બીજે સ્થિર થઇ હતી એક હાથમાં અર્ધું ઉઘાડું પુસ્તક હતું જ્યારે બીજા હાથની કોણી ખુરશીના હાથ પર ટેકવી, તર્જની લમણા આગળ અને અંગુઠો ગાલના નીચેના ભાગમાં ટેકવી

કાંઇક વીચારમાં લીન થઇ બેઠી હતી તેની દ્રષ્ટિ સ્થિર હતી છતા તેનાં નેત્રમાથી અશ્રુ ટપકતાં હતાં જે દિશામા તેની દ્રષ્ટિ સ્થિર થઇ હતી ત્યાં—ફુવારાવાળા હોજમાં—તરલા જળક્રિડા કરતી પાણી ઉડાડતી હતી. તરલાનુ વય તેરથી ચૌદ વર્ષનું હતું. આ વખતે તેણે ફકત ચણીઓ તથા પોલકુ પહેર્યું હતું તેના માથાનો અંબોડો અર્ધ છુટી ગયો હતો, અને કપડાં અંગ સાથે ચોટી ગયા હતાં. તેનાં પ્રત્યેક અંગ યૌવનમગ્ન હોઇને જાણે આ સૃષ્ટિના જીવોને લોભાવવા તત્પર થઇ રહયા હોય તેમ શોભતાં હતાં. પોલકાના બટન નજીક નજીક હોવા છતાં તેના મધ્યમાથી કવચિત તેનો વક્ષસ્થળનો કાંઇક ભાગ દ્દષ્ટિગોચર થતો હતો પુર્ણશણગાર ન હોવા છતાં પણ, બેન જોનસન ( Ben Jonson ) ના

Give me a look, give me a face,
That makes simplicity a grace,
Robes loosely flowing, hair as free,
Such sweet neglect more taketh me
Than all the adulteries of art
They strike mine eyes but not my heart

આ કથન અનુસાર તેનું સૌન્દર્ય અવર્ણનિય હતું; તેમજ સુમન જો કે શોકમાં નિમગ્ન હતી છતા તેનું સૌંદર્ય તો તેનાથી પણ અધિક હતું મહાન કવિઓ પણ જ્યારે સૌદર્યનું યથાસ્થિત વર્ણન આપી શકયા નથી તો અમે તો શું કહી શકીએ ? માત્ર મહાન કવિ ટેનીસન ( Tennyeson ) ના શબ્દોમા એટલુંજ કહી શુ કે—

To doubt her fairness were to want an eye,

To doubt her pureness were to want a heart.

અનુપમ સૌંદર્યવતી તરલાને આવી સ્થિતિમાં જોતાંજ સુમનની આંખમાંથી અશ્રુ પ્રવાહ ચાલવા લાગ્યો હતો. તે પોતાના મન સાથે બબડવા લાગી:--

"અરેરે! એક દિવસ સૌંદર્ય પણ નષ્ટ થઇ જશે. ખરેખર! દેહ ક્ષણભંગુર છે.

અચિંત્યો હાબશે ટોટો અજલનો જો ફીરસ્તો,

કરી—"

તે આગળ બોલવા જતી હતી એટલામા તરલાની નજર તેના તરફ ગઇ સુમનના કોમળ ગાલ ઉપર અશ્રુ જોતાજ તેનું પ્રફુલિત વદન કરમાઇ ગયું. તેની ધીરજ ન રહી. તેણે ત્યાથીજ પુછ્યુ:—

'કેમ બ્હેન! આ શુ કરોછો?"

"કાઇજ નહિ

"ત્યારે આ આસુ કેવા?

"એતો મનોરમા બ્હેન યાદ આવી ગયાં' વાત છુપાવવા તે બોલી."

"બ્હેન! તમે સમજુ થઇને પણ આમ કરો છો?" તરલા ભીને કપડે નજીક આવતાં બોલી "એ તો જાયું તે સર્વ

જવાનુંજ છે તમેજ કહેતાં હતાં ને કે મનુષ્ય-જીવનની સરખામણી પુષ્પ સાથે કરવામાં આવી છે. To day it puts forth in bud, to morrow blooms and the day after to morrow it withers—dies. ( આજે તેને કળી આવે છે, કાલે તે વિકસે છે-ખીલે છે-અને પરમ દિવસે તે ચીમળાઇ જાય છે-મરી જાય છે ) તો તેવા દેહ માટે શોક શો ? "

" અને તેથીજ તેમા લાલસા શી ? તેમાં મોહ શો ? અને તે માટે અભિમાનપણુ કેવું ? '

" સત્ય છે, નજ હોવું જોઇએ પણું બ્હેન—" તરલા બોલતાં બોલતાં અટકી ગઇ

" કેમ અટકી ગઇ ? કહે, બ્હેન ! તું શું કહેતી હતી ? "

" તમારા જેવાં તત્વજ્ઞાનીના મનમાં મનોરમાનો શોક હોવો અસંભવિત છે. કાંઇક બીજોજ વિચાર તમે કરો છો. "

" હશે "

" પણુ કહો તો ખરા, મારાથી છુપાવો છો ? " તરલાએ સુમનનો હાથ પકડતા આજીજી કરવા માંડી.

સુમન જરા હસી; અને બોલીઃ " તરલા તને પેલું વાકય યાદ આવે છે ? "

' કયુ ? "

" Every Human-being is bound to be beneficial or a benefactor. " (મનુષ્ય માત્ર ઉપકારક થવા બંધાયું-સર્જાયું છે.)

" હા પણુ તેથી તમે શું કહેવા ઇચ્છો છો ? " તરલાએ પૂછ્યું.

" એજકે તારા સૌંદર્ય અને સદ્ગુણથી હવે કોઇને સુખી કર "

તરલા પૂરૂં વાકય સાંભળવા પણ ઉભી ન રહી. તે એકદમ બગલામા દોડી ગઇ. સુમન પણ હસતી હસતી ઉઠી અને બગિચામાં ફરવા લાગી. સૂર્યાસ્તનો સમય થવા આવેલો હોવાથી બગિચાની શોભામાં અધિક વૃદ્ધિ જણાતી હતી. માળીએ કરેલા છટકાવથી પડેલાં જળ બિન્દુઓ જાણે સુવર્ણ મોતી હોય તેમ રોપાઓના પ્રત્યેક પાન પર સૂર્યાસ્ત સમયનાં નમ્ર કિરણોથી પ્રકાશીત થતાં હવા. પુષ્પોના રાતા પીળા, ગુલાબી વિગેરે રંગો તેમા અધિક શોભા આપતા હતા. સુમન ઇશ્વરી સૃષ્ટિ નિરખતી ફરવા લાગી ઇશ્વરી સૃષ્ટિ સૌંદર્યથી તેના હૃદયનો શોક નષ્ટ થઇ તેને ધીમે ધીમે આનંદ થવા લાગ્યો. એટલામા પાછળથી તરના કોરા વસ્ત્ર પહેરી આવી પહોંચી સુમનના મનની વાત જાણવા થોડો સમય નો તે તેની પાછળ પાછળ છુપાતી ચાલી; પણ સુમન કાંઇ ન બોલવાથી છેવટે તે સુમનનો હાથ પકડતાં બોલી—

" ખીલ્યાં જે પલ્લવો ફુળાં, પ્રપુલ્લિત પુષ્પ ને વેલી,
અધિક ઓપે સલીલ ભીનાં, સુવાસિત આ સમિર લહરી,
છતાં ક્યાં છે મૃદુતા તે ? ઉષા પણ એજ ઓ આવે;
છતાં આ જે વિષમતા છે, ભલા ! તે શું બતાવે છે ? "

તરલાના આ પ્રશ્નનો યોગ્ય વિચાર કરી સુમન તેને પોતાની પાસે ખેંચી હાથ લાંબો કરી સમજાવતી હોય તેમ બોલી—

" ખીલેલાં પલ્લવો સાથે જુઓને જે ખરી જાતાં,
હૃદયની પદ્મવેલી સહ જુઓ જે આ બળી જાતાં;

ખીલ્યાં ખીલવ્યાં સહુ અંતે સમય જાતાં સતાવે છે,
સમયની છે વિષમતા એ ! બીજું શું એ બતાવે છે ?"

સુમનના સામું જોઇ તરલા બોલી—" વ્હેન ! તમે ભુલ્યાં. મારો પ્રશ્ન એ નથી હું તો પૂછું છું કે—

" પ્રભાતે એ સહુ હસતાં હતાં આ સૂર્યની સાથે,
પ્રખર કીર્ણો ઉદયનાં જો હતાં પડતાં તરૂ માથે;
અધુના નમ્ર કીર્ણોથી નમીને એ પતાવે છે,
કહો એ શી વિષમતા છે ? ભલા ! એ શું બતાવે છે ?"

" કદાચ હું ભુલી હોઇશ. પણ સાભળ—

ઉદયનાં બાલ રવિ કીર્ણો સૂચવતાં અન્ય ઉદયોને,
ખીલ્યાં જે પુષ્પ નવલાં આ, વિકસતાં આસ નયનોને;
અધુના અસ્ત આ કીર્ણો થતાં, તેને સતાવે છે,
સમયની છે વિષમતા એ ! કહે, બીજુ બતાવે છે ?"

તરલા કાંઇક વિચારમાં પડી, સુમને હવે તેના બન્ને ખભાપર હાથ મૂકી આગળ ચલાવ્યુ—

" પ્રભુએ જે સમય આપ્યો, નહિં જાવા વૃથા દેવો,
મળેલી સંપત્તિ સાધન વડે શુભ લાભ તો લેવો;
સુચન સંસારના જીવો પ્રતિ એ તો બતાવે છે
સમયની એ વિષમતા વિણુ કહે બીજુ બતાવે છે ?"

" શું સૃષ્ટિના સર્વ પદાર્થો એવુંજ સૂચન કરતા હશે ? "

" હા, પ્રત્યેક. ત્રિમૂર્ત્તિ દત્તાત્રયે ચોવીસ ગુરૂ કર્યા હતા તે કેવી રીતે ? સર્વ પાસેથી સાર ગૃહણુ કરીનેજ પરન્તુ અર્થનો અનર્થ કરનારને તે સમજાતું નથી "

" બ્હેન ! તમારી પાસે તો બધુ તત્વજ્ઞાનજ ભર્યુ છે. પણ—"

" વળી શું થયુ ? આજ કેમ બોલતા બોલતા અટકી જાય છે ?"

" તમારૂં અંતઃકરણ સંકોચાય છે એટલે મને પણ એમજ થાય છે. "

" મારૂં અંતઃકરણ કયારે સંકોચાયુ ? "

" જ્યારે તમે વાત ઉડાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે. "

" કયી વખતે ? "

" તમારાં નેત્રમાંથી અશ્રુ ખર્યાં તે વખતે. "

સુમને તરલાને છાતી સાથે ચાપી અને પછી બોલી—" તરલા ! બ્હેન ! સાચુજ કહુ ? લે સાંભળ. તે સમયે તને જોતા મને એમ વિચાર આવ્યો કે આવુ સુંદર શરીર એક દિવસ નાશ પામશે; અને એ વિચારેજ હુ ખિન્ન થઇ હતી. "

" ત્યારે હું આ શરીર અમર થાય એમ કરીશ. "

" શી રીતે ? "

" ઇષ્ટોપાસનાથી "

" એવી રીતે અમર કરવાથી શો લાભ ? સ્ત્રી શરીર અમર કરવાથી ઘણી વિપત્તિ આવશે. "

" ત્યારે છે કોઇ અન્ય માર્ગ ? "

" હા સદ્‌ગુણી પતિને વરી, તેની ચરણ સેવા કરવી, એ ઉત્તમ

માર્ગ છે. અમર થવું એટલે શરીર અમર નહિં પરન્તુ નામ અમર કરવું તે-જન્મનું સાર્થક કરવું તે. ”

પ્રિય વાચક ! માધવરાયના કુટુમ્બનું આ સુક્ષ્મચિત્ર જોયું. હવે આપણે અન્ય દિશા તરફ ફરીએ.

# ષોડશ પરિચ્છેદ.

## એજ મારી સરલા !

To meet, to know, to love--and then to part,
Is the sad tale of many a human heart.

**Coleridge.**

બાલ રવિના કોમળ કીરણો પોતાના ઉજ્વળ પ્રકાશ વડે સૃષ્ટિ સૌંદર્યને શોભાવી રહ્યા હતાં, સૂર્ય દેહ તાપી નદીના કિનારાનાં વૃક્ષો પ્રભાતના શિતળ પવનની મંદમંદ લહરીમા ડોલતા હતાં; બ્રાહ્મણો તેમજ અન્ય વર્ણના પુરૂષો તાપીના પવિત્ર નીરમા સ્નાન કરી દેહ શુદ્ધિ કરી રહ્યા હતા, સ્ત્રીઓ પણ પોતાના ઉપયોગ માટે પાણી ભરી ઉતાવળી ઉતાવળી ઘર પ્રતિ જતી હતી, દેવળોમા ઘડીઆળો વિગેરેના મધુર નાદ થતા હતા પરન્તુ આ વખતે પ્રિય વાચક ! માધવરાયના બંગલામાં કરૂણાજનક દેખાવ થઇ રહ્યો હતો. આજેજ માધવરાય મધુકુમારને તેડીને અમદાવાદથી આવી પહોંચ્યો હતો.

માધવરાય એક આરામ ખુરશી પર પડગ્યો હતો સુમન મધુકુમારને ખોળામાં લઇ સામેની એક સોફા ઉપર બેઠી હતી, તેનીજ બાજુમાં તરલા પણ બેઠી હતી. તરલાનું મોઢું ઉદાસ જણાતું હતું. સુમનનાં નાના પણ અણીદાર નેત્રમાથી આંસુ વહેતાં હતાં માધવલાલનો ચ્હેરો ખિન્ન થઇ ગયો હતો અને બાળક મધુ ઘડીમાં માધવરાય તરફ તો ઘડીમાં સુમન તરફ જોતો હતો.

" ત્યારે મનુભાઇનો પત્તોજ ન લાગ્યોને ! " સુમને પૂછ્યું

" ના "

" ત્યારે સરલાબેનને શામાટે ત્યાં મૂકીને આવ્યા ? તે ત્યા કોને આશ્રરે રહેશે ? " સુમને કાઇક શંકિત હૃદયે પ્રશ્ન કર્યો.

" સરલાએ હઠ કરી થોડોક વખત ત્યાંજ રહેવાનું જણાવ્યુ. થોડા વખત પછી તે આવશે. " માધવરાયે સરલાના ગુમ થવાની વાત છુ· પાવતાં સુમનને સમજાવવા માડી.

" કેવળ અસભવિત. ' સુમન જરા ટટાર થઇને બેઠી " મને તો તે સાચુ લાગતુ નથી. " મધુને ચુમી લેતાં તેણે તેને પટાવીને પુછવા માડયુ. " ભાઇ ! કહે તો સરલા બ્હેનને કેમ તેડી ન લાવ્યો ? "

' તે હોય ત્યારે તેડી લાવું ને ? " મધુએ હાથના ચાળા કરતા જવાબ આપ્યો. " એ તો કોણ જાણે કયારનીયે ગઇ છે તે હજુય ના આવી, મને તો એના વિના નથી ગમતુ "

મધુનો જવાબ સાભળી સુમન સ્તબ્ધ થઇ ગઇ માધવરાય સામે જોઇ તે બોલી ઉઠી —" કહો કહો. વ્હાલા ! તમે મારાથી પણ છુપાવો છો ? જરૂર આમા કાઇક ઉડે ભેદ છે હવે મારૂ હૃદય કબુ કરતું નથી. "

માધવરાયને શું જવાબ દેવો તે ન સમજાયું. તેનું હૈયું ભરાઇ આવ્યું. થોડી વાર વિચાર કરી તેણે આડું જોઇ, ખીસામાંથી એક કાગળ કાઢી સુમન તરફ ફેંકયો. સુમને તે તરતજ ઉપાડી લીધો અને વાચવા માડયો. જેમ જેમ તે કાગળ વાંચતી ગઇ તેમ તેમ તેનો અશ્રુ પ્રવાહ વધતો ચાલ્યો બિચારો મધુકુમાર તો આ જોઇ વધુ ગભરાયો અને ત્યાથી ઉઠી માધવરાય પાસે જઇ બોલ્યો—

" મામા ! આતો બધા રડે છે મને તો નથી ગમતુ. મને તો સરલા બ્હેન પાસે લઇ જાઓ. "

" ભાઇ હમણા સરલા બ્હેન આવશે " માધવરાયે તેને છાતી સાથે ચાપતા જવાબ આપ્યો.

" પણ તે કયારે આવશે ? મને તો ગમતું નથી મારે સરલા બ્હેન પાસે—" બોલતાં બોલતા બાળક મધુ રડી પડયો

સુમને પત્ર પુરો કર્યો પત્ર પુરો થતાં હાથમાથી નીચે પડી ગયો. સરલાના ગૃહત્યાગથી તેના હ્રદયને પણ ઘણો આઘાત થયો. તેનાથી એકપણ શબ્દ બોલી ન શકાયો. નીચે પડી ગયેલો પત્ર તરલાએ ઉપાડી લીધો

" અરેરે ! સરલા બ્હેનને આ શું સુઝયું હશે ! જો રૂબરૂમાજ ખુલાસો કર્યો હોત તો કાઇ તેમની મરજી વિરૂદ્ધ તો લગ્ન ન કરત ! "

માધવરાયે તેનો કાંઇપણ પ્રત્યુત્તર ન આપ્યો. તરલાએ એટલામાં પત્ર પુરો વાચી લીધે. તરલાએ જો કે સરલાને જોઇ નહોતી તેથી તેનો સ્વભાવ તે જાણતી નહોતી, છતા પત્રના લખાણ ઉપરથી કોણ જાણે ગમે તેમ હોય પણ તેને સરલા માટે ઘણોજ પ્રેમ ઉભરાયો;

અને પત્ર પૂરો કર્યા પછી જ્યારે તેની નજર બાળક મધુ તરફ ગઇ ત્યારે તેની આંખમાં પણ આંસુ આવી ગયાં. રડતા મધુકુમારનું કાલા કાલા શબ્દોમા સરલા માટેનું રૂદન, તેનો સરલા પ્રતિનો નિસ્વાર્થ વાત્સલ્ય પ્રેમ, તેની નિરાધાર સ્થિતિ, એ બધુ ક્ષણમાં તેના હૃદયપટપર જાણે ચીતરાઇ ગયું હોય એમ તેને જણાયુ તે તરતજ ઉઠી અને બાળક મધુકુમાર પાસે ગઇ.

" આવ ભાઇ, મધુ ! ચાલ, આપણે બાગમા જઇએ. " તરલાએ મધુને પોતાની પાસે ખેચતાં કહ્યું.

" પણ તમે મને ફરવા તેડી જશો ? મારા ઇન્દુભાઈ તો મને રોજ તેડી જતા હતા, " મધુએ તરલાનો હાથ બે હાથે પકડતાં કહ્યું.

" હા, ભઇ, હુ તને ફરવા તેડી જઇશ "

" પણ પછી મારી સરલા બ્હેન આવે ત્યારે પાછું આવવાનું હો !"

" વારૂ, ભાઇ ! આપણે હમણાંજ પછા આવીશુ "

તરલા મધુકુમારને તેડી બહાર બગીચામા ગઇ ફુલના નાના નાના રોપાઓ તથા ફુલ વિગેરે બતાવવા લાગી બે ચાર સુંદર ફુલો પણ તોડીને તેના હાથમા આપ્યા. મધુ આ પુષ્પો લઇ ઘણોજ આનંદમા આવી ગયો ક્ષણ ભર તે સરલાને વીસરી ગયો અને કાલા કાલા શબ્દોથી તરલા સાથે વાતો કરવા લાગ્યો

" મને ઇન્દુભાઇ ફરવા લઇ જતા હતા પણ આવાં ફુલ તો નહોતા આપતા "

" આ ફુલ તને ગમે છે ? "

' હા. મને તો બહુ ગમે છે, તમે મને રોજ આપશો ? "

"હા. રોજ આપીશ. પણ ભાઇ, મધુ! સરલા બ્હેન તને રમાડતાં હતાં કે?" તરલાએ કાંઇક વિચાર આવતાં પ્રશ્ન કર્યો

"હા મને બહુ રમાડતી પણ તમારી પેઠે તે રોજ હસતી નહોતી. કોઇ કોઇ વખત તો તે બહુ રડતી; હું કહું તોય છાની ના રહે." મધુએ તરલાની કેડે બેસતાં કહ્યું.

"તું કેમ છાનો નહોતો રાખતો? બ્હેનને રડવા દેવાય?"

"અરે પણ મારૂં તો માનેજ નહીં ને. એતો ઇન્દુભાઇ આવે અને સમજાવે ત્યારેજ છાની રહે." નિર્દોષ બાળકે પોતાનો અનુભવ જણાવવા માંડ્યો

"ઇન્દુ ભાઇ તને બોલાવતા હતા કે?" તરલાએ કાંઇક વિશેષ ખબર મેળવવાના ઉદ્દેશથી પૂછ્યું.

"ત્યારે નહિ કે? મને બોલાવતા ને ફરવા તેડી જતા મને તે બહુ યાદ આવે છે પણ—પણ—તમે કહોને સરલા ક્યારે આવશે?" બાળકે તરલાના ગળામાં એક ભરાવી બીજો હાથ તેની હડપચી ઉપર મૂકી રંક મુખે પૂછ્યું.

"હું જ સરલા. એટલામાં મને ભુલી ગયો કે?" તરલાએ બાળકના મનમાંથી સરલાના વિચારો કાઢી નાખવા પ્રયત્ન કરવા માંડ્યો.

"તમને તો બીજા નામથી બોલાવે છે તમે સરલા ન હોય" મધુએ કાંઇક ગુંચવાતાં કહ્યું

"એ તો તરલા અને સરલા એકજ. હુંજ સરલા છું"

"પણ સરલા તો તમારા જેવા આવા લુગડાં નહોતી પહેરતી."

" ત્યારે હુ સરલાના જેવા લુગડા પહેરૂ તો તો સરલા થાઉં કે નહિ ? "

" હા, તો તો થાઓ, પણ સરલા તો મેના સાથે મને રમવા લઇ જતી હતી. "

' કયી મેના સાથે ? "

" પેલી પાંજરામા હતી ને ! તેની સાથે "

" ત્યારે હુ પણ તને રમવા લઇ જઇશ તો પછી તું મને સરલા બ્હેન કહીશ ને ? ' તરલાએ મધુના ગાલ પર ચુમી લેતા કહ્યુ.

" હા ! ત્યારે તો કહીશ તમેય મને વ્હાલા લાગોછો. ચાલો. આપણે મામાને કહીએ કે સરલા બ્હેન આવી " મધુ હસતા હસતાં બોલ્યો.

" હા, ચાલો. " તરલાએ સ્મિત હાસ્યથી કહ્યુ

" ચાલો ચાલો " નિર્દોષ મધુ હાથ તથા ડોકું હલાવતા આનંદમા આવી જઇ બોલ્યો.

મધુ તથા તરલા જયારે બગીચામા આવ્યા ત્યારે માધવરાય તથા સુમન એકલા પડયા માધવરાયે પ્રથમ કહ્યુ.—

" સરલાની સ્થિતિ તારા ધ્યાનમા આવી હશે. ઇન્દુકુમાર પણ પોતાના લગ્નને દિવસેજ છાનામાના સરલાની તપાસ માટે ચાલ્યા ગયા છે. બન્નેનો પ્રેમ અવર્ણનિય છે અને ઇન્દુકુમારેજ મને સલાહ આપી છે કે સરલાની વાત હાલ ગુપ્ત રાખવી કારણ કે દીકરીના ગુમ થવાની વાત હીણપત ભરી છે આપણે ગુપ્ત રીતે તપાસ કરીશું અને ઇન્દુકુમાર પણ કરશે "

' એતો ઠીક. થયું તે થયું. પણ સરલા બ્હેન કયાં છે એમ કોઇ પૂછે તો શુ કહેવું ? " સુમને કાંઇક વિચારમા પડતા પૂછ્યું

" એ એક મહત્વનો પ્રશ્ન છે."

" હું તો ધારૂ છું એમ કહેવું કે મુંબઇ સેવાસદનમા અભ્યાસ કરવા મૂકયા છે." સુમને જરા વિચાર કરી જવાબ આપ્યો

" હા એ વિચાર ઉત્તમ થઇ પડશે. પરન્તુ મધુકુમારની ઘણી સંભાળ લેવાની જરૂર છે તેના મનમાથી સરલા—" હજી તો માધવરાય આગળ બોલવા જતો હતો એટલામા મધુ દોડતો દોડતો ત્યા આવ્યો અને માધવરાયનો હાથ પકડી બોલી ઉઠયો —

" ચાલો ચાલો મામા ! સરલા બ્હેન આવી. સરલાબ્હેન આ—"

મધુકુમારનું વાકય પુરૂં થતા પહેલાં તો માધવરાય તથા સુમન ઉઠયા અને અત્યંત આતુરતાથી બહાર નીકળ્યા, પણ એટલામાં તો મધુકુમારે તરલાને બતાવતા કહ્યું —

" જુઓ આ રહી. કેમ હોય કે નહિં ! "

નિર્દોષ મધુના આવા કાલા અને અજ્ઞાનભર્યાં શબ્દોથી આઘાત પામેલા હૃદયો પણ હસી ઉઠયા અને માધવરાયે સ્મિત હાસ્ય સાથે સુમન તરફ જોઇ કહ્યુઃ—" એજ ઠીક છે."

માધવરાયને કાઇ પણ પ્રત્યુત્તર ન આપતા સુમન બોલી ઉઠી —

" હા, બાપુ ! એજ તારી સરલા "

' હા હુ પણ એજ કહુ છું ને ? એજ મારી સરલા."

# સપ્તદશ પરિચ્છેદ.

And thus I clothe my naked villainy
With old odd ends, Stol'n forth of hollow writ,
And seem a saint, when most I play the devil.
Shakespeare. ( Rich. III )

અરણ્યમાં વસતા અજ્ઞાન અને અશિક્ષિત મનુષ્યોમાં, વનમા વસતાં અને વનમાજ વિહાર કરતા વિહંગોમાં, અને જંગલી જડ જેવા તથા સંસારના ઉચ્ચ આશય અને ધર્મ જ્ઞાનથી રહિત હૃદયોમા જે નિર્દોષતા વાત્સલ્ય, પ્રેમ, મળતાવડાપણું, પરોપકાર, શીલ, સત્યપ્રિયતા આદિ સદ્‌ગુણોનો વાસ જોવામાં આવે છે, તેમનાં નિર્દોષ અંતઃકરણોમા જે દિવ્યતા ચમકે છે, તે સુધરેલા શિક્ષિત અને કર્તવ્યપરાયણ ગણાતા મનુષ્યોમાં પણ કેટલીક વખત જણાતો નથી. આવા નિર્દોષ હૃદયની વિશાળતા તથા પ્રેમના સંબંધમા એક કવીએ કહ્યુ છે કે—How far exceeds a beauty in cot !

અત્યારે સરલાને પણ એવોજ અનુભવ થયો હતો, સૃષ્ટિમા એને જે પ્રેમ, વાત્સલ્ય અને સરળતાનો અનુભવ નહોતો મળ્યો તે આજે એક જંગલી અને અશિક્ષિત ગણાતા ભરવાડના સહવાસમાં મળ્યો. ગેમલનો માયાળુ સ્વભાવ, લાખીનો વાત્સલ્ય સ્નેહ અને ગંભિર તથા કેશરની નિર્દોષ ચેષ્ટાથી તેને જરા શાન્તિ વળી; પરન્તુ ઉદ્વિગ્ન હૃદયમા

તે શાન્તિ ટકી શકી નહી રાત્રિ પડતાંજ તેને પાછુ પોતાની સ્થિતિનુ ભાન થઇ આવ્યું 'પોતે કોણ? શામાટે ગૃહ ત્યાગ કર્યો? મધુ કયા? આ ભરવાડ કયાંથી?' વિગેરે વિચારો એક પછી એક તેના મગજમા ઘોળાવા લાગ્યા. 'ભરવાડ ન મળી આવ્યો હોત તો રાત્રિએ શી દશા થાત?" એ વિચારે તેને ઘણો ગભરાટ થવા લાગ્યો. ગૃહ ત્યાગ કરવામાં પોતે માથે લીધેલા જોખમનું અત્યારે તેને સંપૂર્ણ ભાન થયું. હવે ઘેર પાછુંજ ફરવુ એમ પલવાર નિશ્ચય પણ થયો, પરન્તુ મામાને શુ મુખ બતાવવું? ઇન્દુકુમાર શું ધારશે વિગેરે વિચારો આવતા વળી પાછો નિશ્ચય બદલાઇ ગયો. ગમે તેમ થાય પણ હવે તો જંગલમાંજ સારૂં સ્થાન જોઇ વસવું. પણ આ ભરવાડ પોતાની સાથે લઇ જવાનું કરશે તો! તો શું? નજ જવું. પણ તે ન માને તો? ગમે તેમ સમજાવીશું." આમ દરેક પળે બદલાતા અનિશ્ચિત વિચારો કરતી તે ઉંઘી ગઇ. ઉંઘમા પણ તેને સ્વપ્નદ્વારાએ ઇન્દુકુમાર, મધુકુમાર, મનુભાઇ, ભરવાડ, માધવરાય વિગેરે દ્રષ્ટિગોચર થવા લાગ્યા.

રાત્રિ ધીમે ધીમે વધતી ગઇ. લગભગ બે વાગવાનો શુમાર થયો. જંગલી પ્રાણીઓના પદસંચાર અને ભયંકર અવાજો સિવાય સઘળે ભયંકર શૂન્યતા વ્યાપી રહી હતી. પવન પણ બંધ થઇ ગયો હતો. ગેમલ, લાખી તથા બન્ને બાળકો ભર ઉંઘમા હતાં. સ્વપ્નવશ સરલા એકદમ એકદમ ઉભી થઇ ગઇ તેનાં નેત્ર બંધ હતાં, તેણે બન્ને હાથ આગળ લાંબા કર્યા અને જાણે કોઇ અપૂર્વ પ્રકાશને આધારે દોરાતી હોય તેમ ધીમે ધીમે પગલાં ભરતી ચાલવા તથા બોલવા લાગી:—

"એક ક્ષણ, ફકત......એકજ ક્ષણ." તેનો સ્વર સ્પષ્ટ નીકળતો

ન હતો. દબાયલા સ્વરે તુટક તુટક શબ્દો બોલતી તે ક્ષણમા દોડતી તો ક્ષણમાં ધીમી પડતી હતી.

" એવો શો અપરાધ છે ? એક ..ઇન્દુકુમારને મારા પિતાને કહે. ઓ .. માતા ! માતા ! હું આવું છું. તું......નહિં. ભાઇ ! મામા સાથે......હા. હું તો આવીશજ. તારી......તારીજ પાસે, તારીજ સાથે ઓ ........ઓ... .. ..માતા--" બોલતાં બોલતાં છેક નદી સુધી આવી પહોંચી તેના પગ પાણીમા પડયા, છતાં તેને કાંઇ શુદ્ધિ ન આવી. છેલ્લો શબ્દ બોલતા તો તે નદીમાં પડી અને પાંચ મીનીટમાં હતી નહતી થઇ ગઇ. પરન્તુ જાણે તેને બચાવવાજ કોઇ છુપાઇ રહ્યું હોય તેમ એક વ્યકિત નદીને સામે કિનારેથી નદીમાં પડી અને થોડી વારે પોતાના બે હાથમા સરલાનું શમગ્ત્ શરીર લઇ બહાર નીકળી ઝાડીમા અદ્રશ્ય થઈ ગઇ.

કેટલેક દૂર ઝાડીમાં ગયા પછી એક તૈયાર રાખેલા ઘોડા ઉપર તે વ્યકિતએ સરલાને ઉંધે મુખે નાખી અને પોતે પણ તે ઘેડા ઉપર ચઢી બેઠી પોતાની પાસે જે કપડા હતાં તે તેણે સરલાની આજુબાજુ વીટી લીધા અને અડધાએક કલાક સુધી આગળ ગયા પછી એક ખેતરમા તેણે નીચે ઉતરી સરલાને નીચે ઉતારી, અને એક સીટી વગાડી, જેના જવાબમાં ત્રણ કદાવર મનુષ્યો ત્યા આવી પહોચ્યા. તરતજ ત્યાં તાપણી કરવામા આવી અને સરલાને શુદ્ધિમા લાવવાના ઉપચારો કરવામાં આવ્યા. સરલા જરા શુદ્ધિમા આવતાં પોતાની ચારે બાજુએ નજર ફેરવવા લાગી અપરિચિત મનુષ્યોને જોતા તેના મનમા ભય તથા શંકા ઉત્પન્ન થયાં અને તે પોતાના કર્મને દોષ દેવા લાગી.

એટલામાં તેને બચાવનાર મનુષ્ય બોલી ઉઠયો 'સરલા! બ્હીશ નહિ. અમને ઇન્દુકુમારે મોકલ્યા છે. થોડાજ વખતમા તને ઇન્દુકુમાર પાસે લઈ જઈશું."

સરલાને કાને ઇન્દુકુમારનું નામ આવતા તે ભોળી બાળાને કાંઇક ધીરજ આવી. પરન્તુ વળી પાછો વ્હેમ આવ્યો. તેને સરલા કહીને સંબોધનાર મનુષ્ય સરલાના ચ્હેરા ઉપરથી તે જાણી શકયો અને જેમ બને તેમ જલ્દી ત્યાથી આગળ જવાની તૈયારી કરવા સાથેના માણસોને સૂચના કરવા લાગ્યો બીજા ચાર ઘોડાઓ ત્યાં હાજર કરવામાં આવ્યા સરલાને એક ઘોડા પર બેસાડી ચારે પુરૂષો તેની આજુબાજુ ઘોડેસ્વાર થઈ ચાલવા લાગ્યા. પેલા પ્રથમ પુરૂષો સરલાના મનની શંકા નિ ારણ કરવા વાત શરૂ કરી—

" ઇન્દુકુમારે અહી નજીકમાજ એક ગુપ્ત મકાન રાખ્યું છે. અને અમને—"

" પણ તે પોતે કયા છે ? " સરલાએ શકિત હૃદયે પ્રશ્ન કર્યો

' તમને સુરક્ષિતપણે ત્યાં મૂકી અમે એમને ખબર આપીશું એટલે તુરતજ તે તમારી પાસે આવશે "

વાત કરનારને હવે એમ લાગ્યું કે વધુ વાત કરી હમણાં તેને સંશયગ્રસ્ત બનાવવી નહીં તેથી તે મુગો રહયો અડધોએક કલાક વીત્યા બાદ તેઓ એક પડી ગયેલા મકાન આગળ આવી પહોચ્યા. ઘોડા ઉભા રાખી સર્વ ત્યાં ઉતર્યા અને તે પડી ગયેલા મકાનના ખુણા પર આવેલા એક ગુપ્ત દ્વારથી અંદર પેઠા સરલાને આ વખતેજ ભય લાગ્યો, પરન્તુ નિરૂપાય હોવાથી કાંઇ પણ

આનાકાની કર્યા વિના તે તેમની પાછળ પાછળ તે મકાનમાં દાખલ થઇ તેનો અંદરનો ભાગ અવ્યવસ્થિત હતો. તેમાં જુદા જુદા ત્રણ ઓરડા હતા; જેમાના એકમા સરલાને લઇ જવામાં આવી જે ઓરડામાં સરલાને રાખવામા આવી હતી તે ઓરડામા એક પલંગ, એક બે સાદડી અને એકાદ ગોદડું હતુ, તે ઉપરાત પાણીનું વાસણ પણ પડયુ હતુ. બિચારી સરલા આ ઓરડામા દાખલ થઈ એટલે પેલા માણસે કહ્યુ --

"સરલા! તુ અહીં નિર્ભય છે હુ ઇન્દુકુમાર પાસે જાઉં છું" સરલાથી કાઇ જવાબ ન દેવાયો પેલા માણસે બહાર નીકળી ઓરડાનું બારણુ બધ કરી દીધું

સરલાને હવે શુ કરવુ તે સમજાયું નહીં તેના મનમા અમગળ શકાઓ ઉઠવા લાગી થોડીકવાર થઇ હશે એટલામા કોઇના બોલવાનો અવાજ તેણે સાંભળ્યો સરલા ધીમેથી ઉઠી બારણા આગળ કાન લગાડી સાંભળવા મડી.

"હજી એના મનનો સંશય ગયો નથી."

"મનેય એમ લાગે છે માટે અમે તો કહીએ છીએ કે તારે એને હમણા છેડવી નહી, પછી સૌ થઇ રહેશે"

"ભાઇ! એમ કરતાં કરતા તો આટલા દહાડા વીતી ગયા એક ગુમાવીને વળી બીજી ગુમાવી બેસું તો? એ તે કાંઇ બધેય યશોદા હોય છે?"

યશોદાનુ નામ સાભળી સરલા વીચારમા પડી "યશોદા કોણ? મેં તેનુ નામ તો સાંભળ્યુ છે, પણ યાદ નથી આવતું. વખતે પેલી--" હજી તો તે વિચારમાં હતી એટલામાં વળી અવાજ આવ્યો.

"ગમે તેમ થાય પણ હવે મારી ધીરજ રહેતી નથી હઠીસિંગ ! તમે લલ્લુ તથા દલપતને લઇને જાઓ. હું તો અહીંજ રોકાઇશ "

છેલ્લા શબ્દો સાંભળી સરલાના હૃદયમા ફાળ પડી.

"ના, એમ નહી બને. અમે એકલા નહી જઇએ. તારે પણ આવવુંજ પડશે "

ચારે જણમા વાત વધી પડી. પણ પાછા તરતજ સમાધાનપર આવ્યા અને હઠીસિગ બોલ્યો —

"સરોજ ! બધી વાત જવા દે. અત્યારે એને ખાવાપીવાનુ આપ અને કાલે આપણે પાછા આવીશું. ત્યાર પછી સૌ થઇ રહેશે."

સરોજે બારણુ ઉઘાડયું સરલા પાસે કાંઇક એક પડીકુ મૂકયુ અને મુગે મોઢે બહાર નીકળી પાછુ બારણું બંધ કર્યું. હવે સરલા સમજી કે યશોદા એ બીજુ કોઇ નહી પણ ચપલાની મા અને આ સરોજ તે કોઇક તેની સાથે અઘટિત સબધ ધરાવનાર હોવો જોઇએ. પોતે કેવી કફોડી સ્થિતિમાં આવી પડી હતી તેનો હવેજ તેને ખ્યાલ આવ્યો. તે લુચ્ચાઓ બીજે દીવસે આવનાર હોવાથી એટલી ટુંક મુદતમા પોતે કેવી રીતે છટકી જવુ અથવા પોતાનો બચાવ કેવી રીતે કરવો એ વિચારમા હવે તે પડી.

વ્હાલા વાચક ! તને સહજ શંકા થશે કે સરોજ કયાંથી ત્યાં આવી ચઢયો ? તેથી હવે આપણે પાછળ ફરીએ. સરોજ જેવો ચન્દ્રવદનરાય પાસેથી નીકળ્યો તેવોજ ઘેર ન જતાં એક નજુમીને ત્યાં ગયો. આ નજુમી જ્યોતિષના કામમાં ઘણોજ હોશીઆર હતો. તેમજ

મેસ્મેરીઝમ, હીપ્નોટીઝમ વિગેરેના પ્રયોગો પણ કરતો હતો. સરોજ પણ એની પાસેથી તે શીખ્યો હતો. સરોજે ત્યાં જઇ સરલા વિષે પ્રશ્ન મૂક્યો. નજુમીએ તેને પોતાની વિદ્યાના બળથી જે જગ્યાએ સરલા ભરવાડ સાથે રહી હતી તે ઠેકાણુ તથા નિશાની બતાવી. તરતજ સરોજ, ઉપર જણાવેલા ત્રણ માણસો કે જે આવાં કાળાં કૃત્યોમાં તેના હમેશના સાથી હતા તેમને લઇ તે સ્થળે આવ્યો અને સરલાની સ્વપ્નાવસ્થામા પોતાને જે પ્રયોગનું જ્ઞાન હતું તેના બળવડે તેનું પોતાના તરફ આકર્ષણ કર્યું. જેને અંતે તે નદીમા પડી અને સરોજે તેને બચાવી પેલા પડતર ઘરમા લાવી રાખ્યા તે આપણે જોઇ ગયા છીએ.

—:o:—

## અષ્ટાદશ પરિચ્છેદ.

### ઇન્દુનું પ્રયાણ.

I am the monarch of all I survey,
My right there is none to dispute.

**Cowper.**

—o—

માધવરાય સાથેની ઇન્દુકુમારની મુલાકાત પછી તે પોતાને ઘેર આવ્યો અને પોતાની પેટી, કબાટ વિગેરે ઉઘાડી તેમાથી કેટલીક

બીજો પોતાના કોટના ખીસામાં મુકી. તીજોરી ઉઘાડી કેટલીક નોટો તથા ગીની પણ લીધી; અને કોઇ ન જાણે તેમ પોતાની સર્વ તૈયારી કરી લીધી સમય સમયનું કામ કરવા લાગ્યો, અને વરઘોડાનો સમય નજીક આવતો ગયો. ઇન્દુકુમારને આ વખતે વિચાર ઉપર વિચાર આવવા લાગ્યા અને તે બબડી ઉઠયોઃ—

"ખરેજ! મને કોણ રોકનાર છે? હું સ્વતંત્ર છું. કોઇને ખબર પડે ના પણ શું? મારી સ્વતંત્રતા છીનવી લેવાનો કોઇને હક નથી. તો પછી ગુપચુપ શામાટે જવું?"

વળી થોડીવાર અટકી ધીમે સાદે બબડયો.

"પણ એમ કરવાથી સરલાની શોધ કરવામા મુશ્કેલી આવે ખરી. માટે એતો એજ જરા અંધારૂં થવા આવે તો સમય સાધવો જોઇએ. હવે વધુ વિચાર કરવામાં માલ નથી ધન્ય છે, સરલા! ત્હારો પ્રેમ અજબ છે. આહા! ગૃહત્યાગ કરતાં, પિતા માતા ને છોડી જતાં મને કોઇ રીતની અશાન્તિ કે દુઃખ થતું નથી, તે ત્હારા પ્રેમના પ્રભાવેજ" એમ વિચાર કરતો ઉઠયો અને એક પત્ર લખી ચન્દ્રવદનરાયના ઓરડામાં મૂકી પાછો ફર્યો. અંધારૂં થવા આવ્યુ, ઇન્દુકુમાર ઉઠયો. કપડાં પહેર્યાં અને પોતાના વાડાની પાછલી બારીએથી બહાર નીકળી ગયો. જતાં જતાં ઘર પ્રતિ દ્રષ્ટિ નાખી.

ઇન્દુકુમારે ઘરની બહાર નીકળ્યા પછી ઘણી ઝડપથી ચાલવા માંડયુ. વખતે કોઇ ઓળખીતું મળશે તો બધી વાત મારી જશે એ વિચાર આવતા છુપાતો છુપાતો નીચું જોઇને ઉતાવળે માર્ગ કાપવા લાગ્યો. આખરે તે સાબરમતીના કિનારા ઉપર પહોંચ્યો. કયાં જવું

તેનો નિર્ણય નહોતો તેથી નદી ઉતરી રાત્રિ એટલામાંજ કઇંક ગાળ-
વાનો વિચાર કર્યો. નદી ઉતર્યો અને જે દિશામા સરલા ગઇ હતી તેથી
વિરૂદ્ધ દિશામા તેણે પ્રયાણ શરૂ કર્યું. વખને કોઇ શોધવા આવશે એ
ધ.સ્તીમાં તથા સરલાની શોધના વિચારમાં લગભગ અગીયાર વાગ્યા
સુધી ચાલ્યા કર્યું

એક ઝાડપર ચઢી રાત્રિ ગાળી અને વળી સવાર થતા પ્રયાણ શરૂ
કર્યું. નદીનો માર્ગ છોડી દઇ તેણે હવે ઝાડીનો રસ્તો લીધો. તેને
વિચારો આવવા લાગ્યા કે "સરલા કયી દીશા તરફ ગઇ હશે ? શું તે
કોઇ પોતાના ઓળખીતાને ત્યા તો નહી ગઇ હોય ? ત્યારે જંગલમા
પણ એકલાં જવાની તેની હિમ્મત ચાલે ? ખરેખર ! કોઈ ગામમાં
અગર ગામની નજીકજ તે રહેલી હોવી જોઇએ." આમ આડા અવળા
વિચારો કરતો આગળને આગળ વધતો ગયો. કેટલીક વખત તેને પો-
તાની જીંદગી ઉપર કંટાળો આવી જતો, કેટલીક વખત તે પોતાના
પિતાને તો કેટલીક વખત પોતાના નસીબને દોષ દેતો. આ રીતે મુસાફરી
કરતાં કરતાં તે એક નાના ગામડાની નજીક આવી પહોચ્યો બપોરનો
સમય હતો. તાપ ઘણોજ સખ્ત પડતો હતો અને ભૂખ તથા તરસથી
તેનું આખું અંગ અશકત થઇ પડયું હતુ છતાં ગામમા જવાનો તેને
વિચાર ન થયો. ગામની ભાગોળમા એક વાવ હતી અને તેની આજુ
બાજુ વડના પુષ્કળ અને મેટા વૃક્ષો આવેલાં હતા ઇન્દુકુમારે ત્યજ
બપોરનો સમય વ્યતિત કરવાનો નિશ્ચય કર્યો, અને એક મોટા ઝાડની
ઘટા નીચે આરામ લેવા ઉશીકે હાથ મૂકી આડો પડયો; અને છાયાની
શીતળતામા તે નિદ્રાવશ થઇ ગયો

લગભગ બે ત્રણ કલાક પછી તે ઉઠયો અને ગામ તરફ ચાલ્યો. ગામમા પેસતાંજ એક શિવાલય તેની નજરે આવ્યું. આ શિવાલયના આગળના ભાગમા એક ધર્મશાળા હતી અને પાછળના ભાગમાં વિશાળ તળાવ હતું. શિવાલય કોઇ પુરાતન હોવાનો ભાસ કરાવતું હતુ, કારણુ તે શિવાલયનો આગળનો ભાગ કે જેમા નદીની સ્થાપના કરવામાં આવેલી હતી તે ઘણોજ મોટો હતો અને તેમા ઠેકાણે ઠેકાણે ગાબડાં પડી ગયા હતા. દીવાલો તથા ઉપરના ઘુમટની દશા પણુ તેવીજ હતી ગર્ભાગારમાં શિવલિંગ હતુ અને દીવાલોના ગોખલામાં ગણુપતિ, પાર્વતી તથા હનુમાનની મૂર્ત્તિઓ હતી જો કે સાધારણુ રીતે ત્યા સ્વચ્છ જણાતું હતુ પરંતુ એકદર રીતે ત્યા કોઇ સાફ કરતુ હોય તેમ જણાતુ નહોતું ધારવા પ્રમાણે તો શંકરનું બાણુ પણુ અપુજ્ય રહેતુ હશે. ધર્મશાળાની દશા આનાથી કાંઇક સારી હતી. ઇન્દુકુમારે શિવાલયમા જઇ શંકરના દર્શન કર્યાં અને રાત્રિ ત્યાજ ગાળવાનો વિચાર કર્યો. બપોરના તાપથી કંટાળેલો તે તળાવમાં સ્નાનાદિક કરી આવ્યો અને શિવાલયના ગર્ભાગારમાં શંકરનું ધ્યાન કરતો બેઠો. કેટલો વખત નીકળી ગયો તેનું તેને ભાન ન રહ્યુ. લગભગ સાતેક વાગે કાંઇક કોલાહલ થતો તેણે સાભળ્યો, એટલે તે ઉઠીને બહાર આવ્યો તો ધર્મશાળા ચિક્કાર ભરાઇ ગયેલી હતી. બ્રાહ્મણુ, વાણીયા, પાટીદાર તથા રજપૂતો વિગેરે તે ગામના બધા માણુસો ત્યા ભરાયા હતા ધર્મશાળામા એક મોટી જાજમ પાથરી દેવામા આવી હતી તેના ઉપર સામેના ભાગમા ભીંતને અડકાડીને એક મોટુ ગાદલુ બીછાવી એક બે તકીઆ નાખવામા આવ્યા હતા ત્યા આગળ

જરા સભ્ય જણાતા એવા બે ગૃહસ્થો બેઠા હતા. આજુ બાજુ સો સૌની લાયકાત મુજબ બધા ગોઠવાઇ ગયા હતા. આ બે બેઠેલા ગૃહસ્થોમાંએક બ્રાહ્મણ અને બીજો. રજપુત હતો જ્યારે ઇન્દુકુમાર ત્યાં આવી એક બાજુ ઉપર ઉભો રહયો, ત્યારે બધા અંદર અંદર વાતો કરતા હતા. વચ્ચોવચ એક બારોટ એક થાળી, લોટો, પ્યાલો, તથા અફીણ લઇ બેઠો બેઠો કસુંબો ગાળતો હતો. અને ધરડા વરડાના વખતના કવિત લલકારતો હતો ધીમે ધીમે કસુંબો તૈયાર થયો એટલે એક પછી એક સૌને મારાસમ, તમારા સમ, કરતા કરતા તે કાર્ય પૂર્ણ થયું પછી પેલો રજપૂત કે જેનુ નામ હરભમસિંહ હતુ તે બોલ્યો:—

"આપણુ ગામ નાનુ હોવાથી સરકાર તરફથી હજી નિશાળ ઉઘાડવામા આવી નથી આપણા છોકરાંઓને તેથી વિદ્યાનો લાભ મળતો નથી, અને તેથી તેમની જીંદગી ધુળધાણી થાય છે. માટે એક નિશાળ ઉઘાડવાનો ઠરાવ કરવા આજ પચ ભેગુ કરવામા આવ્યુ છે. તો ભાઇઓનો શો વિચાર છે તે જણાવશે"

હરભમસિહે આટલુ કહ્યુ તેના જવાબમાંબે ત્રણ જણે પોતાનો મત દર્શાવ્યો. છેવટે પેલો બ્રાહ્મણ ગૃહસ્થ જેનુ નામ પ્રભાશંકર હતુ તે બોલ્યો.—"ભાઇઓ ! પોતાની જીદગી ઉત્તમ કરવાનુ, મોક્ષ મેળવવાનું અને એક બીજાને મદદ કરવાનુ મોટામા મોટુ સાધન વિદ્યાજ છે. માટે આપણે આપણા બાળકોને પણ ભણાવવાજ જોઇએ અને હુ ધારૂં છુ કે બધા ભાઇઓ નિશાળ ઉઘાડવામા પોતાની તરફથી બનતી મદદ કરશે આ ધર્મશાળામાજ છોકરાઓને બેસવાની સગવડ કરીશું. ખર્ચમા ફકત મહેતાજીનો પગારજ છે, અને તે માટે

પોતાનાથી જે બને તે રૂપીઆ આઠ આના આ ફાળામાં ભરશો. આ રીતે દર વર્ષે ઉઘરાણું કરવું અને મહેતાજીને પોતાનાથી બને તો વાર તહેવારે સીધું આપવું. ભલા ! એક પથ ને દો કાજ થશે.''

સર્વાનુમતે ઠરાવ પસાર થયો અને ઉઘરાણાની શરૂઆત થઇ. હરભમસિંહે ઉઘરાણામા રૂા. ૫૧) ભર્યા પ્રભાશંકરે રૂા ૨૫) ભર્યા અને પછી બીજાઓએ પણ થોડા થોડા ભરતાં રૂા. ૨૦૦) ની રકમ થઇ. અત્યારસુધી મૌન બેસી રહેલા ઇન્દુકુમારને હવે કાઇક વિચાર આવ્યો અને તે આગળ આવી બોલ્યો:—'' આપ ભાઇઓની રજા લઇ હું કાઇક મારા તરફથી બે શબ્દો બોલવા ઇચ્છું છુ. આપે આજે નિશાળ માટે જે ઠરાવ કર્યો છે તે આ ગામના ભાવિ ઉદયને સૂચવે છે. જે ફંડ ઉભુ કરવામા આવ્યુ છે તે જોઇ મને—એક પરદેશીને—પણ ઘણોજ આનદ થાય છે. અને હું આપ ભાઇઓની રજા હોય તો ફડમા રૂા ૧૦૧ ) ભરવાની ઇચ્છા રાખું છું. હું ધારૂં કે આપ ભાઇઓ મને તે બદલ સમતિ આપશોજ ''

ઇન્દુકુમારની માગણીથી બધા તેના તરફ જોવા લાગ્યા. છેવટે પ્રભાશંકરે હરભમસિંહ સાથે કાઇક વાતચીત કરી તેને સંમતિ આપી એટલે તેણે પોતાની પાસેથી એક સો રૂપિઆની નોટ કાઢી તેમાં આપી. બધા ઘણા આનદમા આવી ગયા ,અને '' હરહર મહાદેવ '' ના જયઘોષ સાથે શંકરના દર્શન કરી વીખરાઇ ગયા. જતા જતાં પ્રભાશંકરે ઇન્દુ કુમારને. પોતાને ત્યા જમવાનુ આમંત્રણ કર્યું પણ હરભમસિંહ પોતાને ત્યાજ શુદ્ધ રસોઇ તૈયાર કરાવવાનું જણાવી ઇન્દુકુમારને પોતાને ત્યાં તેડી ગયો

આ ગામનું નામ હરિપુર હતુ. તેમાં લગભગ બસોથી અઢીસો ઘરની વસ્તી હતી તેમાં મોટો ભાગ રજપુતોનો હતો હરભમસિંહ પાસે સારી જમીન હતી તેમજ પૈસો પણ ગામના પ્રમાણમાં સારો હતો અને તેથી ગામમાં કરતા કારવતા તે ગણાતો હતો. હરભમસિંહને ગામના માણસો ઠાકોરના ઉપનામથી બોલવતા ઠાકોરનું ઘર આખા ગામનાં મોટુ હતુ તેના પાછળના ભાગમા છુટો વાડો હતો ઠાકોરને ત્યા બે બળદ એક ગાય તથા બે ભેસો હતી ઠાકોરને પોતાને સ્વારી કરવા માટે ત્રણ ઘોડીઓ હતી ઠાકોરને એક છોકરો હતો તેનું નામ અભયસિંહ હતુ. તેની ઉંમ્મર સતર અઢાર વર્ષની હતી ઇન્દુકુમાર માટે રસોઇ થયા પછી બધા સાથે જમ્યા અને પરસાળમાં ખાટલા નાખી ઠાકોર, અભયસિંહ તથા ઇન્દુકુમાર બેઠા હમેશના રીવાજ મુજબ બીજા પણ ગામના ત્રણ ચાર માણસો તથા પ્રભાશકર અને બારોટ લખાજી પણ આવીને ત્યાં બેઠા. આડા અવળા કેટલાક ગપ્પા માર્યા પછી હરભમસિંહે વાત છેડીઃ—

"વિધુભાઇ ! અમે તો એક ગામડામા પડયા છીએ અને તમે તો બધે ફરોછો ને દેશાટણ કરો છો. તો જરા કાઇક બે અક્ષર જ્ઞાનના સભળાવો તો ખરા."

ઇન્દુકુમારે પોતાનું નામ વિધુકુમાર જણાવ્યું હતુ. દેશાટન શબ્દ સાંભળતા લખાજી બારોટ બોલી ઉઠ્યાઃ--

"અરે ભા ! દેહાટણના તો કેવા કેવા ફાયદા સે અમારા બારોટ લોકે તેને હારૂ કેવા કેવા કવિત જોડયાસે.

બત્રી વિદ્યા જાણુ ભાણુ જે ભૂપ હરાવે.
બત્રી વિદ્યા જાણુ માણુશે ચૂ ર કરાવે,

બત્રી વિદ્યા જાણુ કુશોટી પૂરી કર છે,
બત્રી વિદ્યા જાણુ નાવવણુ નદીયું તરછે;
બત્રી વિદ્યા જાણુનાર જણુ, સૌથી ઉત્તમ હેખછે,
પણુ દેહાટણુ કરનાર જણુાથી તે હારી બેહી જછે.

બારોટજીએ ખરૂં ખોટુ જેમ તેમ તાણીને કવિત પુરૂં કર્યું એટલામા તો બધાએ " વાહ વાહ ! બારોટ, વાહવા ! " ના શબ્દોએ બારોટને વધાવી લીધા. સુધરેલા અને અતિશય માન આબરૂથી રહેનારાઓ ક-રતા આ સાદુ નિર્દોષ જીવન ગાળનાર અભણુ અને અજ્ઞાનિઓનું જીવન કેટલું સુખી હોય છે તેનો ઇન્દુકુમારને વિચાર આવ્યો. તેને એમ લાગ્યુ કે "મારે પણુ આ બધી ઉપાધિ શામાટે જોઇએ ? આવા નિર્દોષ ગામડામાં રહેવાથી કેવું સુંદર જીવન ગાળી શકાય ? અહીજ રહીને સરલાની તપાસ થાય તો કેવું સારૂં ? અને ક્દાચ સરલાનો પત્તો લાગે તો હુ કેવો સુખી થાઉ ? " આ વિચાર આવતાજ તેનાથી બોલી જવાયુ —" I am the monarch of all I survey, my right there is none to dispute " તેના આ ઉદ્‌ગારો સાંભળી હરભમસિહ મોઢામાંથી હોકાની નળી કાઢતા બોલી ઉઠ્યો —

" શુ ? શુ ? વિધુભાઇ ! અમને સમજાવો તો ખરા ! "

# એકોનવિંશઃ પરિચ્છેદ.

## પર્ણકુટિ.

" Naked came I out of my mother's womb, and naked shall I return thither The Lord gave and the Lord hath taken away blessed be the name of the Lord.--Bible.

" બિહારીજી ! ગુરૂજીકી બાતે સુનકર મેરેકો તો બહુતહી આશ્ચર્ય હોતા હૈ. યહસંસારકી કયા જરૂરત થા ? " જંગલમા ચાલતા એ યોગીમાના એકે પૂછ્યુ.

"યહતો બડી બિચારકી બાત હૈ કર્મ કર્મદ્રષ્ટિસે વર્ન્ય હૈ પરંતુ કર્તવ્ય દ્રષ્ટિસે વર્ન્ય નહિ હૈ. કર્તવ્ય તો કરનાહી પડતા હૈ. ગુરૂજી કર્મ કરતે હૈ. વો મમત્વસે નહિ કિન્તુ કર્તવ્ય સમઝકર કરેતે હૈ. " અવધ બિહારીએ રામચરણુદાસને કહ્યું.

" સંસારત્યાગ કે સબંધમે જો કુછ સમાધાન કિયા હૈ વોભી બહુત બિચારકી બાત હે. મેરી બુદ્ધિ તો ઇસમે કુછ કામ નહિ કરતી "

" ભાઇ ! જો સબ બાતે એંસીહી સમઝમેં આ જાતી, તો ફિર ગુરૂકી અપેક્ષા કૌન કરતા ? અધિકાર પ્રાપ્ત હોનેસે સબ કુછ પ્રાપ્ત હોતા હૈ. બિના અધિકાર કુછ નાહિ મીલતા "

"જ્હો સત્ય હૈ. પરન્તુ બિના અધિકાર ઇચ્છા ભી નહીં હોતી હૈ ન ! " રામચરણદાસે હાથમાનો ચીપીઓ હલાવતાં કહ્યું.

"ઇચ્છા તો બીના અધિકારભી હો સકતી હૈ; પરન્તુ ઉનકા પ્રકાર ભિન્ન હૈ. યહિ—' બિહારી આગળ બોલવા જતો હતો એટલામા કોઇના રૂદનનો કરુણ સ્વર કાને પડતા તે ચમક્યો અને કાન માંડી સાંભળવા લાગ્યો. રામચરણદાસ પણ ત્યા ઉભો રહ્યો ધીમો ધીમો ડુસકા ખાતેઃ હૃદયને હલમલાવી નાખતો સ્વર તેમનાં કર્ણદ્વાર ભેદવા લાગ્યો

"પિતા માતા ભ્રાતા, કવણ વિધિ સામે થઇ શકે ? *
વિધાતા જો રૂઠે, કરમગતિ કોથી ફરી શકે ?
ભલે આ સૃષ્ટિના, ભડ સુજન વીરો કદી મળે,
વિધાતાએ ટાંકયા, તદપિ નવ કોથી ટળી શકે."

"અરે ! યહ તો કોઇ કર્મગતિકા શોચ રહા હૈ. આવાજ આતિ હૈ, યદિ કોઇ નજર નહિં પડતા" અવધબિહારીએ ચારે તરફ નજર ફેરવતાં કહ્યું એટલામા વળી ધીમો સ્વર ફરીથી શરૂ થયો. રામચરણદાસ પણ હવે તે સ્વરના અવાજ ઉપર ધીમો ધીમો આગળ જવા લાગ્યો

"હૃદયની સર્વ ઇચ્છાઓ, દબાઇ નાશ પામી છે,×
હૃદયની સર્વ આશાઓ, છુંદાઇને વિરામી છે
અરેરે ! ઓ વિધી ! ભુંડા ! હવે તું ક્રૂર કાં થાતો,
નથી સહેવા તણી શકિત હવે તુજ ક્રૂર આઘાતો.

---

+ શિખરીણી છંદ × ગઝલ કવ્વાલી

તજાવ્યાં ગ્રામ સબંધી, વિયેગી નાથથી કીધી,
ફસાવી આ વિપત્તિમાં, કસોટી ખૂબ તેં લીધી;

હવે તો ગાત્ર આ થાતાં શિથીલ, ભય ત્રાસને દેખી,
હજીએ અર્જ આ મારી ધરેના દીલ ઉવેખી;"

"અરે ! યહતો દુઃખી અબલાકા પુકાર હૈ. હરિ ! હરિ ! કૈસી દુ.ખી અવસ્થાકા બરનન કર રહી હૈ હે પ્રભુ ! ઇસ્સે બચાલે" અવધબિહારી જે ધીમે ધીમે રામચરણદાસ પાસે આવી પહોચ્યો હતો તે બોલી ઉઠયો. એટલામાં વળી અવાજ આવ્યો

"હે પ્રભુ ! શુ હજી પણ મારે માથે વિપત્તિઓ આવવાની બાકી છે ? જ્યારે ક્ષણભગુર દેહધારી કહેવાતાં માતા પિતા પણ બાળકનાં દુઃખ નિવારવાને તત્પર થાય છે તો તું શુ આ સર્વ જોઇ રહીશ ? ત્રાહિ ! ત્રાહિ ! શુ ત્હારે ત્યા પણ ન્યાય નહિજ હોય ? ઓ પિતા ! ઓ પિના ! ! તમે કયાં હશો ? અરે ! આ દુષ્ટો મને કેવુ દુઃખ આપશે ? મારૂ શિયળ હુ શી રીતે જાળવીશ ? વિભુ ! વિભુ ! ! તું કયા ભરાઇ બેઠો છે ?

ડરે છે શું વિભુ તુ એ જગતના આ પ્રપચોથી ?
કરી છે બધ દરબારો પ્રપચીના પ્રસગોથી ?

છીએ અમ બાલુડાં ત્હારાં દયા કયમ ઉર ના લાવે ?
અમો નિર્દોષને મારી દયાધન નામ તું કા'વે ?

કહે કો દીનબંધુ તે ગરીબોને સતાવાને ?
દયાનિધી કહેતા તે કસાઇ ક્રૂર થાવાને ?"

અવધબિહારી તથા રામચરણદાસ ધીમે ધીમે ગુપ્ત દ્વાર પાસે આવી પહોંચ્યા.

" અરે ઓ વિશ્વના નેતા ! મહર્ષિને મુની લોકો !
તમારી રંક આ પુત્રી મરે છે પાડતી પોકો
બચાવો દુષ્ટના ત્રાસે શિયળને સાચવો માતા !
નથી શું વિશ્વમાં કોઈ પ્રભુના ગાનના ગાતા ? "

હવે અવધબિહારીને ધીરજ ન રહી. ગુરૂનું સ્મરણ કરતો તે ચીપીઓ ખખડાવતો બોલી ઉઠયો –"ભગિની ! બહન ! શાન્ત હો. જહાં તક મહાત્મા ગુરૂશ્રી વિશ્વદાસજીકા આત્મા યહ સંસારમે વિચરતા હૈ, કોનદુષ્ટ સતિકા શિયળ ભંગ કર સકતા હૈ ? માઇ ! યહ બતાદે કે તું કહાં હૈ. "

સરલાને આ અપરિચિત પણ આશ્વાસિત અવાજ સાંભળી પ્રથમ જરા હર્ષ થયો, પરન્તુ વળી તુરતજ તેને કાંઇ દગો હોવાનો વ્હેમ આવ્યો. જવાબ આપું કે કેમ ? વખતે કાંઇ દગો હશે તો ? ના. ના કોઇ સાધુનું નામ લે છે એટલે દગા જેવું તો નહિંજ હોય. પરંતુ આજકાલના સાધુ. એમનો શો ભરોસો ? ગમે તેમ હશે પણ એકવાર બહાર નીકળાશે તો બધું થઇ રહેશે. આમ વિચાર કરતી હતી એટલામાં વળી ફરીથી અવધબિહારી બોલ્યો.

" માઇ ! શંકા કરનેકા કુછ કારન નહિ હૈ. મેં અપને ગુરૂકે નામસે કહતા હું કિ તું નિભય હૈ. હમકો રાસ્તા બતા. "

સરલાને હવે વિશ્વાસ આવ્યો, તેણે અંદર આવવાનો રસ્તો બતાવ્યો અને અવધ બિહારી તથા રામચરણદાસે તે મકાનમાં દાખલ

થઇ સરલાને બહાર કાઢી બહાર નીકળ્યા પછી સરલાએ જવાની મરજી દર્શાવી

"માઇ ! યહ સંસારમેં વાસનામય જીવન વ્યતિત કરનારે બહુતકી લાગ હૈ ઇસ અવસ્થામેં તેરેકો બહુત વિપત્તિ પડેગી ગુરૂમહારાજકે આશ્રમમેં ચલનેસેં હરેક તરહ આરામ મીલેગા." અવધબિહારી બોલ્યો

"વહાં આનેસેં મેરા મતલબ નહી નીકલ સકતા" સરલાએ જવાબ આપ્યો

"માઇ ! ગુરૂજીકી કૃપાસેં સબ કુછ અચ્છા હોયગા. વહાં ઠેરનેકી ઇચ્છા ન હો તો ગુરૂજીકા દર્શન કર ફીર ઇચ્છાનુસાર કરના."

સરલાને પણ એ ઠીક લાગ્યું અને તેણે તેમની સાથે મહાત્માશ્રી વિશ્વદાસજીના આશ્રમ તરફ ચાલવા માડયું. અવધબિહારી તથા રામચરણદાસ આગળ અને સરલા પાછળ એમ જતાં હતાં. બાવાઓ આડીઅવળી કેટલીક વાતો કરતા ખુબ આનંદમા આવી ગયા અને ધુનમાં આવી જઇ ચીપીયા ખખડાવતા ગાવા લાગ્યાઃ—

"કાહેકો શોચ કરે મનતું કાહેકો શોચ કરે,
અશરન શરન કૃપા નિધી કેશવ, (૨)
ત્રિવિધિ તાપ હરે — મન તુ૦
ક્ષણભંગુર યહ દેહ મમંત્વે, (૨)
કુડે કાર્ય કરે — મન તું૦
કર્મ-ભોગી જીવ અંત સમયકો (૨)
સ્મરિ સ્મરિ દુઃખ મરે -- મન તું૦

છોર મમત્વ, હૃદય અહંતાકો (૨)
સત પથકો વિચરે.— મન તું૦
બિશ્વદાસ ગુરૂ ઇષ્ટ સ્મરનસે, (૨)
જનિમૃતિ તાપ હુરે— મન તુ૦

ભજન પુરૂ થતાંજ "મહારાજ શ્રી વિશ્વદાસકી જય" નો ઘોષ કરી મૂકયો. સરલા આ યોગીઓના સહવાસમાં ક્ષણુવાર તો પોતાનું દુઃખ ભુલી ગઇ "સંસારના જીવો કરતાં આ એકાંતવાસી યોગીઓ કેવા સુખી, સંતોષી અને આનંદી છે! અહા! જ્યારે આ શિષ્યોજ આટલા આનંદી છે અને વિરકત લાગે છે તો એમના ગુરૂ શ્રી વિશ્વદાસજી મહાત્મા કેવા મહાન્ યોગેશ્વર હશે તેની તો કલ્પનાજ શી રીતે થાય? મારાં પણ અહોભાગ્યજ કે આંજ હું તે મહાત્માના દર્શન પામી કૃતાર્થ થઇશ ખરેખર! આજથી મારો ઉદયજ ભાસે છે. મારૂં ભાવિ હવે કાંઇક મારા ઉપર હસતું હોય તેમ લાગે છે. મારી અરજી ઇશ્વરે સાંભળી જણાય છે. જો તેમ ન હોય તો મહાત્માના દર્શન મારા ભાગ્યમાં કયાંથી?" આમ વિચાર કરતી બન્ને યોગીઓની સાથે જતી હતી. લગભગ અડધાએક કલાકે તેઓ નદી કિનારે આવેલી એક મોટી ભેખડની બાજુની એક ટેકરી પાસે આવી પહોંચ્યા. ટેકરીની તળેટીમાં એક નાની સરખી પર્ણકુટિ હતી.

જ્યારે તેઓ તે ટેકરી આગળ પહોંચ્યાં ત્યારે લગભગ દશેક વાગવાનો શુમાર હતો. સૂર્યનારાયણ ધીમે ધીમે પોતાની નિત્યયાત્રાનો પંથ કાપતા હતા. પર્ણકુટિ ટેકરીની તરેળીમાં આવેલી હોવાથી ત્યાં સૂર્યનાં કિરણો આવી શકતાં નહોતાં. પર્ણકુટિની બહાર એક પથ્થરના મોટા

આસનપર પંચાગસહ મૃગચર્મ બીછાવી મહાત્માશ્રી વિશ્વદાસજી બેઠા હતા. તેમની સામે તેમના દશ બાર શિષ્યો પણ બેઠા હતા. મહાત્મા કાઇક ઉપદેશ કરતા હતા, એટલામા સરલા તથા બન્ને યોગીઓ ત્યાં આવી પહોચ્યા સરલાએ મહાત્માને પ્રણામ કર્યા અને એક બાજુએ બેઠી. પેલા બન્ને શિષ્યોએ પણ ગુરૂને પ્રણામ કર્યા અને પોતાની જગ્યા લીધી વિશ્વદાસજીએ સન્માન સૂચક મમતાળુ અને આશિર્વાદાત્મક દ્રષ્ટિવડે તેમના પ્રતિ હસતા મુખે જોઇ બેસવાની આજ્ઞા કરી આગળ ચલાવ્યું —

"યહ શકા કે નિર્ણયમે બહુતસી તિવ્ર દ્રષ્ટિકી આવશ્યકતા હૈ, યદિ તુમ ઐસાહિ બિચાર કરોગે તો કુછ નઝર ન આયગા. એક ચીજ જો એક મનુષ્ય કે લીયે સુખકર ઔર જીવનદાયી હૈ વહી ચીજ દુસરે મનુષ્ય કે લીયે દુખકર ઔર જીવન–હર હૈ સક્કરસેં સક્કરખોરકો જીવન મીલના હૈ યદિ સક્કર ગર્ધવકા પ્રાન હરતી હૈ અફીની-કા જીવન અફીમ ખાનેસેહી ટીકતા હૈ જબ અન્ય મનુષ્ય અફીણ ખાનેસે દેહ ત્યાગ કરતા હૈ. ગૃહસ્થાશ્રમીકો સ્ત્રી ભોગના પડતા હૈ, ઔર બ્રહ્મચારી, વાનપ્રસ્થાશ્રમી ઔર સંન્યાસીકો ઉનકા દર્શનભી વર્જ્ય હૈ. મુકરરદશામેં ઉનકે અધિકાર અમુક અમુક ચીજો ઔર કાર્ય ઉપ-ભોગમે લેનેકા હૈ, વહી દુસરી દશાકા અધિકારસે વર્જ્ય હૈ. જો જો સમય જો જો અધિકાર પ્રાપ્ત હોતા હૈ વહી અધિકારાનુસાર કાર્ય કરને પડતે હૈ. જીસ્ને ગૃહસ્થાશ્રમકા અનુભવ લીયા હોગા ઉનકી ધ્યાનમેં યહ બાત તુર્તહી આ જાયગી પુત્રી જબ પાંચ બર્ષકી ઉમ્રકી હોતી હૈ વહા તક ઉનકે ભાઇ, પિતા આદિ સબ પુરૂષવર્ગ ઉન્હે ગોદમે દબાકર ઉનકે સુંદર નિર્દોષ મુખપર ચુબન લેતે હૈ; પરન્તુ ઉનકી યુવાપૂર્ણ અવસ્થા

હોનેકે બાદ ઉનકે પતિ સિવાય અન્ય કોઇભી પુરૂષ–પીછે વ્હો ભાઇ હો યા પિતા–ઉનકા મુખ નહીં ચુમ સકતે. ક્યા યહભી અધિકાર કી બાત નહીં હે ? વૈસાહી ભિન્ન ભિન્ન અધિકાર ભિન્ન ભિન્ન સ્થિતિમેં પ્રાપ્ત હોતાહે. ઔર અધિકારકી સાથહી જ્ઞાનકી વૃદ્ધિભી હોતી હૈ. ઉસસેં સબ નિ સંશય સમઝા જાયગા કી જહાંતક અધિકાર પ્રાપ્ત નહિં હૈં વહાંતક અપને કર્મમેં કોઇ તરેહભી શંકાગ્રસ્ત ન હોના; પરંતુ અપના પ્રાપ્ત કર્તવ્ય કરકે ઇષ્ટચિંતનમેં મગ્ન રહના યહી પરમ સુલભ માર્ગ હૈ."

વ્યાખ્યાન પૂર્ણ થતાં વિશ્વદાસજીકી જય બોલાવી બધું મંડળ ઉભુ થયું. શિષ્યોમાં કોઇ ભિક્ષા માટે તો કોઇ અન્ય પ્રાપ્ત કર્મમાં લીન થયા. વિશ્વદાસજીએ હવે સરલા તરફ જોયું અને બોલ્યા —

" પુત્રી ! તું યહ નિર્જન સ્થાનમેં કીસી તરહ આઇ ? "

સરલાથી કાંઇ જવાબ ન અપાયો પરન્તુ ગળગળી થઇ ગઇ. તેની આંખમાં પાણી ભરાઇ આવ્યુ. વિશ્વદાસજીએ તેને શાન્ત્વન આપતાં કહ્યું —

" શોક મતકર. બચ્ચા ! પરમ કલ્યાણકર પરમાત્મા તેરા દુ ખ નષ્ટ કરેગા શાન્ત હો, પુત્રી, શાન્ત હો "

" મહારાજ ! આપની આશીસ માથે ચઢાવુ છું. મારી કર્મકહાણી ઘણીજ દુઃખકારક અને લાંબી છે. આપ તો સમર્થ હોવાથી આપનાથી શું અજાણ્યું છે ? છતાં આપની ઇચ્છાનુસાર જણાવુ છું. "

સરલાએ પોતાની કેટલીક બીના જણાવી પરન્તુ ઇન્દુકુમારની બીના જણાવતાં તેના હૃદયને જરા ક્ષોભ થયો. મહાત્માએ તેને સમ-

જાવી શાન્તિ આપી ત્યારેજ તેણે બધી વાત કરી. મહાત્માનું હૃદય તેના દુઃખથી પલળ્યું અને ગદ્દગદ્દ કંઠે તે બોલ્યા.

"પુત્રી! તું અબ નિર્ભય હૈ. તેરે હૃદયમેં જો શુદ્ધ પ્રેમ, સત્યપ્રિયતા ઔર પતિભકિતકા બાસ હૈ વહી તેરેકો સહાય કરેંગે. યહ પર્ણકુટિમે થોડાસા સમય વ્યતિત કર ઇતનેમેં સબ કુછ અચ્છા હો જાયગા."

મહાત્મા સરલાને સાથે લઇ પર્ણકુટિ તરફ ગયા. સરલાને પણ થોડો સમય મહાત્માપાસે રહેવાની અને પોતાના હૃદયની નિર્બળતા તથા કાંઇક વાસનાઓ નિર્મૂળ કરવાની ઇચ્છા થઇ. સાંજનો પહોર થતાં પાછું શિષ્યમંડળ ભેગું થયું મહાત્મા વિશ્વદાસજીની સાથેજ પણ જરા છેટે સરલા માટે એક આસન નાખવામાં આવ્યું, અને વાર્તાલાપ શરૂ થયો

પ્રથમ અવધ બિહારીએ પ્રશ્ન કર્યો --

"મહારાજ! સુખ કીસકો માના જાતા હૈ?"

વિશ્વદાસજીએ સરલાના સામે જોતા જવાબ આપવા માંડયો:— "ભગવતી! યહ પ્રશ્ન તેરેકો બહુત શાન્તિપ્રદ હોગા" પછી શિષ્ય મંડળ તરફ જોતાં આગળ ચલાવ્યું —યહ સૃષ્ટિમેં અસંખ્ય મનુષ્ય હૈ પરંતુ ઉનકા ચહેરા, ઉનકી કાન્તિ ઔર ઉનકી મુખાકૃતિ ભિન્ન ભિન્ન હૈ વૈસીહી ઉનકી વૃત્તિઓભી ભિન્ન ભિન્ન હૈ વહ વૃત્તિઓમેં જૈસા જૈસા સિંચન હોતા હૈ ઔર ઉનકું જૈસા પોષનભી મીલતા હૈ વૈસાહી બલ ઉનકો મીલનેસે બુદ્ધિભી વૈસીહી હોતી હૈ. ઇસીલીયે એક મનુષ્યકો જીસમેં સુખ જાન પડતા હૈ ઉસીમેહી દુસરેકો દુઃખકી પ્રતિતી હોતી

હે. કામી પુરૂષકો સ્ત્રી ભોગમેં સુખ પ્રતિત હોતા હૈ જબ યોગીયો કો સ્ત્રીકા બિચાર માત્રસેં દુઃખ આર ભય હોના હે શ્રીમંત કો અધિક દ્રવ્યોપાર્જનમે સુખ માલુમ હોતા હૈ જબ ગરીબભી સંતોષી હોનેસે અપના નિર્વાહ પ્રાપ્ત કરનેપર ભી ખુશ રહતા હૈ. શૂર વીરકો યુદ્ધ સ્થલમેં મરનેકા ઉત્સાહ હોતા હૈ જબ ભીરૂ મનુષ્ય યુદ્ધકા નામ માત્રસેંહી કાંપને લગતા હૈ. ઇસ પરસે યહ માલુમ હોગાકી એક વસ્તુ એક મનુષ્યકો સુખ દેનેવાલી હૈ વહી વસ્તુ દુસરેકો દુઃખ પ્રાપ્ત કરતી હૈ. અભી પ્રશ્ન યહ ઉઠના હૈ કી સંસારમાં ઐસી કોનસી ચીજ હૈ યા ઐસી કોનસી સ્થિતી હૈ જો સર્વ મનુષ્યકે લીયે સુખપ્રદ હો. ઇસકા ઉત્તર બહુત કઠિન હૈ પ્રશ્ન કરનેવાલે હૈ કી વૃત્તિ જહાંતક ન સમજી જાય ઉનકા ઉત્તર નહિં દીયા જાના. યદી વિરક્ત વૃત્તિસેં દેખા જાય તો સંતોષ ઔર અદ્વૈતમેંહી સબ સુખ હૈ; જહાં તક સંતોષ ન હો અદ્વૈત નહીં પ્રાપ્ત હોતા. અદ્વૈતત્વ ન હોનેસે સદા દુઃખકીહી બ્રાન્તિ હોતી હૈ. પરંતુ પુખ્ત બિચાર કરનેસે સાફ સાફ માલુમ પડેગાકી સુખ ઔર દુઃખ જૈસી કોઇ ચીજ નહી હૈ. યદી ઐસા માન લીયા જાય તો ઉસ દશામેં સંતોષકી પરમ સુખ હૈ. એક યુરોપીયને કહા હૈ કિ-Naked came I out of my mother's womb and naked shall I return thither. ગર્ભસેં નગ્ન દશામેં આયા હુ ઔર એસીહી નગ્ન દશામે વહાં પીછા જાઉંગા."

"ઐસે ભિન્ન ભિન્ન વૃત્તિયો હોનેસે સુખકી વ્યાખ્યા નહીં દી જાતી, પરન્તુ ઇતના તો અવશ્યહી સમઝના ચાહીએ કી સુખકી સામાન્ય વ્યાખ્યા યહ હૈ કી સંતોષપૂર્વક કર્તવ્યપરાયણ હોના" સરવાના

તરફ જોઇ મહાત્મા વિશ્વદાસજી બોલ્યા.—' કયોં ભગવતી ! જો સુખકો તું ખોજ રહી હૈ વો કહાં મીલ સકતા હૈ વે અબ તુ સમઝ ગઇ ન ? "

" મહારાજ ! સમજી તો ખરી. પણ કાંઇક શંકા રહે છે " સરલાએ વિનીતભાવે પ્રત્યુત્તર વાળ્યો.

" કયા શકા હૈ ? બેટી ! " વિશ્વદાસજીએ પૂછ્યું.

" આપે સંતોષપુર્વક કર્તવ્યપરાયણ થવામા સુખ બતાવ્યું, પરન્તુ મારા જેવી દશામા શું કરવુ ? " સરલાએ પ્રશ્ન કર્યો

" સચ હૈ પુત્રી ! તેને લીયેભી વહહી કર્તવ્ય હૈ. યદી તુ તેરે સ્વામીકી તલાશ કરનેકે લીયે યહ શકા કરતી હોગી પરંતુ બિચાર કરનેસે યહ ભી માલુમ હો જાયગા કિ જૈસે તુ તેરે સ્વામીકે દરશકો તરસ રહી હૈ હમભી હમારે સ્વામીકે દરશકે લીયે તરસતેં હૈ. તુ તેરે સ્વામીકો યહી ચર્મ ચક્ષુસેં દેખ સકેગી પર હમકો તો ઉનકે લીયે દિવ્ય ચક્ષુ કરના પડેગા. જૈસે હમ લોગ શ્રી પરમાત્માકા ધ્યાન કરતે હી ઉનકી ખોજ કરતેં હૈ, તુભી ઉનકા ધ્યાન કર ઔર યહ સબ મંડલકો મેં તેરે લીયે બોલાવન કરતા હું વો ભિક્ષા માગતેહી તેરે સ્વામીકા પત્તા લગાનેકી કોશીષ કરેગે "

" આપની આજ્ઞા માથે ચઢાવુ છુ, પરન્તુ જો મને પણ તપાસ કરવા જવાની રજા મળે તો વિશેષ કૃપા. " સરલાએ નમ્રતાથી વિનતી કરી.

" અચ્છા. યદિ તેરી ઇચ્છા અયસી હૈ તો કુછ ફીકર નહિં. વો ભી હો સકતા હૈ પરન્તુ પુત્રી ! તું તો ઉનકા લગ્ન હોનેકી બાત કર રહી થી, તો અબ દુસરી કયા તલાશ કરેગી ? તું ચાહે તો અબ કીસીકો ઉનકે મકાનપર ભેજદું. " મહાત્માએ સરલાને પૂછ્યુ.

"એ બરોબર છે, પરન્તુ લગ્ન થતા સુધી તે રહ્યાજ નહિં હોય એ મારી ખાત્રી છે. તેમણે ગૃહત્યાગ કર્યોજ હોવો જોઇએ " સરલાએ શરમથી નીચું જોઇ પ્રત્યુત્તર આપ્યો.

"અચ્છા એક દો રોજ પીછે તુમ્હારી સાથ અવધબિહારીજી ઔર મુરારીદાસજીકો ભેજનેકા બંદોબસ્ત કરિ દીયા જાયગા તુમ્હે નશ્ચિંત રહના."

વિશ્વદાસજીએ સરલાને શાન્ત્વન આપી પર્ણકુટિમા જવા આજ્ઞા કરી કિર્તનાદિ કરી સંધ્યા સમય થતાં સર્વ સ્નાન કરી સાયં સંધ્યા તેમજ જપતપાદિ પ્રાપ્ત કર્તવ્યમા પડયા સરલાએ રાત્રિ તે પર્ણકુટિમાં ગાળી

# વિંશતિતમઃ પરિચ્છેદ.

## હરમુખરાય.

Like Dian's kiss, unasked unsought,
Love gives itsalf, but is not bought

*Long fellow.*

\+ I + + +

Divine is love, and scorneth worldly pelf;
And can be bought with nothing, but with self.

*Davison's Rhapsody.*

ચંદ્રવદનરાયને ત્યા દાખલ થતા હરમુખરાય જે શબ્દો બોલ્યો તે સાંભળી ચંદ્રવનરાય ઘણોજ વિસ્મય થયો. સરોજના જવાની સાથેજ

આ અપરિચિત મનુષ્ય આવ્યો અને જે શબ્દો બોલ્યો તેથી તે એટલો આશ્ચર્યચકિત થયો કે ખુરશી ઉપરથી એકદમ ઉભો થઇ ગયો. એટલામાંનો હરમુખરાય તેની પાસે આવી પહોચ્યો અને આગળ બોલ્યો:—

"અનંતરાય બાબત તમારે ચિંતા કરવાની જરૂર નથી. તેણે પોતાનું સાધી લીધુ છે. હવે તો તમારે તમારૂંજ ફોડી લેવાનું છે."

ચન્દ્રવદનરાય કાંઇ જવાબ ન આપતા હરમુખરાય સામુ જોઇજ રહ્યો, હરમુખરાયે તેને ખુરશી પર બેસાડતા આગળ ચલાવ્યું —

"ખરેખર! મારા આવવાથી તમને આશ્ચર્ય થાય છે તેમજ હું એક અપરિચિત મનુષ્ય હોવા છતા તમારી ગૃહસંસારિક બાબતની આટલી છુટ લઇ વાત કરૂં છું તેથી કદાચ તમને મારાપર શંકા થશે પરન્તુ તેમ કરવાનું કાંઇ કારણ નથી ઇન્દુકુમારના ચાલ્યા જવાનું કારણ હું જાણું છું, અને—"

"અને તે મારૂં અનહદ દભાગ્યજ છે. ખરેખર! હવે હું પસ્તાઉં છુ. તમારૂ ના—"

"મારૂ નામ હરમુખરાય છે. પણ હવે તમે તેના સબંધમા શું કરવા ઇચ્છો છો?"

"મને કાંઇ સમજ પડતી નથી કે મારે શુ કરવું. મારી બુદ્ધિ તો બહેર મારી ગઇ છે અરે કેવો લાયક વિદ્વાન અને હોશીઆર પુત્ર ગુમાવ્યો? તેણે બિચારાએ તો મને ઘણુ કહ્યું હતું, વિનવ્યું હતું, પણ મેં તે કાંઇ ન માન્યું–કાંઇ ન સાંભળ્યું. છેવટે આ દશા થઇ. અરેરે! હવે તે—"

"હવે ખોટો પશ્ચાતાપ કરવાથી શુ વળનાર છે? તેની તપાસ કરો અને તેની મરજીપ્રમાણે તેને વર્તવા દો."

"તમે મને મદદ કરી શકશો ?"

"હાલ હું કરી શકતો નથી. પરન્તુ મને તમે તમારા ખુલ્લા દીલથી જણાવો કે જો કદાપિ ઇન્દુકુમારનો—"

"હા. હા. જો મારા વ્હાલા ઇન્દુનો પત્તા લાગે તો તે કહે તેમ કરવા હું તૈયાર છું." ચન્દ્રવદનરાય હરમુખરાયને બોલતાં અટકાવી વચ્ચેજ બોલી ઉઠયો.

ચન્દ્રવદનરાયનો ખુલાસો સાંભળી હરમુખરાય ત્યાથી નીકળ્યો અને પોતાના મકાનપર આવ્યો. ઇન્દુકુમારની શોધ માટે હવે તેનો દ્રઢ નિશ્ચય થયો. બીજેજ દીને તેને મુંબઇ જવાનું હતું અને રાત્રિ ઘણી ગયેલી હોવાથી તે નિદ્રાવશ થયો.

આજે હરમુખરાય મુબઇ જનાર હતો. તેના મિત્રો વિગેરે તેને મળવા માટે ત્યા આવ્યા હતા ચંપક પણ ત્યા હાજર હતો હરમુખરાય ઝવેરાતના વ્યાપાર માટે મુંબઇ જનાર હોવાથી તેની ખુશાલીમા ટીપાર્ટીની મીજલસ કરવામાં આવી હતી. ચંપકે જરા ટોળ કરતાં વાત ઉપાડીઃ—

"કેમ ભાઇ હરમુખ ! વ્યાપારને અગે પેલો પરોપકાર કરશો કે ભુલી જશો ?"

"એ તે ભુલાય ? મારાથી બનતુ કરીશ. પણ મને કાઇક જરૂર પડે તો અહીંથી તુ કાઇ કરી શકીશ કે કેમ ?" હરમુખે પ્રત્યુત્તરમાં પ્રશ્ન કર્યો.

"ભાઇ ! આપણે તો એવી બાબતમા માથુ મારતા નથી. એ તો ડીટેકટીવનું કામ. આપણાથી તે ન થાય." ચંપકે જવાબ આપી દીધો.

પ્રિયવાંચક ! આ મિત્રમંડળનાં આમોદ પ્રમોદનાં ગપ્પાં સાભળવામાં વધુ વખત ન ગાળતાં આપણે આટલેથીજ અટકીશું

હરમુખરાય અમદાવાદથી મુંબઇ આવ્યાને ત્રણ ચાર દિવસ થઇ ગયા. રાયચંદ નામના એક પ્રખ્યાત દલાલ સાથે મળી તેણે ઝવેરાતનો ધંધો શરૂ કર્યો. પરંતુ તેને ઇન્દુકુમાર વિસર્યો નહીં. ઇન્દુકુમાર પ્રતિ તેને આટલી બધી સહાનુભૂતિ થવાનું શું કારણ તે આપણે હવે જોઇએ.

હરમુખરાયનું વય લગભગ અઢાર ઓગણીસ વર્ષનું હતું તેણે ઇંગ્લીશ સાથે સસ્કૃતનુ પણ સારૂં જ્ઞાન મેળવ્યુ હતું. તેના માતાપિતા પણ સુશિક્ષિત હોવાથી હરમુખરાયના લગ્નવિષે તેમણે ઉતાવળ કરી નહોતી. હરમુખરાયની ઇચ્છા પણ પોતાનો સંસાર નિભાવવા જેટલું ઉત્પન્ન થાય ત્યારેજ અને તે પણ લાયક, સુશિક્ષિત અને સદ્‌ગુણ સ્વરૂપવાન કોઇ કન્યા મળે ત્યારેજ લગ્ન કરવાની હોવાથી હજી સુધી તેનું લગ્ન થયું નહોતું. પૈસે ટકે તેની સ્થિતિ એકંદરે ઠીક હતી જે કારણ માટે ઇન્દુકુમારે ગૃહત્યાગ કર્યો હતો તે તેની ઇન્દુ પ્રતિની સહાનુભૂતિનું મૂળ થઇ પડયું હતું. તેને વારવાર વિચાર આવતા કે 'ઓહો ! સૃષ્ટિમા હજી પણ આવા પ્રેમી પાત્રો પડયા છે કે જે કશાની પણ દરકાર ન કરતાં વિશુદ્ધ પ્રેમનાંજ પુજારી બને છે ! જ્યારે હુ અભ્યાસ કરતો ત્યારે પ્રેમના ઉદાહરણોને અતિશયોક્તિ રૂપ લેખતો ખરેખર ! તે વખતે મને પ્રેમના સ્વરૂપનીજ ખબર નહીં હોય, અને હજી પણ શું ? પ્રેમ કોને કહે છે તેની મને કયા ખબર છે ? હજી મેં કયો પ્રેમ જોયો કે અનુભવ્યો છે ? શુ પ્રેમનુ પ્રબળ આટલુ બધું હશે ? એ પ્રેમની કેવી મીઠાશ હશે ? એમા કેવું સૌંદર્ય અને માધુર્ય હશે ? મા-

થોમસ મુરે કહ્યું છે કે "There's nothing half so sweet in life as love's young dream.*" શું આખરૂં હશે? હશે, પ્રસંગ આવ્યે સમજાશે. પરંતુ ઇન્દુ—ઇન્દુને માટે શું કરવું? ગમે તેમ થાય પણ તપાસ તો કરવીજ. તે પોતાની મેળે ચાલ્યો ગયો હોવાથી ઘણોજ ગુપ્ત રહેશે, ત્યારે હવે શો ઉપાય!" આમ વિચાર કરતો તે અટકયો વળી જરાવાર વિચાર કરતાં તેને કાંઇક યાદ આવ્યું હોય તેમ તે બોલી ઉઠયો. "હાં બરાબર છે સરલાના જવાથી તે ગયો માટે સરલાની તપાસ કરવી સરલાના મામાને લખવુ જોઉં તો ખરો કે તે શો જવાબ આપે છે! સરલાના જવાની વાત કોઇને ખબર નથી પણ જો તે તેના મામાને ત્યા નહીં હોય તો જરૂર તે પણ ગઇ હોવી જોઇએ. મને તો એમજ વ્હેમ આવે છે કે સરલા ગયેલીજ હોવી જોઇએ તેમ છતાં માધવરાયનો પત્ર આવ્યે જણાશે" એમ વિચાર કરી તે ઉઠયો અને માધવરાયને એક પત્ર લખી પોસ્ટમાં મોકલાવી દીધો.

આજે તેને કામ પર જવાને ચેન ન પડ્યું ઘેરજ જેમતેમ વખત ગાળવાનો નિશ્ચય કર્યો, છેવટે એક પુસ્તક લઈ બેઠો પણ તે વાંચવામા તેનું ચિત્ત લાગ્યું નહિ. વળી પાછો વિચારતરંગે ચઢયો.

"આશ્ચર્ય છે કે આજ મારૂં હૃદય તોફાને ચઢયું છે નથી મને કોઇના ઉપર પ્રેમ કે નથી પ્યાર, છતા મારા મનની આવી સ્થિતિ શાથી થતી હશે? વળી વળીને ફરી એટલોજ વિચાર આવે છે કે

* પ્રેમના સ્વલ્પ સ્વપ્નના અર્ધભાગ જેટલું પણ માધુર્ય જીવનના કોઇ પણ પ્રસંગમા નથી

ઇન્દુ અને સરલાનો પ્રેમ કેવો? શું દુનિયાનાં બીજાં મનુષ્યો કરતાં આ બે પ્રેમીઓનો પ્રેમ અદ્ભુત હશે? શું વિશુદ્ધ પ્રેમ તે આજ હશે? આહા! કવીઓ તો કહે છે કે વિશુદ્ધ પ્રેમ જેવું સુખ કયાંય નથી, પણ સાથે સાથે એ પણ સમજવું જોઇએ કે વિશુદ્ધ પ્રેમ જેવું દુ:ખ પણ કયાંય નથી. બિચારી સરલા! એની કેટલી ઉમર! એ કયા ગઇ હશે?" વળી કાંઇક વિચાર આવતા જરા અટકી આગળ બોલ્યો:—

"પણ મારી ભુલ થાય છે. હુ મારા વ્હેમથીજ દોરાઉં છું. કેમ જાણ્યુ સરલા માધવરાય સાથે નહી ગઇ હોય? પણ પ્રેમ તો અજબ! હજી પ્રેમીઓની વાતમાંજ મારૂં મન આટલુ વિહ્વળ થઇ જાય છે તો કોઇ એવી મુગ્ધા સાથે પ્રેમ થતા તો શી દશા થશે?"

આ વિચાર આવતાં તે પોતાના હૃદયની નિર્બળતા ઉપર હસવા લાગ્યો. ઘડીકવાર તો તે મનમા ને મનમા શરમાયો, વળી હસતા હસતાં તે બબડવા લાગ્યો —

"પણ એ પ્રેમ બધાતો હશે શાથી? શું સ્ત્રીનુ સૌદર્ય પ્રેમ ઉત્પન્ન કરતું હશે? કે સ્ત્રીના સદ્‌ગુણો પ્રેમ ઉત્પન્ન કરતા હશે? પુસ્તકો અને નવલકથાઓમા તો ઘણી વખત—બલ્કે મોટે ભાગે સૌંદર્યથી ઉત્પન્ન થતા પ્રેમનાંજ દ્રષ્ટાતો આપણને મળે છે જયા જોઇએ ત્યા તેજ, દરેક નવલકથામા, નાટકોમાં અને એવાંજ બીજા સાહિત્યોમાં પણ મોટે ભાગે એજ જણાય છે પણ જો સૌંદર્યથીજ પ્રેમ બધાતો હોય તો તે ખોટો—કૃત્રિમ પ્રેમ છે તે સ્થાયિ રહી શકતો નથી, કારણ Beauty is but skin-deep. It has wings and too hastily

fliesx. વળી મી. બન્સ ( Burns ) કહે છે કે.–Beauty's of a fading nature–has a season, and is gone* ! ત્યારે સૃષ્ટિનાં સર્વ મનુષ્યો–બલ્કે મોટો ભાગ શું સૌંદર્યનાજ પૂજક હશે. સદ્ગુણ-પ્રેમી નહીં હોય ? હશે, પણ કવચિતજ. ઇન્દુ અને સરલા પણ તેનોજ નમુનો છે. જો તે સદ્ગુણપ્રેમી ન હોય તો શું અધિક સૌંદર્યવાન અન્ય સ્ત્રીપુરૂષો તેમને ન મળત ?" વળી કાંઇક વિચાર આવતાં તે અટકયો અને બોલ્યોઃ—

"પણ હું કયારે તે પ્રેમનો પુજારી બનીશ ? મને તે પ્રેમની અધિષ્ઠાત્રીદેવી કયા અને કયારે મળશે ? શુ વિધાતાએ મારે માટે પણ પ્રેમરાશિ નિર્મી હશે ? હા. હોવીજ જોઇએ. હશે. એ વિચાર હાલ ન કરવા જોઇએ "

"હાલતો ઇન્દુકુમાર અને સરલાની તપાસ મારે શી રીતે કરવી તેજ નકકી કરવાનું છે માધવરાયનો કાગળ આવ્યા પછી સુરત જાઉં તો ? હા તેજ ઠીક છે સુરત જવાથી કાંઇક જણાશે. અત્રેનો બંદોબસ્ત રાયચંદને સોંપી દઇશ અને હું પણ પૂર્ણ વિશુદ્ધ પ્રેમીઓને મેળવવા તેમની પાછળ ગુપ્ત વેષે ભમીશ; અને તેમને સુખી કરી કૃતાર્થ થઇશ " આમ વિચાર કરતો તે બહાર નીકળ્યો.

ધન્ય છે આવા ઉદારચિત પરોપકારી હૃદયને !

---

× સૌંદર્ય ત્વચા ઉપરનુજ હોય છે તેને પાંખો હોય છે અને તે જલ્દી ઉડી જાય છે.

* સૌંદર્યને નાશ પામવાની પ્રકૃતિ છે તેની ( સૌંદર્યની ) પણ ઋતુ હોય છે અને તે ચાલી જાય છે

# એકવિંશઃ પરિચ્છેદ.

## શિક્ષણનો નમુનો.

What's all the noisy ſargon of the schools
But idle nonsense of laborious fools,
Who fetter reason with perplexing rules?

**Pomhret.**

"મામા! જુઓને આ મેના કેવું મીઠું મીઠું બોલે છે?" મધુકુમારે મેનાનું પાંજરૂં મોટા ગોળ ટેબલ પર મુકતા કહ્યું.

"ત્હારી સરલા ય્હેને ભણાવી છે ને? એટલે કેમ ન બોલે!" માધવરાયે એમ જવાબ આપતા તરલાના તરફ જોયું

પ્રિય પાઠક! અત્રે જણાવવુ જોઇએ કે તરલાનેજ હાલ તો બધા સરલા કહીને બોલાવતાં જેથી મધુકુમાર સરલાને સંભારી ક્લેશ ન કરે તરલાની આ યુકિત કેટલેક અંશે સફળ પણ નીવડી હતી, કારણ હવે તે તરલાનેજ સરલા માનતો હતો જે વખતની આપણે વાત કરીએ છીએ તે વખતે સવારના સાતેક વાગ્યા હતા. માધવરાય, સુમન, તરલા અને મધુકુમાર મોટા ગોળ ટેબલની આજુબાજુ ખુરશીઓ ઉપર ચ્હા પીવા બેઠા હતા. મધુકુમારના આવ્યા પછી માધવરાયે એક રૂમોઇયણ

રાખી હતી તેનું નામ દયાગૌરી હતું. આ બાઈ બાળ વિધવા હતી. તેની ઉમર વીશેક વર્ષની હતી.

થોડી વારમાંજ દયાએ ચ્હાના પ્યાલા હાજર કર્યા. બધા સાથે ચ્હા પીવા બેઠાં. ચ્હા પીતાં પીતાં સુમને પૂછ્યું:—

"ઇન્દુકુમારનો કાંઇ પત્ર આવ્યો કે નહિં? હજી કયા સુધી ધીરજ ધરશો?"

"ઇન્દુકુમારનો તો પત્ર નથી. પરંતુ ગઇ કાલે એમ ખબર મળી છે કે ઇન્દુકુમાર પણ ચાલી નીકળ્યા છે પણ હજી આપણા ઉપર કાંઇ પત્ર નથી તેથી ચિંતા થાય છે." માધવરાયે જવાબ આપ્યો

"કામ વિકટ થઇ પડયું છે ને. એકને બદલે બેને શોધવાનાં છે." તરલા બોલી.

"એજ મુશ્કેલી છે ને. વળી શોધ પણ કયા કરવી? મને તો કાંઇ સમજ નથી પડતી" નિરાશાપૂર્વક માધવરાયે જણાવ્યુ

મધુકુમાર જે અત્યારસુધી ચ્હા પીતાં પીતાં મેનાના પાંજરા સાથે રમત કરતો હતો તે માધવરાયના મોઢાસામું જોઇ બોલ્યો—

"મામા! ઇન્દુભાઇ કેમ ના આવ્યા? એ તો આપણી પાછળ આવવાનુ કહેતા હતા ને!"

માધવરાય વિચારમાં હોવાથી સુમન બોલી ઉઠી·—"કાલે આવવાના છે. બાપુ! તું તેમને તેડવા સ્ટેશનપર જઇશ કે?"

"હા! હું તો જઇશ." મધુકુમાર હર્ષમાં આવી જઇ તરલાનો હાથ ઝાલીને બોલ્યો—"સરલા બ્હેન! તું મારી સાથે આવીશ ને?"

તરલાએ મધુને પોતાની પાસે ખેંચી લેતાં સ્મિત હાસ્યથી કહ્યું:—

"હા ભાઇ ! ઇન્દુકુમાર આવશે ત્યારે આપણે બન્ને જણ જઇશું."

તરલાએ મધુકુમારને ખુશી કરવા હાસ્ય કર્યું પણ તેનું અંતઃકરણ ઘણુંજ ખિન્ન થઇ ગયું. સરલા પ્રતિનો તેનો અનુરાગ અને ઇન્દુકુમારનો સરલા પ્રતિનો વિશુદ્ધ પ્રેમ તેના હૃદયમાં મૂર્તિમાન થઇ ગયો. સરલા તથા ઇન્દુકુમાર પ્રતિ તેને એવો વાત્સલ્ય પ્રેમ પ્રકટયો હતો કે પોતે કયા અને કેવા સંબંધથી–આકર્ષણથી ખેંચાતી હતી તે તે પોતે પણ સમજી શકતી નહોતી જયારે જયારે તેમની વાત નીકળતી ત્યારે ત્યારે તે ગદ્ગદ્ કંઠ થઇ જતી, અને તેથી એવે પ્રસંગે કેટલીક વખતે ત્યાંથી ખસી જતી અગર મધુકુમાર સાથે બીજી વાતમાં પડતી આજે પણ તેનું હૈયું ભરાઇ આવ્યું. ચ્હા પી, પાન લઇને મધુકુમારને લઇ તે બગીચામાં ગઇ. મધુકુમાર તાજાં ખીલેલા પુલો તોડવા અને રમત કરવા લાગ્યો. તરલા વિચારસાગરમાં ગોથાં ખાવા લાગી

"શું કોઇ પણ રીતે સરલા બ્હેનનો પત્તો લાગે તેમ છે ? ઇન્દુકુમારનો પણ કાગળ નથી શુ એ બિચારા બન્ને પ્રેમીઓ દુઃખી થવા સર્જાયલા છે ! અરેરે ! એમનું જીવન કેવુ વ્યતિત થશે ? ખરેખર ! જો જલ્દી મેળાપ થઇ જાય ત્યારે તો અત્યંત સુખમય, નહિં તો ભગ્નાશ હૃદયે દુઃખમય જીવન વ્યતિત કર્યા વિના છુટકોજ નથી. ખરેખર ! પ્રેમમાં પણ ઝેર સમજાયેલું છે જો ઝેરનો ઉપયોગ સાનુકૂળ સંયોગોમાં અને બાહોશ મનુષ્યના હાથે થાય તો તે જીવન અર્પે છે, નહિં તો જીવન હરે છે પણ ખરૂં. જેમાં સુખ છે તેમાંજ દુખ છે. જેમાં અમૃત છે તેમાંજ ઝેર છે. જેમા આશા છે તેમાંજ નિરાશા પણ રહેલી છે. એ સર્વ દ્વન્દ્વ છે."

એટલામાં મધુકુમારે વચ્ચે ખૂલેલ નાખ્યુ.

" સરલા! જોને પેલું શું બોલે છે? કેવું જોરથી બુમો પાડે છે!"

તાપીના કિનારા પર એક સારસ ચારે બાજુ ઉડતું ઘડીમાં રેતીમાં બેસતુ અને ચારે બાજુએ દ્રષ્ટિ ફેરવતાં બુમો પાડતું હતુ. તરલા તેના તરફ જોતાં બોલી:—

" ભાઇ મધુ! પેલું જનાવર જોયું કે? એનું નામ સારસ!"

" તે બુમો કેમ પાડતું હશે?" મધુકુમારે કાંઇક કુતુહલથી પુછયું."

" ભાઇ! એના સાથીદારથી એ વિખુટુ પડી ગયું છે તેથી એમ બુમો પાડે છે." તરલાને આ પક્ષી ઉપરથી વળી પાછા સરલા અને ઇન્દુકુમારના વિચાર આવવા લાગ્યા. મધુકુમાર તો તે પક્ષિનાજ તરફ જોઇ રહ્યો હતો. તરલાની તરંગમાળા પાછી ફરવા લાગી

" અરે! આ અજ્ઞાન પક્ષિઓમાં પણ આટલો પ્રેમ છે! એક બીજાથી વિખુટા પડવાથી કેવો આર્તનાદ કરી રહ્યું છે? શિવ! શિવ!! શિવ!!! એને બિચારાને કોણ આશ્વાસન આપે? અરે સરલા બહેન! તમારી પણ આજ દશા હશેને! અરેરે! તે બિચારાં બન્ને પ્રેમીઓ એક બીજાના વિરહમા કેવાં આક્રંદ કરતાં હશે? અરે! એમના શબ્દો કેવા હૃદયદારક હશે! હે પ્રભુ! તુ પણ.. ......"

તરલાની તરગમાળમા એકાએક વિક્ષેપ પડયો. બાળક મધુકુમાર રડતાં રડતાં બોલી ઉઠયો:—

" સરલા! ઓ સરલા!! તુ એના સાથીને નહી ખોળી કાઢે? તુ એને છાનું નહી રાખે? જોને બિચારૂં કેટલું દુ:ખી થાય છે અને કેવું રડે છે?"

મધુકુમારના આ નિર્દોષ શબ્દોએ તરલાનું હૃદય હલમલાવી મૂક્યું તેણે ધીમેથી દબાયલા અવાજે જવાબ આપ્યો:--

"ભાઇ ! જરૂર હું એને છાનું રાખીશ."

તરલાએ જવાબ તો આપ્યો પણ તેનુ હૃદય તેને કાંઇક જુદુંજ કહેવા લાગ્યું "હું કયા પક્ષિને છાનું રાખી શકીશ ? સરલાને, ઇન્દુકુમારને કે આ બિચારા નિર્દોષ અવાક્ પક્ષિને ? મન તો ઘણુંય થાય છે કે એને બિચારાને શાન્ત કરૂ, પણ ઉપાય શો છે ? હું શું કરી શકું એમ છું ? માધવરાય પણ કાંઇ કરી શકતા નથી તો મારી બુદ્ધિ શી ? ફક્ત ઇશ્વર પાસે તેમની કુશળ યાચના કરવા ઉપરાંત બીજો શો ઉપાય ?"

આમ વિચાર કરતી હતી એટલામાં વળી મધુકુમાર બોલ્યો --"બ્હેન ? મને તો રડવું આવે છે. તું એને છાનુ રાખને ! જોને--" મધુકુમાર આગળ બોલે તે પહેલા તો તરલા એને લઇ બગલા તરફ ચાલી બંગલામાં આગળના દીવાનખાનામાં સુમન ટેબલપર કોણી મુકી હાથપર માથુ ટેકવી વિચારમાં બેઠી હતી. મધુકુમારના આવ્યા પછી સરલાનીજ ચિંતામાં તે આખું કુટુંબ વ્યાકુળ રહેતું હતું સુમન પોતાની દીલગીરી ફક્ત માધવરાય આગળજ જણાવી શકતી હતી અને તે પણ તરલાની ગેરહાજરીમાજ. અત્યારે તે એકલીજ હતી એટલામાં તરલા તથા મધુકુમાર ત્યાં આવ્યા મધુકુમારે એકદમ દોડી સુમનનો હાથ ખેચતાં કહ્યું --

"બા ! બા ! ! જુઓને સરલા પેલાને છાનું નથી રાખતી, તે મને તો રડવું આવે છે."

"કોને ?" સુમને મધુને ખોળામાં લેતા કહ્યું.

"પેલા જનાવરને સરલા તો કહે છે કે એના સાથીદારથી તે છુટું પડી ગયું છે તેમાં રડે છે."

તરલા તરફ જોતાં સુમને પૂછ્યું.—"શું છે? મધુ શાની વાત કરે છે?"

"એતો એક સારસ છે તે છુટું પડી ગયું છે તેથી બુમો પાડે છે કહો બ્હેન! એને શી રીતે છાનુ રખાય?" તરલાએ જવાબ આપ્યો.

સુમને મધુકુમારની હઠ છોડાવવા તેને ફરવા જવા માટે નોકરને બોલાવી બ્હાર મોકલ્યો. નોકર મધુકુમારને લઇને બહાર ગયો હવે તરલા તથા સુમન બેજ જણ દીવાનખાનામાં રહ્યાં તરલાએ કાંઇક કટાક્ષમાં પૂછ્યુ

"બ્હેન! તમે છુટા પડેલા પક્ષિને આક્રંદ કરતું છાનુ નહીં રાખો?"

"બનતો પ્રયત્ન કરીશ યશ ઇશ્વરને હાથ છે"

"શો અને કયે પ્રકારે પ્રયત્ન કરશો?"

"તેજ સમજાતુ નથી; પરન્તુ ઇશ્વર સર્વની વિનંતી સાંભળશે"

"તો શું ઇશ્વરપાસે તેમની કુશળયાચનાવિના કોઇ બીજો માર્ગ નથી?"

"સર્વથી સબળ અને સુલભ તો એજ છે. આપણું સર્વસ્વ એમાંજ છે. એક દિવસ ઇશ્વર આપણી અરજ પણ સાંભળશેજ."

"મારો વિચાર ....." તરલા કાંઇક કહેવા જતી હતી એટલામાં માધવરાય એક કાગળ તથા એક પેપર લઇને ત્યાં આવ્યો. ટેબલ ઉપર પેપર મૂકી પેલો પત્ર લઇ ખુરશીપર બેઠો અને સુમન તથા તરલા પ્રતિ દ્રષ્ટિ કરી બોલ્યો —

"આજે આ પત્ર આવ્યો છે—"

"કોનો છે ? ઇન્દુકુમારનો ?" તરલાએ વચ્ચે પ્રશ્ન કર્યો.

' શાન્ત તો થા." સુમને તેને ધીમી પાડતા જવાબ વાળ્યો, હવે માધવરાય બોલ્યો —

"પત્ર મુંબઇથી આવ્યો છે અને લખનારનું નામ હરમુખરાય છે. લખનારને હું ઓળખતો નથી પરન્તુ એમ જણાય છે કે ઇન્દુકુમારને તેમજ તરલાને તે ઓળખતો હોવો જોઇએ જો કે રૂબરૂનુ ઓળખાણ હોવું તો અસંભવિત છે પરન્તુ નામથી તેમજ તેમના સંબંધી તે માહિતગાર જણાય છે, તેથી તે અમદાવાદનો વતની હોવાનું અનુમાન થાય ' એમ કહી પત્ર વાંચવા માડયો —

મુંબઇ તા. ×—×—×

શ્રીમાન માધવરાય ભાઇ !

પોતાની ગૃહસંસારી બાબતમાં અપરિચિત મનુષ્યને માથું મારતાં જોઇ ક્રોધ ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. પરતુ તે બાબત પ્રથમથી ક્ષમા ચાચુ છુ. મને આશા છે કે મારા આ પત્રનો યોગ્ય ખુલાસો મને મળશેજ.

ઇન્દુકુમારના ગૃહત્યાગને દિવસે હું અમદાવાદ હતો અને તેજ રાત્રે હુ ચંદ્રકાન્તરાયને પણ મળ્યો હતો. ઇન્દુકુમારે મને કોઇ રીતની વાત

કરી નહોતી, પરતુ કેટલાક સંયોગોવશાત્ તેમનો અને સરલા બ્હેનનો પ્રેમ મારા જાણવામાં હતો. ઇન્દુકુમાર કયાં ગયા છે તે હું જાણતો નથી; પરતુ તે બન્ને નિર્દોષ વિશુદ્ધ પ્રેમીઓ પર આવી પડેલું દુ:ખ હુ જોઇ શકતો નથી અને તેથી ગમે તેવી રીતે પણ હું તેમની શોધ કરવા ઇચ્છું છુ. આ બાબતમાં આગળ પગલુ ભરવા પહેલાં મારે સરલા બ્હેન કયા છે તે જાણવુ જોઇએ માટે તે કયા છે તે જણાવશો તથા આ બાબતમા મારી સાથે કોઇ પણ વાતચીત કરવા આપ ખુશી છો કે કેમ તેનો ખુલાસો કરશો, જેથી મને અનુકૂળતા થશે કદી આપ ખુલાસો નહિ આપો તો પણ હુ તો હાથમા લીધેલુ કામ છોડીશજ નહિ.

આપના કુટુબમાં સર્વને મારા ઘટીત કહેશો બાળક મધુકુમારને મારાવતી શાન્ત્વન આપશો હાલ એજ

લી० આપનો કૃપાકાક્ષી.

હરસુખરાય કૃષ્ણલાલ.

નં० ૮ ત ૩૧૮ કાલબાદેવી મુંબઇ.

પત્ર પુરો થયો પ્રત્યુત્તર શો આપવો તે વિચાર ચાલ્યો પ્રથમ જ તરલા બોલી ઉઠી —

" અપરિચિત મનુષ્ય આમ પારકા દુ:ખે દાઝે એ આશ્ચર્યજનક છે. પરન્તુ તે ઉપરથી એટલું તો ખરૂ જ કે કા તો આ માણુસ કેવળ ખટપટી હોવો જોઇએ, યાતો કેવળ ભોળો અને પરોપકારી હોવો જોઇએ. તે સિવાય બીજાના કામમાં માથું મારવા તૈયાર થાય નહીં. હું તો ધારૂં છું કે તેને અહીં બોલાવવો જોઇએ. "

" એ તો બધું ઠીક, પણ સરલાની બાબતમાં શો જવાબ આપવો ? મુબઈ હોવાનું જણાવીએ તો તો કદાપિ તે ત્યાં તપાસ કરે " માધવરાયે શકિત હૃદયે કહ્યું.

" હા, એ પણ એક વિચારની વાત છે. " સુમને જવાબ આપતાં આપતા તરલાના તરફ જોયું. તરલાની દ્રષ્ટિ પેલા કાગળ તરફ હતી તેથી સુમનનો ભાવ તે ન સમજી. તરલાને કાઇક વિચારમા પડેલી જોઇ સુમને પૂછ્યુ —

" તરલા ! તું શા વિચારમા પડી છે ?"

" આ વખતે બીજો શો વિચાર હોય ? હું પણ એજ વિચાર કરૂ છું કે સરલા બ્હેન વિષે શો જવાબ દેવો. " તરલાએ આજીજી ભરી દ્રષ્ટિએ સુમન સામું જોઇ જવાબ આપ્યો. તરલાનુ મુખમડળ અત્યારે ઘણું ગભિર લાગતું હતુ. સુમન તથા માધવરાય પણ અત્યારે તેના દેખાવથી ઉતેજીત થઇ ગયા. માધવરાય સુમન સામુ જોઇ બોલ્યો:—

" ઓહો ! આતો કાઇ આપણા કરતા પણ સરલા માટે વધુ ચિંતા કરતી હોય એમ લાગે છે ગાંડી છે. ગાડી."

" તરલા ! ત્હારા આવા સ્વભાવથી તો હુ પણ મનમાને મનમા સમજીને બેસી રહુ છું. આમ સહજમા ઉદાસ થઇ જવું હોય તો હુ તને ઘેર મોકલી દઉં " સુમને જરા ઠપકાની ઢબે કહ્યું.

" બ્હેન ! એમ ગુસ્સે શુ થાઓ છો ? ચાલો હવે એમ નહીં કરૂ " બોલતા બોલતા તરલાએ મૃદુહાસ્ય કર્યું, પરન્તુ તેની કૃત્રિમતા જણાઇ આવતી હતી. તેનાં નેત્રો ઉદાસિનતાની સાક્ષી આપી રહયાં

હતા, તેના મુખપર ફીકકાશ આવી ગઇ હતી અને તેનું આખું અંગ ચિંતાથી સળગતુ હોય તેમ કંપતુ હતું માધવરાયે વાત બદલવાના ઇરાદાથી કહયું.

" ઠીક છે પછી વિચાર કરી જવાબ આપીશુ પણ એક બીજી બાબત પુછવાની છે. તરલા ! તુ સાંભળે છે કે ?"

" હા. કહો. પણ પછી પાછા મને ઉદાસી કહીને ઠપકો ન આપતા " તરલાએ માધવરાય તથા સુમનને કાંઇક ખુશ કરવા કહ્યુ.

" ના ના તેવુ કાંઇ નથી. પણ ત્હારી સલાહ લેવાની છે. મારો વિચાર કોઇ ખાનગી ડીટકેટીવને આ કામમા રોકવાનો છો તમારી શું સલાહ છે ? "

" ડીટકટીવ આમા શુ કરશે ? જ્યા જગ્યા કે ઠેકાણાનો પત્તો નથી ત્યા કેવી રીતે ખોળી કાઢશે ?" સુમને કહ્યુ.

" ના ના બ્હેન ! એમનું કહેવુ ઠીક છે. આપણે વિચાર કરી શુ " તરલાએ જવાબ વાળ્યો

થોડોક વાતચીત પછી માધવરાય બહાર ગયો અને સુમન તથા તરલા પોતાના કામે વળગ્યા.

બપોરનો વખત હતો. મધુકુમાર પલંગપર રમતો રમતો ઉંઘી ગયો હતો, બાજુના ટેબલ આગળ સુમન તથા તરલા બેઠાં બેઠા વાતચીત કરતા હતા. તરલા બોલી —

" બ્હેન ! તમારા માર્મિક શબ્દોનો ભાવ હુ સમજી શકતી નથી તમે મારા હૃદયને પણ એવુ નબળું ધારો છો ? "

"તરલા! જરા વિચાર કર સ્ત્રીઓનુ હૃદય ભોળું અને નરમ હોય છે હજી તો તે ઇન્દુકુમાર કે સરલાને જોયા પણ નથી, છતાં જાણે તેમની સાથે લાંબા વખતનો પરિચય હોય એવું તારૂ વર્તન શુ જણાવી આપે છે?"

"સમજી મારા હૃદયમા ઉદ્ભવેલા વાત્સલ્ય પ્રેમને તમે સમજી શકયા નથી અરે!" કાંઇક સાંભળાતી હોય તેમ એકદમ ઉઠી બારી-તરફ ગઇ અને નદી તરફ લાંબો હાથ કરી બોલી. "બ્હેન! બ્હેન!! જુઓતો ખરા! હજી પેલુ પક્ષી બુમો પાડે છે અરે! ઓહ!! કેવુ આક્રંદ કરે છે!" બોલતા બોલતા તરલાએ કાને હાથ દીધા. સુમન પણ બારી આગળ ગઇ અને શોકપૂર્ણ ભાવે બોલી —

"ગરીબ બિચારૂ! કેવુ અને કેટલું દુખી! અરે! થોડાજ વખતમા એના પ્રાણ જશે. જો ને આ સખ્ત તાપમા પણ તે કેવુ રેતીમા ચાંચો પછાડતુ આળોટેછે?"

તરલા પણ પાછી સુમનના ખભાપર હાથ મૂકી જોવા લાગી પક્ષિનુ હૃદયદ્રાવક આક્રન્દ, તેની ચાંચનુ રેતીમા પછાડાવુ, તેની પાંખોની અરધી રેતીમા અને અરધી બહાર એમ વીંખાયલી સ્થિતિ, ધગધગતી રેતીમા તેના પગોનુ કળી જવુ, આ સર્વ જોતા તે બન્ને સહૃદય બાળાઓ કંપી ઉઠી તરલાએ સુમનના ખભાપર માથુ નાખી દીધુ, તેનો ઉષ્ણ શ્વાસ જોરથી ચાલવા લાગ્યો; તેની છાતી અતિ વેગથી ઉછળવા લાગી, નેત્રો સજળ થયાં અને ડુમો ભરાઇ આવ્યો. તેનાથી જોવાઇ શકાયું નહિ, તેમજ બોલાઇ શકાયુ પણ નહિ સુમનનુ હૃદય તરલા કરતા કાંઇક દૃઢ હતુ છતા તેની સ્થિતિ પણ

આ વખતે તેવીજ હતી તરલાની સ્થિતિનુ તેને જરા પણ ભાન નહોતું. તે તો તે પક્ષિના તરફ સહાનુભૂત હૃદયથી એકજ દ્રષ્ટિથી જોઇ રહી હતી. ધીમે ધીમે તે મનમાંને મનમાજ કાંઇ ગણુગણુવા લાગી આખરે તે ગુંજન કાંઇક મોટેથી થવા લાગ્યુ અને તરલાના કાને અથડાયુ'—

' અરે શુ આ પ્રાણી, સુચવન કરે ભાવિ દુ ખને ?
મરે પ્રેમી છુટાં તલપિ તલપી પ્રેમી વિમુખે,
થશે શું એ સ્થીતી, સરલ સરલા ઇન્દુ વિહગો ?
અરેરે શું જોઉ ? ગરલ સમ ભાસે પ્રણય તો."

છેલ્લી લીટી સાભળતાજ તરલા બોલી ઉઠી—"હા ! શુ આખરે મારી શકા ખરી ઠરશે ?"

તરલાના સામાન્ય શબ્દો એવા પ્રકાર બોલાઇ ગયા કે બોલનાર-સાથે સાંભળનારના પણ રૂવા ખડા થઇ ગયા તરલાના હૃદયની શી સ્થિતિ હતી તે સુમનને અત્યારેજ ખબર પડી સુમન તરતજ પાછળ ફરી અને તરલાના સજળ નેત્રો તથા શોકથી ફિક્કા પડી ગયેલા ચ્હેરા તરફ જોયુ. પરસ્પરના હૃદયનું જાણે આરસાની અદર પ્રતિબિબ પડતું હોય તેમ બન્નેને લાગ્યુ પરદુ:ખે દુખી થતી તે બન્ને બ્હેનો પરસ્પર લપટાઇ ગઇ અને બન્નેની આખમાથી અશ્રુધારા વ્હેવા લાગી. આખરે સુમન જરા શાન્ત થતી તરલાથી છુટી પડી અને કાંઇક બોલવા જતી હતી, એટલામા વળી હૃદયને ફાડીનાખનારી પેલા પક્ષિની ચીસો કાને પડી તરલા એકદમ ગભરાઇ ઉઠી તેનુ કોમળ હૃદય કપી ઉઠયુ. તેને લાગ્યુ કે હમણાજ તેનુ હૃદય દુ ખથી ફાટી જશે.

હવે તેનાથી તે સહન થઇ શક્યું નહિં હાંફળીફાંફળી બોલી ઉઠી:—

"બસ! બસ!! ઇશ્વર મને વિજય આપશેજ. હુ તે સર્વ પક્ષિઓને બચાવીશ. હુ હમણાજ જઇશ. બસ જ—"

વાકય પૂરૂ કરતા પહેલા અને તેને સુમન રોકે તે પહેલા તો તે એક હરિણિની માફક ઘરમાંથી દોડી ગઇ તરલાને આવી અણુચિતની ત્વરિતગતિથી દોડી જતી જોઇ સુમન સ્તબ્ધ થઇ ગઇ. તેનાથી કાંઇ બોલી શકાયું નહિ, પરંતુ એક પળમાં તે શાંત થઇ ગઇ અને તરલાને બોલાવવા માટે દયાગૌરીને હાક મારી પક્ષિની હૃદયદ્રાવક ચીસથી અગર સુમનની હાકથી મધુકુમાર જાગી ઉઠયો,

"બા! બા!! શુ છે? સરલા બ્હેન કયા?' એમ બોલતો પલંગ પરથી ઉતરી સુમન પાસે દોડી આવ્યો.

"કાંઇ નહિ, બાપુ! કાંઇ નથી." એમ કહી મધુને લઇ છાતી સાથે ચાપ્યો, એટલામા દયાગૌરી પણ આવી પહોંચી.

"કેમ બ્હેન! શુ કહોછો?" દયાએ નમ્રભાવે પુછ્યું

"દયા! તરલા હમણાજ નદી તરફ ગઇ છે, તું એની સાથે જા. તો, પેલા પક્ષિની બુમોથી તે ઘણી—" બોલતા બોલતાં તેનો કંઠ ગદ્‌ગદ્ થઇ ગયો. દયા પણ તેની સ્થિતિ સમજી ગઇ અને એકદમ ચાલી નીકળી બિચારો નિર્દોષ મધુ! સુમનની સ્થિતી જોઇ તે પણ રડવા લાગ્યો અને બે હાથ સુમનના ગાલ ઉપર મુકી તેનુ મોઢુ પોતા તરફ ફેરવી બોલ્યો:—

"બા! બા!! તમે રડો છો. મારી સરલા બ્હેન કયા?" તમે એમ કરશો તો હુ રડીશ. હા"

"મારા વ્હાલા મધુ!" મધુને બોલતો અટકાવી સુમન તેના મંજળ નેત્રવાળા નિર્દોષ મુખ પર ચુમ્બન કરતાં બોલી "પેલુ જનાવર રડતુ હતુ ને! સરલા તેને છાનું રાખવા ગઇ છે જો પેલી રહી!"- એમ કહેતા બારીમા લાંબી આગળી કરી

પ્રિયપાઠક! મધુએ ત્યા શું જોયું? પેલું પક્ષિ હજી બુમો પાડતુ એ ને એજ સ્થિતિમાં પડયુ હતુ તરલા-કોમલ બાલિકા-સખ્ત તાપમા ધગધગતી રેતીમાં, પોતાની સુકોમલ દેહની જરા પણ દરકાર કર્યાવિના પક્ષિનો પ્રાણ બચાવવા-એક અનાથ અવાક્ વિરહી વિહગને બચાવવા-દોડતી હતી. તેની પાછળ જરા દૂર દયાગૌરી પણ પોતાની સ્વામિનીની આજ્ઞાને અનુસરતી તરલાની પાછળ દોડતી જતી હતી

સહજવારમા તરલા નદીના જળ પાસે પહોચી ગઇ ખોબો ભરી પાણી લઇને પક્ષિ પાસે આવી તેના ઉપર છાટયુ એટલામા દયા પણ પાસે આવી પહોચી તરલાની સૂચનાથી દયા પણ નદીમાં ઉતરી અને આજુબાજુ નજર ફેરવી, અન્ય કોઇ મનુષ્ય ન જણાવાથી પોતાના ગવનનો એક છેડો કાઢી પાણીમા બોળી પક્ષિપાસે આવી પહોચી પક્ષિ ઉપર તાપ ન પડે એમ આડે ઉભા રહી તરલાએ ધીમે ધીમે જળ સિંચન કરવા માડયુ, પણ તે તો વધુ અને વધુ ચીસ પાડવા લાગ્યુ બાળવિધવા સરળહૃદયા દયા પણ તેના આર્તનાદથી ગભરાઇ ઉઠી; પરન્તુ સરલાની બુદ્ધિએ પક્ષિને કાંઇક શાન્તવન આપ્યુ તેને તરતજ વિચાર આવ્યો કે ગરમ રેતીપર પાણીના પડવાથી નિકળતી બાફમા તે બિચારુ વધુ દુ:ખી થતુ હશે તેણે સામે જઇને તેને પોતાના ખોળામાં મુકયુ સારસ જેવુ મોટુ પક્ષિ ખોળામા આવતા તેને

જરા મુરઝાતો પડો પરન્તુ તરતજ તેની ધારણા સફલ થઇ. જળ સિંચનથી શાન્ત થતા તે ધીમે ધીમે પાડવુ ધીમુ, પડ્યુ એટલે તરલા તથા દયા તેને નદીના જાઇ ગયા. પાણી દેખતાજ તે તેમા ઉડી પડ્યું અને ધીમે ધીમે પાણી પી, જાણે પોતાનાપર કરેલી દયાથી કૃતજ્ઞતા દર્શાવતું હોય તેમ તરલા તથા દયા તરફ જોતું તે ઉડવા લાગ્યુ; તરલા તથા દયા હવે ત્યાંથી પાછા આવી ગયા અને વારેવારે તે પક્ષિના તરફ જોતા બંગલા તરફ જતા તે પક્ષિ પણ જાણે તેમનો ઉપકાર માન્યું હોય તેમ તેમના ઉપર ઉડતુ ઉડતું છેક બંગલા સુધી આવ્યુ અને તરલા તથા દયા ઘરમા પેઠા ત્યા સુધી ઘુંમવા લાગ્યુ બંગલાની અંદર જતા પહેલા પાછી તરલાના મનમા તે પક્ષિ માટેની માયાએ જોર કર્યું અને તે પગથીઆપર ઉભી એટલે પક્ષિ પણ ત્યા નજીકમા ઉડવા લાગ્યુ

પ્રિય વાચક! ખરેખર! જાણે મહાસતી ભિમકસુતા દમયંતી હંસ સાથે વાત કરતી હોય તેમ તે વખતે શોભતી હતી પળવારમા તે પક્ષિ પાછુ ઉડી ગયુ અને તરલા બંગલામા આવી સખ્ત તાપમા રેતીમા આટલી બધી વાર રહેવા છતાં જાણે તેણે કંઇ જાણ્યુજ ન હોય તેમ તે સુમન પાસે આવી તરલા નજીક આવતાંજ મધુ તેને બાઝી પડયો અને સુમને સ્નેહભરી દ્રષ્ટિસહિત તેને પોતાની છાતી સાથે દબાવી

તેઓ ખુરશીપર બેઠા એટલામા દયાગૌરી લીંબુનુ શરબત લઇ આવી શરબત પીતા પીતા તરલાને ધન્યવાદ આપતી હોય તેવી દ્રષ્ટિએ સુમન બોલી

‘ તરલા! એક તો તે શાન્તિ આપી હો! પણ હવે બાકી

રહેલાને આપે ત્યારે ખરૂ."

"બ્હેન તમારી આશીસ હશે તો તે પણ થશે. પણ મારૂં કહ્યું કબુલ કરો તો તે બને" તરલાએ મૃદુહાસ્યથી કહ્યુ

"શુ ? કહે હું કબુલ છું" સુમન ઉત્સુકતાથી બોલી ઉઠી.

"તેમની શોધની બધી બાબત મારા ઉપર છોડી દો." તરલાએ ગંભિર થવાની ચેષ્ટા કરતા કહ્યું

'તારા ઉપર ! તુ કરી શકીશ ?"

"હા. હા હું કરી શકીશ પ્રભુ મને સહાય્ય કરશે" તરલાના નેત્ર ઉત્સાહ અને આશાપૂર્ણ દેખાયા. સુમન તથા દયા તેના મુખસામું તાકીને જોઇ રહ્યા તરલાનામા તેમને કોઇ અદ્દભુત શકિત જણાઇ સુમને હસતા હસતા કહ્યુ—" ભલે બેન ! પ્રભુ તને સહાય કરશે.'

પ્રિયપાઠક ! આપણે આ સુકોમળ પવિત્ર હ્રદયની લલનાઓના હ્રદય જોયા તેમની મમતાળુ અને દયાવાન પ્રકૃતિનો પણ અનુભવ લીધો ચન્દ્રકુમાર અને સરલા પ્રતિની તેમની સહાનુભૂતિ પણ જોઇ હવે તરલા શું કરે છે તે જોઇએ

માધવરાય આવતા સુમને તરલાની ખાસ સલાહ લેવાને વિનંતી કરી, જે તેણે ઘણી ખુશીથી માન્ય રાખી પાચેક વાગે બગિચાના ખુરશીઓ નાખી બધા બેઠા પછી માધવરાયે વાત છેડી—

"તરલા ! સરલાબ્હેન માટેની ત્હારી કાળજીથી હુ ઘણોજ ખુશી છુ અને તારા ઉપરજ હુ બધું રાખુ છું, છતા હું ધારૂ છુ કે બધાની સલાહ ઠીક પડશે અને તેથી હવે તુ શું કરવા ઇચ્છે છે તે કહે"

"હું હરમુખરાયને તાર કરી અત્રે તેડાવવા માગુ છું. સરલા બ્હેન સંબંધી ખુલાસો કરવાની હાલ જરૂર નથી, જો તે સરલા બ્હેનને ઓળખતા હશે તો તો ઠીક છે, નહિ તો મને સરલાના નામથી બધાં બોલાવે છે; જેથી તે મનેજ સરલા તરીકે જાણશે એમના આવ્યા પછી આપણે બીજો નિશ્ચય કરીશુ "

તરલાની સલાહ બધાને ઠીક લાગી અને તરતજ હરમુખરાયને તાર કરવામાં આવ્યો. રાત્રિના દશ વાગે જવાબ પણ આવ્યો, જેમાં સવારે છ વાગે સુરત ઉતરવાનુ જણાવવામાં આવ્યુ હતુ સર્વ આનંદમાં રાત્રિએ નિદ્રાધિન થયા

તરલા પોતાના ઓરડામા આવી બારી ખુલ્લી મૂકી સુતી, પરન્તુ તેને નિદ્રા ન આવી હરમુખરાયના આવ્યા પછી શો રસ્તો લેવો ને તેને મોટો પ્રશ્ન થઇ પડયો એ વિચાર કરતાં કરતા હરમુખરાય તરફ તેને સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થયો, પરન્તુ તેને હ્રદયમા સ્થાન ન આપતાં જેમતેમ કરતા તે નિદ્રાવશ થઇ ગઇ, સ્વપ્નમા પણ . તેને એ ને એજ વિચારો આવવા લાગ્યા અને છેવટે ચાર વાગે તેની આખ ઉઘડી ગઇ માધવરાયને ત્યાં સર્વ પાંચવાગે ઉઠતા હોવાથી તે બગિચામાં જઇ ખુલ્લી હવામા ફરવા લાગી. સમય થતા સર્વની સાથે પરવારી મોટા દિવાનખાનામા આવી સર્વ તૈયાર થઇ હરમુખરાયના આવવાની રાહ જોતા બેઠા થોડીજ વારમા ગાડી આવી બંગલાના દરવાજા આગળ ઉભી રહી. માધવરાયે સામે જઇ સન્માનપૂર્વક તેને તેડી લાવી દીવાનખાનામા બેસાડયો સ્ટેશનપરજ દાતણ પાણીથી નિવૃત્ત થયેલ હોવાથી

આધુનિક સુધરેલા રિવાજ મુજબ ત્હા લાવવામા આવી. વાતનો પ્રસંગ કેવી રીતે કાઢવો તે વિચારમાં હરમુખરાય પડયો. થોડી વારમા માધવરાયે પૂછ્યું:—

"ગાડીમાં ભીડ ઘણી હશે કેમ ? સુવાનુ તો મળેજ કયાથી !"

"ભીડ તો નહોતી, પરન્તુ ગાડીમા મને સુવાની ટેવજ નથી. તમારો તાર મને લગભગ આઠવાગે મળ્યો હતો. હું પણ તૈયારજ હતો સૌથી છેલ્લી ટ્રેનમા નીકળ્યો. એ ટ્રેન સુરત આવવાને ઠીક અનુકૂળ છે."

"તમે ઇન્દુકુમારને ઓળખોછો ખરા કે ?" સુમને હરમુખરાયના સામે જોતા પૂછ્યું.

"એક બે વખત જોયેલા ખરા. જો કે ઘણો પ્રસગ નહિ. પણ—" હોઠપર આવેલું વાકય એટલેથીજ ગળી જઇ તરલા તરફ નજર કરી.

સુમન તથા તરલાની ચપળ દ્રષ્ટિથી તે છાનું ન રહ્યું. તેઓ સમજી ગયા કે તે ઇન્દુકુમાર અગર સરલા કોઇને પણ ઓળખતો નહોતો, અને તેની એવી દ્રષ્ટિનો લાભ લેવાનો તેમણે વિચાર કર્યો, એટલામા મધુ કુમાર બોલી ઉઠયો.—

"તમે તો ઇન્દુભાઇને નથી ઓળખતા, પણ ઇન્દુભાઇ તો એવા સારા છેને !" માધવરાય તરફ નજર કરતા બોલ્યો. "કેમ મામા ! તમે હવે કયારે તેડી લાવશો ?"

"ભાઇ ! આ હરમુખરાય ભાઇ આવ્યા છે તે તેડી લાવશે" માધવરાયે તેને સમજાવતાં કહ્યું.

"તમે તો મને પટાવ્યા કરો છો તરલા!" તરલા તરફ ફરીને તે બોલ્યો. જોને સરલા! મામા મને પટાવે છેને?"

"ના ભાઇ! તુ શાન્ત થા જો કાલે મેં પેલા પક્ષિને છાનું રાખ્યુ હતુંને!" તરલાએ મધુને પોતાની પાસે ખેંચી ચુબન કરતાં કહ્યું

"તેમા તો તું મને બહુજ વહાલી લાગે છે"

સ્હા પીવાઇ રહી, તેમ હરમુખરાયના મનની કલ્પનાઓ પણ શાંત થઇ ગઇ ઉપરની વાતચીત દરમ્યાન તેના મનની ખાત્રી થઇ ગઇ હતી કે સરલા તો માધવરાય સાથેજ આવી છે ફકત ઇન્દુકુમારનીજ તપાસ બાકી છે. આ વિચારથી તેના મનનો અરધો બોજો ઉતરી ગયો. રાત્રિનો ઉજાગરો હોવાથી બીજી વાતચીત તે વખત મુલ્તવી રહી.

એટલા વખત દરમ્યાન તરલાએ પણ સુમન સાથે કાંઇક મસલત કરી લીધી

સાંજના પાંચેક વાગ્યા હતા. બગિચામાં પુસ્તકાલય અને ફુવારાની વચ્ચે ખુરશીઓ નાખી માધવરાય, હરમુખરાય, સુમન તરલા વિગેરે બેઠાં હતા મધુકુમાર બાગમાં ફુલ ચુંટતો રમતો હતો. બંગલાની તથા બગિચા. ફુવારો અને પુસ્તકાલયની રચના જોઇ હરમુખરાયના મનપર ઘણી સારી અસર થઇ માધવરાયની શ્રીમતાઇસાથે તેના કુટુંબનાં વિનય, મિલનસારપણુ, સરળતા અને વિદૃત્તા જોતા તે મુગ્ધ થઇ ગયો.

"હવે આપણે શું કરવાનું છે?" હરમુખરાયે માધવરાયના સામે જોતા પ્રશ્ન કર્યો

"પ્રથમ ઇન્દુકુમારની તપાસ કરવાની છે. તેને માટે શો માર્ગ લેવો તે નકકી કરવાનું પ્રથમ કાર્ય છે." માધવરાયે પ્રત્યુત્તર આપ્યું.

"આપના કહેવાનો ભાવાર્થ હું ન સમજી શક્યો." તેણે માધવરાયના પ્રત્યુત્તરથી કાંઇક વિચારમાં પડી જઇ કહ્યું

માધવરાય તેને કાંઇક પણ જવાબ આપે તે પહેલાં તરલા વચ્ચેજ બોલી ઉઠી:—

"હરમુખરાય! શંકાશીલ થવાનું કાંઇજ કારણ નથી મારૂં નામ સરલા નથી."

"હેં! આ હું ખરૂં સાંભળું છું?" હરમુખરાયે આશ્ચર્ય પામતાં પુછ્યું.

"હા. ખરૂં છે મારૂં નામ સરલા નહિ પરન્તુ તરલા છે"

તરલાના આ ખુલાસાથી માધવરાયે કાંઇ નાખુશી દર્શાવતાં તેના તરફ જોયું. પરન્તુ તરતજ સુમન બોલી ઉઠી:—

"તમારે ચિંતા કરવાની જરૂર નથી. જે બાબતની ખાત્રી કરવાની જરૂર હતી તે થઇ ગઇ છે." આ શબ્દો સાંભળી માધવરાય નિશ્ચિંત થયો. હવે તરલાએ વાત શરૂ કરી

"જુઓ, અમે એવા ઠરાવપર આવ્યાં છીએ કે પ્રથમ સરલાની અગર ઇન્દુકુમારનીજ શોધ કરવી એમ કાંઇ નથી આપણે તો બન્નેને શોધવા છે. તથાપિ સરલાની વિશેષ ચિંતા છે. કારણ કે તે—"

"કારણ કે તે પ્રકૃતિ સ્વરૂપ છે" હરમુખરાય વચ્ચે બોલી ઉઠયો. હરમુખરાયના આ કથનથી તરલા સહજ અટકી જઇ પાછું આગળ ચલાવ્યું —

"હવે કહો, તમે શી રીતે તપાસ કરવા ઇચ્છો છો?"

' કોઇ સારા બાહોશ ડીટેકટીવને રોકવા ઇચ્છુ છુ."

"સત્ય છે અમારો પણ એજ વિચાર છે " તરલાએ જણાવ્યુ વાતચીતના અતમા નિશ્ચય થઇ ગયો કે હરમુખરાયે જાતેજ અમદાવાદ જવુ અને જો ત્યાથી બને તો કોઇ ડીટેકટીવને તે કામમાં રોકવો.

બીજે દિવસે બપોરની ટ્રેનમા હરમુખરાયને અમદાવાદ જવાનુ હતુ. અમદાવાદ જઇ કેવી રીતે કામ લેવુ તેના વિચારમાં તેને રાત્રિએ નિદ્રા ન આવી ચન્દ્રકુમાર સંબધીના વિચાર કરતો કરતો તરલાના તરંગમાં ચઢી ગયો

"આહા! હુ તો તરલાનેજ સરલા સમજ્યો કેવું ચાતૂર્ય! કેટલી ગભિરતા!! એની બુદ્ધિ પણ કેવી ઉચ્ચતમ છે! આહા! સ્ત્રીઓમા આવુ ડહાપણ તો અહીંજ જોયું. ખરેખર! સ્ત્રીઓને શિક્ષણ આપવાથી જો કોઇ પણ પ્રકારનો લાભ મળતો હોય તો આ જ છે ભલે બીજાઓ સ્ત્રી કેળવણી વિરૂદ્ધ પોકારો કરે, ભલે સ્ત્રી શિક્ષણની વિરૂદ્ધ પોતાની દલીલો રજુ કરે, પરતુ મારે તો કબુલ કરવુજ જોઇએ કે સ્ત્રી કેળવણીની આપણી હિન્દુ કોમમા અત્યત આવશ્યકતા છે; પણ તે સાથે એટલુ પણ જણાવવું જોઇએ કે એ શિક્ષણ શાળાનું નહિ પણ ઘરનું છે ગૃહશિક્ષણ સારૂ ન મળ્યુ હોય—નાના છોડવાને પોષક તત્વનુ સિંચન ન થયુ હોય તો વૃક્ષની આશા કયાથી રખાય ? આહા! ખરેખર! શિક્ષણનો સુદર નમુનો તો તરલાજ છે!"

# દ્વાવિંશ પરિચ્છેદ.

## આશાના અંકુરો.

Hope springs eternal in the human breast,
Man never is but always to be blest——Pope
× × × × ×
True hope is swift and flies with swallow's wings,
Kings it makes Gods, and meaner creatures kings.

**Shakespeare,**

હરમુખરાય સાથેની વાતચીત પછી તરલાના હૃદયમાં પણ તોફાન ઉઠ્યું. "હરમુખરાય ઇન્દુકુમાર કે સરલાને ઓળખતા નથી છતાં તેમનો તેમના તરફનો પ્રેમ આટલો બધો અનિવાર્ય હોવાનું કારણ શું ? આ પ્રશ્ન ઉઠતાંની સાથેજ તેના મનમાં ભિન્ન ભિન્ન વિચારો થઇ આવ્યા. તેને પોતાના સંબંધમાંજ શંકા થવા લાગી." હું પણ તેમને ક્યારે ઓળખતી હતી ? મારા હૃદયમાં શામાટે પ્રેમ થવો જોઇએ ? નિર્દોષ પ્રેમીના દુઃખેજ. ત્યારે હરમુખરાયનું હૃદય પણ શું મારા જેવુંજ હશે ? આહા ! વિચાર કરતા કરતાં મારૂ હૃદય તેના પ્રતિ ખેંચાય છે તેને

મારે પ્રેમ ઉદ્દભવે છે ખરેખર ! મારી ધારણા ખરીજ પડી; પરન્તુ આ પ્રેમ તે કેવો ? વાત્સલ્ય કે પ્રેમ—" આગળ વિચાર કરતાં તે અટકી, તેણે પોતાના મનને કબજે રાખવા પ્રયત્ન કરવા માંડયો. " કૌમારાવસ્થામાં આવા વિચાર ન કરવા જોઇએ. તો પછી પતિની પસંદગી કેમ થાય ? અરે ! આજ મને શું થયું છે ! મારૂં મન કેમ આવા કુતર્ક કરે છે ? ' એમ બબડતી પોતાના મસ્તાન મનને ઠપકો આપતી તે બાળા ઉઠી અને તંતુવાદ્ય લઇ ચિત્ત સ્થિર કરવા અન્ય વિચારમાં પ્રવેશવા યત્ન કરવા લાગી. ધીમે ધીમે તાર મેળવ્યા અને વાદ્યે પોતાના મધુર-મૃદુ સ્વરથી સાંભળનારના હૃદયને આનંદ આપવા માંડયો. તંતુ વાદ્યના સ્વરથી સુમન કાંઇક કુતુહલથી તરલાના ઓરડાના બંધ દરવાજા આગળ આવી છાનીમાની ઉભી રહી અને ફાટમાંથી અંદર જોવા લાગી. તરલા બારી નજીક સોફાપર બેસી તંતુવાદ્ય વગાડવા લાગી. ધીમે ધીમે તંતુના સ્વરો સાથે પોતાનો મૃદુ પણ મોહક સ્વર મેળવવા લાગી, અને ગાન શરૂ થયું.

" આ આ આ આ...

× સદ્દગુણ શસ્ત્ર સજી તન ઉપર, જીવન વિકટ પથ જાવું;
§ મરકટ માનો, સત પથ દર્શાવું
કુટિલ કટાક્ષ કુપથને ત્યાગી, શીલ સદ્દગુણને સ્હાવું;
મરકટ માનો, સત પથ દર્શાવું——સદ્દગુણ૦

× " મનમોતીની માળ પરોવી "...એ રાગ.
§ મનરૂપી મરકટ

પતિ પરમેશ્વર શ્રેષ્ટ ગણી સેવો પ્રેમે,
સાધન સંપત્તિ સાધ્ય કરી વાધો ક્ષેમે,
અદ્વૈતામૃત સ્નાન કરાવુ, પ્રકૃતિ પુરૂષમય થાવુ,
મરકટમાનો સતપથ દર્શાવું—સદ્ગુણી०
જળ–સ્થળચર પર પ્રેમ કરી તદ્દરૂપ થાઓ,
પણ કરૂણારૂપ સ્નેહામૃત સહુને પાઓ,
વિશ્વકુટુંબે વ્યાપ્ત થઇને, આત્મવિકાસે વધવું,
મરકટ માનો, સતપથ દર્શાવું—સદ્ગુણ० ”

ગાન પૂરૂ થયું. અત્યારસુધી બહાર ઉભી રહેલી સુમને હવે ધીમેથી બારણું ઉઘાડયુ અને અંદર આવી. મોડી રાત્રે સુમનને પોતાના ઓરડામા આવેલી જોઇ તરલા વિસ્મિત થઇ. તેણે તંતુવાદ્ય મૂકી દઇ સામે જઇ પૂછ્યું —

“ કેમ બ્હેન ! હજી તમે સૂતા નથી કે શું ? ”

“ તારા સુતા પહેલાં સુવાય ? ” સુમને મૃદુ હાસ્ય સાથે તરલાના કોમલ કપોલપર ધીમેથી તમાચો મારતા પ્રત્યુત્તર વાળ્યો.

‘ તમારી શાન્તિમાં ખલલ તો નથી પડીને ? ” તરલાએ પુછ્યુ.

“ તારા હૃદયને શાન્તિ ન હોય તો અમને કયાંથી હોય ? તરલા ! સાચુ કહે, તારા હૃદયમા શા વિચાર ચાલે છે ? ”

“ વિચાર શા ? આજ આમ કેમ પ્રશ્ન કરો છો ? ”

“ હું ઠીક પૂછું છુ. કહે પુરૂષના કે પ્રકૃતિના ? ”

" બન્નેના "

' પણ પ્રબળ કોનું છે ? "

" એકત્ર સ્વરૂપનું "

" હા. સમજી." સુમન હસી પડી. " હવે મારી ધારણા પૂર્ણ થશે ખરી "

" કયી ? " તરલાએ કાંઇક કુતુહલથી પુછ્યું.

" Every Human-being is bound to be beneficial or benefactor. "

" વાત સત્ય છે, પરન્તુ પાત્રોમાં ફેર છે."

" એટલે ? " સુમને આશ્ચર્યથી પુછ્યું

" ઇન્દુ અને સરલાના benefactor ( ઉપકારક ) થવા ચ્હાઉં છું. "

" તેતો ઠીક, પણ વળી બીજા કોઇના ઉપકારક ન થઇ જવાય ! "

" બ્હેન ! " તરલાએ હસતા હસતાં જણાવ્યુ. " તમારી સંમતિ વિના તેમ થાય એટલું મારૂં હૃદય નબળુ નથી "

" ત્યારે તો તારા જેવા કઠોર હૃદયનું બીજું કોણ ? " સુમને તરલાના ગાલ પર હાસ્યપૂર્વક તમાચો મારતાં કહ્યુ.

" ભલે, તમને જેમ લાગે તેમ ખરૂં. પણ મેં મારૂં જીવન જુદીજ રીતે ગાળવાનો નિશ્ચય કર્યો છે ? "

" હું ધારૂ છું કે મારાથી તે ગુપ્ત રાખવાનો તો નહીજ હોય. " તરલાના મનની વાત જાણવા તેને પાસે ખેંચી પોતાની છાતી સાથે દબાવતાં કહ્યું.

"તમારાથી ગુપ્ત તે શી રીતે રહે?"

"ઓહો! ત્યારે તું મને જણાવીશ કેમ! કહે જોઉં. તે શું ધાર્યું છે."

"જગતમાં જેટલા કવિઓ લેખકો થઇ ગયા છે, તેમણે મોટે ભાગે સ્ત્રીઓને ભોગ વિલાસના સાધનરૂપ એક હથીઆર તરીકેજ વર્ણવી છે. પતિને રીઝવી પોતાના સૌંદર્ય અને તારૂણ્યથી પરસ્પર સુખ ભોગવી ઇન્દ્રિય સુખ માણવા ઉપરાંત તેઓ બીજું કરવાને અસમર્થ છે એમ જણાવે છે.—"

તરલાને એટલેથીજ અટકાવતા સુમન બોલી ઉઠી—

"પણ એમાં તારે શું?"

"તમે સાભળો તો ખરાં તેની સાથે મારે ઘણોજ સંબધ છે" તરલા બોલતા બોલતાં હસી પડી અને વળી બોલી. "તમેજ કહેતાં હતાં ને કે જન્મનું સાર્થક કરવુ! તો પછી વ્યર્થ જીવન શા માટે ગુમાવવું?"

"તું તો કોઇ અજબ છે. મુદ્દાની વાત છોડી બસ એકજ વાત પકડી રહે છે. એમાં તું નવું શું કહે છે? બધાય જાણે છે કે જીવન વ્યર્થ ન ગુમાવવું."

"ત્યારે હવે સાંભળો વિષયસુખથી કોઇને ઉન્નતિના માર્ગથી પતન કરવું તે ઉત્તમ કે પોતાના પ્રસંગમા આવતા સર્વને ઉન્નતિના માર્ગે ચઢાવવા પ્રયત્ન કરી પરોપકારી થવું તે ઉત્તમ?"

"એક કરતાં અનેકનું શ્રેય થાય તે ઉત્તમ."

તરલા આ શબ્દો સાભળી જાણે પોતાને અત્યંત મોટી જીત મળી હોય તેમ હાસ્ય કરતી સુમનના બન્ને હાથ પકડી બોલી—

" બસ, બસ, હું પણ એજ ઉત્તરની રાહ જોતી હતી. મેં પણ એજ પ્રમાણે જીવન વ્યતિત કરવાનો નિશ્ચય કર્યો છે "

" પ્રિય પાઠક ! જ્યારે તરલાના કંઠનો મધુર ધ્વનિ વાદ્યના સુર સાથે ભળી તે બંગલામા અને ઉદ્યાનમાં ગુંજવા લાગ્યો હતો તેજ વખતે હરમુખરાય પણ નિદ્રામાથી જાગી ઉઠયો હતો; અને પોતાના ઓરડાની બારી આગળ ઉભો ઉભો સાભળતો હતો એટલુજ નહિ પણ તેણે સુમન તથા તરલાની વાતચીત પણ સાભળી હતી તરલાના છેલ્લા શબ્દોએ તેના હૃદયમાં પણ કાઇક નવિન પ્રકાશ પાડયો. " આહા ! આ મધુરી બાળાનુ કેવું ઉદારચિત્ હૃદય ! કેવા ઉચ્ચ સંસ્કારો ! આ રમણીય રત્ન કોણ ભાગ્યવાનના ભાવિમા લખાયનુ હશે ! પણ એનો જીવનક્રમ શો હશે ? તેણે પોતા .... " તે વધુ વિચારતો હતો એટલામા સુમનનો મધુર કંઠ તેના કાને પડયો.

' હજી પણ ત્હારી દલીલ ખુટી. ત્હારા મનમાન્યો ઉત્તર મળ્યો, હવે તો ખુલાસો કરીશ કે નહિ ? હવે તો તારાથી થાકી "

" એમ એટલામાંજ થાકી ગયા ? વારૂ, લ્યો, સાંભળો કોઇની સાથે લગ્ન કરી વિષય વિષ પીવામા જીવન ગાળવું તેના કરતાં બ્રહ્મચર્ય પાળી ઇષ્ટ ચિંતન કરતા રંક અને દુઃખી મનુષ્યોને મદદ કરવી એ ઉત્તમ છે અને એ રીતે જીવન ગાળવાનો મે નિશ્ચય કર્યો છે "

"તારા વિચારો ભુલ ભરેલા છે. ગૃહસ્થાશ્રમમા રહી ઉપકાર થઇ શકતા નથી ?"

"સ્વતંત્રતાથી સારાં કાર્યો થઇ શકે છે"

"તેવીજ રીતે સ્વતંત્રતામા સ્ત્રીઓને ભય રહે છે."

"ભય ખટપટમાં છે. પરોપકારમાં નથી."

"ભય પ્રકૃતિને તો છે પુરૂષને નથી"

"છતા ઇશ્વર સત્યનો સહાયક છે."

"તે તો સ્વતંત્ર અને પરતંત્ર બન્ને સ્થિતિમા સમાનજ છે" હરમુખરાય સુમનની છેલ્લી દલીલ સાભળી બબડયો—ઠીક, ઠીક ઉત્તર આપ્યો"

"કાઇ એમ તમારાથી હારૂ તેવી નથી—" તરલાના આટલા શબ્દો સાભળતા વળી હરમુખરાયના મનમા અધિરાઇ થઇ કે હવે તરલા શુ કહેશે. એટલામા વળી તરલાનો સ્વર કાને અથડાયો.

"તમારી દલીલ સત્ય છે પરંતુ સજાતિય વૃત્તિઓજ અદ્વૈત થાય છે વિજાતિય તો દ્વૈતભાવનુંજ સ્વરૂપ છે જ્યારે પુરૂષમા એવી વૃત્તિઓ મળવી મુશ્કેલ છે."

"શુ પ્રકૃતિમાંજ એવી વૃત્તિઓ હોય છે. પુરૂષ માત્ર વિષયભોગી હોય છે ?"

"ના. ના. તેમ નથી પરન્તુ એવા પુરૂષો ગૃહસ્થાશ્રમમા દાખલ થતા નથી તે તો સ્વતંત્ર રહીને પોતાનું કામ કર્યાજ કરે છે"

‘ પણ એવો કોઇ મનુષ્ય મળે તો ? પછી તો વાંધો નહીં ને ?”

“ તે વખત આવ્યે જણાશે. હાલ શું છે ?”

“ પણ એટલું તો ખરૂં ને કે સજાતિય વૃત્તિઓવાળો પુરૂષ મળે તો પછી હરકત નથી ! એટલું કબુલ કર. ત્હારી મરજી વિરૂદ્ધ તો હું કાંઇ કરૂં એમ નથી !”

“ ઠીક છે. પણ તમે કબુલ કરો કે મારી મરજી વિરૂદ્ધ કાંઇ નહીં થાય તો હું કબુલ છુ ”

હરમુખરાયે આ શબ્દો સાંભળ્યા સુમન અને તરલાની આગળ વાતચીતપર ધ્યાન ન આપતા તે પલંગપર પડયો અને વિચાર કરવા લાગ્યો.

“ આ ઠીક છે. મારે પણ જો સસારના સત્ય સુખનો અનુભવ લેવો હોય તો વાસનાનો ત્યાગ કરી એના જેવુંજ નિર્મળ હૃદય કરવું જોઇએ. એના વિચારો મારા વિચારોને ઘણે અંશે મળતા આવે છે. આહા ! ઇશ્વર મને મારા કાર્યમા મદદ કરે અને હું આ બાળા સાથે ગૃહસ્થાશ્રમથી જોડાવા ભાગ્યવાન થાઉ તો કેવો સુખી થાઉ ! હે ઇશ્વર ! મારા શુદ્ધ હૃદયની આટલી પ્રાર્થના સાંભળ. બસ. આજથી મારા જીવનમાં કાંઇક પરિવર્તન થવું જોઇએ. ખરેખર ! જીવન સાર્થક થયું ત્યારેજ કહેવાય કે પરદુખે દુઃખી થવાય અને આયુષ્ય માત્ર પરોપકારમાં ગળાય ” આમ વિચાર કરતો તે નિદ્રાધિન થયો.

સવારમા સર્વ તૈયારીઓ થવા લાગી હરમુખરાયને સરલા તથા ઇન્દુકુમારની શોધ માટે જાહેરખબરો અપાવા માંડી, એટલામા પોસ્ટમેન

માધવરાયના નામના પત્રો આપી ગયો. માધવરાયે એક પછી પત્રો ફોડયા તથા વાંચ્યા. બે ત્રણ પત્રો વાંચ્યા પછી એક પત્ર વાચતાંજ તેના મુખ પર હાસ્ય ફરકયું. તરલાએ ઉતાવળી થઇ પુછયું:—

' કોનો ઇન્દુકુમારનો પત્ર છે ?"

" હા."

" શું ખરી વાત !" સુમન તરલા તથા હરસુખરાય એકદમ ઉ-વપૂર્વક બોલી ઉઠયા.

' હા, સત્યજ છે સાંભળો.

પ્રિયશ્રી માધવરાય !

તમારાથી છુટો પડયા પછી ઘણા સ્થળે ફર્યો પણ કાઇ પત્તો લાગ્યો નહીં, છેવટે વિચાર કરી એક ડીટેકટીવ કે જે મારા વિશ્વાસુ મિત્ર છે એમને આ કાર્યમાં રોકયા છે તે આજેજ આપના તરફ આવશે. તેમને મે બધી વાત કરી છે. તેમનું નામ વિધુભાઇ છે. તમે પણ જો કાઇ ભાગ મળી હોય તો તેમની સાથે ખુલાસાથી વાત કરજો, અને એમનાપર ભરોસો રાખજો. સમય આવ્યે હું તમને મળીશ હાલ એજ.

લી આપનો સ્હાનો

ઇન્દુકુમાર.

પત્ર પુરો થતાંજ સુમન બોલી ઉઠી—" પત્ર કયાંથી લખ્યો છે ?"

"'ગામનું નામ લખ્યું નથી ' માધવરાયે પત્ર ઉર ફરી નજર ફેરવતા જણાવ્યુ.

" પણ પોસ્ટની તો છાપ હશેને," તરલાએ જવાબ આપ્યો

માધવરાયે તરતજ પરબીડીઆં ઉપરની છાપ જોવા માંડી પરંતુ તે ઝાંખી હોવાથી વાંચી શકાઇ નહી હવે શુ કરવું તે સંબંધી વિચાર ચાલ્યા. તરલાએ જણાવ્યું —

"જેમ આપણે ડીટેકટીવને કામ સોંપવા ધાર્યુ તેમ તેમણે પણ તેજ યોગ્ય ધાર્યું"

"સજાતિય વાતાવરણોનુજ એ પ્રમાણુ છે" હરમુખરાય બોલી ઉઠયો.

હરમુખરાયના આ શબ્દો સાભળી સુમન તથા તરલાના હૃદયમા કાઇં શકા ઉત્પન્ન થઇ તેમને લાગ્યુ કે તેમની રાતની વાતચીત તેણે સાભળી હોવી જોઇએ અને તેનો નિશ્ચય કરવા સુમન બોલી —

"શા ઉપરથી કહો છો કે સજાતિય વાતાવરણોનુજ એ પ્રમાણુ છે?"

'હમશા સજાતિયનોજ યોગ થાય છે વિજાતિયનો યોગ કેવળ અસભવિત છે. જ્યારે કોઇપણુ કાર્યમા સર્વના વિચાર એકજ પ્રકારના થાય ત્યારે સમજવુ કે સર્વના વાતાવરણો પણુ એક પ્રકારના અર્થાત્ સજાતિય છે' હરમુખરાયે રાત્રે સાભળેલી વાત છુપાવતા સામાન્યત જવાબ આપ્યો

આ પ્રયુતરથી સુમન તથા તરલાના મનનુ સમાધાન થયુ પછી તરલાએ કહ્યુ —

"હુ તો ધારૂ છુ કે હવે હરમુખરાયે અમદાવાદ જવાની કાઇજ જરૂર નથી વિધુભાઇના આવી ગયા પછીથી આપણે નિશ્ચય કરીશુ,"

સર્વાનુમતે એજ નિશ્ચય થયો કે હરમુખરાયે વિધુભાઇના આવતા સુધી રોકવું ઇન્દુકુમારના પત્રથી તેમના હૃદયમા એક પ્રકારની ચિંતા

ઓછી થઇ. ઇન્દુકુમારની તપાસ કરવાની ચિંતા ટળી ગઇ જો કે ઇન્દુકુમાર કયા છે તે બાબતનો પતો ન મળ્યો પરન્તુ "ઇન્દુકુમાર આવશેજ" એવી કાઇક આશા તેમને બંધાઇ અને તેમના હૃદયમાં આથી કાંઇક આશાના અંકુરો ઉત્પન્ન થયા, અને સર્વ વિધુભાઇ ડીટેક્ટીવના આવવાની રાહ જોવા લાગ્યાં. માધવરાયે ગાડીને આવવાનો સમય થતા સ્ટેશન પર ગાડી મોકલી

ગાડી આવી ગઇ ઉતારૂઓ એક પછી એક રવાના થઇ ગયા. માધવરાય નો ગાડીવાન "વિધુભાઈ, વિધુભાઇ" એમ બુમો પાડતો થાક્યો. સ્ટેશન પરના બધા માણસો ચાલ્યા ગયા પરન્તુ વિધુભાઇ નામના કોઇપણ માણસનો પત્તો ન લાગ્યો બીચારો ગાડીવાન બ્હીલે મોઢે પાછો ફર્યો. ગાડી આવેલી જોઈ માધવરાય, હરમુખરાય, સુમન, તરલા, મધુકુમાર વિગેરે સામાં ગયાં પરન્તુ ગાડી ખાલી જોઇ નિરાશ થયા હતાશ હૃદયે સૌ દીવાનખાનામાં પાછાં ફર્યા. સર્વના મનમા અનેકાનેક અમંગળ શંકાઓ ઉઠવા લાગી. 'પત્ર કોણે લખ્યો હશે ? વિધુભાઇ કેમ નહી આવ્યા હોય ? એજ વિચાર સર્વના અંતકરણમાં ઉઠવા લાગ્યા. શું બોલવું અને શુ કરવું તે કોઇને સમજાયું નહિં પરસ્પરના મુખ સામુ જોઈ બેઠ એટલામા એક મનુષ્ય દીવાનખાનામા આવ્યો અને સલામ કરી પોતાનું કાર્ડ ટેબલપર મૂક્યુ માધવરાયે તે કાર્ડ તરફ નજર નાખી તો શુ વાચ્યુ ? .

## ડીટેકટીવ વિધુભાઈ.

# ત્રયોવિંશઃ પરિચ્છેદ.

## પ્રેમયાત્રા.

Faithful are the wounds of a friend; but the kisses of an enemy are deceitful.—Bible

મહાત્માશ્રી વિશ્વદાસે તપાસ કરવાથી માલુમ પડયું હતુ કે સરલાની ધારણા ખરી હતી ઈન્દુકુમારે ગૃહત્યાગ કર્યાના સમાચાર એક શિષ્ય લઇ આવ્યો હતો સરલાએ પણ હવે ઇન્દુકુમારની શોધમાં જવા નિશ્ચય કર્યો અને મહાત્મા શ્રી વિશ્વદાસજીની આજ્ઞા મેળવવા તત્પર થઇ. થોડા દિવસના સહવાસમા સરલા તેમની સાથે ખુલ્લા અંતઃકરણથી વાતચીત કરી શકતી હતી, અને તેથી હવે જરાપણ અચકાયાવિના તેણે કહ્યુ:—

"મહારાજ! અબ આપકી આજ્ઞા પાનેકી ઉત્સુક હું. યદિ આપ આજ્ઞા દે દેં, મેં અપને પતિકી 'તલાશમે ચલી જાઉં."

"ભગવતી! સુખદુઃખ સબ કર્માધિન હૈ. યહ તો હોતાહી હૈ જો જો સમય હોનેવાલા હે. મેરી ઇચ્છા યહી હૈ કી તું ઇધર રહ કે ઉનકી કુશલ યાચના કરેં. ઇશ્વર તેરેકો સહાય કરેગા."

"આપકા અભિપ્રાય ઠીક હૈ, લેકિન મેરી મનોવૃત્તિ બહુતહી વ્યાકુલ

હો રહી હૈ. આપકી આજ્ઞા પાતેહી મેરા આત્મા સંતુષ્ટ હો જાયગા ”

“ પુત્રી ! યહ ઠીક હૈ. કિન્તુ યહ સ્થાન તેરે લીયે બહુતહી નિર્ભય હૈ. યદિ તેરી ઇચ્છાહી ઐસી હૈ તો ખુશીસેં જા મેં તેરી સાથ બિહારીદાસ ઔર રામચરનદાસકો ભેજતા હું.” બન્ને શિષ્યો તરફ ફરીને “ દેખો. ઇન્હે અપની બહિન સમજના. જૈસાહી ભાવ તુમ્હારા મેરી ઓર હૈ, ઐસાહી ઉનકે ઓર રખના, ઉનકા રક્ષણ કરના, ઔર ઉન્હીકી ઇચ્છાનુસાર યહાં આના.”

“ જૈસી આગ્યા ” કહીને બન્ને જણે પ્રણામ કર્યા. સરલા પણ મહાત્માને પ્રણામ કરી તે બન્ને જણને લઇને નીકળી. માર્ગમા જતા વિચાર કરવા લાગી.

“ નીકળી તો ખરી. પણ કયા તપાસ કરવી ? અરે ! મેં કેવી મોટી ભુલ કરી ? જો કાગળમાં કાંઇક ઇસારો કર્યો હોત તો કેવું સુલભ થઇ પડત ! હવે કયાં જવું ? અમદાવાદમાં તો નજ જવું.” એમ વિચાર કરતા કરતાં છેવટે એ વિચાર આવ્યો કે “ એક વખત ગુપ્ત રીતે તપાસ કરવી કે સુરતમાં કેમ થાય છે.” એમ વિચાર કરતાં કરતાં ધીમે ધીમે ચાલવા માંડયુ. વળી પાછી વિચારમાળા ચાલી.

“ એકદમ સુરત ન જવું. ધીમે ધીમે ફરતાં ફરતાં જવું; અને એવી રીતે તપાસ કરવી કે કોઇ ઓળખી ન શકે.’

બિહારીદાસ તથા રામચરણદાસ પણ ઇષ્ટ સ્મરણ કરતા તેની પાછળ પાછળ જતા હતા. આ રીતે પ્રેમયાત્રાર્થે સરલાએ મહાત્માની પર્ણકુટી છોડી.

સરલાએ થોડાવખતના પરિચય દરમ્યાન પણ મહાત્માની સારી

કૃપા મેળવી હતી તેમજ શિષ્ય વર્ગનો પણ સારો પ્રેમ મેળવ્યો હતો. બિહારીદાસ તથા રામચરણે તેને સંકટમાંથી મુક્ત કરેલ હોવાથી તેમના તરફ તેને સારો ભાવ હતો અને તે બન્ને જણ પણ તેના દુઃખથી દુઃખી થતા હતા. મહાત્માના સહવાસ પછી સરલાએ પોતાના શરીર સંરક્ષણ માટે અંદર શરીર પર ચુસ્તપણે રહે એવું કપડું પહેરી તેના પર બીહારીદાસ અને બીજા શિષ્યો જેવી કફનીજ પહેરી લીધી હતી, અત્યારે પણ તે એજ વેશમાં હતી. પ્રવાસ દરમ્યાન પોતાનું ખરૂં સ્વરૂપ ઓળખાઇ ન આવે માટે સાવચેતી રાખવા તેણે બિહારીદાસને કેટલીક સૂચના કરવાનું યોગ્ય ધાર્યું ”

‘ બિહારીદાસજી ! યહ સંસાર પ્રપંચસે ભરપુર હૈં. ઇન પ્રપંચોમેં અપના કાર્ય બડીહી કાર્યદક્ષતાસે કરના ઉચિત હૈ.

“ હાં. ભગવતી ! આપ સચ કહતી હો, ” બિહારીદાસે ડોકું હલાવ્યું.

“ દેખો, ઇશ્વરહી તુમને ભુલ કીયા. ” રામચરણદાસ બોલી ઉઠયો

“ હા, ઠીક હૈ. અબ તુમ મેરેકો ભગવતી કરકે મત પુકારો. પ્રકૃતિ સ્વરૂપ દીખાઇ દેનેસે વિધ્ન આયગા. યદિ મેરા નામ દેનેકી--”

‘ હાં, હા, સમઝ ગયા. આપકો અભી હમલોગ બાબા કરકે પુકારેંગે ઔર કેઇ નામભી પુછેગા તો બાબા મહારાજ દીખાયેંગે ”

“ હા વહ ઠીક હૈ. ”

વાત કરતા નજીકના સ્ટેશને આવી પહોચ્યા અને ત્યાથી વડોદરે આવવા ઉપડયા. વડોદરે આવી સ્ટેશનઉપરની ધર્મશાળામાં ઉતારો કર્યો. ધીમે ધીમે રાત્રિ પડવા માંડી ધર્મશાળાની આગળના છુટા ચોકમાં ચાળીસ પચાસ માણસોનું ટોળું પડયુ હતું. આમાં કેટલાક

ખરા વિરાગી તો કેટલાક પેટમાટે ભીખ માગનારા ઢોંગીઓ પણ હત બાજુમાં પડેલા ધુણીના દેવનાથી કેટલાક ચલમ ભરતા હતા ત્યાં કેટલાક મેઢામાથી ધુમાડાના ગોટ કઢતા ગપ્પા મારતા હતા. આખ શહેરના ગામગપાટા ત્યાં થતા હતા. વતમાનપત્રોનાગાતે પણ નઈ મળતી હોય તેટલી ખબરો ત્યાં ભમનારાઓ તે ટોળા પાસેથી જાણુ શકતા હતા. બિહારીદાસ ત્યાંના કાંઇક સમાચાર જાણવા તે ટોળામાં ભળ્યો બાબા મહારાજ (સરલા) અને રામચરણદાસ પોતાની જગ્યા-પરજ રહ્યાં.

ધર્મશાળા બહારના છુટા છુટા ટોળામાંના એક તરફ બિહારીદાસ ચીપીઓ ખખડાવતો ગયો ત્યા બેઠેલાઓમાંના એકે તને જોઇ જરા મ્હોં ચઢાવ્યુ.

"બ બં બ ભોલા કાશીબિશ્વનાથ." એમ બોલતો બિહારીદાસ પેલા ટોળામાં જઇ બેઠો પછી પેલા ટોળામાંનો એકજણ બોલ્યો.

"આપ આજહી આયે હૈ કયા?"

બિહારી--હા આજહી આયા. જાના હૈ બમ્બઇ હોકે રામેસુરકો. સુના હૈ કી બડોદા બડા દેખનેલાયક હૈ. આજહી આગહુ દો તીન દીન ઠહેરેગે પીછે જાયગે.

૪ માણુસ—કહાસે આતે હો?

બિહારી—બિનારસસે આતા હુ

૩ માણુસ—તુમ્હારી સાથ કીતની મૂરતી હૈ?

બિહારી—હમ તીન મુરતી હૈ હમારા ગુરૂ અધુ ઔર હમારે બાબા મહારાજ.

૨ માણુસ—પયદલ આયે કે રેલમેં ?

બિહારીને આ લોકોના ઉપરા ઉપરી પ્રશ્નથી વ્હેમ પડયો. વાત ટુંકાવવાના ઉદ્દેશથી તે બોલ્યો:—

"પયદલ આયે, રેલકા કીરાયા કહાંસે લાના. પરભાઇ ! યહ શહરમેં કોઇ ભિક્ષા દેનેવાલા હૈ યા નહિં ?"

"ઘર ઘર ભટકોગે તો મુઠ્ઠીભર અનાજ પાઓગે, લેકીન કોઇ સદાવરત દેને વાલા તો નહી મીલેગા" ત્રીજો માણુસ એમ બોલતો ચલમ ફુંકવા લાગ્યો.

"અરે યાર ! જાનેદો યહ શહરકા નાવ. આજ સારા દીન ભટકા લેકીન ન તો સદાવર્ત મીલી, ન તો ભિક્ષા મીલી. ઇધર ખડેરાવમે ખીચડી મીલતી હૈ વોભી પાસવાલે બંમનલોગકે લીયે હૈ." ચોથાએ પ્રત્યુતર આપ્યો.

"ક્યા ખીચડી મીલતી હૈ ? પાસવાલા કોન ?" બિહારીદાસે પ્રશ્ન કર્યો.

"હા ખીચડી મીલતી હૈ ઔર સરકારકી ઓરસે બમનલોગકુ દીજાતિ હૈ. ઔર વે બંમન લોગકો પાસ ભી દી જાતી હૈ. બીના પાસ કુછ નાહિ મિલતા"

આ લોકોની વાતોમા બીહારીદાસને કાઇ તત્વ ન જણાયાથી તે ત્યાંથી ઉઠયો અને પોતાના ઉતારામાં ગયો એટલે પેલા ટોળામાનો એક માણુસ પણ તેની પાછળ પાછળ ગુપચુપ ચાલ્યો અને તેમની ચિકિત્સા જોવા લાગ્યો

"કયો બિહારીદાસજી ! કુછ સમાચાર પાયા ?" રામચરણદાસે પૂછ્યુ.

"નહિં ભૈયા, કુછ નહિં મીલા. યહ શહર તો બડા ભારી હૈ લેકિન દાન પુન્યમેં બડાહી નાલાયક માલુમ હોતા હૈ." બિહારીદાસે જવાબ વાળ્યો.

"દો દિન ઠહરનેસે અપના કામ પુરા હો જાયગા કી નહિ !" રામચરણદાસે પૂછ્યું.

"યહ તો બાબા મહારાજકી આગ્યાધિન હૈ. દેખતે હૈ કયા હોતા હૈ." બિહારીદાસની પાછળ આવનાર મનુષ્ય કાંઇ વધુ સાંભળી ન શકયો પરન્તુ તેની આંખો અંધારામાં પણ ચમકવા લાગી જાણે કોઇ મહત્વની બાબત પ્રકાશમાં આવી હોય તેમ તેનું અંતઃકરણ હર્ષથી ફુલવા લાગ્યું. હવામાં આમ તેમ હાથના ચાળા કરતો ધીમો ધીમો પણ કુદતો કુદતો ત્યાંથી ચાલ્યો ગયો. બિહારીદાસ, રામચરણદાસ કે બાબા મહારાજ કોઇને તેના આવવા જવાની ખબર સુદ્ધાં ન પડી

બીજે દિને ત્રણેજણ શહેરમાં ફરવા નીકળ્યાં. બાબામહારાજ ફકત હાથમાના ચીપીયાથી તાલ દેતા હતા જ્યારે બન્ને શિષ્યો પહાડીસુરથી ગાતા તથા પોતાના ચીપીયાથી તાલ આપતા હતા. ધીમે ધીમે આખુ શહેર ફરી વળ્યા, પરન્તુ કાંઇ જાણવાજેવુ બન્યું પણ નહીં. તેમ તેમને કોઇએ બોલાવ્યા કે પૂછયું પણ નહીં છેવટે સાંજના પાંચેક વાગ્યાના શુમારે તેઓ ફરતા ફરતા મકરપુરારોડ તરફ પહોંચ્યા

આ રસ્તાપર મોટા મોટા પણ જરા દૂર દૂર બંગલાઓ આવી રહેલા હતા રસ્તાપરના છંટકાવને લીધે ધુળનો ઉપદ્રવ નરમ હતો, તેમ ત્યા ઝાઝી ગાડીઓ વિગેરેની તડામાર પણ નહોતી. તેથી સર્વ સ્થળે શાન્તિ ભાસતી હતી. ફકત બિહારીદાસના પહાડી સુરથી "કૃષ્ણ કેશવ, કૃષ્ણ કેશવ, કૃષ્ણ કેશવ, પાહિમામ્" નોજ અવાજ સંભળાતો હતો, જેના પ્રતિધ્વનિરૂપ રામચરણદાસનો "રામ રાઘવ, રામ રાઘવ, રામ રાઘવ, ત્રાહિમામ્" નો ધ્વનિ સંભળાતો હતો. બાબા મહારાજ મૌન પણે તાલ આપતા ચાલતા હતા. આ રીતે આપણા પ્રેમયાત્રાળુઓ ધીમે ધીમે એક બંગલાના દરવાજા

આગળથી જતા હતા, એટલામાં એક માણુસે તે બંગલામાંથી આવી નમ્રપણે તેમને નમસ્કાર કરી તે 'બંગલામાં આવવા વિનંતી કરી ત્રણે યોગીઓ તેની પાછળ બંગલાના કંપાઉંડમા પેઠા ઓટલા ઉપરજ એક ખુરશી ઉપર એક દક્ષણી સ્ત્રી બેઠી હતી તેના દમામ અને પોશાક ઉપરથી તે કોઇ ખાનદાન કુળની સ્ત્રી જણાતી હતી, તેની ઉમ્મર લગભગ વીશેક વર્ષની હતી. તેને પોશાક ઘણો ઉત્તમ પણ સાદો હતો; પરંતુ તેના પોશાકની સાદાઇ તેના સૌંદર્યમાં અપ્રતિસીમ વધારો કરતી હતી.

યોગીઓને સન્માનપૂર્વક સામેની સોફા ઉપર બેસાડી તેણે વાતચીત શરૂ કરી.

" મહારાજ ! આપ કહાસે આતે હો, ઔર કહાં જાનેકી ઇચ્છા હૈ? "

" ભગવતી ! હમ બિનારસસેં આતે હૈ ઔર રામેસુર જાનેકા બિચાર હૈ ઇધર એક દો રોજ ઠેરેગે ઔર પીછે ચલ જાયંગે. " બિહારીદાસે જવાબ આપ્યો

" આપકો વ્યર્થ તકલીફ દી હૈ, પરંતુ મેરા સ્વભાવહી ઐસા હૈ કી જબ મેં કીસી યોગીયોંકા આવાજ સુનતી હું મુઝે કુચ્છ ન કુચ્છ ઔર સુનનેકી બહુતસી ઇચ્છા હોતી હૈ યદિ આપકો કુછ હરકત ન હો તો મેરેકુ કુચ્છ સુનાઓ " તે સ્ત્રી કે જેનુ નામ અહલ્યાબાઇ હતુ તેણે જણાવ્યુ

" સંસારમેં બહુતહી મનુષ્ય હૈ; ઔર ઉનકી વૃત્તિઓંભી બહુત પ્રકારકી રહતી હૈ. આપકી વૃત્તિ અત્યુત્તમ હૈ, ઇશ્વર આપકાં કલ્યાણ કરેગા. આપકો કયા સુનનેકી ઇચ્છા હૈ ? " બિહારીદાસે કહ્યુ.

"યહી સંસારમેં કયસે કયસે મનુષ્ય હૈ? આપને તો બહુતસી વ્યક્તિયોંકા અનુભવ લીયા હોગા" અહલ્યાબાઇએ પૂછ્યું.

"હાં ઉન સબકા ક્યા વૃત્તાંત દેવે! પરન્તુ યહ સુનો. એક કોઇને કહા હૈ કી:—"

બિહારીદાસ તથા રામચરણદાસે ગાવા માંડયું અને સાથે ચીપીયા ઠોકી તાલ પણ શરૂ કરી દીધો. બન્ને યોગીઓ જાણે મસ્ત થઇ ગયા હોય તેમ જણાવા લાગ્યા.

"કોઈ હાલમસ્ત, કોઇ માલમસ્ત, કોઈ તુતી મૈના સુયેમેં,
કોઇ ખાનમસ્ત, પહિરાનમસ્ત, કોઇ રાગરાગિની ધુયેમેં;
કોઇ અમલમસ્ત, કોઇ રમલમસ્ત. કોઇ સતરજ ચોપટ જુએમેં,
ઇક ખુદ મસ્તી બિન ઓર મસ્ત સબ ગિરે અવિદ્યા કુયેમેં;
કોઈ અકલમસ્ત, કોઇ શકલમસ્ત, કોઈ ચંચલતાઇ હાંસીમેં,
કોઇ વેદમસ્ત, કોઇ તિબ્બમસ્ત, કોઇ મક્કેમેં કોઇ કાસીમેં;
કોઇ ગ્રામમસ્ત, કોઇ ધામમસ્ત, કોઇ સેવકમેં કોઇ દાસીમેં,
ઇક ખુદ મસ્તી બિન ઔર મસ્ત સબ ફસે અવિદ્યા ફાંસીમે;

કોઇ રાજમસ્ત, ગજવાજિમસ્ત, કોઈ છપ્પરમેં કોઇ પુલેમેં,
કોઇ યુદ્ધમસ્ત, કોઇ ક્રુદ્ધમસ્ત, કોઇ ખડ્ગ કુઠાર બસુલેમેં;
કોઇ પ્રેમમસ્ત, કોઇ નેમમસ્ત, કોઇ છીકેમેં કોઇ ઝુલેમેં,
ઇક ખુદ મસ્તી બિન ઓર મસ્ત સબ પડે અવિદ્યા ચુલેમે:

કોઇ સુષ્ટમસ્ત, કોઇ તુષ્ટમસ્ત, કોઇ દીરઘમેં, કોઇ છોટેમેં,
કોઇ ગુફામસ્ત, કોઇ સુફામસ્ત, કોઇ તુંબેમેં કોઇ લોટેમેં;

કોઇ જ્ઞાનમસ્ત, કોઇ ધ્યાનમસ્ત, કોઈ અસલીમે કોઇ ખોટેમેં,
ઇક ખુદમસ્તી બિન ઔર મસ્ત સબ રહે અવિદ્યા ટોટેમેં,
યહ લૌકિક મસ્ત કહાં લો બરણું હૈ માયાકે ફંગલમેં,
કોન કરે તિનકી ગિનતી સબ જકડે હૈ દ્રઢ સંકલમે;
છિનમે રૂષ્ટ તુષ્ટ ઇક છિનમેં સ્થિતિ સદા અમંગલમેં,
ઇક ખુદ મસ્તી બિન ઔર મસ્ત સબ ભુલે અવિદ્યા જંગલમેં "

યોગીઓએ પૂરૂં કર્યું ત્યા સુધી અહલ્યાબાઇ સ્થિર થઇ સાંભળતી હતી. પરન્તુ તેના મનમાં શા વિચાર ચાલતા હતા તે તો તેજ જાણુતી હતી. તેનાં નેત્રો બાબા મહારાજ પ્રતિ સ્થિર થઇ ગયા હતા અને કોઇ વિચારમાં લીન થઇ ગયેલી જણાતી હતી. બિહારીદાસ તથા રામચરણુ દાસે ભજન પુરૂ કર્યું તેની પણુ તેને શુદ્ધિ નહોતી કેટલીક વારે જાણે ઉંઘમાંથી જાગૃત થઇ હોય તેમ તે બોલી ઉઠી:—

" ક્ષમા ચાહતી હું, મહારાજ ! આપસે કુછ પૂછને ચ્હાતી હુ".

' માઇ ! ઔર કયા ઇચ્છા હૈ ? " બિહારી દાસે પૂછયું.

" આપ કે મુખસે તો યહ સુના, લેકીન—" બાબામહારાજ તરફ આગળી કરતાં કહ્યુ " યહ મહારાજકી બાની નહિં સુની. આશા હૈ કી વહ ભી યહ પામર જીકો કૃતાર્થ કરેંગે "

બાબામહારાજ એ સાંભળી મંદ મદ હસ્યા અને બોલ્યા:-" દેવી ! મુઝસે કયા સુનના ચ્હાતી હો ? ઇષ્ટકા નામ કીરકે ભી મુખસે સુનને મે ફ્લ એકહી હોતા હૈ. "

" સત્ય હૈ મહારાજ ! પરન્તુ સુનાનેવાલેકી સ્વરૂપજ્યોતિસે

સુનનેવાલેકી જ્યોતિ ભી તબ મીલતી હૈ જબકી સુનાનેવાલેકી જ્યોતિ પરમ તત્વમેં લીન હો"

"મેરે હૃદયકી યહી સ્થિતિ હૈ યહ તુ કયસે પહચાન સકતી હૈ?"

"મુખ દર્શનસેં અતર્ધ્વનિ ગુજ ઉઠતા હૈ ઔર બાની પ્રભાવસે જ્યોતિસ્વરૂપ જાગૃત હો જાતા હૈ જબસેં આપકા દર્શન કીયા હૈ મેરી અતર્જ્યોતિ કુછ ઔરહી મુઝે સમઝા રહી હૈ. મેને બહુતસે સાધુઓંકી સેવા ઉડાઇ હૈ લેકીન ઐસી શાન્તિ કભી નહી મીલી જૈસી આપ દર્શનસે મીલતી હૈ"

"દેવી! શાન્તિ પ્રાપ્ત કરના યહ અપનેહી આત્માકા કાર્ય હૈ."

"ઠીક હૈ, પરન્તુ અન્તર ઔર બાહ્ય દોનો શાન્તિ સુખકર હૈ. યદિ આપ કુછ સુનાદોગે, મેરા આત્મા બહુતહી સતુષ્ટ હો જાયગા. સત્સમાગમ ઔર સતશબ્દશ્રવણ હમે બહુત પ્રિય હૈ."

"દેવી! ઇશ્વરકૃપા પ્રાપ્ત કરનેકે લીયે, મુકિત પ્રાપ્ત કરનેકે લીયે, કિતનેહી મનુષ્ય ભિન્ન ભિન્ન પ્રકાર પ્રયત્ન કર રહે હૈ. પરન્તુ સબમેં કુછ ન કુછ વાસના રહતી હૈ, જો મનુષ્યકો ફિર યહ ભવાટવી મેં ગિરા દેતી હૈ ચાહો ઉનના શ્રવણ કરો, ચાહો ઉતને શાસ્ત્રો દેખો, કિન્તુ એક શબ્દ માત્ર ભી યથાર્થ સમઝમેં આ જાને પર કુછભી કર્ત્તવ્ય રહતા નહિં હૈ માત્રઇચ્છા પ્રાબલ્ય ઔર તિવ્ર સમજ શકિત હોના ચહીએ. ધ્યાન ઔર હૃદયપૂર્વક ઇષ્ટ નામ જાપ યહી ભવપારકા નાવ હે" બાબા મહારાજે આટલું કહી ચીપીયાનો તાલ શરૂ કર્યો. અહલ્યાબાઇએ થયેલી વાતચીતપરથીજ બાબા મહારાજના મધુર

મૃદુસ્વરનું અનુમાન કર્યું અને નોકરને ઇસારત કરતા તે તંતુવાદ્ય લઇ આવ્યો. બાબા મહારાજે શરૂ કર્યું--

"ૐ શબ્દ પ્રણવ બ્રહ્મ (૨)
પરમ યોગ, પરમ ગ્યાન,
શીઘ્ર સમાધિ, પરમ ધ્યાન,
શ્રુતિ સ્મૃત્યાદિ બેદ માન,
સકલ સભર ઇક બ્રહ્મ—ૐ.
બિધ બિધ ગતિ, બિધ પ્રમાન,
બિબિધ યોગ, બિબિધ ગ્યાન, (૨)
મથન કરત સબ મુનીજન,
વિલત ઇક શબ્દ બ્રહ્મ—ૐ
ભક્તિયોગ શ્રેષ્ટ સર્વ,
વૃથા બિબિધ બિચાર ગર્વ (૨)
અલખ ધ્યાન પરમ ગ્યાન,
તરન તારન ઇહ બ્રહ્મ--ૐ"

ગાન પુરૂ થયું, પરંતુ મસ્ત બાબામહારાજનો તાલ અને અહલ્યા બાઇનું વાદ્ય ચાલુજ રહ્યાં. સર્વ લીન થઇ રહ્યા. મધુરરવ સર્વત્ર ગુંજન કરવા લાગ્યો. આખરે ધીમે ધીમે તે બંધ પડ્યો. અહલ્યાબાઇએ બીજે દિને પોતાને ત્યાં ભિક્ષા કરવા આવવાનું જણાવ્યું અને જતી વખત તંતુવાદ્ય બાબામહારાજના ચરણમા અર્પણ કર્યું. ત્રણે યોગીઓ ત્યાંથી વિવિધ વાતો કરતા ચાલી નીકળ્યા.

અહલ્યાબાઇની આખી રાત્રી વિચારોમાંજ નીકળી ગઇ રાત્રિએ તેને

બિલકુલ નિદ્રા ન આવી. બાલયોગીનું અદ્ભુત સ્વરૂપ, તેનું વિલક્ષણ જ્ઞાન, તેનો મધુર કંઠ, એ સર્વ તેના મગજમાં રમમાણ કરવા લાગ્યાં. વારંવાર જાણે તે બાબામહારાજને પોતાની દ્રષ્ટિ સમીપ ફરતા દેખતી હોય તેમ તેને જણાવા લાગ્યુ. ફરી તેનાં દર્શન કયારે થાય ? તેના સોંદર્યનું નેત્ર ભરી ભરીને પાન કયારે થાય ? તેની અપૂર્વ વચ-સુધાનો મધુર મૃદુસ્વર કયારે સંભળાય ? વિગેરે વિચારોએ તેનું મગજ ભ્રમિત કરી નાખ્યું પ્રાત કાળ થયો. મહારાજના આગમનની રાહ જોતી તે અસ્થિર મને આમતેમ ફરવા લાગી. મધ્યાન્હ થયો, પણ મહારાજ ન આવ્યા. અધિરાઇથી મનુષ્યને તપાસ કરવા મોકલ્યો. છેક સાંયકાલે મનુષ્ય પાછો આવ્યો. મહારાજના ઠેકાણાની ખબર ન હોવાથી બિચારો ઘણે સ્થળે ભટકી આવ્યો છેવટે સ્ટેશન પર આવતાં તેને કાંઇક બાળ મળી; પણ તે નિરાશાસુચક હતી અહલ્યાબાઇના ઉદ્વેગાધિન હૃદયને શાન્ત કરવાને બદલે તેને ઉલટું વધુ ખળભળાવી મુક્યું અહલ્યાબાઇના પ્રશ્નના પ્રત્યુત્તરમા તેણે જણાવ્યું કે —મહારાજનાપર આફત આવી પડી છે ?

"હે ! શી આફત ?" અહલ્યાબાઇએ વિકળ થતા પૂછ્યું

"તેમને ખુનના આરોપસર પકડવામા આવ્યા છે. મહારાજ ચોકીમા છે" માણુસની આંખમા ઝળઝળીયા ભરાઇ આવ્યા.

"મહારાજ ચોકીમા ! ઓહ ! આ હું શુ સાભળું છુ !" બોલતા બોલતાં અહલ્યાબાઇ જમીનપર પડી.

# ચતુર્વિંશઃ પરિચ્છેદ.

## વિધુની વિકળતા.

The conscience is the most elastic material in the world To day you can–not stretch it over a mole-hill, to-morrow it hides a mountain

**Bulwer Lytton.**

પ્રિય પાઠક ! કેટલાય સમયથી આપણે અનંતરાયના કુટુંબ તથા સરોજ વિગેરે તરફ દૃષ્ટિ કરી નથી અને તેથી કદાપિ તારા જીજ્ઞાસુ હૃદયમા ઉત્સુકતા થઇ હશે; પરન્તુ જરા ધીરજ રાખ, હાલ તો આપણે સુરતમાં શુ થાય છે તે જોઇએ

જેવો વિધુભાઇ પોતાનું કાર્ડ ટેબલપર મૂકી એક ખુરશીપર બેઠો કે તરતજ માધવરાયે પ્રશ્ન કર્યો—

" તમે આજ ટ્રેનમાં આવ્યા ? "

" હાજી. "

" ત્યારે ગાડીવાળાને કેમ ન મળ્યા ? શું તમે ચાલતા આવ્યા ? "

" અમારૂં કામજ એવું, જો અમે અમારા ધારેલા કામ પર અને ઠેકાણે સીધા સીધા જઇએ તો પછી અમારૂ કામ કેમ થાય ? "

"ત્યારે તમે શું તપાસ કરતા કરતા આવ્યા છો!" હરમુખરાયે પૂછ્યું.

"હા. અમે થોડી ઘણી તો તપાસ કરી છે અને તપાસમાં તમને શોધી કાઢયા છે તમે શું તપાસ કરી તે તો કહો ?" ડીટેકટીવના આ ઉત્તરથી હરમુખરાય તો સ્તબ્ધ બની ગયો

"ઇન્દુકુમારે દ્રષ્ટિ તો ખુબ દોડાવી છે." તરલા આટલુ બોલી અટકી. વિધુભાઇએ નજર તરલા તરફ ફેરવી.

"અમને તો નાનુ છોકરૂ પણ શોધી કાઢે, તેમા તમે શું કર્યું ?". માધવરાયે પૂછ્યું.

"તમને નહીં, પણ આ મી૦ હરમુખરાયને શોધી કઢયા. મુંબઇથી સરલાની તપાસ કરવા આવ્યા છે, તેમને માટે મારૂ કહેવુ છે." ડીટેકટીવ બોલ્યો.

'હવે શુ કરવુ ?" માધવરાયે પૂછ્યું

"તમે કાઇ તપાસ કરી શકયા છો ?"

"ના, હજી કાંઈ નહીં."

"ઠીક ત્યારે હું જાઉ છુ તમારે બીજુ કાઇ કહેવું છે ?" ડીટેકટીવે ઉભા થતા પૂછ્યું

"ના બીજુ તો કાઇજ નહી! પણ અમારે શુ કરવુ ?" માધવરાયે પુછ્યું.

"હા કરવાનુ તો ઘણુ ય છે અને તેથી આપણું કામ સુલભ પણ થશે પણ ખર્ચનુ કામ છે" ડીટેકટીવે માધવરાય તથા સુમન ભણી તિક્ષ્ણ દ્રષ્ટિ કરતા જણાવ્યું.

"ભલે. ભલે ગમે તેટલો ખર્ચ થશે તેની દરકાર નથી." સુમન બોલી ઉઠી. "જે કરવાનું હોય તે સત્વર જણાવો."

"ભલે. જુઓ. પ્રથમતો તમે તાપી નદીના કિનારાપર એક પથિકાશ્રમ સ્થાપો ત્યા સ્ત્રીઓ તથા પુરૂષો માટે યોગ્ય વ્યવસ્થા કરો અને તેની દેખરેખ સુમનગૌરી યા તો તરલાને સોપો " ડીટેકટીવે કહ્યું.

"એ મરૂ કામ તમારો ઉદ્દેશ હું સમજી. વખતે સરલાબ્હેન ફરતા ફરતા આવે તો કેમ? એજને" તરલાના આ શબ્દોથી ડીટેકટીવનું મુખ જરા મલક્યું; અને તે બોલ્યો —

"હા, એજ, પણ જેમ બને તેમ સત્વર કરજો "

"કાલેજ એક બગલો ભાડે લઇ પથિકાશ્રમમા ફેરવી નાખીશુ." તરલા બોલી

"પણ હુ તો તમારી સાથેજ આવીશ " હરમુખરાય બોલી ઉઠયો.

"ભલે, તમારી હોસ પૂરી કરો. પરંતુ એક શરતે."

"તે કયી?"

"હું કહુ તેટલુંજ કરવુ."

"કબુલ છે." હરમુખરાયે જબાબ વાળ્યો

"ત્યારે ઉઠો ચાલો અત્યારેજ."

"અત્યારેજ!" તરલા બોલી ઉઠી

"હા, અત્યારેજ "

આટલુ બોલી ડીટેકટીવે માધવરાયને સલામ કરી ચાલવા માંડ્યુ. હરમુખરાય પણ તેની પાછળ ચાલી નીકળ્યો. બન્નેના ગયા પછી બધાં થોડીવાર સ્તબ્ધ બેસી રહ્યા ડીટેકટીવનુ આવવુ જવુ સર્વને મન

સ્વપ્નવત્ જણાવા લાગ્યુ. પરન્તુ હરસુખરાય સાથે ગયો હતો તે ઉપરથી પાછી સત્યતા પ્રતિત થઇ.

બીજેજ દીને સવારમા તો પથિકશ્રમનું મંડાણુ થઇ ગયુ અને તેમા તરલા "ભગવતી દેવી" તરીકે–એક વિદુષીબાઇ તરીકે-રહેવા લાગી. એવી તો સરસ ગોઠવણ આ પથિકાશ્રમમાં કરવામા આવી હતી કે ભગવતી દેવી કોણ છે અને તેણે તે આશ્રમ કયારે ઉભો કર્યો તે કોઇ કળી શકતું નહોતું. એવી સફાઇથી કામ લેવામા આવતું હતુ કે પથિકાશ્રમ શરૂ થયો તેજ દિવસે આખા ગામમા તેની પ્રશસનિય વાતો થવા લાગી.

વિધુભાઇ હરસુખરાય સાથે તેજ દિવસે નીકળી બપોરે ભરૂચ ઉતર્યો અને ત્યા તે દિવસે રહી તપાસ કરી રાતના વડોદરે ગયો વડોદરે તેઓ સહજજ ઉતર્યા અને જે ધર્મશાળામા બાબા મહારાજ તથા તેમના સાથીઓ ઉતર્યા હતા ત્યાંજ તેમણે પણ મુકામ કર્યો. રાત્રિ ઘણી ગઇ હતી. સર્વ નિદ્રાધિન હતાં હરસુખરાય પણ ધીમે ધીમે નિદ્રાદેવીને આધિન થયો. માત્ર વિધુભાઇજ જાગતો હતો ધીમેધીમે રાત્રિ વિરમવા લાગી ચાર વાગ્યાનો શુમાર થયો એટલે વિધુભાઇને કાને તંતુવાદ્યના મધુર સ્વરો અથડાવા લાગ્યા, વિધુભાઇ કાન દઇ સાંભળવા લાગ્યો. ધીમે ધીમે સ્વર વાધવા લાગ્યો, વાદ્યના સ્વરો સાથે કોઇના મૃદુ-કર્ણપ્રિય સ્વરો ભળવા લાગ્યા ડીટેકટીવની શ્રવણેન્દ્રિય ઘણીજ તિવ્ર બની. ગાન આગળ ચાલ્યું —

"મીઠડા મધુ......૨ (૨)"

વળી કડી ઉથલાવી પંચમથી શરૂ થયુઃ—

"મીઠડા મયુ .....૨, મીઠડા—આ આ આ આ આ
આ આ આ આ...મીઠડા મયુ .. . ૨—મી૦
"ટહુકે... હુ .. રા...જી...થતી.....તી......(૨)
—મી૦

અદભુત પંખ, પ્રસા......રી કલા......કરી,
હસિત વદન તવ,
નિરખતી નેહભરી,
છીનવીને સુખતેં, વિદાર્યું મમ ઉ......૨—મી૦,"

ગાન બંધ થયું પણ ડીટેકટીવના હૃદયમા તોફાન જાગ્યું. "આવા ધર્મશાળા જેવા સાર્વજનિક મકાનમાં આવા મધુર-મૃદુ સ્વર કયાંથી આવતા હશે? ગાનાર કોઇ સ્ત્રી હશે કે પુરૂષ? ખરેખર! હૃદયની ઉર્મિથીજ ગવાયલું ગાન છે." આમ વિચાર કરતાં બેઠો થઇ ચારે બાજુ નજર ફેરવવા લાગ્યો પોતાનાથી થોડેક દૂર એક બાલયોગી બેઠો હતો અને તેની આજુબાજુ બેજણ સુતા હતા આ યોગીને જોઇ તે ભ્રમમા પડયો. સહેજ સાજ અજવાળામાં પણ તેને યોગીમાં સ્ત્રીચિન્હો જણાયાં રાત્રિ હોવાથી વિશેષ તપાસ સવારપર મુલ્તવી રાખી એનાજ વિચાર કરતો સુતો. પરન્તુ પ્રાત કાળ કેવો થવાનો હતો તેની કોને ખબર હતી!

પ્રાત કાળ થયો અને એકદમ ચાર પાંચ પોલીસ સીપાઇઓ ત્યા આવી પહોંચ્યા અને તે બાલયોગી બાબામહારાજ તથા તેના બન્ને સાથીઓને હાથકડી કરવા લાગ્યા ડીટેકટીવ તો આ મામલો જોઇ વિચારમાંજ પડી ગયો. ધીમે રહી જમાદાર સાહેબને પૂછતાં તેને માલુમ પડયું કે કાઇક ખુનના આરોપસર તેમને પકડવામાં આવ્યા

હતા. ડીટેકટીવ તેમની પાછળ ચોકીપર ગયો અને પોલીસ ઓફીસર ને મળી કેટલીક બાબત જાણી લીધી અને તેની સાથે કેટલીક ગોઠવણ કરી, પોતે પહેલીજ ટ્રેનમાં અમદાવાદ ઉપડી ગયો. જે ડબામાં તેઓ બેઠા હતા તેજ ડબામાં આણંદથી એક માણસ બેઠો ડીટેકટીવને તેની આંખોમાં કાંઇક વિચિત્રતા લાગી. તેની તિક્ષ્ણ દૃષ્ટિમાં કાંઇક ભયંકરતા જણાઇ. નવીન આવનારે સાધુના જેવો વેશ રાખ્યો હતો. ડીટેકટીવ જોઇ શકયો કે તે મનુષ્યના મનમાં કાંઇક બાબતની ઉથલપાથલ થઇ રહી હતી. તેનુ મન અસ્વસ્થ અને અસ્થિર જણાતુ હતુ. કાંઇક જાણવાને તે ઉત્સુક થઇ રહેલો જણાતો હતો. ઘડીએ ઘડીએ તે આપ-ણા ડીટેકટીવ અને તેના સાથી તરફ છુપી નજર નાખતો હતો; પણ તે આ બાહોશ ડીટેકટીવની નજરથી છુપાતું નહોતુ છેવટે તે સાધુએ વાત શરૂ કરી:—

"બાબુજી ! યહ ગાડી કહાં જાયગી ?"

"આપકો કહાં જાના હૈ ?"

"રતલામ"

"યહ ગાડી અહમદાબાદકો જાયગી. વહાંસે આપકો બદલના પડેગા."

"આપ કહાંપે જાઓગે ?"

"અહમદાબાદકો."

"અહમદાવાદકો ?" સાધુએ પોતાની ઉર્મિઓ દબાવતાં કહ્યું પરન્તુ ડીટેકટીવની ભેદીદ્રષ્ટિ સાધુના હૃદયનો ગભરાટ સહજ કળી ગઇ. તેને પ્રથમથીજ આ સાધુની જીજ્ઞાસા જાણવા ઉત્કંઠા હતી, તે તેના આ પ્રશ્નથી વધી પડી. સાધુના પ્રશ્નના પ્રત્યુત્તરમાં તે બોલ્યો:—"હા.

આજ અહમદાબાદ જા કે કલ જુનાગઢ જાના હૈ. ગીરનારકા પવિત્ર સ્થલ દેખનેકા ઇરાદા હૈ."

આ જવાબથી સાધુને કાંઇક ટાઢક વળી હોય તેમજ જણાયું અમદાવાદ આવી પહોંચતા સુધી કાઇ વાતચીત ન થઇ. અમદાવાદના સ્ટેશનપર ઉતરતાં હરસુખરાયના કાનમાં કાંઇક કહી વિધુભાઇ તે સાધુની પાછળ પાછળ છુપાતો છુપાતો ચાલ્યો પેસેન્જરોની ભીડમાથી બહાર નીકળતાં સાધુ બબડયો:—

"ખોટો વ્હેમ ખાધો એ ડીટેકટીવ તો નજ હોય. હાશ! હવે મને કોનો ભય છે? સરોજ! સરોજ! તું નિશ્ચિંત છે."

ડીટેકટીવે આ શબ્દો સાંભળ્યા. સરોજનું નામ સાંભળતા તે સચેત થયો અને તેની પાછળ પાછળ જવા લાગ્યો કેટલોક વખત ચાલ્યા પછી સરોજ એક મકાનમા પેઠો ડાટેકટીવ અંદર જઇ શકયો નહીં પરન્તુ છુપાઇને ચિકિત્સા જોવા લાગ્યો. લગભગ સધ્યાકાલ થવા આવી એટલે એક માણસ તે ઘરમાંથી બહાર નીકળ્યો. બહાર નીકળતાં નીકળતાં તેણે એક કાગળ પોતના ખિસામાં નાખ્યો. ડીટેકટીવની ચપલ આંખે તે જોઇ લીધું. જેવો તે મનુષ્ય થોડેક દુર ગયો કે તરતજ ડીટેકટીવ તેની પાછળ જઇ લાગ ફાવતા તેના ઉપર પાછળથી હુમલો કરીને તેને નીચે પાડયો. આવી પડેલા પ્રસંગથી અપરિચિત મનુષ્યને કાઇ પણ શુદ્ધિ ન રહી. તે એકદમ નીચે પડયો એટલે ડીટેકટીવે તેનાં ખીસાં તપાસવા માડયાં. અને જે કાંઈ હાથ આવ્યું તે લઇ લીધું. એટલામાં તો તે માણુસ કાંઇક શુદ્ધિમાં આવતો દેખાયો, ડીટેકટીવે તરતજ તેને કાંઇક સુંઘાડી પાછો બેહોશ કરી દીધો અને એક ગાડી બોલાવી

સ્ટેશન તરફ ચાલ્યો. પણ થોડેક દુર ગયા પછી ગાડીવાળાને થોભાવવાનું કહી વિચારમાં પડયો. પણ પાછો તરતજ આગળ ચલાવવા હુકમ આપ્યો. સ્ટેશનપરની એક વીશી આગળ આવતા હરમુખરાય સામોજ ઉભો હતો. બન્નેએ મળી પેલા માણસને ઓરડીમાં લીધો. ગાડીવાળાને રજા આપી

હરમુખરાય તો ડીટેકટીવને આ રીતે આવેલો જોઇ ઘણાજ ઉંડા વિચારમાં પડી ગયો. આ બધું શું છે તે તે સમજી શકયો નહીં. બારણા બંધ કરી ડીટેકટીવે પોતાની પાસેના કાગળો કઢતાં કહ્યું—

"આ માણુસ લગભગ પાચ કલાક સુધી બેહોશ રહેશે, ત્યાસુધીમા હું પાછો આવીશ. પણ મારા આવતા પહેલાં એ શુદ્ધિમા આવે તો કાંઇ પણ જવાબ આપતા નહી બિલકુલ વાતચીત કરના નહીં. બારણે તાળુ મારીને બેસજો અને આ રીવોલ્વર પાસે રાખી જો તે તોફાન કરે તો ધમકી આપજો. પણ બીજો ઉપયોગ કરતા નહી" આમ બોલતાં તેણે કાગળો ઉથલાવવા માંડયા. બે ચાર કાગળો વાચી બાજુ પર મુકયા પછી એક કાગળ લઇ તે વાંચવા મંડયો—

ભાઇ દલપત!

તને મે આજે મેલમા વડોદરે આવવાનું કહ્યુ હતુ, પણ હુ આજ સાંજે અહીં પાછો આવ્યો છું. વડોદરેથી છુપી પોલીસ આપણી પાછળ પડી છે. જો કે જેના ઉપર મને શક હતો તે તો છુપી પોલીસનો માણુસ નહોતો પણ આપણી જુઠ પોલીસે પકડી છે તે નક્કી છે. હું લલ્લુને ત્યા છુ અને હઠીસીગ હજી ચપળા સાથે વડોદરેજ છે. હું પરમ દિવસે અહીંથી નીકળીશ. માટે તું કાલે રાતના મને મળી જજે.

એજ. લી૦ સરોજ.

કાગળ વાચતાજ તેણે ઘડીઆળ કાઢી જોયું. હજી મેલને દોઢ કલાકની વાર હતી. તે તુરતજ સ્ટેશન પરથી એક ગાડી લઇ રીચીરોડ પર આવ્યો અને એક ફોટોગ્રાફરને ત્યા ગયો. અડધોએક કલાક ત્યા ખોટી થઇ બહાર નીકળ્યો અને પાછો સ્ટેશન પર આવ્યો. દલપતનું નામ પોકારતો બુમો પાડવા લાગ્યો બે કે ત્રણ બુમ પાડતાં એક માણસ ત્યા આવ્યો તેને એક બાજુપર એક ફાનસપાસે લઇ જઇ પેલો કાગળ એના હાથમ મૂકયો પેલો માણસ કાંઇ પૂછે તે પહેલાં તો તે ત્યાંથી ચાલી નીકળ્યો થોડેક દૂર જઇ, જ્યારે દલપત બત્તી આગળ કાગળ વાંચતો હતો ત્યારે ડીટકટીવે પોતાનાં ખીસામાંથી એક પેગ જેવુ કાઇક કાઢ્યું, અને એક મીનીટ રાખી કાઇક સ્ક્રુ ફેરવી પાછું મુકી દીધુ અને અધારામા દલપતની હીલચાલ જોતો ઉભો. દલપત કાગળ વાંચી કાઇક ગભરાયો. કાગળમાના અક્ષરો ધારી ધારીને જોવા લાગ્યો અને છેવટે સ્ટેશન તરફ જઇ એક ટ્રંક લઇ એક ગાડીમા બેઠો. ડીટેકટીવ પણ બીજી ગાડી લઇ તેની પાછળ ચાલ્યો. કેટલાક રસ્તા વટાવી પેલી ગાડી એક મકાન પાસે ઉભી રહી. દલપત ટ્રંક લઇ મકાનમાં ગયો અને બારણું બધ થયું. ડીટેકટીવે ગાડીમાંથી ઉતરી ઘરનો નબર જોઇ ગાડીવાળાને સ્ટેશનપર જવાને ફરમાવ્યુ.

"ઠીક છે. કાલનો આખો દિવસ મળશે પણ આ બે ત્રણ દિવસ નીકળી જશે તેમાં પેલા નિર્દોષિનું શુ થશે? પેલા ગાયન ઉપરથી મને તો એમજ લાગે છે કે તે બાલયોગીજ સરલા હોવી જોઇએ તેના ઉદ્દગારો તેની પૂર્વ સ્થિતિનુંજ ભાન કરાવે છે. પણ પેલા બે યોગીઓ કોણ હશે? કાઇ સમજાતુ નથી.' આમ વિચાર કરતો સ્ટેશન પર

પહોચ્યો ગાડીવાળાને પૈસા આપી વીશી તરફનો રસ્તો લીધો પણ વળી કાંઇક વિચાર આવતાં પાછો ફર્યો, અને તાર ઓફીસમાં ગયો ત્યાં જઇ વડોદરે પોલીસ ઓફીસર પર કાંઇક તાર કર્યો અને પાછો ફર્યો. વળી વિચારમાળા શરૂ થઇ.

"ઠીક છે, એજ ઠીક છે આપણને તેથી શું હાની છે? જો તે ખરેખર સરલાજ હશે, તો મહેનત સફલ થશે, અને જો કોઇ યોગીઓ હશે તોપણ નિર્દોષોને બચાવવાનું ફલ ઇશ્વર આપશેજ." આમ વિચાર કરતો તે વીશીમા પહોચ્યો

હજી પેલો માણસ હોશમા આવ્યો નહોતો. તેથી ડીટેકટીવ પોતાની સકલના કરવા લાગ્યો હરમુખરાય તો સ્તબ્ધજ બની ગયો હતો. ડીટેકટીવ શી રમત રમે છે તે તેની જાણમા નહોતુ કેટલીક વાર પછી ડીટેકટીવ બોલ્યો —

"હરમુખરાય! કાલેજ તમારે આ માણસને લઇ વડોદરે જવાનું છે. હુ પરમ દિવસે આવીશ તમે આ માણસને લઇ હુ લખી આપુ છુ તે કાગળ લઇ પોલીસ અમલદારને મળજો, અને તેના કબજામા આને સોપી પેલા ધર્મશાળામા મુકામ કરજો હુ ત્યા તમને મળીશ સાવચેત રહેજો"

આટલું કહી એક કાગળ લખી તેના હાથમાં મુકયો અને પોતે વિચારમા પડયો. બેત્રણ કલાકે પેલો માણસ શુદ્ધિમા આવ્યો તેણે ધીમે ધીમે બેઠા થઇ ચારે બાજુ નજર ફેરવી. અજાણ્યા સ્થલમા અને અજાણ્યા માણસોમા પોતાને પડેલો જોઇ પ્રથમ તેને સ્વપ્ન જેવું લાગ્યું.

તેથી તે પોતાની આંખો ચોળી વિચાર કરવા લાગ્યો. એટલામાં વિષ્ણુભાઈએ તેની સાથે વાત કરવા માંડી:—

"ગભરાઓ નહીં, ભાઇ ! આ સ્વપ્ન નથી પણ સત્ય છે."

"હુ કયા છુ ? મને અહીં કોણ અને કયારે લાવ્યું ?" એમ બોલતાં પોતાના ખીસામા હાથ નાખી કાંઇક જોવા લાગ્યો.

ડીટેકટીવ તેના તરફ જોઇ હસતાં હસતાં બોલ્યે :—

"કાઇજ નથી. ખીસામા શું જુઓ છો ? તમે હાલ મારા–પોલીસના કબજામાં છો. કહો હવે કઇ પૂછવું છે ?"

પોલીસનુ નામ સાંભળી તે માણુસ ડરી ગયો. કેટલીક વારે હિંમત લાવી બોલ્યો—

"મને શા માટે પકડયો છે ? હુ કાંઇ ગુન્હેગાર નથી."

"ગુન્હેગાર નથી, પણ ગુન્હાની બાબતો જાણે છે."

"તેથી શું ?"

"ગુન્હેગારોનો પત્તો મેળવવા તારી જરૂર છે"

"તમારૂં મારી પાસેથી કાઇ વળશે નહી."

"ઠીક છે, શિક્ષામાથી બચવું હોય તો સત્ય વાત કહી દે."

"શી ખાત્રી કે તમે બચવશો ?"

"ખત્રી તો પેલીસ અમલદાર આપશે. જો તું ગુપ ચુપ આ માણુસ સાથે જઇશ અને અમલદાર પસે સાચી બીના કહીશ તો હું તને બચાવીશ"

"કબુલ છે, પણ—"

"પણ બણુ કાંઇ નહી જો ફરેબ કરવા જઇશ. તો પછી મારો ઉપાય નથી."

"ભલે, તમારા ઉપર વિશ્વાસ રાખું ?"

"ઠીક. જો તુ ગુપચુપ બધી બાબત જણાવીશ તો તને વિના હરકતે વડોદરે લઇ જવામાં આવશે. નહિં તો હાથકડી કરવી પડશે"

"હું કહું છું. મને ફકત એટલીજ ખબર છે કે મને ચીઠી આપનારે કાંઇક ગુન્હો કર્યો છે અને તેનું નામ સરોજ છે. એ ચીઠ્ઠી હું દલપત નામના માણુસને સ્ટેશનપર આપવા જતો હતો."

"ઠીક છે. અત્યારનીજ ટ્રેનમા તું વડોદરે જા." હરમુખરાય તરફ ફરીને "તમે આને લઇ વડોદરે જાઓ."

તે માણુસને વડોદરે મોકલી દીધો. હવે વિધુભાઇ એકલો પડયો. સવાર થતાંજ તે અનંતરાયને ત્યાં ગયો. ત્યાં જઇ કાર્ડ મોકલાવતાંજ તેને અનંતરાય પાસે લઇ જવામા આવ્યો. અનંતરાયપાસે જઈ તે બોલ્યો:—

"સાહેબ ! હું ધારૂ છું મારી ઓળખાણુ આપવાની હવે કાઇ જરૂર રહી નહીં હોય. આપને ત્યાં જે પસગ બન્યો છે તેની કેટલીક બીના મને મળી છે, છતાં આપને મોઢેથી તે બધી સાંભળવા ઇચ્છું છું."

'મારીપાસેથી વિશેષ કાઇ જાણુવાજેવું મળશે નહિં." નિશ્વાસ નાખતાં અનંતરાયે કહ્યું.

"વિશેષ નહીં મળે પરન્તુ કોઇ નિર્દોષનો પ્રાણુ કદાચ બચે ખરો." ડીટેકટીવ બોલ્યો.

"હે ! શુ કોઇ પકડાયુ છે ?" અનંતરાય આશ્ચર્યચકિત થતો બોલ્યો

'હા અને તેમા એક સ્ત્રી પણ છે" ડીટેક્ટીવે તિક્ષ્ણ દ્રષ્ટિએ અનતરાયના સામે જોયુ

અનતરાય ઘણા જોશમા આવી ગયો અને બોલ્યો -"નહી, નહી, સ્ત્રીનો તે કામમા હાથ નહી સાભળો, હુ તમને બધી વાત કહું છું." અનંતરાયે જરા શાન્ત થતાં કહેવા માડયુ

"એક દિવસે બરાબર રાતના એક વાગે મારા મકાન પર કેટલાક બદમાશોએ દરેડો પાડયો હુ તથા મારી સ્ત્રી મારા સુવાના ઓરડામા હતા અને બીજા ઓરડામા મરા જમાઇ કીશોરીલાલ હતા. મારીપુત્રી પણ ત્યજ હતી——"

"કીશોરીલાલ તમારેજ ત્યા રહેતા હતા ?" ડીટેક્ટીવે વચ્ચે પૂછ્યુ

"હા. તેમને મે મારે ત્યાજ રાખ્યા હતા હરામખોરો પ્રથમ મારી પુત્રીના ઓરડામા ગયા.———"

વળી ડીટેક્ટીવ વચ્ચે પૂરયો. "તમને તેની કાંઇજ ખબર ન પડી ?"

"નાજી, રાતના શુ બન્યુ તે મે બીલકુલ જાણ્યુજ નહિ પણ સવારે ઉઠતાજ મે મારા ઘરના બારણા ઉઘડા દીઠા મને વહેમ પડયો અને હુ ચારેમજુ તપામ કરવા લાગ્યો તો મારી પુત્રી તથા જમાઇ ગુમ થયેલા જણાયા————"

વળી ડીટેક્ટીવ વચ્ચે બોલી ઉઠયો —' ઓરડામા બીજું કાઇ તપાસ્યુ હતુ ?"

"બધું એમનું એમજ છે આજ ચાર પાંચ દિવસ એ બીનાને થઇ ગયા છતાં હજી બધું એમ ને એમજ રહેવા દીધું છે.——–"

"ડીટેક્ટીવ આટલું સાભળતા ઉભો થયો અને બોલ્યો —' ચાલો, મને તે ઓરડો દેખાડો "

અનંતરાય મુગે મોઢે ચાલ્યો, ડીટેક્ટીવ પણ પછાડી પાછળ ગયો. ઓરડો જોતાજ ડીટેક્ટીવે અનંતરાયને બહાર ઉભા રહેવાનું જણાવ્યું અને પોતે અંદર જઇ બારીકાઇથી તપાસ કરી નોંધ કરવા માંડી. ઓરડાની સર્વ વસ્તુ જેમની તેમ વ્યવસ્થિત પડેલી હતી ગભરાટની તેમજ અણુચિતવ્યા હુમલાની કાંઇ પણ નિશાની જણાતી નહોતી ઘણીજ બારિકાઇથી તપાસ કરી પણ કંઇ જણાયું નહિ [ધુભાઇ નિરાશ થયો છેવટે અનંતરાયને બોલાવી આગળ શું બીના બની હતી. તે જણાવવા કહ્યું અનંતરાયે આગળ ચલાવ્યું.-

" મેં ઘણી તપાસ કરી પણ તેમનો પત્તો ન લાગ્યો. હું તથા મારી સ્ત્રી ઘણાંજ ચિંતાતુર થયા. બીજે દિવસે રાતના પાછા અમે ભયાતુર થતા નિદ્રાવશ થયા લગભગ બાર વાગ્યા સુધી મને નિદ્રા ન આવી. મારી સ્ત્રી તો તે પહેલાજ ઉંઘી ગઇ હતી લગભગ સાડાબાર વાગે મારી આંખ મીચાઇ. પણ અરેરે ? મારી તે ઉંઘે મારપર બધુ આફત નાંખી. લગભગ ચાર વાગે મારી આખ ઉઘડી ગઇ ઓહ !" બોલતા બોલતા તેણે પોતાની આંખે એ હાથ દીધા. થોડી વારે શાન્ત થતો બોલ્યો —

" મારા ઓરડાના બારણા ઉઘાડા પડયા હતા; મારી પલંગની નીચેજ મારા જમાઇનુ ધડ પડયું હતુ. માથાનો પત્તો ન હતો, મરી

સ્ત્રી ગુમ થયેલી હતી; મને તે વખતે કાંઇ પણ ન સુઝયું. હું એક ગાંડાની માફક સ્તબ્ધજ બની ગયો. થોડી વારે મારા સગાં વહાલાંને બોલાવી શબને બહાર કાઢયુ તો શબની પાસેજ આ કાગળ પડયો હતો." આટલું બોલી તેણે ખીસામાથી એક કાગળ કાઢયો

ડીટેકટીવે તેના હાથમાથી કાગળ લીધો અને વાંચવા માંડયો.

"મૂર્ખશિરોમણી!"

તારા હાથના કર્યાંજ તારે હૈયે વાગ્યા છે, એમા કોઇનો દોષ નથી. તારા જમાઇનું શબ તારી સમક્ષજ છે. તારી પુત્રી તથા સ્ત્રીની આશા રાખીશ નહી અમારી તપાસ કરીશ નહિં. નહિ તો પરિણામ સારૂં નહી આવે.

લી० "ભેદુ"

ડીટેકટીવ થોડીઘણી વાતચીત પછી ત્યાંથી ઉઠયો; અને અનંતરાયની રજા લઇ ચાલી નીકળ્યો. અનતરાય સાથેની વાતચીતપરથી કાંઇ પણ નિશ્ચયપર આવતા પહેના તે ચંદ્રવદનરાયને ત્યાં ગયો ત્યાં જઇ તેણે ચંદ્રવદનરાયને કહ્યુ:—

'મારૂં નામ વિધુભાઇ છે હુ ડીટેકટીવ છું. મારે ઇન્દુકુમારને મળવુ છે" ઇન્દુકુમારનુ નામ સાંભળી ચંદ્રવદનરાયની આંખમા ઝળઝળીયા ભરાઇ આવ્યાં તેણે ગદ્દગદ્દ કંઠે જણાવ્યું —

"માફકરજો સાહેબ! હું ઘણોજ દુખી માણસ છુ. મારો ઇન્દુ મને છોડીને ચાલ્યો ગયો છે."

'શામાટે?" ડીટેકટીવે શાન્ત હૃદયે પુછયું

" મારી કર્મકથા ઘણીજ લાંબી છે. તેના લગનના વાધામા ત ચાલ્યો ગયો છે. ઇશ્વર જાણે તે ક્યાં હશે ?"

મ્હાયતો ચંદ્રાદનરાયનું દુઃખ ડિટેક્ટીવથી સહન ન થયું હોય કે બીજુ કાંઇ કારણ હોય પણ તે તરતજ ચંદ્રવદનરાયની રજા લઇ ત્યાથી ઉઠયો અને પોતાના મુકામપર આવ્યો.

# પંચવિંશ: પરિચ્છેદ.

## એજ ચપલા !

Nothing resembles an honest man more than a rogue.

હરમુખરાયને અમદવાદ મોકલી દીધેલો હોવાથી હવે ડીટેક્ટીવ એકલોજ પડયો. પોતાની તપાસ ઉપરથી શુ અનુમાન પર આવવું તેનો તે વિચાર કરવા લાગ્યો.

" ખુન કરનાર તો સરોજજ છે. અનંતરાયના જણાવ્યા મુજબ કીશોરીલાલનુ ખુન થયું છે ચપળા વડોદરે છે. પણ યશોદા કયા હશે ? અનંતરાયના મકાનની તપાસ કરતા આ કામ ચપળા અથવા યશોદાની સંમતિ વિના થયું હોય. તેમ લાગતું

નથી. બિચારો અનંતરાય આ બાબતથી કેવળ અજ્ઞાન છે ” જરા અટકી વળી બબડવા લાગ્યો " અનંતરાયને મળેલી ચીઠ્ઠી પણ એજ સૂચવે છે સુધારો—ખોટો સુધારો કરવા જતાં તેની આ દશા થઈ હોવી જોઇએ સ્ત્રીઓને જોઇતી કેળવણી ન આપતા, ઉપરઉપરથી કરવા માંડેલો સુધારો અને નિરકુંશ સ્વતંત્રતાના પરિણામે સ્ત્રીઓ ઉદ્ધતજ બને એ સ્વાભાવિક છે. અરે! પણ આ વિચારોનું હાલ શું પ્રયોજન છે? ”

વિચાર કરતા કરતા અટક્યો વળી પાછો બબડવા લાગ્યો —" ઘરની સર્વ વસ્તુ વ્યવસ્થિત રહે, ચપળા અને કિશોરીલાલ બન્ને ગુમ થાય, છતા કોઇ જાગે નહિં, વળી બીજે દિને અનંતરાયના પોતાના ઓરડામાથી યશોદા ગુમ થાય અને પલંગ નીચે શબ મુકાય તે છતા જરા પણ અવાજ ન થાય? અને અનંતરાય ન જાગે? બસ. એજ હવે બધુ સમજાઇ ગયુ હવે જોઉં છુ કે સરોજ શી રમત રમે છે ”

વિધુભાઇ આટલો વિચાર કરી આમતેમ આટા મારવા લાગ્યો. લગભગ અડધોએક કલાક ગયો વળી પાછો તે બબડવા લાગ્યો —

" બરોબર છે મારૂં ધારવુ ખોટું તો નથીજ ચપલા મારફત અનંતરાયને સુધારાનો રસ્તો બતાવનાર પણ એજ, અને આ કારસ્તાન કરનાર પણ એજ. પણ વળી એક શકા થાય છે કીશોરીલાલ સાથે ચપળાનુ લગ્ન યશોદાની અને એની સંમતિથીજ થયુ હતું તો પછી આમ કરવની શી જરૂર? ” વળી પાછો તે વિચારતરંગે અથડાવા લાગ્યો, પણ કાંઇ નિશ્ચય ન થયો થોડીવાર પછી જાણે કાંઇ યાદ આવ્યું હોય તેમ પાછો બબડવા મંડી પડ્યો.

"હાં. હાં હવે સમજાયું, સરલાને માટેજ તેણે ઇન્દુકુમારનું લગ્ન ચપલા સાથે કરવા યશોદાને ફરજ પાડી હશે . કારણ જ્યારથી સરલા ચાલી ગઇ છે ત્યારથીજ સરોજની સ્થિતિ જુદા પ્રકારની થયેલી જણાવામાં આવેછે લોકો કહેછે—અરે ખુદ મારાજ જાણવા પ્રમાણે સરોજ અનતરાયનો જમણો હાથ હતે પણ આવા આફતના પ્રસંગે તે અનતરાયને કોઇપણ પ્રકારની મદદ કરતો નથી, એ તો ઠીક પરન્તુ મારી તપાસમાં તો તેજ ગુન્હેગાર ઠરેછે આજુબાજુના બધા પ્રસંગો નો વિચાર કરતાં, સરોજ, ચપલા અને યશોદા ત્રણે આ કાવતરામાં ભળેલા છે."

આટલો વિચાર કરી વળી તે પાછો અનતરાયને ત્યાં ગયો અને વધુ ખુલાસો મેળવવા તેની સાથે વાત કરવા લાગ્યો.

"આપના કુટુંબ સાથે વિશેષ પરિચય કોનો છે ?"

'કોઇનો નહિં."

"તમારી પુત્રીના લગ્ન ઇન્દુકુમાર સાથે થવાના હતા ?" ડીટેકટીવે તેનું હૃદય તપાસતો હોય તેમ તિક્ષ્ણ નજરે જોતા પૂછ્યુ. તેના પ્રશ્નનો ઉત્તર આપતા જરા અચકાતા અચકાતા અનંતરાય બોલ્યો -

'હા પણ ઇન્દુકુમાર એકદમ ચાલ્યો ગયો હતો"

"તમે તેજ દિવસે જાશોરીલાલને તમારો જમાઇ બનાવ્યો ?"

"આવા પ્રશ્નોનો આ કેસ સાથે શો સંબધ છે ?" અનતરાયે કઇક ગુચવાતા જવાબ આપવાને બદલે પ્રશ્ન કર્યો.

'ઘણો સંબધ છે સંઘી ધાડ તમારાપર આવે છે માટે તટનો

સાચો ખુલાસો આપો, તોજ ખરા ગુન્હેગર પકડાશે " ડીટેકટીવે પોતાના ધંધા અનુસાર જરા દાબ મુકતાં જણાવ્યું.

" કહો, કહો. તમે જે પૂછશો તે જણાવીશ. "

" તમારી સાથે સરોજ નામના કોઇ માણસને સંબંધ હતો ? " ડીટેકટીવે અજાણ્યા થઈ પૂછ્યુ

" હા હતે. "

" ત્યારે હાલ પહેલાંના જેવો સબંધ નથી ? શુ કાંઇ તકરાર થઇ છે ? "

" ના ના. તકરાર તો કાંઇ નથી થઇ પણ ચપલાના લગ્ન પછી તે અમારે ત્યા આવ્યોજ નથી '

" તેને તમારા કુટુંબ સાથે તો સારો સંબંધ હતો ત્યારે તે કેમ આવતો નહોતો ? '

" તેની તો મને ખબર નથી પણ તેનો વિચાર ઇન્દુકુમાર સાથે ચપલાના લગ્ન કરાવવાનો હતો તેમા જયારથી તે નાસીપાસ થયો ત્યારથી તે અહીં આવ્યો નથી "

" વખતે અણઘટતો પ્રશ્ન લાગે તો માફ કરજો, પણ મારે કેટલાક ખુલાસાની જરૂર છે " એમ બોલતાં ડીટેકટીવે પ્રશ્ન કર્યો ' તમારી સ્ત્રી તેને કોઇ વખત મળેલા ? "

" તમારો આ પ્રશ્ન ઘણોજ અપમાન ભરેલો છે. તેનો જવાબ હું આપી શકતો નથી " અનતરાયે જરા ગુસ્સામા આવી જઇ કહ્યું.

" ઘણોજ દીલગીર છુ શેઠ ! પણ એ પ્રશ્ન કર્યા વિનાં ચાલે તેમજ નથી, કારણ આ ખુનમા કાંઇક ઉંડો ભેદ છે. શેઠ ! તમો જાણો છો કે સરોજનો ઇંદુના કુટુંબ સાથે સારો સબંધ ન હતો;

છતાં તમારી પુત્રી ઇંદુકુમાર સાથે અપાવવામાં તેની શી મતલબ હોવી જોઇએ ?" ડીટેકટીવે બોલતાં બોલતાં એક તિક્ષ્ણ દ્રષ્ટિ અનંતરાય તરફ ફેંકી અને અનંતરાયના જવાબની રાહ ન જોતાં તે આગળ બોલ્યોઃ—

"વળી બીજો પણ એક પ્રશ્ન છે. મારા ધારવા મુજબ તો તમે પણ એ લગ્નથી વિરૂધજ હતા.' ડીટેકટીવે આંખો મીચી ગપ મારી; પણ તેની અસર અનંતરાય પર જુદાજ પ્રકારની થઇ, તેને લાગ્યું કે ડીટેકટીવ કેટલીક બાબતો જાણતો હતો તેથી હવે તે બોલ્યોઃ—

"જ્યારે તમે આ બધી બાબતો જાણો છો તો હવે હું તમને ચોખ્ખુજ કહી દઉં છું. હુ આ લગ્નથી વિરૂધ હતો પરંતુ સરોજના દબાણથીજ મારી સ્ત્રી આ લગ્ન કરવા મારાપર દબાણ કરતી હતી જ્યારે ઇન્દુકુમાર ચાલ્યો ગયો ત્યારે મારે મારી પુત્રીના લગ્ન કીશોરીલાલ સાથે કરવા પડયા. સરોજ તે દિવસથી ઉદાસ થઇ ગયો અને અહીં આવતો બંધ થઇ ગયો"

"બસ બસ, હવે વધુ કાંઇ જરૂર નથી. બધુ ચોખ્ખું થઇ ગયું છે ઠીક, સાહેબજી !"

ડીટેકટીવ ત્યાંથી નીકળ્યો રસ્તામા તેને વિચાર આવવા લાગ્યા

"ઇન્દુકુમાર અને ચપળાનાં લગ્ન કરાવવામાંજ સરોજની કાંઇક મતલબ હોવી જોઇએ. ચંદ્રવદનરાયને પૂછવાથી વખતે કાઇક ખુલાસો થાય ખરો." એમ વિચારી વળી ચંદ્રવદનરાયના મકાન તરફ ફર્યો. આ વખતે ચંદ્રવદનરાય તથા ધનલક્ષ્મી દિવાનખાનામાંજ બેઠાં હતા.

ડોક્ટરને જોતાંજ ચન્દ્રવદનનાથે તેનો સત્કાર કર્યો અને ડોક્ટરીએ વાત કાઢી.

"સરોજ નામના કોઇ મનુષ્યને અને આપને કાંઇ અણબનાવ છે ખરો ?"

સરોજનું નામ સાંભળતાજ ધનલક્ષ્મી બબડી ઉઠી:—

'એજ રડયાનું બધુ કારસ્તાન છે. મારા રત્ન જેવા છોકરાને નસાડી મુકનારજ એ છે"

"તમે શા ઉપરથી એનાપર વ્હેમ લઇ જાઓછો ?'

"અરે એ પોતેજ કહેતો હતો ને ! મારો ઇન્દુ ગયો તે દિવસેજ રાત્રે તે આવ્યો હતો અને કેટલાય મ્હેણા મારી ગયો હતો" અનતરાય તો ચુપજ બેસી રહ્યો હતો પણ ધનલક્ષ્મીએજ બધા જવાબ વાળી નાખ્યા.

"પણ એમ કરવાનુ એને કાંઇ કારણ ?" ડોક્ટરીએ પૂછ્યુ.

'હા હા, છે. અને તે પણ તેજ કહી ગયો હતો કીશોરી નામની એક બાળા સાથે તેનો લગ્ન કરવાનો વિચાર હતો પણ તેનું લગ્ન અમારા એક સગા સાથે થયુ હતુ તેના સમજવામા એમ હતુ કે તે લગ્ન અમેજ કરાવ્યું અને તેથી તેને અમારાપર ઇર્ષા ઉત્પન્ન થઇ. વળી અમારા પડોશી મનુભાઇની પુત્રી સરલાને મારો ઇન્દુ ચ્હાતો હતો પણ અનતરાયની માગણીથી એમણે એ માગુ કબુલ કર્યું અને ઇન્દુનું ચ્હ્યું ન બન્યુ, અને છેવટે આ પરિણામ આવ્યું એટલે આ બધાનુ કારણ તો એજ છે પણ શું કરીએ ભાઇ ! છોકરો ગયો એટલે અમારા તો હાથ ભાગી પડયા છે" ધનલક્ષ્મીની આંખમા ઝળઝળીયાં ભરાઇ આવ્યા.

" ત્યારે શું તમે ઇન્દુકુમારની ઉદ્ધતાઇ માટે તેને માફ કરો છો ? "

" માફી તો અમારે માગવાની છે " ચંદ્રાદનરાય બોલી ઉઠયો " તેનો બિચારાનો એમા કાઇ વાક નથી, વાક તો મારોજ છે. તેણે તો મને ઘણુય સમજાવ્યું હતું પણ મેં મતિમંદે તેનું કાંઇ ન સાભળ્યું મારા સર્વસ્વના ભોગે પણ જો મારો ઇન્દુ એકવાર પાછો આવે તો આહા ! મારા જેવો સુખી કોણ ? "

" તમે મારા ઇન્દુને જોયે છે ? " પુત્રઘેલી ધનલક્ષ્મી બોલી.

" જોયો હતો હાલ કયા છે તે હુ નથી જાણતો " ડીટેકટીવે જવાબ આપ્યો

" અરેરે ! મારા રંકનું ધન કયા હશે ? ભાઇ ! તમ રે તે ઇન્દુને કયાથી ઓળખાણુ ? " ચંદ્રવદનરાયે પૂછયુ

" મને તે સુરતમા મળ્યા હતા " ડીટેકટીવે વાત ઉડાવતાં જવાબ આપ્યો " પણ હવે ત્યાથી કયા ગયા હશે, તે હું કહી શકતો નથી "

" ભલે ભાઇ ! મારા ભાગ્યમા હશે તે ખરૂ. પણ જો તમને વખતે મળે તો કહેજો કે તારા પિતા તારા વિના ઝુરે છે. તેણે અન્તઃકરણથી તને માફી આપી છે જો તારા દુઃખી બાપની દયા આવે તો એક વખત જરૂર મળજે." બોલતા બોલતા ચંદ્રવદનરાયની આખમા પાણી આવી ગયુ

ડીટેકટીવ ત્યા વિશેષ ન થોભતા હવે ઉઠયો અને પોતાના મુકામપર આવ્યો

રાતના નવ વાગી ગયા હતા. અમદાવાદ જેવા મોટા શહેરમાં પણ નવ વાગે બજારો બંધ થાય છે તેમ ધીમે ધીમે દુકાનો બંધ થવા લાગી

હતી. રસ્તા ઉપર મનુષ્યોનો અવરજવર ઓછો થઇ ગયો હતો. માત્ર કોઇ કોઇ માણસજ જણાતું હતું, તેવે વખતે એક માણસ આજુબાજુ નજર નાખતો જતો હતો અને તેની પાછળ પાછળ થોડે દૂર એક બીજો માણસ પણ છુપાતો છુપતો ચાલતો હતો.

પ્રિયપાઠક ! આગળ જનાર દલપત હતો જયારે તેની પાછળ આપણો ડીટેકટીવ વિધુભાઇ હતો. દલપત સરોજના મકાનમાં દાખલ થયો પરન્તુ વિધુભાઇને અંદર જવાનો લાગ ન મળ્યો. વિધુભાઇ મકાનની ચારે બાજુ છુપાતો ફરવા લાગ્યો પણ અંદર દાખલ થવાનો એકપણ માર્ગ મળ્યો નહિ, છેવટે તે બારણાથી જરા દૂર અંધારામાં ઉભો રહ્યો અને શું કરવું તે વિચારવા લાગ્યો.

લગભગ અડધાએક કલાક પછી દલપત બહાર નીકળ્યો, સાથે સરોજ પણ હતો છુટા પડતી વખતની વાતચીત પણ એટલી ધીમી હતી કે વિધુભાઇ કાંઇપણ સાંભળી ન શકયો. જે શબ્દો તેને કાને પડયા તે "ઠીક, હું અત્યારેજ જઉં છું." એટલાજ હતા. દલપતના મુખમાથી આ શબ્દો સાંભળી તે તેની પાછળ પાછળ ચાલ્યો. દલપત ગાડી લઇ સ્ટેશનપર આવ્યો તેની પાછળ વિધુભાઇ પણ આવ્યો. દલપતે સ્ટેશન-પર આવી ટીકીટ લીધી એ જોઇ વિધુભાઇ પાછો ફરી પોતાને મુકામે આવ્યો.

વધુ વખત ન ગાળતા વિધુભાઇ તરતજ મુસલમાની ડ્રેસ પહેરી સ્ટેશન પર આવી થ્રાંટરોડની ટીકીટ લઇ દલપતવાળાજ ડબામાં બેઠો. અત્રે જણાવવું જોઇએ કે સ્ટેશનપરથી વિધુભાઇએ તાર કરી પોલીસ અમલદારને બોલાવ્યો હતો. વડોદરાનું સ્ટેશન આવતાં સુધી તે મૌન રહ્યો.

દલપત વડોદરે ઉતર્યો એટલે વિધુભાઇ પણ ઉતર્યો અને પોલીસ અમલદારને કાંઇક કહી પોતે દલપતની પાછળ પાછળ ચાલ્યો. રાવપુરામાં એક ગલીમાં આવેલા એક સાધરણ મકાનનું બારણું તેણે ઠોકયું. ડીટેકટીવ તેનાથી થોડે દૂર ઉભો હતો. એટલામા એક સ્ત્રીએ હાથમા બતી લઇ બારણું ઉઘાડયું. બતીનો પ્રકાશ તે સ્ત્રીના મુખ પર પડતાંજ ડીટેકટીવ બોલી ઉઠયોઃ-

"એજ! એજ ચપલા!! જેને હું સરલહૃદયા ધારતો હતો, તેજ એ ચપલા!!!"

# ષડ્વિંશઃ પરિચ્છેદ.

## નિર્દોષ

નિર્દોષતા ગમે તેવાં આવરણ છતાં પોતાની સત્યતા પ્રતિત કર્યા વિના રહેતીજ નથી.

બીજે દિવસે સવારમાં પોલીસ અમલદારની મદદથી વિધુભાઇ બાબામહારાજતથા બંને યોગીઓની મુલાકાત લઇ શક્યો. વિધુભાઇ જ્યારે તે ત્રણુ યોગીયો પાસે પહોચ્યો તે વખતની તેમની દશા, સ્થિતિ અને વર્તન જોતાં ગમે તેવા નાસ્તિકને પણ તેમના તરફ માનની

લાગણી ઉત્પન્ન થયા સિવાય રહે નહિ એવી હતી. બિહારીદાસ તથા રામચરણદાસ પોતાના ધ્યાનમાં મસ્ત બેઠા હતા, બાબા મહારાજ પણ તેની વચ્ચે સમાધિસ્થ બેઠા હતા, ' તેજીને ટકોરા ' ની માફક સરલા જે થોડો સમય મહાત્મા શ્રી વિશ્વનાથજી પાસે રહી તેટના સમયમાં પણ તેણે ઠીક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતુ, અને હવે તે ઇન્દુને માયિક નહિં પણ નૈસર્ગિક પ્રેમથીજ ચ્હાતી હતી

વિધુભાઇ થોડો વખત ત્યા થોભ્યો એટલામા બિહારીદાસજીએ નેત્ર ઉઘાડી તેના સામે જોયુ વિધુભાઇએ પ્રણામ કર્યા અને વાતચીત શરૂ થઇ.

" માહારાજ ! આપકે પર યહ જો આફત ગુજર રહી હે ઉનકે લીયે આપ કુછ કહેને ચ્હાતે હો ? ' ડૉક્ટરીવે પૂછ્યુ'

" બચ્ચા ! યહતો ઇશ્વરી ઘટના હે ઉનમેં કીસીકા ભી ઉપાય નહીં ચલતા. બિધિકે લીખે હુવે અક્કા ઉલ્લંઘન કોન કર સકતા હૈ ? " બિહારીદાસ બોલ્યો

" યહ તો ઠીક હૈ પરન્તુ આપત્તિકો ટાલનેકા યત્ન તો કરના હિ ચાહીએ. ફલ મિલના ઇશ્વરાધિન હૈ "

ચાલતા વાર્તાલાપમા બાબામહારાજે પણ ભાગ લેવા માડયો વિધુભાઇ બાબામહારાજ તરફ તાકી તાકીને જોવા લાગ્યો, ડૉક્ટરીવના વાકયના જવાબમા બાબામહારાજ બોલ્યા,—

"આપ ભુલતે હૈ. સંપત્તિ હો યા વિપત્તિ, કિન્તુ મનુષ્યને ઉસકી વિરૂદ્ધ વર્તાવ ન કરના ચાહિએ. બિના પ્રભુકી મરજી કુછ નહિ હોતા; ફિર સહનશીલ હોના વહિ કર્તવ્ય હૈ "

વિધુભાઇને બાબામહારાજ માટે પ્રથમથીજ વ્હેમ હતો અને તેથી પોતાનો વ્હેમ ખરો છે કે ખોટો તેની બારીકાઇથી તપાસ કરવા જેમ સરલાને ઉદ્દેશીને કહેતો હોય તેમ બોલ્યો;—

"આપકેપર ખૂનકા આરોપ હૈ, આપકા નામ કલંકિત હોગા, ઔર સજા હોગી."

"હા હા હા હા !" બાબામહારાજ હસતા હસતાં બોલ્યા. "કોન કલંકિત હોગા, ઔર કીસકો સજા હોગી ? બાબા ! યહ સબ વ્યર્થ બાતે હૈ "

હવે શું જવાબ આપવો અને શું કહેવું તે વિધુભાઇને સમજાયું નહિં. થોડીવાર મૌન રહ્યા બાદ તેણે કહ્યુ —

"મહારાજ ! યદિ આપ તરફસેં કોઇ વકીલ બારીસ્ટર કુછ પ્રબંધ કરે, આપકો કુછ હરજા હૈ ?"

"કરો યા ન કરે નહિં કરનેસેં જૈસા કોઈ શોક નહિં હૈ, કરનેસે કોઇ હર્ષ નહિ હૈ." બાબા મહારાજે ટુંકોજ જવાબ વાળ્યો.

વિધુભાઇ કાંઇ બોલવા જતો હતો એટલામાં પોલીસ અમલદાર સાથે અહલ્યાબાઇ આ આવી પહોંચી. પોલીસ અમલદાર ઘણોજ ભલો હતો અને તે પણ બાબા મહારાજ તથા તેમના સાથીઓને નિર્દોષ માનતો હતો; તેથી બાબા મહારાજને કોઇ રીતે હેરાન થવા દેતો નહી. તેમજ જો કોઇ તેમને મળવા ઇચ્છતું તો તેમા પણ તે કાંઇ વાંધો લેતો નહીં, પરતુ પોતાની રૂબરૂ તેમને મેળવતો.

અહલ્યાબાઇએ આવી બાબા મહારાજને પ્રણામ કર્યા; અને બાજુ પર બેઠી થોડીવારે બાબા મહારાજ બોલ્યા:—

"ભગવતી ! તુ કાહેકો ઇતના શ્રમ ઉઠાતી હો ?"

"મહારાજ ! શ્રમ કયા હૈ ?" બોલતા બોલતાં અહલ્યાની આંખમાં આસુ આવી ગયાં. "આપકી યહ દશા દેખ મુઝે—" તેનાથી વધુ

બોની ન શકાયું. તેનો કંઠ ગદ્‌ગદ્‌ થઇ ગયો તેને અટકાવતાં બાબા મહારાજ બોલ્યા —

"દેવી ! શોચ મત કરો. હમ પરદેશી પંછી હે હમારે લીયે તુમ દુખિત હોતી હે ! યહ મહાશયકે દીખાનેકે માફીક કભી કોઇ હમકો કલંકિત બોલેંગે તો તેરેકોભી લાછન હોયગા હમ યોગીલોગ. હમારેસે તેરા કયા સબંધ હે ?—"

'મહારાજ ! કૃપાકર ઐસા ન બોલીએગા. લોગ ચાહે વો કહે, દુનિયા ચાહે ઐસા માને, મુઝે દુનિયાસે કુછ વાસ્તા નહિં હૈ. મેં તો—" અહલ્યાબાઇને અટકાવતાં બાબામહારાજ બોલ્યા—

"દેવી ! ઐસા મત બોલ. તુ સંસારી હૈ યહ શબ્દોં વિરક્તકે લીયે હૈ. યદિ—"

"ક્ષમા કરો, મહારાજ ! ચાહે સંસારી સમઝો યા વિરક્ત. મેં કુછ સુનને નહિં ચ્હાતી આપકે લીયે મે કયા કર સકતી હું ? ઇસ ભલે અમલદારને મેરેપર જો કૃપા કી હૈ, મે કહ નહિં સકતી ઇશ્વર કરેગા તો આપ સત્વરહી મુકત હો જાઓગે. મેરા દિલ યહી ગવાહી દે રહા હૈ"

"વે સબ બાતેં ઇશ્વરાધિન હૈ. જૈસી ઉનકી આગ્યા હોગી વૈસાહી હોગા"

"ઉનકી ઇચ્છાહી ઐસી હૈ"

વિધુભાઇ અત્યારસુધી સાંભળ્યા કરતો હતો તે હવે અહલ્યાબાઇને ઉદ્દેશીને બોલ્યો.—

"માફ કરજો બઇ ! મારે આપની સાથે મહાત્માના સંબંધમાં વાત કરી છે. આપને કાઇ હરકત તો નથી ને ?"

અહલ્યાબાઇ આમ અજાણ્યા માણુસના પુછવાથી કાંઇક વિચારમાં પડી. થોડીવાર પછી તેણે કહ્યું:—

"મહારાજના હિતની હશે તો કોઇ પ્રકારને વાંધો નથી."

"હિતનીજ છે અહિતનું કાંઇજ નથી."

આ સાંભળી અહલ્યાબાઇ મહારાજને પ્રણામ કરી ત્યાંથી ઉઠી ડીટેકટીવ પણ તેની પાછળ પાછળ ગયો. જતાં જતાં પોલીસ અમલદાર સાથે કાંઇક વાત કરી. અહલ્યાબાઇ તથા ડીટેકટીવ ગાડીમાં બેઠા. ગાડી ચાલવા માંડી એટલામાં સામેથી ચાર પાંચ પોલીસ બે માણુસોને હાથકડી કરી લઇ આવતા ડીટેકટીવની નજરે પડયા. ડીટેકટીવે ગાડી બહાર ડોકું કાઢી તેમના તરફ જોયું અહલ્યાબાઇની દ્રષ્ટિ પણુ તેમના તરફ પડી. કેદીને જોતાંજ અહલ્યાબાઇનુ મુખ કરમાઇ ગયું. તેનું હૈયું જોરથી ધડકવા લાગ્યુ તેનો શ્વાસ ઘણી ઝડપથી ચાલવા લાગ્યો. ડીટેકટીવે આ સર્વ એક ક્ષણુમા જોઇ લીધું અહલ્યાબાઇ ગભરાયેલા જેવી ગાડીમા એક બાજુપર પડી, પણ પોતાની સાથે અપરિચિત માણુસ છે એમ યાદ આવતાંજ જરા ટટાર થઇ, અને જાણે કાંઇ બન્યુજ ન હોય તેમ વાત કરવા લાગી.

"સરકારી અદાલતો તો જાણે એક ભીષણ નર્કસ્થાન હોય એમજ લગે છે."

"હા અને એમ હોવા છતાં નર્કના કીડાઓ ત્યાંજ આશ્રય લે છે."

"શુ તેમાં બધાય આવનાર સરખાજ હશે?"

"ના. ના. બધાય તેવા નહીં, પણ તેમના સંબંધમાં આવેલા તો ખરાજ."

"ત્યારેશુ તમે એમ કહેવા માગોછો કે આ મહાત્મા પણ તેમના સબંધમા આવ્યા હશે ?" અહલ્યાબાઇએ ડીટેકટીવને પૂછ્યુ.

"જાણીબુજીનેજ સંબધમાં અવાયછે એમ કાંઇ નથી; પણ દુષ્ટ મનુષ્યો જેને ધારેછે તેને જાણ્યે કે અજાણ્યે સંબધમાં લઇ શકેછે." ડીટેકટીવ બોલ્યો.

"મહાત્મા વિષે તમે શું પુછવા માગો છો ?"

"હુ ડીટેકટીવનો ધધો કરૂં છું. મહાત્માની ઓળખ જોઇએ છીએ હું તેમના બચાવ માટે તજવીજ કરૂ છું"

'તે સત્ય છે પણ હું તેમને ઓળખતી નહોતી. માત્ર બે ત્રણ દિવસ પહેલા તેમની સાથે મને પરિચય થયો છે. તેમના જ્ઞાન ઉપરજ હું મુગ્ધ બની છું. ઇશ્વર તેમને નિર્દોષ ઠરાવે."

ડાટેકટીવ આ સાંભળી ચુપ બેશી રહ્યો. થોડીવારમાં તેઓ અહલ્યાબાઇને બગલે આવી પહોચ્યાં, ઘરમાં આવ્યા પછી ડીટેકટીવ બોલ્યો:—

"બાઇ ! એક બીજુ પુછવા ઇચ્છું છું અત્યારે આપણે આવતાં હતાં ત્યારે જે બે કેદી આપણુને મળ્યા તેમને તમે ઓળખો છો ?" ડાટેકટીવે અહલ્યાબાઇની તે વખતની સ્થિતિનો વિચાર કરી પૂછયું.

આ પ્રશ્ન સાંભળી અહલ્યાબાઇનુ હૈયુ પાછું ભરાઇ આવ્યું. તેણે પોતાની સ્થિતિ છુપાવતાં વાત ઉડાવવાનો પ્રયત્ન કર્યો

"ના હુ કોઇને ઓળખતી નથી"

"તમે ભૂલો છો. બાઇ ! શું તમે મહાત્માને ફસાવવા માગો છો ?" ડીટેકટીવે તેનુ હૃદય તપાસતાં કહ્યું.

"મહાત્મા કેવી રીતે ફસે ? તે માણસોને અને મહાત્માને શો સંબંધ છે ?" અહલ્યાબાઇએ આશ્ચર્યથી પૂછ્યું.

"ઘણોજ સંબંધ છે."

"ખોટી વાત ! હોયજ નહિં. એવા દુષ્ટ સાથે મહાત્માનો સંબંધ હોવો કેવળ અસંભવિત છે." અહલ્યાબાઇ ધુનમાને ધુનમા બબડી ગઇ.

"બાઇ ! તમે ખોટું બોલોછો. તમે તેમને સારી રીતે ઓળખો છો. તમારા હમણાંના શબ્દોજ તેનો પુરાવો આપે છે ?"

"અહલ્યાબાઇ ગભરાતાં બોલી–શો પુરાવો ? કેવી રીતે ?"

"હમણાંજ તમે કહ્યું "કે એવા દુષ્ટ સાથે મહાત્માનો સબંધ હોવો કેવળ અસંભવિત છે." આ શબ્દ શું સુચવે છે ?"

ડીટેકટીવના આ જવાબથી અહલ્યાબાઇ ગભરાઇ ગઇ, તેની આંખ-આંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. પોતાની ભુલ પોતાને જણાઇ. હવે જુઠું બોલવું યા છુપાવવા યત્ન કરવો તેને વ્યર્થ સમજાયો. ડીટે-કટીવના તરફ તેણે દયામણે ચ્હેરે જોયું. તેના અંતરનો ભાવ વિધુભાઇ સારી રીતે સમજી ગયો. છેવટે હિમ્મત લાવી રડતી રડતી ડીટેકટીવ આગળ ધુટણીએ પડી બોલી –

"ભાઇ ! ઇશ્વરને ખાતર મને માફ કરો, મહારાજને, એ દુષ્ટને અને ખુનને શો સંબધ છે તે હું જાણુતી નથી. પણ મારી દુઃખદ કહાણી, મને કહેવાની ફરજ પાડશો નહિં. હું દુઃખી છું, હતભાગી છું. એ દુષ્ટે મારી જીંદગી ધુળધાણી કરી નાખી છે હું તે બંન્નેને ઓળખુ છુ."

અહલ્યાબાઇની આંખમાંથી આસુ વહેવા માંડયા. તેનું હૃદય ઉછળવા લાગ્યું. તેના આજીજી ભર્યા શબ્દોની વિધુભાઇ ઉપર ઘણીજ અસર થઈ. આ ખૂન સરોજેજ કર્યું હોવું જોઇએ. તેની હવે તેને પૂરેપૂરી ખાત્રી થઇ તે અહલ્યાબાઇને ઉઠાડતાં બોલ્યોઃ—

"બ્હેન ! શાન્ત થાઓ, તે દુષ્ટ સરોજને જો હું ઘટતી સજાએ ન પહોચાડું તો મારૂં નામ વિધુભાઇ નહિં"

પ્રિય પાઠક ! અત્રે જણાવવું જોઇએ કે પેલા બને કેદીઓ સરોજ અને તેનો સાથી લલ્લુ હતો.

સરોજનું નામ સાભળી અહલ્યાબાઇ બોલી ઉઠી.—

"વિધુભાઇ ! તમે ભૂલો છો. તેનુ નામ સરોજ નથી. પણ કેશવચંદ્ર છે."

"બરોબર છે પોતાને કોઇ ન ઓળખે માટેજ તેણે નામ ફેરવ્યું હશે પણ આમાતો તેનું નામ સરોજ છે હશે, એનો જોઇ લેવાશે. પણ તેણે તમને કેવી રીતે કષ્ટ આપ્યું હતુ તેનો કહો ' ડોટકટીવ બોલ્યો.

"ભાઇ ! તમારા શબ્દોથી હું તમારા પર વિશ્વાસ મુકુ છું. મારૂ લાંછન ઢાકવું તમારા હાથમાં છે. હું અમદાવાદની રહીશ છુ. મારૂં લગ્ન એક ગૃહસ્થ સાથે થયું હતું. જે માણુસને નમે સરોજ તરીકે ઓળખોછો તે મારે ત્યા મારા પતિના સ્નેહી તરીકે ઘણી વખત આવતો મારા પતિ પણ એના ઉપર ઘણોજ ભરોસો રાખતા. એક દિવસ મારા પતિ કાંઇક કામસર મુબઇ ગયા બીજે દિવસે કેશવચદ્ર મારે ત્યા આવ્યો અને મીઠી મીઠી વાતોથી મને ભોળવવા લાગ્યો. તે દિવસે તેની તન્દુરસ્તી ઠીક ન હોવાથી તે રાત્રિએ પણ ત્યાંજ રહ્યો. તેણે મને ઘણી ઘણી વાતો કહી અને છેવટે હુ મુર્ખ તેની મરજીને

તાએ થઇ. તે મને તેજ દિવસે મારા ધણીનો બધો પૈસો લઇ અહીં વડોદરે તેડી લાવ્યો અને પોતાની પાસેના પણ કેટલાક રૂપિઆ તેણે આપ્યા મારી સાથે તે પંદરેક દિવસ રહ્યો હું પ્રથમ તેની મોટી મોટી વાતોથી ભેળવાઇ, પણ જ્યારે તે મને એકલીને અહીં મુકી જવા તૈયાર થયો ત્યારેજ મારી આખ ઉઘડી.

મેં કેવુ મુર્ખ અને મારા જીવનને પાયમાલ કરનારૂં પગલું ભર્યું હતુ તે હું તે વખતેજ સમજી. "બોલતાં બોલતા અહલ્યાબાઇની આખમા આસુ આવી ગયાં." મે તેને ઘણો સમજાવ્યો પણ તે છેવટે ચાલ્યો ગયો થોડાક દિવસ પછી તે ફરી આવ્યો પણ મને તેના પર ઘણોજ તિરસ્કાર છુટયો હતો. મેં તેની સાથે બીલકુલ વાત ન કરી. છેવટે તે ચાલ્યો ગયો મારા ધણીપાસેનો બધો પૈસો એટલે લગભગ પદર સત્તર હજાર રૂપીઆ મારી પાસે હતા તેથી હવે મે મારૂં ઠેકાણું કેશવચંદ્ર ન જાણે તેમ અહીં ફેરવી નાખ્યું હું છાનીમાની નાસી આવેલી હોવાથી પાછી જવાને પણ હિમ્મત ન કરી શકી. છેવટે આ સ્થાનમાં રહેવા આવી અને ઇશ્વરપ્રાર્થના કરી સમય વ્યતિત કરવા લાગી. મારૂં મન ઘણુજ વ્યગ્ર થઇ ગયુ હતુ, જેથી સાધુસતની સેવા કર્યા કરતી હતી તેમા આ મહાત્મા મારે ત્યાં આવી ચઢયા. તેમના જ્ઞાન અને મધુર વાણીથી મને ઘણી શાન્તિ મળી. પણ તે પણ ઇશ્વરને ન ગમ્યું. હશે! જેવી ઇશ્વરની મરજી!"

ડીટેકટીવ મૌન રહી આ બધું સાંભળતો હતો. હવે તે બોલ્યો — "બાઇ! હું ધારૂ છું કે તમારૂં નામ કીશોરી હોવું જોઇએ!"

કીશોરી શબ્દ સાંભળતાંજ અહલ્યાબાઇ ચમકી, તેની આંખમાથી

એકદમ ધોધ વહેવા લાગ્યા જેમ તેમ શાન્ત થતાં તે ગદ્દગદ્દ કંઠે બોલીઃ—

"હા ! મારૂંજ નામ કીશોરી. હુંજ તે અભાગણી કીશોરી છું"

ક્ષણવાર ત્યા શાન્તિ છવાઇ રહી. ડીટેકટીવ તેની રજા લઇ બીજે દિવસે કોર્ટમા આવવાનું કહી ચાલ્યો રસ્તામાં તેને ઉપરા ઉપરી વિચાર આવવા લાગ્યા. ક્ષણમાં સરલાના તો ક્ષણમાં બાબામહારાજના, ક્ષણમા અહલ્યાબાઇના તો ક્ષણમાં સરોજના, એમ વિચારતરંગે તેનુ હૃદય અથડાવા લાગ્યું, તેણે હવે ચપળાવાળા મકાનનો રસ્તો લીધો. વિચારમાને વિચારમાં તેનાથી સહજજ બોલાઇ ગયુ કે "ખરેખર ! બાબામહારાજ નિર્દોષજ છે."

---

# સપ્તવિંશઃપરિચ્છેદ.

## તપાસ.

Cruel men are the greatest lovers of mercy, avaricious, of generosity; proud, of humility—in others.

**Colton.**

વિધુભાઇ ચપલાવાલા મકાન તરફ ચાલ્યો પણ રસ્તામાં કાંઇક વિચાર આવતા તે સીધો સ્ટેશનપર જઇ હરમુખરાયને મળ્યો. હરમુખરાય

હજી આમ તેમ આંટા માર્યા કરતો હતો. "સરલા કે ઇન્દુકુમારની તપાસ કરવાને બદલે વિધુભાઇ નાહક વખત શા માટે ગુમાવતો હશે?" એજ પ્રશ્ન તેના મનમાં વારંવાર ઉઠતો હતો તેમાં વળી તરલા સંબંધી પણ તેને ઉપરા ઉપરી વિચારો આવતા હતા. પોતાનો પ્રેમ તરલા તરફથી પરિવર્તન થશે કે કેમ તેનો પ્રશ્નજ નહોતો. કારણ હજી તે વત્સલ્ય પ્રેમથીજ તેને ચ્હાતો હતો, છતા તેમાં કાંઇક વિકાર થયો હતો. તેના મનમાં એક વખત ફરી તરલાનું મુખદર્શન કરવાની પ્રબળ ઇચ્છા થઈ. પણ સરલાની કે ઇન્દુકુમારની કાંઇપણ ભાળ મેળવ્યા વિના પાછુ ન જ જવું એમ તેણે નિશ્ચય કર્યો હતો. તેને એમ પણ થયુ કે હવે વિધુભાઇને વિશેષ ખોટી ન થતાં આગળ કાંઇક તપાસ કરવા માડવા કહેવુ. હજી તે આવાજ વિચારો કરતો હતો એટલામા વિધુભાઇ ત્યા આવી પહોચ્યો

વિધુભાઇ કંઇ બોલે તે પહેલાં તો તે બોલી ઉઠયોઃ—

"વિધુભાઇ! આ રીતે કેટલાક દિવસ હજી નકામા ગાળવા છે?"

"થોડાજ, ઘણાજ થોડા ઘણુ થાય તો બે કે ચાર"

"પણ ચાર દિવસની કાંઇ કિમ્મતજ નહિં હોય કેમ? તમારી તપાસ તો જબરી. એક કેસ મુકી બીજો અને બીજો મુકી ત્રીજો. આ તે શું?" હરમુખરાય ઘણોજ કંટાળીને બોલ્યો.

"શું કરીએ ભાઇ!—અમારો તો ધંધોજ એવો પડયો આ કેસનો ફેંસલો થઇ જાય અને ધારેલું પરિણામ ઉતરે તો તો મારી જીંદગીજ સફલ થઇ જાય." વિધુભાઇ હરમુખરાયને ખંજવવાના ઉદ્દેશથી જરા ટોળ કરતો બોલ્યો.

' તમારી જીંદગી સફલ થાય પણ મારી જીંદગીનું કેમ? સૌ સૌનીજ વાત કરે છે. જો એમ ન હોય તો જવા દો મને મારે રસ્તે." હરમુખરાય ઘણોજ દીલગીર થતા બોલ્યો

"હરમુખરાય!" ડીટેક્ટીવે તેને ઠંડો પાડતાં કહ્યું "જરા શાન્ત થાઓ તમે જાણો છો કે ઉતાવળે આંબા પાકતા નથી. આ કેસમાંજ સરલાનો પત્તો લાગે તેમ છે આજે તમારે એક કામ કરવાનું છે. મારી સાથે તમે હમણાંજ ચાલો અને હું જે મકાનમાં દાખલ થાઉં ત્યાં તમે પોલીસ અમલદાર સાથે છુપાઇને ઉભા રહો; અને ત્યા જે વાતચીત થાય તેની નોંધ રાખો પછી હું જેવો બહાર નીકળુ કે તમારે અંદરનાં બધા માણસોને પકડી લેવા પણ રાખજો કે તમારે તો આ બધી બાબત તે અમલદારને સમજાવવાનીજ છે. તેને ઠીક લાગશે તેમ તે કરશે. હવે ચાલો"

ડીટેક્ટીવે હરમુખરાયને સાથે લીધો અને પોલીસ અમલદારને પણ જતા જતા બોલાવી લીધો. ડીટેક્ટીવે આ વખતે પોતાનો વેશ બદલી નાખેલો હતો. જે માણસ પાસેથી તેણે દલપત વાળી ચીઠી લીધી હતી તેના જેવોજ તે બન્યો હતો. અમલદાર તથા હરમુખરાય એક બાજુએ છુપાઇ ગયા. વિધુભાઇએ ધીમેથી બારણું ઠોક્યું દલપતે આવીને બારણું ઉઘાડયું. વિધુભાઇ અંદર ગયો

ઘરના અંદરના એક મોટા ઓરડામા જશોદા, ચપળા, કીશોરીલાલ હઠિસિંગ તથા દલપત અને વિધુભાઇ એમ પાચ માણસ થયા. વિધુભાઇએ પ્રથમ શરૂઆત કરીઃ—

"અહિં કોઇ બહારનુ માણસ તો નથી ને?"

"ના. ના કહો શું કહેવું છે?" દલપત બોલ્યો.

"પ્રથમ અહીં બહારનું માણસ છે કે કેમ તે કહો" આટલું બોલતાં બોલતા જાણે કોઇ આવતુ હોય એવો ઢોંગ કરી બોલ્યો "બારણું તો બંધ છેને?" એમ કહી બારણા તરફ ગયો અને બારણું એક વખત ઉઘાડી પાછું બંધ કર્યું, પણ સાંકળ દીધાવિના પાછો ઓરડામાં આવ્યો, અને બારણાસામે પોતાની નજર રહે તેમ બેઠો ઓરડામાના બધાની નજર તેના સામે હતી. હવે તેણે ચારેબાજુએ શંકાશીલ હૃદયે જોતો હોય તેમ દૃષ્ટિ ફેરવી

તેનું હૃદય શંકાશીલ જોતાં કીશોરીલાલ બોલ્યો —

"તમારે શંકા કરવાનુ કાંઇ કારણ નથી. કહો શું કહેવુ છે?"

આ વખતે ઓરડાનું બારણું ઉઘાડી હરમુખરાય તથા પોલીસ અમલદાર ગુપચુપ ઓરડામા દાખલ થયા. પણ અંદરવાળાઓની નજર વિધુભાઇ સામે હોવાથી તેઓ કાંઇ જાણી શકયા નહિ. વિધુભાઇએ આગળ ચલાવ્યુ —

"સરોજ પકડાઇ ગયો છે, અને બધી બાબત જણાઇ ગઇ છે ખુનનો તથા ચપલાને નસાડી જવાનો આરોપ તેનાપર આવ્યો છે."

આ સાંભળી ચપલા તથા યશોદા ગભરાઇ ગયાં. હઠીસીંગ બોલ્યો.- "તમારા ઉપર અમારે શી રીતે વિશ્વાસ મૂકવો?"

"મૂકો યા ન મૂકો. હું અને સરોજ આજે સવારના અમદાવાદથી અહીં ઉતર્યા. સ્ટેશનપરથીજ સરોજને પકડયો અને હું ત્યાંથી નાશી તમારી પાસે આવ્યો છુ."

"શું બધુ જણાઇ ગયું?" ચપલાએ પૂછયુ.

"હા. બધુ હવે તમારી પણ તપાસ થશે." વિધુભાઇ બોલ્યો.

"પણ ખુનના આરોપમાંથી તો હું હાજર થાઉં એટલે છુટી જાય." કીશોરીલાલ બોલ્યો.

"પણ ચપળા અને યશોદાના સંબંધમાં શું ?" વિધુભાઇ બોલ્યો.

"અમે અમારી મરજીથીજ અહીં આવ્યાં છીએ, પછી શું વાંધો છે ?" યશોદાએ જવાબ વાળ્યો.

"હજી પણ વાંધો છે." ડીટેકટીવે કહ્યું.

"શો ?" દલપત બોલ્યો.

"કીશોરીલાલના ખૂનની વાત ખોટી શા માટે ઉડાડી ?" ડીટેકટીવે પ્રશ્ન કર્યો

"તેની સાથે અમને કાંઇપણ સંબધ નથી." હઠીસીંગ બોલ્યો.

"છતા તમારો એક માણસ ફુટી ગયો છે." વિધુભાઇએ ગપ મારી.

"ત્યારે હવે શું કરવું ?" યશોદા બોલી.

"તમારે નાશી જવું. સરોજ એનુ ફોડી લેશે."

ડીટેકટીવના બોલતા બોલતામાં દલપત ઉઠયો અને તેનો હાથ પકડી બોલી ઉઠયો –"ઠીક છે, જોઇ લઇશું પણ તમે તો હવે અહીજ રહો. હઠીસિંગ ! આપણી ખાત્રી ન થાય ત્યાં સુધી તો આ રાવસાહેબને પુરીજ રાખો."

હઠીસીગ દલપતનો હુકમ બજાવવા જતો હતો એટલામા તો અમલદાર અને હ મુખરાય તે ઓરડામા આવ્યા અને રીવોલ્વરની બીક બતાવી તેમને જકડી લીધા. કીશોરીલાલ ઘણોજ ગભરાઇ ગયો. યશોદા તથા ચપલા પણ ત્યાંજ સ્તબ્ધ થઇ ગયાં. પુરૂષ વર્ગને હાથ કડી કરી

ત્યાંથી લઇ જવામાં આવ્યો જ્યારે સ્ત્રીઓને ત્યાંજ તે મકાનમાં રાખી તેના પર પહેરો મુકવામાં આવ્યો.

તેજ દિને અનંતરાયને ખબર આપવામાં આવી અને ડીટેકટીવ પણ અહમ્મદાબાદ સાથે કેટલીક મસલત કરી આવ્યો.

બીજે દિને કેસ શરૂ થયો. શરૂઆતમાં સરોજ, દલપત, હઠીસીંગ અને લલ્લુના ઉપરનો આરોપ વાંચી સંભળાવવામા આવ્યા બાદ સરકારી વકીલે સરોજની જુબાની લેવાની શરૂ કરી.

સરકારી વકીલ—તમારૂં નામ શું.?

સરોજ—મારૂંનામ સરોજચંદ્ર રત્નરાય.

સ વકીલ—તમે અનંતરાયને ઓળખોછો કે?

સરોજ—હાજી.

સ વકીલ—તમારે તેમના આખા કુટુંબ સાથે સારો પરિચય હતો કેમ.?

સરોજ—હાજી

સ વકીલ—અનંતરાયના કુટુંબના તમે હિતચિંતક હતા કેમ?

સરોજ—હજી પણ છુંજ.

સ. વકીલ—તેમાજ તમે કીશોરીલાલના ખુનની વાત ઉડાડી હતી અને યશોદા તથા ચપળાને નસાડી લાવ્યા હતા, ખરૂ કે નહિં?

સરોજ—હું તે સબંધી કાંઇજ જાણતો નથી.

સ વકીલ—વારૂં તે જોઇ લેવાશે. પણ તમે ચપળાનાં લગ્ન વખતે વડોદરે આવ્યા હતા તે વાત ખરી કે?

સરોજ—નાજી તે લગ્ન વખતે તો હું અમદાવાદજ હતો અને મેંજ તે લગ્નની તૈયારી કરાવી હતી.

સ. વકીલ--યશોદા અને અનંતરાયની મરજી વિરૂદ્ધ તે લગ્ન તમે ઇન્દુકુમાર સાથે શા માટે કરાવતા હતા ?

સરોજ—તેમની મરજી વિરૂદ્ધ નહિ પરન્તુ તેમણેજ મને આજીજી કરી હતી કે તે લગ્ન થાય તો છોકરી સુખી થાય પણ ખર્ચ ઘણો થાય. એમ કહી તેમણે મારી પાસે નાણાંની મદદ માગી હતી.

સ વકીલ--ત્યારે તે લગ્ન કેમ ન થયાં ?

સરોજ--ઇન્દુકુમાર ચાલ્યો ગયો તેથી

સ. વકીલ—તે શા માટે ચાલ્યો ગયો ?

સરોજ--હુ તે જાણુનો નથી.

સ. વકીલ--ત્યારે તમે શું જાણો છો ? તથા આ આરોપના બચાવમાં તમારે શુ કહેવુ છે ?

સરોજ—જે દિવસે ઇન્દુકુમાર ચાલ્યો ગયો તે દિવસે મને ઘણોજ આઘાત થયો કારણુ મારા પૈસા ખરચેલા બરબાદ ગયા હતા તેથી મે મારો અનતરાય સાથેનો સબધ ઓછો કરી નાખ્યો હતો. કાલે હુ કેટલાક કામસર વડોદરે આવતો હતો, તે વખતે સ્ટેશન પરથી મને પકડવામા આવ્યો આ બાબતમાં હુ કેવળ નિર્દોષ છું.

સ વકીલ—તમે દલપત નામના કોઇ માણુસને ઓળખો છો ?

સરોજ– હા. ઓળખું છું.

સ વકીલ—તમે તેના પર કોઇ ચીઠ્ઠી મોકલી હતી ?

સરોજ—ન જી.

[ વિધુભાઇએ આ વખતે પોલીસ અમલદારના હાથમાં કાંઇક મુક્યું જે પોલીસ અમલદારે સરકારી વકીલના હાથમા મુક્યું. પ્રિય પાઠક ગણુ! તમને યાદજ હશે કે જ્યારે દલપત સ્ટેશન ઉપર સરોજે મોકલેલી ચીઠી વાચતો હતો ત્યારે વિધુભાઇએ થોડીવાર બાજુ ઉપર ઉભા રહી ખીસામાંથી કાંઇક કાઢી પછું મુક્યું હતુ, તે વખતે તેણે પોકેટ કેમેરથી તેનો ફોટો પાડી લીધો હતો તેમજ ફોટોગ્રાફરને ત્યા પણ તેણે પેલી ચીઠીનો ફોટો પાડી લીધો હતો પોલીસ અમલદારે એજ બે ફોટા સરકારી વકીલના હાથમાં મુકયા હતા તેમાનો કાગળનો ફોટો બનાવતા સરકારી વકીલે પુછ્યું—

"આ ફોટામાંની ચીઠી જરા વાંચો જોઉ."

સરોજે તે ફોટો લીધો, અને વાંચવા માડ્યો. પોતાની લખેલી ચીઠી જોતાંજ તેને ચક્કર આવવા માંડયા વકીલે ફરી સવાલ કર્યો—
"કેમ! એ તમારાજ અક્ષર ખરા કે નહિ?"

'મારા જેવા છે પણ ----"

'તમારા નથી એમ કહેવા ઇચ્છો છો?"

"હાજી હુ ખાત્રીથી કહુછું કે આ મારા અક્ષર નથી."

"ત્યારે આ કાગળમાંની બધી બીના ખોટીજ છે?"

"હાજી ખોટીજ."

'તમે કાલે વડેદરે કેમ આવ્યાં હતા?"

"કાંઇ કામ સારૂ"

"પણ કાલેજ કેમ નીકળ્યા?"

"મારૂ કોઇ મુખ્ત્યાર છે?"

" તમારૂ કોઇ મુખ્ત્યાર નથી અને તેથીજ આ કાગળમાં બતાવેલી તારીખે તમે વડોદરે આવ્યા ખરૂં કે નહિ ? "

સરોજે કાંઇ પ્રત્યુતર ન આપ્યો. વધુ તપાસ તે વખતે મુલતવી રાખવામાં આવી અને જે માણસને અમદાવાદથી પકડવામાં આવ્યો હતો તેની જુબાની શરૂ થઇ.

" તમારૂ નામ શું ? "

' મારૂં નામ મદનલાલ "

" તમે સરોજને ઓળખોછો ? "

" ઓળખુછુ પણ ઝઝો પરિચય નથી. "

" છેલ્લો તમને તે કયા મળ્યો હતો ? "

" તેને પોતાને ત્યાં. હું તેની બાજુમાંજ રહુંછું. "

' તેણે તમને શું કહ્યુ હતું ? "

" મને એક ચીઠ્ઠી આપી તે દલપત નામના માણસને આપવાને જણાવ્યું હતું "

" તે ચીઠીમાં શું લખ્યું હતુ ? "

" તે હું જાણુતો નથી "

" તે અક્ષર તમે ઓળખી શકો ખરા કે ? '

" સરનામા ઉપરના અક્ષર મેં જોયા હતા. "

વકીલે પેલો ફોટો આપતાં કહ્યુ —' આવા અક્ષર તમે જોયા છે ? "

" હાજી. સરનામા ઉપરના અક્ષર આનેજ મળતા હતા "

"સરોજ વિષે તમે કાંઇ જાણો છો ? "

" સરોજે કાંઇ ગુન્હો કર્યો હતો એટલુંજ હું જાણું છું. બીજું કાઇ જાણુતો નથી, "

તે માણસને રજા આપવામા આવી, આ વખતે પોલીસ અમલદારે સરકારી વકીલના હાથમા એક ફોટો આપ્યો તે જોતાંજ તેની આંખો ચળકી ઉઠી. તેણે તે મેજીસ્ટ્રેટ સાહેબના હાથમાં મૂકયો. મેજીસ્ટ્રેટનો હુકમ થતાં ફરીથી સરોજને ઉભો કરવામા આવ્યો અને તેની વિશેષ તપાસ શરૂ થઇ.

"તમે છેલ્લા પંદર દિવસ કયા હતા. ?"

"હું અમદાવાદજ હતો"

'તમે આ માણસને ઓળખો છો કે ?" વકીલે એક ફોટો તેના હાથમા મૂકતા પૂછ્યું "આ માણસે ત્રણ નિર્દોષ માણસોને ફસાવ્યા છે."

સરોજ ઝંખવાણો પડી ગયો, પણ કાઇ જવાબ ન આપ્યો.

"કેમ, ઓળખો છો કે નહિં ?"

"હુ કાઇ કહેવા ઇચ્છતો નથી."

સરકારી વકીલ બોલ્યો —"મારા લોર્ડ ! આ ફોટો આજ માણસનો છે જે વખતે તેણે કીશોરીલાલના ખુનની બાબતમાં નિર્દોષ ત્રણ માણસોને પકડાવ્યા તેજ વખતે બાહોશ પોલીસ અમલદારે ગુપચુપ તેને ફોટો પાડી લીધો હતો" એમ બોલી તે ફોટો લઇ મેજીસ્ટ્રેટના હાથના મૂકયો. વળી તેણે આગળ ચલાવ્યુ —

"સરોજે અનતરાયના ઉપર તેના જમાઇના ખૂન થવાની ચીઠ્ઠી લખી હતી અને તેણેજ અનતરાયની સ્ત્રી તથા છોકરીને નસાડી વડોદરામાં લાવી રાખેલા છે. જે કાગળનો ફોટો લેવામાં આવ્યો છે તેની સાથે અનતરાયવાળી ચીઠ્ઠી મેળવી જોવા માટે હું રજુ કરવા રજા લઉ છું."

આમ કહી તેણે અનંતરાય ઉપરની ચીઠી રજુ કરી પછી તેણે આગળ ચલાવ્યું:—

"હું વિશેષ જણાવવાની રજા લઉં છું કે આ કેસમાં સંડોવાયલા બધવા સરોજે આ ઉપરાંત પણ એક સ્ત્રીની જીંદગી કેવી ખરાબ કરી છે તે પણ જો આવશ્યક જણાશે તો હું બતાવી શકીશ."

વકીલનું બોલવું પુરૂ થતાંજ સરોજને લઇ જવામા આવ્યો અને બિહારીદાસની જુબાની શરૂ થઇ:—

"તમે કોણ છો? અને તમને શામાટે પકડવામા આવ્યા છે તે તમે જાણો છો?"

"મેરા નામ બિહારીદાસ હૈ. મુઝે માલુમ નહિં, કીસલીયે મેરેકો ગિરફતાર કીયા ગયા હૈ!"

"એક ખુનકે મામલેમેં તુમારા કુછ હાથ હૈ એસા અભિયોગ તુમ્હારે પર લગાયા ગયા હૈ ઉસ બારેમે તુમ કયા કહેનેકો મંગને હો?"

"જીસકી સાથ હમારા કોઇ સંબંધ નહિં, ઉસમેં હમ કયા દલીલ કરે?" બિહારીદાસ તથા રામચરણની જુબાનીમાં કાંઇ વિશેષ જાણવા જેવું નહિ નીકળવાથી હવે બાબા મહારાજને ત્યા લાવવામાં આવ્યા. ખુનના કેસમાં સાધુઓને પકડવામાં આવેલા હોવાથી વડોદરાની કુતુહલપ્રિય પ્રજાથી કોર્ટ ચીકાર ભરાઇ ગઇ હતી બાબા મહારાજે ત્યાં પગ મુકતાંજ સર્વત્ર શાન્તિ પ્રસરી રહી પ્રેક્ષકો, વકીલો અને મેજીસ્ટ્રેટની નજર પણ બાબા મહારાજના તરફ સ્થિર થઇ રહી. તેમના મોહક મુખ અને સૌંદર્યના આકર્ષણથી સર્વનાં હૃદય તેમને માટે દયા ખાવા લાગ્યાં.

આટલી નાની વયમાં આટલું અમર્યાદ સૌંદર્ય અને તેજ હોવા છતા ભગવું કેમ ધર્યું હશે તે જાણવા સર્વની ઉત્કંઠા તિવ્ર થઇ રહી હતી પોતાના ઉપર ખુનનો આરોપ છે એમ જાણવા છતા શાંત પ્રકૃતિવાળી ગંભિર મુખાકૃતિથી સર્વના ઉપર એવો પ્રભાવ પડયો કે સર્વના હૃદયમા તેમની નિર્દોષતા વિષે નિશ્ચય થઇ ગયો. બાબા મહારાજ ત્યાં આવી ઉભા રહેતાંજ વકીલે પ્રશ્ન કર્યો—

" આપકા નાવ કયા હૈ ? "

" ઇસ શરીરકો બાબા મહારાજ કરકે પુકારતેં હૈ. "

" આપકી ઉમ્ર કયા હોગી ? "

' ઇસ શરીરકો ઇસ સંસારમે આયે કરિબ ચોદા પંદરા વર્ષ નિકલ ગયે હોગે "

કેવળ તત્વમય વિચારવાળા અને તત્વમાં જ રમી રહેનારા મનુષ્યને કેવા પ્રશ્ન કરવા તે પણ હવે વકીલને ન સમજાયું. કેટલીવાર પછી તેણે પ્રશ્ન કર્યો —

" આપને કીસલીયે યહ વેશ ધારણ કીયા હૈ ? "

" જીસલીયે સંસારમેં સબ જીવ પ્રયાણ કર રહે હૈ. "

" આપને કીસલીયે કીશોરીલાલકા ખુન કીયા ? "

બાબા મહારાજે હસતાહસતા ઉત્તર આપ્યોઃ—"હા, હા, હા, હા, કોન કીસીકા ખુન કર સકતા હૈ ! યહ ભી કભી હો સકતા હૈ કિ કોઇ કીસીકા એક રૂંવાભી હિલા સકે ! "

"તબ કયા આપકો અભી ગિરફતાર કીયા ગયા હૈ, વો ભી જુઠ હૈ ?"

'ગિરફતાર કીસીકો કર નહિ સકતે ક્યા ઉસ વખ્ત મેં ગિરફ્તારીમેં હુ ? કભી નહિ. મે સ્વતંત્ર હુ. યહ શરીર કભી ગિરફતાર હોગા પર ઇસસે ક્યા ? હાં, એક ઇશ્વરકી પાસ મેં ગિરફતાર હું, હમેશાકે લીયે હુ."

બાબા મહારાજના આવા જવાબથી કંટાળી તેમને સીધા જવાબ આપવાની ફરજ પાડવા ધમકીના રૂપમા વકીલે કહ્યું —

" આપ જાનતે હો કી આપ મેજીસ્ટ્રેટ સાહેબકી સમક્ષ યહ ઉત્તર દે રહે હો!"

" ઇસ સંસારમે આપ કીસીકોભી મેજીસ્ટ્રેટ માન લો, કીસીકોભી અભિયુક્ત માન લો, પર જો સબકા મેજીસ્ટ્રેટ હૈ, વહી સચ્ચા મેજીસ્ટ્રેટ હૈ યદિ આપ વકીલ હો, ક્યા આપ ખુદ સર્વવ્યાપી, સર્વજ્ઞ મેજીસ્ટ્રેટકી સામને વકીલાત કર સકતે હો? તુમસે પુછનેકી ઉનકો ક્યા જરૂરત હૈ ? વે તો સર્વજ્ઞ હૈ"

વકીલ ઠંડો પડી ગયો કોર્ટમાંના પ્રેક્ષકોના મુખમાથી ' શાબાશ' ' નિર્દોષ ' એવા ઉદ્ગારો નીકળવા લાગ્યા. હવે વકીલે આગળ ચલાવ્યુ:—

" વહ ઠીક હૈ તમ યહ શરીરને ક્યા ખુન નહી કીયા ?"

" મે વ્યર્થ બાતેં કરને નહીં ચહાતા જીસ્ને ખૂન કીયા હૈ ઉનકો સજા કરનેકી તુમ્હારેમેં શકિત ભી નહી હૈ."

" સબ કુછ દેખા જાયેગા તુમ કોન હો? અપને પૂર્વાશ્રમકા પરિચય દો."

" મેં કુછ કહેને નહી ચહાતા મે જો થા, વો અબ ભી હું, ભાવિમેં ક્યા હોગા વો સર્વવ્યાપીકો માલૂમ હૈ"

બાબામહારાજના આવા જવાબથી વકીલ ઘણોજ ગુસ્સે થઇ ગયો. પરન્તુ ન્યાયાસને બિરાજેલા મેજીસ્ટ્રેટ સાહેબની મુખમુદ્રા કાંઇક જુદુંજ સૂચન કરતી હતી.

યશોદા, ચપલા તથા કીશોરીલાલની જુબાની લેવામા આવી. તેમાં તેમણે સરોજનો બચાવ કરવા બનતો પ્રયત્ન કર્યો ચપલાએ પોતાના ધણીસાથે પોતાની ખુશીથી, તેમજ યશોદાએ પણ પોતાની ખુશીથીજ કીશોરીલાલ સાથે આવવાનું કબુલ કર્યું તેમના આવવા સાથે સરોજને કોઇપણ રીતનો સબંધ નહોતો વિશેષમાં યશોદાએ જણાવ્યુ કે –

"અમારો યાત્રાએ જવાનો વિચાર મારા ધણીને પસંદ ન પડવાથી તેમની સાથે, અમે નીકળ્યા તેજ દિવસે અમારે તકરાર થઇ હતી; અને તેથીજ અમને ફસાવવા આ બધો પ્રપચ રચાયો છે"

સરોજ તરફના પ્રેમથી અંધ બની યશોદાએ ઉપર પ્રમાણે જણાવ્યું 'હવે સરોજ સાધુ કેમ થયો હતો સરોજે સાધુઓને કેમ પકડાવ્યા હતા તથા હલપત ઉપર શમાટે ચીઠી લખી હતી.' એટલાજ પ્રશ્નોના ખુલાસા તેના છુટકારા માટે બસ હતા બીજા દિવસની તપાસમાં સરોજે ઉપરના પ્રશ્નોના ખુલાસામા જણાવ્યું કે:—

"ચપલાના લગ્નની મારી ધારણામાં નિષ્ફળ થવાથી મને ઘણીજ ગ્લાનિ થઇ છે અને સર્વ જગત કેવળ વિચિત્રશ છે, એમ ધારી મેં સંસાર ત્યાગ કરવાનો ઇરાદો કર્યો" જરાવાર અટકી તેણે કહ્યુ –" હવે હુ તમને મારી બધીજ વાત કહુ છુ હુ સાધુ થયો અને દુનિયાની લીલા જોવા લાગ્યો એટલામા મારે કાને કીશોરીલાલના ખૂનની વાત

આવી. અનંતરાયના કુટુંબના અનિષ્ટની વાતથી હું ઉત્તેજીત થયો અને તપાસ કરવા પ્રેરાયો. આ સધુઓની વાતથી મને કાંઇક વહેમ પડયો, અને તેથી તે બાબતની પોલીસને ખબર આપી હું અમદાવાદ ગયો આજે આ કેસની તપાસ માટે અહી આવતાં મને પકડવામાં આવ્યો છે."

"ત્યારે તમે દલપત ઉપર ચીઠી કેમ લખી હતી?"

'મને ફસાવવા કોઇએ એ બધુ તરકટ ઉભું કર્યું છે,"

ચપળા, યશોદા અને કીશોરીલાલની જુબાની તથા સરોજની જુબાની ઉપરથી સરોજનો હાથ આ બાપતમા હોવો અસંભવિત જણાયો. ત્યારે ફકત પેલી ચીઠ્ઠીના પુરાવા ઉપરથી તે ગુન્હેગાર ઠરવા લાગ્યો. ફકત વિધુભાઇ સિવાય બીજા કોઇની સાક્ષીથી સરોજને ગુન્હેગાર ઠરાવી શકાય તેમ છે કે કેમ? એ પ્રશ્ન સરકારી વકીલના મનમા ઉત્પન્ન થયો જો કે કોર્ટની ખાત્રી તો થઇ ચુકી હતી કે સરોજ ગુન્હેગાર હતો પરન્તુ યશોદા, ચપલા તથા કીશોરીલાલની જુબાની તેને નિર્દોષ ઠરાવતી હતી વિધુભાઇની સાક્ષી મુકતા સરોજે જણાવ્યું કે "પોલીસની સાક્ષી ઉપર આધાર ન રાખવા હું અરજ કરૂ છુ. કરણ કેટલીક વખત પોલીસ ખરા ગુન્હેગારને ન પકડી શકવાથી ખોટા કેસ ઉભા કરે એ સંભવિત છે." હવે કયો પુરાવો રજુ કરવો તે બાબતની ગડભાગ ચાલી.

મિચરા વિધુભાઇને પોતાની બધી મહેનત બરબાદ ગયેલી જણાવા લાગી, પોલીસ અમલદાર પણ મુઝવણમાં પડયો, અને 'હાથમાં છોકરૂં અને ગામમા શોધ્યુ' એ કહેવત મુજબ પોતાની પાસે જે 'એક સબળ પુરાવો હતો તે ભુલી જઈ ચિંતામાં પડયો. હરમુખરાય પણ

ત્યાંજ હતો એટલામા કાંઇક વિચાર આવતાં હરમુખરાયે પોલીસ અમલદારના કાનમાં કાંઇક કહ્યું.

હરમુખરાયની વાત સાંભળતાંજ તેની આંખો ચળકવા લાગી. તેણે સરકારી વકીલને કાંઇક કહ્યું. વકીલનું મુખ પણ પ્રફુલ્લિત થયું. તે ઉભો થઇ બોલવા લાગ્યો:—

" મારા નામદાર ! આરોપીના ઉપર ખૂનનો જે આરોપ હતો તે તો કીશોરીનાલની હયાતિથી ઉડી જાય છે પરન્તુ આ બધી ઘટનામાં તેનો મુખ્ય હાથ છે તે નિ:સંશય છે. જો કે વડોદરામાથીજ પકડાયલા અનતરાયનાં કુટુંબીઓની સભાળભરી જુબાનીઓથી તે બચી જવા પામે છે; અને ફકત દલપત ઉપરની ચીઠ્ઠીજ તેના વિરૂદ્ધમાં પુરાવારૂપ થાય છે, છતા બાહોશ પોલીસ અમલદાર તેના વિરૂદ્ધ બીજો પુરાવો રજુ કરી શકે છે સત્યને પ્રકાશમાં લાવવા તે માન્ય થશે એમ અરજ છે. "

મેજીસ્ટ્રેટે જરાવાર વિચાર કરી પોલીસ અમલદારની જુબાની શરૂ કરી, જે નીચે પ્રમાણે હતી:—

"આરોપી સાધુના વેશમા જે દિવસે પકડાયલા ત્રણ સાધુઓને ગુન્હેગાર તરીકે ઓળખાવી છટકી ગયો તેજ દિવસે મને તેના પ્રતિ વ્હેમ ગયો હતો. આ સાધુઓની વાતચીતપરથી મને તે નિર્દોષ જેવા જણાવા લાગ્યા. તેજ દિવસે મી. વિધુભાઇ મારી પાસે આવ્યા અને આ બાબત તપાસ કરવાનું કહી વિદાય થયા. તેજ દિવસે તેમણે અમદાવાદ જઇ મને તાર કર્યો અને બીજે દિવસે મદનલાલને મે પરહેજ કર્યો વળી દલપત કે જે આરોપીનો મદદગાર છે તેને પણ હું વિધુ-

બાઇની મદદથી પકડી શકયો આરોપી તથા અનંતરાયના કુટુ બીઓની જુબાની સરોજના બચાવમાં ઉતરે છે તેવે પ્રસંગે હું હિમ્મતથી કહી શકું છું કે આ કેસમા ગુન્હેગાર એકલો સરોજજ નથી, પરન્તુ સરોજ, દલપત, હઠીસીગ, લલ્લુ, કીશોરીલાલ, ચપળા તથા યશોદા એ સર્વ છે તેની ખાત્રી કરી આપવા માટે કોઇથી પણ ના ન પાડી શકાય એવો પુરાવો રજુ કરવા હુ રજા લઉ છું."

પોલીસ અમલદારે આટલુ કહી હરમુખરાયના તરફ જોયુ. હરમુખરાયે તરનજ એક નાની પેટી પોલીસ અમલદારના હાથમાં મુકી જે મેજીસ્ટ્રેટના ટેબલ પર મુકવામા આવી. મેજીસ્ટ્રેટે તે પેટી ઉઘાડી.

આખી અદાલતનુ ધ્યાન હવે તે પેટી તરફ ખેચાયુ પેટીમાના વીજળીક તારનુ અનુસધાન કરતા તેમાથી અવાજ નીકળવા માંડયો.

(પ્રય વાંચક! આ વખતે જણાવવુ જોઇએ કે જે વખતે પોલીસ અમલદાર તથા હરમુખરાય વિધુભાઇની સલાહ મુજબ ચપળાવાળા મકાનમા દાખલ થયા હતા ત્યારે તેમણે નવીન શોધો મુજબ ફોનોગ્રાફની રેકર્ડનો ઉપયોગ કરનારી પેટી પાસે રાખી હતી, જેની અંદર વિધુભાઇની તે લોકો સાથેની બધી વાતચીત ઉતરી ગઇ હતી. આ પેટીએ તે બધી વાતચીત ફોનોગ્રાફના ગાયનોની માફક જણાવવા માડી પોલીસ અમલદારની સાવચેતીથી બધા તેની તારીફ કરવા લાગ્યા. અને આખી કોર્ટ સરોજને ગુન્હેગાર ઠરાવવા લાગી

આનુ પરિણામ પોલીસ અમલદારના કહેવા મુજબજ આવ્યુ અને મજીસ્ટ્રેટ સાહેબે જજમેન્ટ આપવુ શરૂ કર્યું:--

"આ કેસ કેમ અને કેવી રીતે ઉભો થવા પામ્યો છે તે બાબત આ કેસમાં અત્યાર સુધીમાં પડેલી જુબાનીઓ ઉપરથી નીચે મુજબ જણાય છે,—આરોપી સરોજચંદ્ર ઘણોજ ખટપટી અને નીચ સ્વભાવનો માણસ છે. અનતરાયના કુટુંબ સાથે ઘાડો સબંધ રાખી ચપળાનું લગ્ન ઇન્દુકુમાર સાથે કરાવવામા તેનો ગુઢ હેતુ હોવાનું જણાય છે, પરન્તુ તેમાં તે નાસીપાસ થવાથી તેણે પોતાની મતલબ સાધવા બીજો રસ્તો લીધો કીશોરીલાલને તેણે પોતાના હાથમાં લીધો અને યશોદા સાથે તેનો સબધ લાંબા વખતનો હોવાથી તે તેમાં ફાવી શકયો યશોદા અને ચપળાની મદદથી પહેલે દિવસે અનંતરાયને અંધારામાં રાખી તે પોતાના સાથીઓ સહિત ચપળા તથા કીશોરલાલને અહીં લઇ આવ્યો અને બીજે દિવસે યશોદાને પણ નસાડી લાવ્યો. અનંતરાય તેમની શોધ ન કરે તે માટે તેને ધમકી આપવા કોઇનું શબ લોહીલુહાણ સ્થિતિમાં ત્યાં મુકી ભેદુના નામથી તેણે ચીઠી લખી હતી. બિચારો અનતરાય પણ તેથી ઠગાયો હતો. પોતાની તપાસ પોલીસ કરે છે કે કેમ તે જાણવાના હેતુથી તે સાધુ બન્યો, અને આ નવિન આવેલા કેવળ તત્વજ્ઞાનમાં લીન રહેનારા પવિત્ર સાધુઓને ફસાવીને અમદાવાદ રવાના થયો. પણ ચાલાક વિધુભાઇએ આખરે તેને પકડી તેના બધા કૃત્યો ખુલ્લા પડયાં છે પોલીસ અમલદાર અને વિધુભાઇએ બતાવેલી બાહોશી માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ ત્રણે યોગીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે, અને સરોજચંદ્રને તેના આ કૃત્ય માટે પાચ વર્ષની સખ્ત કેદની સજા તથા તેના ત્રણ સાથીઓ હઠીસીગ, લલ્લુ, તથા દલપતને એક એક

વર્ષની સખ્ત કેદની સજા ફરમાવવામાં આવે છે કીશોરીલાલ તથા ચપળાને તેની થયેલી બેઆબરૂની સજા બસ છે તેમ છતાં કોર્ટ તેને રૂા, ૫૦૦) ના દંડની સજા ફરમાવે છે અને યશોદાને કેદની સજા થવી જોઇએ છીએ છતા કોર્ટ તેને સ્ત્રી જાણી છોડી મૂકે છે.”

કોર્ટનો ચુકાદો મળતાંજ તે પ્રમાણે અમલ કરવામાં આવ્યો. ત્રણે સાધુઓને છોડી મુકવામાં આવ્યા. વિધુભાઇ હરસુખરાયને લઇ આ સાધુઓ સાથે જવા લાગ્યો એટલામા પોલીસ અમલદારે તેને બોલાવી કાંઇક વાત કરવા રોકયો. વિધુભાઇએ આટલુ બધુ શામાટે કર્યું હશે એ વિચાર બાબામહારાજના મનમા વારંવાર આવ્યા કરતો હતો ને વિધુભાઇ તરફ શકથી જોવા લાગ્યા અને તેથી સમય જોઇ સ્ટેશન તરફ વિદાય થયા અહલ્યાબાઇ પણ તેમની સાથેજ નીકળી. બાબામહારાજે બિહારીલાલને પોતાની મરજી સુરત જવાની બતાવી. અહલ્યાબાઇએ એક દિવસ રોકાવા ઘણો આગ્રહ કર્યો પણ તે વ્યર્થ ગયો. અહલ્યાબાઇ પણ સાથે જવા તૈયાર થઇ તેઓ સ્ટેશનપર આવી સુરતની ટ્રેનમાં રવાના થયા

## અષ્ટાવિંશઃ પરિચ્છેદ.

### તમે મારા ભાઈ ઇન્દુભાઇને ઓળખોછો ?

પ્રિય વાચક ! દુખી બિચારા મનુભાઇને ભ્રમ થયા પછી આપણે કેવળ ભુલી જ ગયા છીએ મનુભાઇ ઘેરથી ભ્રમિત ચિત્તે નિકળી રખ-

ડવા લાગ્યો. તેનુ હૃદય દુઃખથી કેવળ ભ્રમિત બલ્કે ગાંડા જેવુ થઈ ગયું હતું. રસ્તામાનાં ઝાડ, વાડ, પથ્થર બધાને તે સરલા, મધુ અને મનોરમાની જીવત મૂર્તિ માનવા લાગ્યો. જ્યા ત્યાં તે તેમનેજ દેખવા લાગ્યો. ભૂખ, તરસ, ઉંધ, થાક સર્વ ભુલી ગયો. આવી ઉન્મત્ત દશામાં તે કેટલાક દિવસ રખડયો. એક દિવસ દૈવયોગે રખડતો રખડતો તે મહાત્મા વિશ્વદાસજીના આશ્રમ નજીકના ઝરા આગળ જઇ પહોંચ્યો.

ઝરાના કિનારા ઉપરનાં વૃક્ષોનાં સૂકાં પાંદડાં તેના શાન્ત નિર્મળ જળમા પડના હતાં અને તેથી શાન્ત જળમાં પણ તરંગો ઉઠતા હતા. મનુભાઇ કુદરતની અપૂર્વ શોભા નિહાળતો હનો; પરન્તુ તે તો તે વૃક્ષ, પાંદડાં સર્વને મનોરમાજ ધારતો હતો. એકાએક પવન જોરથી વાવા લાગ્યો અને એક સુંકુ ડાળ ઝરામા પડી તણાવા લાગ્યું. ભ્રમિત મનુભાઇએ તેને મનોરમા માની લીધી અને ' અહો પ્રિયે ! મનોરમે ! બ્હીશ નહી ગભરાઇશ નહિં. ગભરાઇશ નહિં, હું આવું છું, તને બચાવું છું " એમ બોલતો ઝરામા કુદી પડયો.

દૈવયોગે જે જે કાર્યો બને છે તે અબાધિત હોય છે. મનુભાઇને આવા નિર્જન સ્થાનમાં બચાવનાર કોણ હોય ? પણ વિધિની ઘટના જુદાજ પ્રકારની છે. મહાત્મા શ્રી વિશ્વદાસજી આ સમયે સામે કિનારે સ્નાન કરવા પધાર્યા હતા તે મનુભાઇના શબ્દો સાભળતાં એકદમ તેને બચાવવા કુદી પડયા; અને જોતા જોતામાં પોતાના પ્રચડ હાથોમાં મનુભાઇના શરીરને ઉચકી બહાર નીકળ્યા. જેના હાથે શ્રેય થવાનું છે તેને હાથે હમેશા શ્રેયજ થાય છે. મનુભાઇ શુદ્ધિમા આવ્યો પણ તે શુદ્ધિ કયી હતી ? કેવળ ભ્રમિનતા મહાત્માના મુખ સામુ જોઇ તે બબડવા લાગ્યો:—

"દુષ્ટ ! પાજી ! તેં મારી મનોરમાને મારી નાખી ? મારા મધુને તું મારી પાસેથી લઇ ગયો. ?" બોલતાં બોલતાં વળી તે હસવા લાગ્યો. "હા, હા. હા, તારાથી થાય તે કરી લે, પણ મારી મનોરમા તો મારીજ છે."

વળી જરાવાર અટકયો, આડું અવળું જોતાં મહાત્માની પાદુકા પડેલી દીઠી તેણે એકદમ દોડતાં તે પાદુકા લઇ હૃદય સાથે ચાપી અને વળી બબડયો·--

"આવો મારા મધુ ! બેટા ! ! તુ મને મુકીને કયાં નાસી ગયો હતો ? ચાલ બાપુ ! તને તારી મા પાસે લઇ જાઉં !"

આમ બોલતા પાદુકાને ચુંબન કરી માથે લગાડી મહાત્મા વિશ્વદાસજી પણ તેના માથા પર હાથ મુકી બોલ્યા --

"બચ્ચા શાંત હો ! તેરા પુત્ર તેરેકો મીલ જાયેગા."

મહાત્માના પ્રભાવથી કહો કે દૈવયોગથી કહો, પણ મનુભાઇની શુદ્ધિ કાંઇક ઠેકાણે આવવા લાગી. તેનો ભ્રમ ધીમે ધીમે દૂર થવા લાગ્યો હાથમાની પાદુકાને નીચે મૂકી નમન કરી ઉભો રહ્યો. મહાત્મા તેને પ્રસન્નવદને આશ્રમ તરફ લઇ ગયા આશ્રમમા ગયા પછી મહારાજે તેને શાન્ત્વન કરતા તેનાં મલિન વસ્ત્રો બદલવાને આશ્રમમાંથી બીજા વસ્ત્ર આપ્યા. અને ફળાહાર કરાવ્યો. મહાત્મા પોતાના નિત્યક્રમમાં ભળ્યા અને મનુભાઇ એકલો પડયો

એકલા પડતાં હવે તેને ધીમે ધીમે સર્વ બનાવો યાદ આવવા લાગ્યા. મનોરમાની માંદગી, પોતાની કંગાળ સ્થિતિ, મદનલાલ તથા

કીશોરીલાલનુ સરલાનુ માગુ કરવા આવવું, પોતાના હૃદયની દુર્બ-ળતા, સરલાની માતૃપિતૃભક્તિ, મનોરમાનું મૃત્યુ, એ સર્વ તેને પો-તાની પાછલી સ્થિતિનું ભાન કરાવવા લાગ્યા. મનુભાઇ–દુખી મનુ-ભાઇ ગભરાયો, અકળાયો, વિહ્વળ થઇ ગયો તેનાં નેત્રમાંથી અશ્રુધારા ચાલી તેનું મગજ ફરી ઉન્મત્ત થવા લાગ્યુ. તે ઉઠીને આમ તેમ આંટા મારવા લાગ્યો, એટલામા મહાત્માશ્રી ત્યાં આવ્યા. તેને શાન્ત કરતાં બોલ્યાઃ—

"બચ્ચા ! વ્યગ્ર મત હો. તેરી ઇચ્છા ઔર તેરી સ્થિતિ મેં જાન-તાહુ તે । બેટા તેરેકો જલ્દી મીલ જાયગા."

મહાત્માનાં વચન સાભળી તેની આંખમાં પાછા આંસુ ભરાઈ આવ્યાં. તેણે નીચે જોતાં કહ્યુ --

"મહારાજ ! યહ મેરી કયા દશા હૈ, ઔર કહાંતક યહ સસારકે દુખ મેરેકો ભોગના પડેગા ?"

"બચ્ચા ! દુખકી અવધ આનેસે સબ કુછ અચ્છા હોગા. મેંને તેરી સ્થિતિ પહેચાનલી હૈ. શાન્ત હો. દો તિન દિન પીછે મેં તેરકો તેરા અભિષ્ટ માર્ગ દીખાઉંગા."

મનુભાઇએ કેટલાય દિવસથી ક્ષૌર કરાવેલું ન હોવાથી તેનું મુખ કોઇ અવધુતયોગી જેવુ તો જણાતું હતુ. તેમાં મહાત્મા તરફથી મળેલા ભગવા વર્ણનાં વસ્ત્રો ભળતાં તે કેવળ યોગી જેવા રૂપમાંજ આવી ગયો. બે દિવસ ત્યા રહેતાં તેના હૃદયને પણ જરા શાન્તિ મળી.

એક દિવસે બપોરના મહાત્માશ્રીએ મનુભાઇને કહ્યુંઃ—

"બચ્ચા ! તુમ્હારી દશા સુધર ગઇ હૈ. તુમ્હેં સુરત જાના ચાહિએ "

"મહારાજ ! મેરેકો સુરત જા કે કયા કરના હોગા ?"

"વહા તુમ્હે તુમ્હારા બેટા ઔર બેટી મીલ જાયંગે. તુમ્હારી બેટી વહાં ગુપ્ત રૂપમે હૈ. તુમ તુમ્હારા સંબંધી કે ઘરકો જાઓ વહા તુમ્હારા લડકા મિલ જાયગા."

"યહ મેં કયા સુન રહા હું ! કયા મેરી સરલા ગુપ્ત રૂપમેં હૈ ?" મનુભાઇ ઉત્તેજીત થતાં બોલી ઉઠયો.

"હા વહો બડી પતિવ્રતા લડકી હૈ. મેરી આશીષસે ઉનકો વોહી ઉનકા પતિ મીલ જાયેગા, ઉનકી સાથ મેરા દો શિષ્યભી હૈ."

"કયા વહ આપકે પાસ અઇ થી"

"હા બચ્ચા ! મેં ઉનકી શક્તિ ઔર સદ્દગુનસેં બહુત ખુશ હું."

મહાત્માના વચનથી મનુભાઇનુ હૈયુ હર્ષથી ઉછળવા લાગ્યું, કયારે સુરત જાઉ અને કયારે મારા વ્હાલાં બાળકને ભેટું ! આ જ વિચાર તેના મગજમા ઘુમવા લાગ્યો. મહાત્મા તેના મનની સ્થિતિ સમજી ગયા શિષ્યોને સંજ્ઞા કરવાથી મનુભાઇને રસ્તાના ખર્ચ માટે કાંઇક રકમ આપવામાં આવી અને તે ત્યાંથી સૂરત આવવા નીકળ્યો.

સવારના પહોરમાં સુરત ઉતરીને માધવરાયનું મકાન પૂછતો તેના બંગલા આગળ આવી પહોચ્યો. માધવરાય બહાર બગીચામાં ફરતો હતો. મધુકુમાર પણ તેની આગળ આગળ સુમનનો હાથ ઝાલી રમતો ફરતો હતો. મધુકુમારની નજર એકાએક મનુભાઇના ઉપર પડી તે બોલી ઉઠયો—

' બા, બા ! પેલો બાવો જુઓને. મારા તરફ જોયા કરે છે એ કોણ હશે ? "

" હશે. ભાઇ ! એવા તો ઘણાય ફરે છે. " સુમને જવાબ આપ્યો.

' બા ! એને પૂછોને મારા ઇન્દુભાઇની ખબર ! " મધુ એકાએક બોલી ઉઠયોઃ--

" ભાઇ ! એને શી ખબર હોય ! "

" તમે નહી પૂછો તો કાંઇ નહિં. હું તો પુછીશ વળી, હાં ! "

મધુકુમાર આમ બોલતો સુમનનો હાથ છોડી મનુભાઇ તરફ દોડયો અને તેનુ વસ્ત્ર પકડતાં બોલ્યોઃ—

" બાવાજી ! તમે મારા ઇન્દુભાઇને ઓળખો છો ? "

આવા સીધા સાદા પ્રશ્નથી પણ મનુભાઇના હૃદયમાં કેવો આઘાત થયો હશે તે વર્ણવવાની શકિત આ લેખિનીમા નથી મનુભાઇને ઇન્દુકુમારની પ્રતિમા નજર આગળ તરતી દેખાવા લાગી; તેનો નિઃસ્વાર્થ અપૂર્વ પ્રેમ, મનોરમાની માંદગી અને દવા તથા મેવો લાવવામાં તેની પરોક્ષ રીતની મદદ, મનોરમાના મૃત્યુ સમયે પણ સરલાદ્વારા મોકલેલી રકમ, સર્વ તેને યાદ આવવા લાગ્યું. તેનાં નેત્ર જળપુર્ણ થયા, તે કાંઇ બોલી શકયો નહિં મધુકુમાર ફરીથી કરૂણ સ્વરે બોલ્યો –

" બાવાજી ! કહોને, મારા ઇન્દુભાઇ કયાં છે ? તમે કેમ રડો છો ? "

મનુભાઇની ધીરજ હવે ન રહી. તેણે મધુકુમારને ઉપાડી છાતી સાથે ચાંપ્યો. પુત્ર વાત્સલ્ય તેના હૃદયમાં ઉભરાઇ આવ્યુ મધુના કોમળ નિર્દોષ મુખને વારવાર ચુમવા લાગ્યો, અને બોલ્યો —

' ઓળખુ છુ ભાઇ ! બાપુ ! ! ઓળખું છુ એ પવિત્ર હૃદયી મહાપુરૂષરૂપ ઇન્દુકુમારને. ''

આવો દેખાવ જોઇ સુમન કાંઇક આશ્ચર્યથી માધવરાય તરફ જોઇ ઇસારા કરી મધુકુમાર તથા મનુભાઈ તરફ જવા લાગી. માધવરાય પણ ત્યા આવી પહોચ્યો એટલામા મધુકુમાર પણ મનુભાઇ પાસેથી નીકળી દોડતો દોડતો સુમનને બાઝી પડયો અને હસિતવદને બોલ્યો—

" બા, બા તમે તો ના કહેતાં હતા પણ જુઓ, આ બાવાજી તો મારા ઇન્દુભાઇને ઓળખે છે ''

' હે ? ઇન્દુકુમારને ઓળખે છે ? " સુમન તથા માધવરાય આશ્ચર્ય-ચકિત થતા બોલી ઉઠયા

' હા ઓળખું છું એ મારી આબરૂનું રક્ષણ કરનાર પવિત્ર પુરૂષને " મનુભાઇના શબ્દો સાભળી માધવરાયને તેનાવિષે કાઇક વહેમ આવ્યો. તેણે શકિત હૃદયે પૂછ્યુ ''--

" તમારૂ નામ--"

" મનુભાઇ, હુ જ એ અભાગી. "

મનુભાઇના આ શબ્દો બહાર પડતાજ માધવરાય હર્ષઘેલો થઇ ગયો અને તેને બાઝી પડયો. સુમન પણ અત્યંત હર્ષિત થઇ મધુકુમારને હાથપર તેડી બોલી ઉઠી --

" મારા વ્હાલા મધુ ! જો. જો. આ બાવાજી નહીં પણ ત્હારા બાપુ છે "

મધુકુમારે તેના હાથમાથી પડતુ નાખ્યું અને મનુભાઇને વળગી પડયો

"બાપુ! બાપુ!! તમે ક્યાં ગયા હતા? મારી સરલા બ્હેન તો બહુ રડતી હતી. પણ બાપુ! આ દાઢી કેમ રાખી છે?"

સરલાનું નામ સાંભળી વળી મનુભાઇના હૃદયને ઘણો આઘાત થયો. પરન્તુ મહાત્માના વચનપર શ્રદ્ધા રાખતાં તે શાન્ત થતાં બોલ્યો:—

"ભાઇ! બેટા!! ઇશ્વર કૃપાએ સૌ ઠીકજ થશે.' મનુભાઇ પોતે શું બોલ્યો તેનુ તેને પણ ભાન ન રહ્યું. મધુકુમારને જવાબ દેવાને બદલે તેણે પોતાનાજ હૃદયને આશ્વાસન આપ્યું. સર્વનાં હૃદય આનંદથી ઉભરાયા. મનુભાઇને બંગલામાં લઇ ગયા. તેના પંચકેશ તથા ભગવાં વસ્ત્ર ઉતરાવવા માધવરાયે તેને ઘણો સમજાવ્યો, પણ તેણે માન્યું નહિં. ટુંકાણમાં તેણે એટલુંજ કહ્યું કે:—

"મારી સરલાનું લગ્ન ઇન્દુકુમાર સાથે થઇ જાય એટલીજ હવે મારી ઇચ્છા છે. ઇશ્વર એટલી ઇચ્છા પૂર્ણ કરો એટલે મારૂં શેષ આયુષ્ય હું મહાત્મા વિશ્વદાસજીના ચર્ણમાંજ ગાળવા ઇચ્છુ છું."

મધુકુમાર આ વખતે મનુભાઇને ગળે બાઝી પડી બોલ્યો—આપુ! ચાલોને આપણે સરલા બ્હેન પાસે જઇએ"

'ભાઇ! તું જાણે છે કે સરલા કયાં છે?"

"હા ચાલો આપણે ત્યાં જઇએ."

સુમન મનુભાઇને વ્યાકુળ થતો જોઇને બોલી ઉઠી:—

"મનુભાઇ! એતો સરલા બ્હેનને,ભુલાવવા અમે મારી બ્હેન તરલાને સરલા તરીકે મધ્રને ઓળખાવી છે. આપણે થોડીવાર પછી ત્યાં જઇશું."

પાંચ-દશ મીનીટ જતાં વળી મધુકુમારે પૂછ્યું—" હેં બાપુ! આપણા ઇન્દુભાઇ કયાં છે."

---

# એકોનત્રિંશઃ પરિચ્છેદ.

## ભુલવણી.

Where'er I roam whatever realms to see,
My heart untravell'd fondly turns to thee

**Goldsmith.**

કોર્ટના ચુકાદા પછી પોલીસ અમલદારે વિધુભાઇને બોલાવી તેને રાજ્યમાં સારા હોદ્દાની નોકરી આપવાની માગણી કરી, પરન્તુ વિધુભાઇનો હેતુ જુદોજ હોવાથી તેણે ના પાડી ઘણોજ આગ્રહ કરવામાં આવતાં તેણે અમુક સમય પછી તે સ્વીકારવાને કબુલાત આપી. પોલીસ અમલદાર સાથેની વાત દરમ્યાન પણ તેનો આત્મા તો બાબામહારાજ પાછળજ ભટકતો હતો એમ કહીએ તો પણ ખોટું નથી. " ક્યારે પોલીસ અમલદારપાસેથી છુટાય અને ક્યારે બાબામહારાજ કોણ છે તે મેળવવાનુ કોઇ સાધન પ્રાપ્ત થાય ? " આજ વિચાર તેના હૃદયમાં વારંવાર થયા કરતો હતો.

જેમ તેમ કરીને પોલીસ અમલદાર પાસેથી છુટો થયો અને અહલ્યાબાઇના મકાન તરફ ચાલ્યો. હરમુખરાય પણ અત્યંત ઉત્સાહથી તેની સાથે સાથે જતો હતો. પરન્તુ વિધિના લેખની કોને ખબર

છે ! મનુષ્ય ધારે છે શું અને ઇશ્વર કરે છે શું ! એજ પળમાં તેમની ઉમેદોનો નાશ થઇ ગયો તેમના આશા તરંગો છિન્ન ભિન્ન થઇ ગયા. અહલ્યાબાઇના મકાન આગળ પહોંચતાંજ તેમને ખબર મળી કે અહલ્યાબાઇ કોર્ટમાંથી પાછી જ ફરી નહોતી. અહલ્યાબાઇના નોકરો પણ મોટા વિચારમાં પડી ગયા. વિષ્ણુબાઇ તથા હરમુખરાય પણ ત્યાંથી ઝ્હીલે મોઢે પાછા ફર્યા. ક્યાં જવું અને શું કરવું તે તો મને સમજાયું નહિં. બન્ને જણ મળી આખું શહેર ફરી વળ્યા પણ કોઇનો પત્તો લાગ્યો નહિં, છેવટે તેઓ કંટાળીને ધર્મશાળામાં આવ્યા. વિષ્ણુબાઇ પણ હવે છેકજ નિરાશ થઇ ગયો હતો, તેણે હરમુખરાયને કહ્યું:—

"હરમુખરાય ! હવે તમારે મારી સાથે ફરવાની કાંઇજ જરૂર નથી. આપણે જીતી બાજી હારી ગયા છીએ. હાથમાં આવેલી સરલાને ગુમાવી બેઠા છીએ."

"શી રીતે ?"

"બાબા મહારાજનો પ-નો ન લાગવાથી."

"શું બાબા મહારાજ એજ સરલા !"

"હા એજ. મારી ખાત્રી થઇ ગઇ છે કે એજ."

"શા ઉપરથી ખાત્રી થઇ ?" હરમુખરાયે આશ્ચર્યથી પુછ્યું.

"જે દિવસે આપણે વડોદરેથી આવ્યા તેજ રાત્રે તમે તો ઉંઘી ગયા હતા, પણ હું જાગતો હતો. બાબા મહારાજે જે ગાન કર્યું હતું તે સરલાના જીવનનીજ કથા હતી, અને તેથીજ મે આ કેસમાં હાથ નાંખ્યો હતો; પણ છેવટે મારે નિરાશ થવાનો વખત આવ્યો. બાબા મહારાજ ચાલ્યા ગયા અને મારી બાજી ધુળ મળી "

"પણ તમે તો મને કાંઇ વાત પણ ન કરી!" હરમુખરાયે શોકાતુર ચ્હેરે પૂછ્યું.

"કહું ક્યારે? વખતજ ક્યાં હતો? હરી થવાનું હતું તે થઇ ગયુ" વિધુભાઇએ નિશ્વાસ નાંખતા કહ્યું.

"ઇન્દુકુમારને કાંઇ પતો મળ્યો હોય તો તપાસ તો કરો." હરમુમુખરાયે કહ્યું.

"પણ તેમનો પતો ક્યાં? તેતો રમતા રામ છે. વળી મેં તેમને સરલા ખોળી આપવાનું વચન આપ્યું છે. તે ન પળાય ત્યા સુધી તેમને મોંઢુ પણ કેમ બતાવાય?"

"ત્યારે હવે કેમ કરીશું?" નિશ્વાસ નાખતા હરમુખરાયે પ્રશ્ન કર્યો

"કેમ શું વળી? તમે જાઓ સુરત અને આપણે તો હવે લઇશું એની પછળ ભેખ! મારીતો જીંદગીજ દુઃખમય થઇ ગઇ. સરલાનો પત્તો ન મળે ત્યાં સુધી મારાથી કોઇને મોઢું બતાવાશે નહીં"

"ત્યારે હુ પણ કેમ પાછો જાઉં? મારી જીંદગી પણ દુઃખમયજ થઇ ગઇને?" હરમુખરાય છેકજ ભગ્નાશ થઇ ગયો હતો. તેણે નિશ્વાસપર નિશ્વાસ નાખવા માંડયા. તે જોઇ વિધુભાઇ કાંઇક શંકિત હૃદયે બોલ્યો:—

"કેમ! તમે સરલાને ચાહોછો શું?."

"નાજી. સરલાનેતો નહીં પણ—"

"હા, હાં, સમજ્યો. તમારો પ્રેમ તરલા તરફ હશે કેમ! પણ તેમા તમને હરકત શી છે?" વિધુભાઈ બોલ્યો.

"તમે તો તેને સાધ્વી બનાવી છે, તે ! સરલા ન જડે ત્યાં સુધી તે કોઇ રીતે માને નહીં અને મારાથી કહેવાય પણ નહિં."

હરમુખસાવની નજર આગળ તરલાની છાયા તરવા લાગી. તેને વળી વિચાર આવ્યો કે એક વખત હજી તરલાનાં મુખદર્શન થાય તો ઘણુંજ સારૂં. આ વિચારે તે બોલ્યોઃ—

"કદાપિ બાબામહારાજ સુરત તરફ ગયા હોય તો ?"

વિધુભાઇને પણ આ સાંભળી તેમ થવાનો સંભવ લાગ્યો. "જો બાબામહારાજ જ સરલા હોય તો સુરત જવાનો સંભવ ખરો. પડેલાં સંકટથી કંટાળી કદી ત્યાં જાય ખરી." એમ વિચાર કરતાં તે બોલ્યોઃ—

"તમારી શંકા ખરી પણ હોય. ચાલો આપણે સ્ટેશનપરથી તાર કરી દઇએ."

બન્ને જણે જઇ તાર કર્યો અને બીજો દિવસ વડોદરામાંજ રહી તપાસ કરી ત્રીજે દિવસે સુરત જવાનો વિચાર નક્કી કર્યો.

● ● ● ●

બાબામહારાજ, બિહારીદાસ, રામચરણદાસ તથા અહલ્યાબાઇ સુરત આવી પહોંચ્યાં. ટ્રેનમાંથીજ તેમણે પથિકાશ્રમની યોજના વિષે ઘણું સાંભળ્યું હતું. જેથી તેઓ વિનાશ્રમે ત્યાં પહોંચ્યાં, જ્યાં તેમનું સન્માન કરવા વિદુષી ભગવતી દેવી તૈયારજ હતી. ભગવતી દેવીએ ત્રણે યોગીઓને તેમજ અહલ્યાબાઇને સારી જગ્યા આપી તથા રાત્રિએ ભોજનાદિની પણ વ્યવસ્થા કરી આપી. બાબામહારાજની અવસ્થા તથા વય જોતાં તેમને માટે ઘણું માન ઉત્પન્ન થયું. રાત્રિએ તો સૌ યોગીઓ નિદ્રાવશ થયા.

રાત્રિ ધીમે ધીમે પસાર થવા લાગી. લગભગ બ્રાહ્મ મુહૂર્તનો સમય થવા આવ્યો. કોઇ કોઇ પંથી આ વખતે ઉઠયાં હતા. પથિકાશ્રમ નદી કિનારાપર આવેલો હોવાથી રાત્રિની અપૂર્વ શાન્તિ, ચંદ્રનો મંદ મંદ પ્રકાશ, સૂર્યદેહાનું ધીમે ધીમે વહેતું જળ. એ સર્વ આનંદદાયક લાગતાં હતાં, તેમા એક મૃદુ-મિષ્ટ સ્વર સંભળાવા લાગ્યો. આ વખતે બાબા-મહારાજ ઉઠીને નદી કિનારે જવાની ઇચ્છા કરતા હતા એટલામાં આ મધુર સ્વર આવતો સાંભળી અટકયા અને સાંભળવા લાગ્યા:—

"બિહારી મોરી શુધબુધ લેગયે છિન્ન. (૨)
શુધબુધ લે ગયો છિન્ન, અરે હાંરે, મોરી શુધબુધ લે ગયો
છિન્ન—બિહારી૦
બિંદરાબિનમેં મિલગયે મોહન (૨)
દેખત મુખ હુઇ લીન—બિહારી૦
ઉન બીછડે મયેં ભઇ દુખીયારી (૨)
જલબિન જયસે મીન—બિહારી૦"

જેમ જેમ ગાન વધતું ગયું તેમ તેમ બાબા મહારાજના હૃદયમાં અપૂર્વ આનંદ પ્રકટતો ગયો. તે ધીમે ધીમે દેવી ભગવતીના ઓરડા સુધી ગાનથી ખેંચાઇ આવ્યા ભગવતી દેવી આ વખતે મસ્ત બની રહી હતી. પોતે કયાં અને કેમ ખેંચાઇ આવે છે, એ વિચાર આવતાજ બાબા મહારાજ સ્નાન કરવા ચાલ્યા ગયા. ત્યાંથી આવી નિત્ય કર્મથી મુકત થતા ભગવતી દેવીની મુલાકાતની ઇચ્છાથી તેના ઓરડા તરફ ગયા ભગવતી દેવી પણ આ વખતે નિવૃત થઇ હતી. પથિકાશ્રમની સગવડ અને તેની અધિષ્ઠાત્રી ભગવતી દેવીનો સ્વભાવ તથા વર્તન

જોતા બાવામહારાજે પોતાનું ભાવિ જીવન ત્યાં ગાળવાનો નિશ્ચય કર્યો હતો.

ભગવતી દેવીએ બાવામહારાજને જોતાંજ ઘણું સન્માન આપ્યું: અને વાર્તાલાપ શરૂ થયો,

" મહારાજ !, આપ કહાંસે આતે હો ? " પ્રથમ ભગવતી દેવીએ પ્રશ્ન કર્યો.

" મેં બડોદેસે આતા હું. "

" આપને ઇતની છોટી ઉમ્રમેં કયો યહ ભેખ લે લીયા ? "

" હમારે લીયે તો ઠીક હૈ, લેકિન આપને કીસલીયે ઇતની ઉમ્રમેં યહ વેશ લીયા હૈ ? કયા આપકા કોઇ રિશ્તેદાર નહિં હૈ ? "

" મહારાજ ! યદિ આપ સમઝસે, કોઇ નહિં; પરન્તુ કયા જરૂર હૈ ! રિશ્તેદાર હો કે ભી કયા કોઇ કીસીકો ભયમુક્ત કરતા હૈ ? "

" તુમ્હારા પતિ તુમકો મુક્ત કરતા હૈ. "

" મેરા વ્યાહ તક નહીં હુવા, ઐસી દશામેંહી મેને યહ ભેખ લીયા હૈ. "

" ફિર કિસ લિયે યહ ભેખ ધારન કીયા ? "

" વૈરાગ્ય દીલમેં આગયા, કિ ઇસ સંસારમેં અપના કોઇભી નહીં હૈ તો ફિર કાહેકો યહ દેહકે ઉપભોગમેં જીવન વ્યતિત કરના ! ઇશ્વર સ્મરન વોહી અપના આધાર હૈ, " ભગવતીએ જવાબ આપ્યો.

" યે ઠીક હૈ. પરન્તુ યહ કમ ઉમ્રકા શરીરકી રક્ષા કરની બહુત દુષ્કર હૈ. પહિલેહિ તુમકો અપને ષડરિપુઓંકો મારના ચાહિએ. ખયર ! મગર આપકા પૂર્વાશ્રમકા કુછ પરિચય તો દો ! "

"આપ આપકા પરિચય દેનેકા કબુલ કરો ફિર મેં દુંગી."

"વહ ઠીક હૈ, અબ આપકા પૂર્વાશ્રમ બતા દીજીએ." બાબામહારાજે કંઇક કુતુહલથી ભગવતી દેવી કોણ હતી, તે જાણવાના ઇરાદાથી કહ્યું.

બાબામહારાજનું વય, તેનો મૃદુસ્વર તથા પોતાનો પૂર્વાશ્રમ જાણવાની તેની તિવ્ર ઉત્કંઠાથી તેના મનમા કાંઇક વ્હેમ પડયો. જે કાર્ય માટે તેણે આ પથિકાશ્રમ ઉઘાડયો હતો અને આ વેશ ધારણ કર્યો હતો તે તેને આ વખતે એકાએક યાદ આવ્યો. તેમજ અત્યાર સુધીમાં આવેલા કોઇપણ પથિકે તેનો પુર્વાશ્રમ જાણવા યત્ન કર્યો નહોતો. તેથી તેને સહજ શંકા આવી કે રખેને ! આ બાબામહારાજ જ સરલા હોય ! આથી તેણે હવે તે બાબતની વિશેષ તજવીજ કરવા માંડી

"મેરા બ્યાહ અમદાવાદકે એક ગૃહસ્થકે સાથ હોનેવાલા થા, પરન્તુ કયા માલુમ વો કીધર ચલે ગયે ! અબ મેરે માતાપિતા અન્ય ગૃહસ્થકે સાથ મેરા બ્યાહ કરને લગે. ઉસસેં મેંને સબકા ત્યાગ કર દીયા ઔર ઇષ્ટસ્મરનહી શ્રેષ્ટ માન લીયા." ભગવતીની વાત સાંભળતાંજ બાબામહારાજના ચહેરા પર એક પ્રકારનો વિષાદ જણાવા લાગ્યો. પરંતુ તરતજ તે શાંત થઇ ગયા. બાબામહારાજના મનમાં એક પછી એક એમ કેટલાક વિચારો ઘોળાવા લાગ્યા. પોતાની હકીકતને મળતીજ ભગવતીદેવીની હકીકત જાણી તેને આશ્ચર્ય થયું. સાથે ચિંતા પણ એવીજ થવા લાગી કે "ભગવતી ઇન્દુકુમારને તો નહીં ચ્હાતી હોય ? આ ભગવતી તે કોણ હશે ? ચપળા તો કીશોરીલાલને પરણી છે ત્યારે વળી આ કોણ ?"

વધુ ખાત્રી કરવા બાબામહારાજ બોલ્યાઃ– " તે ગૃહસ્થનુ નામ ? "

" ઇન્દુ... ... ... "

આટલા શબ્દો સાંભળતા બાબા મહારાજને એકદમ આઘાત થયો. તે બેશુદ્ધ જેવી સ્થિતિ થઇ પડી પણુ એક ક્ષણુમાજ પાછા શાંત થયા. આ ભગવતી દેવી કોણુ હશે તે બાબત તેમને અનેકાનેક વિચાર આવવા લાગ્યા. " શું ઇન્દુકુમાર ઉપર મારા જેવી બીજી કોઇ સ્ત્રી પણુ મોહિત થઇ હશે ? કે મારી ગેરહાજરીનો લાભ લેવા કોઇએ ઠગાઇ માંડી હશે ? " તેનું અંતર ગુંચવાડામાં પડી ગયું. તરલાની તિક્ષ્ણુદ્રષ્ટિ આ સર્વ જોઇ રહી. તેને પણુ બાબા મહારાજ સરલા હોવાની શંકા થઇ. અત્યાર સુધી તેના મોહક ચહેરા ઉપરનું તેજ અને પ્રભાવ વડેજ તે તેની સાથે વાર્તાલાપ કરતી હતી પરંતુ હવે તેને તે સરલા હોવાની ખાત્રી ધીમે ધીમે થવા લાગતાં તેને જુદાજ વિચાર આવવા લાગ્યા. બાબામહારાજના મૂખ તરફ તે સ્થિર દ્રષ્ટિથી જોઇ રહી. તેનું સૌંદર્ય અત્યારે વિશેષ ઝળકતું જણુાવવા લાગ્યું. તેનીદ્રષ્ટિ હવે બાબામહારાજને બદલે સરલાનેજ પ્રત્યક્ષ જોવા લાગી. ભગવતીએ વિશેષ ખાત્રી કરવા પૂછ્યુ :–" ઇન્દુકુમારકા નામ સુનકે આપ કયોં દુઃખિત હો ગયે ? "

" વો મેરે પરમ સુહ્રદ હૈ, કીતનેહી દિન પહેલે વો મેરેકો મીલેથે. ઇન્ને અપને દુઃખકી સબ બાતેં મેરેકો કહી થી. મેં સમજતા હું શાયદ આપકાહી નામ સરલા હોગા. " બાબામહારાજે ગંભીર મુદ્રા કરતાં કહ્યું.

" ઠીક હૈ. મેરાહી નામ સરલા હૈ પર મેં યહ જાનને ચહાતી હુ કિ વો આપકો કહાં મીલેથે ? " ભગવતીએ પૂછ્યું

" મેરી ઔર ઉનકી મુલાકાત કીતનેહી દીનો પહેલે બડોદેમેં હુઇથી. " પરસ્પર બન્નેના મનમા જુદા જુદા વિચાર ચાલી રહ્યા હતા. એક બીજાની હિલચાલ તેઓ બારીકાઇથી જોયા કરતા હતાં. તે આખો દિવસ એવીજ રીતે પસાર થઇ ગયો. માધવરાયને મળેલા વિષ્ણુભાઇ તરફના તારના સમાચાર ભગવતીને પહોચતાંજ તેની બાબામહારાજ પ્રત્યે પકકી ખાતરી થઇ ગઇ.

બીજે દિવસે બાબામહારાજ તથા ભગવતી વાતો કરતાં બેઠાં હતા તે વખતે વિષ્ણુભાઇ તથા હરમુખરાય ત્યા સાધુ વેશમા આવી પહોચ્યા અને પોતાને રહેવા માટે સ્થાન મળવા જણાવ્યુ. તેમને સન્માન સહીત ભગવતીએ ઉતારો આપ્યો. વિષ્ણુભાઇએ બાબામહારાજને ત્યા જોતાંજ કાઇ બહાનું કાઢી ભગવતી સાથે વાત કરવા માંડી. પરન્તુ ઇશ્વરની કૃતિ કાઇક ન્યારીજ છે. હજી તો ભગવતી, બાબામહારાજ, વિષ્ણુભાઇ અને હરમુખરાય બેઠા હતા, એટલામા માધવરાય સુમન, મધુકુમાર તથા સાધુ વેશમાં મનુભાઇ ત્યા આવી પહોચ્યાં. ભગવતીને જોતાંજ મધુકુમાર તેની પાસે દોડી ગયો અને તેનો હાથ ઝાલી બોલ્યોઃ—

" સરલા બ્હેન! સરલા બ્હેન!! જો, જો, બાપુ આવ્યા. " આમ બોલતા મનુભાઇ તરફ આંગળી કરી ભગવતી કાંઇ પણ બોલે તે પહેલા તો બાબામહારાજની સ્થિતિ જુદીજ થઇ પડી. તેનાં નેત્રમાં પાણી ભરાઇ આવ્યુ. એમ થવાના બે કારણ હતા. પ્રથમ તો આ અજાણી સ્રી પોતાની ગેરહાજરીનો લાભ લઇ પોતાનુ નામ ધારણ કરી ઇન્દુકુમારની શોધ કરતી હતી તે, અને બીજું પોતાનો વ્હાલો ભાઇ અને દુખી પિતા તેને અચાનક મળ્યા તે. આમ કાઇક શોક અને

કાઇક હર્ષથી તેની આ સ્થિતિ થઇ હતી.

વિધુભાઇ આ સર્વ જોયા કરતો હતો. તે હવે એકદમ ઉઠ્યો અને સર્વના આશ્ચર્ય વચ્ચે બાબામહારાજનો હાથ પકડી બોલ્યોઃ—

" સરલા ! સરલા ! ! હવે આજથી પછી આમ રહેવું ઉચિત નથી. "

વિધુભાઇના આ શબ્દો સાંભળી સર્વ આશ્ચર્યમાં પડી ગયાં. સરલા પણ સ્તબ્ધજ બની ગઇ. એક પણ શબ્દ બોલ્યા વિના તે મધુકુમારને પોતાની છાતી સાથે ચાંપી મનુભાઇને પગે પડી. સર્વ કોઇ આનંદમા લીન થઇ ગયાં.

આટલું થવા છતાં હજી ભગવતી માટેની શંકા સરલાના હૃદયમાંથી ખસી નહીં. તેણે કાંઇ શંકાથી તેના તરફ જોયું સુમન તેના મનનો ભાવ સમજી ગઇ; ભગવતી પણ કાંઇ અજ્ઞાન નહોતી. તે તરતજ બોલી ઉઠીઃ—

" ભાઇ મધુ ! આ તારી ખરી સરલા બ્હેન આવી "

" હે ? ત્યારે તમે હવે સરલા બ્હેન નહિ ? " મધુએ પૂછ્યું.

" ખરી. સરલાએ ખરી અને તરલાએ ખરી " તરલાએ હસતા હસતા જવાબ આપ્યો.

" આ હું શું સાંભળું છું ? તરલાબ્હેન કોણ ? " સરલાએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

" તેના પ્રશ્નનું સમાધાન કરવામાં આવ્યું; અને તરતજ ભગવતી ( તરલા ), બાબામહારાજ ( સરલા ), વિધુભાઇ, હરસુખરાય, મનુભાઇ, માધવરાય, સુમન, મધુકુમાર, અહલ્યાબાઇ, બિહારીદાસ તથા રામચરણદાસ માધવરાયને બંગલે જવા નીકળ્યાં.

---

# ત્રિશ: પરિચ્છેદ.

## સંલગ્ન.

If solid happiness we prize,
Within our breast this jewel lies;
And they are fools who roam.
The world has nothing to bestow,
From our own selves our joys must flow;
And that dear hut our-home.

**N. Cotton.**

"અમે તમારૂં રત્ન લુંટી તો ન જાત ને! એટલામાં તે શું આટલાં ગભરાઇ ગયાં હતાં!" તરલાએ સરલાની મશ્કરી કરતાં કહ્યું.

"અમારૂં રત્નનો ઠીક, પણ તમારા રત્નનું શું તે તો કહો!" સરલાએ હસતાં હસતાં પ્રત્યુત્તર વાળ્યો.

"એ વળી નવું શું ઉપજાવી કાઢ્યું, તમે તમારા રત્ન માટે ભેખ લીધો હતો કાંઇ અમે લીધો હતો?"

"હા, હા. નામ અમારૂં હતું પરન્તુ ભેખ તો તે રત્ન માટેજ હતો. હું ન જાણુતી હોઉં ત્યારેને! સુમન મામીએ મને બધું જણાવ્યું

છે. હજી અમારૂં રત્ન તો મળશે ત્યારે પણ તમારૂં તો અત્રેજ છે હરમુખરાય પણ બિચારા તમારીજ માળા જપે છે." સરલાએ તાનો માર્યો."

"જાઓ. જાઓ. એમ શુ બોલો છો?" તરલાએ શરમાતાં કહ્યું.

"એ તો ઠીક, પણ તરલા બ્હેન! તમે બન્ને એવાજ સાધુ વેશમા લગ્ન કરો તો શોભો તો ઠીક, હાં! જાણે શંકર અને પાર્વતી.'

સરલા આ શબ્દો ભાગ્યેજ પુરા થયા હશે, એટલામા મધુકુમાર દોડતો દોડતો ત્યાં આવ્યો. સરલા તથા તરલા બન્નેના હાથ પકડી તે બોલ્યો:—

'તમે કહો તો ખરા કે તમારામાંથી મારી સરલા બ્હેન કયી?"

"બન્નેય." સરલાએ હસતાં હસતાં કહ્યું.

' પણ મારે તો એક સરલા બ્હેન હતી અને તમે તો બે છો. શુ બેય સરલાબ્હેન!" મધુએ બન્નેના મોઢાસામુ જોતાં કહ્યુ

"હા, હા, અમે—"

સરલા વાકય પુરૂ કરે તે પહેલાં તો દયા ગૌરી ત્યાં આવી અને ત્રણેજણને મોટા દિવાનખાનામાં બોલાવી ગઇ. અહીં આખા કુટુંબ ઉપરાંત બિહારીદાસ, રામચરણદાસ, હરમુખરાય, અહલ્યાબાઇ વિગેરે પણ હતાં.

"વિધુભાઇ! તમે સરલાની તો શોધ કરી આપી પરન્તુ હવે ઇન્દુકુમાર કયાં છે તે જણાવો." માધવરાય બોલ્યો.

"માધવરાય! મેં ઇન્દુકુમાર તથા તેમના પિતાને ગઇ રાત્રેજ

તાર કર્યો છે તેઓ આજેજ સાંજસુધીમાં આવી પહોંચશે." વિધુભાઇએ પ્રત્યુત્તર વાળ્યો.

"પણ એમને ઈનામમાં શું આપવા ધાર્યું છે?" સુમને સરલા તથા માધવરાયના તરફ જોતાં પુછ્યું.

"તે પોતે જે માગે તે!" માધવરાયે પ્રત્યુત્તર વાળ્યો.

"આપી શકશો?" આ પ્રશ્ન પૂછતાં વિધુભાઇએ સુમન તથા તરલા તરફ જોયું.

માધવરાય તથા સુમન બોલી ઉઠ્યાં:—"અમારા પ્રાણ પણ આપીશું"

થોડીવાર પછી વિધુભાઇ બોલ્યો:—તરલાનાં લગ્ન હરમુખરાય સાથે કરી આપો."

વિધુભાઇના મુખમાંથી આ શબ્દો બહાર પડતાંજ હરમુખરાય તરલા અને સરલાના મુખ પ્રફુલિત જણાયાં. તરલાના ગુપ્ત પ્રેમની સુમનને ખબર હતી તેથી તેને કાંઇ આશ્ચર્ય થયું નહિં, પણ માધવરાય આશ્ચર્યમાં પડી ગયો. પ્રત્યુત્તર વાળવાનું તેને ન સુજવાથી તેણે સુમનના સામું જોયું. સુમન તરતજ બોલી ઉઠી:—

"કબુલ છે."

"હાલ નહિં ઇન્દુકુમારના લગ્નની સાથેજ થાય તો ઠીક" હરમુખરાયે જરા શરમાતાં કહ્યું.

તરલા તથા હરમુખરાયના લગ્નનું નક્કી થઇ ગયું. વાર હવે માત્ર ઇન્દુકુમારના આવવાની રહી. ધીમે ધીમે સાંજ પડવા આવી. એક ગાડી માધવરાયના બંગલા આગળ આવી ઉભી અને ચંદ્રવદનરાય અને ધનલક્ષ્મી આવી પહોંચ્યાં. જે કપડાં પહેરીને ઇન્દુકુમાર ઘરમાંથી નીકળ્યો

હતો, તેજ કપડાં મહેરી વિષ્ણુભાઇ સર્વની વચ્ચે આવી ઉભો રહયો. ચંદ્રવદનરાય, ધનલક્ષ્મી, મનુભાઇ, મધુકુમાર, વિગેરે તેને એક પછી એક ભેટી પડયાં. ઇન્દુકુમાર આટલો વખત પોતાની સાથે હોવા છતાં તેને ન ઓળખી શકવાથી તેમને ઘણું આશ્ચર્ય થયું. તેજરાત્રિએ જોષિને બોલાવી લગ્નનું મુહૂર્ત નકકી કરવામાં આવ્યું મહાત્મા વિશ્વદાસજીને પણ ઘણીજ ધામધુમથી ત્યાં તેડાવવામાં આવ્યા; અને સુતરમાંજ માધવરાયને ત્યા હરસુખરાય અને તરલા તથા ઇન્દુકુમાર અને સરલાનાં લગ્ન ઘણાજ આનંદોત્સવ અને ધામધુમથી કરવામાં આવ્યાં. મનુભાઇ પોતાનાં પુત્રી જમાઇને અંતરની આશીષ આપી મહાત્મા શ્રી વિશ્વદાસજીનો આશ્રય સ્વિકારી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ્યો. અહલ્યાબાઇ પણ સરલાની સાથેજ રહેવા લાગી. હરસુખરાયને તથા તરલાને થોડો સમય સુરતમાંજ ગાળવા આગ્રહ કરીને રાખ્યાં ચંદ્રવદનરાય તથા ધનલક્ષ્મી પણ પુત્ર અનેપુત્ર વધુને જોઇ આનંદ પામ્યાં. મધુકુમાર તો સરલાબ્હેન અને ઇન્દુભાઇને જોઇ આનંદમાં ગાંડા જેવો થઇ ગયો.

એક. દિવસે સુમને તરલાને કહ્યું:—"કેમ બ્હેન! આપણી કુશળ-યાચના ઇશ્વરે સાભળી કે નહિં?"

"હા બ્હેન! સાભળી." તરલાએ જવાબ આપ્યો.

"અને તું પણ સરલાની ઉપકારક થવા જતાં હરસુખરાયની ઉપ-કારક થઇ પડી કે નહિં?"

'પણ સંમતિવિના તો નહિજ ને?" તરલાએ કહ્યું સુમને તેને હસતાં હસતાં તમાચો મારતાં કહ્યુ —

"બોલ ! હવે વૃત્તિઓ સજાતિય છે કે વિજાતિય ?"

સરલા તથા ઇન્દુકુમાર દંપતી થતાં તરતજ બોલ્યાં —"તરલાની સરલા બને તે કાંઇ સજાતિય ભિન્ના થાય ?" સ્નેહઘેલી સુમન બોલી ઉઠી:—

"તમે બન્ને સજાતિય ! સરલા અને તરલા !! ઇશ્વર તમારો સ સાર સુખમય કરો."

**સમાપ્ત.**